8
02

23118

गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
050
SHI-18
23118

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્ત

23_18
23118

તરફથી

આ પુસ્તક ..... દિવસ રાખી શકાશે.

08 MAR 2005


ગાંધી સ્મૃતિ ગ્રંથાલય
ભાવનગર

P
085
SHI-18

23118

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્ત



તરફથી

આ પુસ્તક ..... દિવસ સાચવી રાખવું.

08 MAR 2006

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

☆

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

તંત્રી :

તારાબેન મોડક

☆

બાળક ઘેર તોફાન કરે છે; મોકલો શાળાએ.
બાળક ઘેર હઠ કરે છે; મોકલો શાળાએ.
બાળક ઘેર ભાંગફોડ કરે છે; મોકલો શાળાએ.
બાળક ઘેર કનડગત કરે છે; મોકલો શાળાએ.
માતાને ફરવા જવું છે; મોકલો બાળકને શાળાએ.

આમ કરવું યોગ્ય નથી. પણ

બાળકને ઇન્દ્રિયકેળવણી મળવી જોઈએ, તેના સ્નાયુઓને કામ મળવું જોઈએ, તેનો શારીરિક તથા બૌદ્ધિક વિકાસ થવો જોઈએ, તેને જરૂરી સામાજિક તાલીમ મળવી જોઈએ અર્થાત્ તેના વિકાસની ભૂખની તૃપ્તિ સારુ બાળકને શાળાએ મોકલીએ.

નવે વર્ષે

આજે પત્રિકાને નવું વર્ષ બેસે છે. સત્તર વર્ષ પૂરાં થયાં ને હવે અઢારમું શરૂ થાય છે. આજે આપણે સૌ તેનું દીર્ઘાયુચિંતન કરીએ.

સત્તર વર્ષ સુધી પત્રિકાએ એક જ કામ કર્યું છે, તે એક જ ધોરણને વળગી રહી છે, એક જ ક્ષેત્રમાં સ્થિર રહી છે ને એક જ લક્ષ્ય રાખીને ચાલી છે.

બાળવિકાસ સંબંધે માબાપો અને શિક્ષકો આગળ સાચા વિચારો ધરવા અને તે રીતે બાલજીવનને કચરાતું, દબાતું, અપમાનિત થતું બચાવીને બાળકના વિકાસનો પ્રવાહ અસ્ખલિત વહેતો કરવો એ પત્રિકાનું ધ્યેય પહેલા દિવસથી રહ્યું છે. આમાં જ માનવ-જાતિનો વિકાસ રહેલો છે એમ તેણે માન્યું છે.

પત્રિકાએ ટીકાત્મક કે ચર્ચાત્મક ધોરણ રાખ્યું નથી. અનેક લોકોએ અનેક શંકાઓ કાઢી છે; અનેકોએ અનેક રીતે અવિશ્વાસ બતાવ્યો છે, અનેક અડચણો બતાવી છે. પણ પત્રિકા પોતાના વિચારમાં સ્થિર રહી છે. તે પોતાના ધ્યેયથી ચલિત થઈ નથી. પોતાને જે વિચારો સાચા લાગ્યા, તેને તે વળગી રહી છે; પોતાને જે કહેવાનું છે તે કહ્યા જ કર્યું છે ને તેથી જ પોતાનું પ્રચારકાર્ય કરી શકી છે.

આજે પત્રિકાનું કાર્યક્ષેત્ર ઘણું બહોળું થયું છે. પત્રિકાની આજની બાર પાનાંની મર્યાદા ઘણી ટૂંકી પડે છે. નૂતન બાલશિક્ષણમાં કામ કરનારા શિક્ષકો પૂરતું પણ તેમાં ભાગ્યે આપી શકાય છે. માબાપોનો અને સામાન્ય જનતાનો હક્ક તો પત્રિકા ઉપર છે જ; પ્રાથમિક શાળાના શિક્ષકો પોતાના પ્રશ્નો તેમાં ચર્ચાય એમ ઇચ્છે છે. આ ત્રણેનો વિચાર તંત્રી સમક્ષ હોય જ છે. પણ ટૂંકી જગ્યામાં કોઇને પૂરતો ન્યાય આપી શકાતો નથી. આથી શિક્ષણપત્રિકાની સાથે સંધની એક બીજી પત્રિકા હોવાની જરૂર દિવસે દિવસે વધતી જતી લાગે છે. સમય પ્રતિકૂળ છે તેથી માત્ર વિચારો કરીને અથવા ઇચ્છા વ્યક્ત કરીને જ થોભવું પડે છે. છતાં વિચારો કરી રાખ્યા હોય તો આજ નહિ તો કાલે પણ તે અમલમાં આવશે એવી આશા રાખી શકાય છે.

'આપણું બાળક' એ નામનું એક જુદું માસિક કાઢવાની આવશ્યકતા હવે બૂબ જ ભાસે છે. આમ કરવાથી શિક્ષણપત્રિકામાં બાલશિક્ષણને લગતી બાસ વાતો જ ચર્ચાય જે શિક્ષકોને અને શિક્ષણતજ્ઞોને માટે મુખ્યત્વે હોય, અને આ નવા માસિકમાં સામાન્ય જનતાને ઉપયોગી એવા બાળકને લગતા બધા પ્રશ્નો ચર્ચી શકાય. 'આપણું બાળક'માં ચિત્રોને પણ સ્થાન હોય. રોજના ઘરના પ્રશ્નો તેમાં આવી શકે. તેમાં સામાન્ય જનતામાંથી અનેક માતા-પિતાઓ પોતાનો અનુભવ પણ આપી શકે, પોતાના વિચારો રજૂ કરી શકે, તેમ જ શંકાઓનું નિરાકરણ મેળવી શકે. આ રીતે એ માસિક શિક્ષણપત્રિકાથી જુદું જ હોય. આજે શિક્ષણપત્રિકા હાથમાં આવે તો માબાપોને પૂરતું કાંઇ જ મળતું નથી, તેમ શિક્ષકોને પણ સંતોષ થતો નથી, તે પરિસ્થિતિ દૂર થાય. આ જાતના વિચારો આજે તો બૂબ જોરથી આવે છે. તેમને અમલમાં મૂકવા જેવી શક્યતા સંઘને લાગશે કે તરત તે મૂર્તસ્વરૂપ લેશે, એટલું જ આજે તો કહી શકાય છે.

નવું વર્ષ પત્રિકાને, પત્રિકાના વાચકોને તેમજ પત્રિકાના સંચાલકોને સહુને મંગલકારી નીવડો એવું માગીએ.

આજે પત્રિકા કપરા દિવસોમાંથી પસાર થઈ રહી છે. અંધકાર પછી પ્રકાશ આવતાં થોડી વાર લાગે છે; ને ત્યાં સુધી રાહ જોવી પડે છે. પત્રિકાનું કાર્ય અનેકોની મદદથી અનેકગણા જોરથી આગળ વધશે એવી શ્રદ્ધા છે.

બાલવિકાસનો માર્ગ મુક્ત થાઓ એ જ પત્રિકાનું અભીષ્ટ ચિંતન છે.

તંત્રી.

નૂતન બાલશિક્ષકનું કર્તવ્ય

[એક શિક્ષકને પત્ર]

પ્રિયભાઈ,

તમારો મૂંઝવણભરેલો પત્ર મળ્યો. હું એમ માનું છું, અને જાણું છું કે માબાપોને પોતાનાં બાળકોને માટે અવશ્ય પ્રેમ છે. આ પ્રેમ એટલે તેમની બાળકો તરફની સ્વાભાવિક વત્સલતાભરી લાગણી. આવી લાગણી પ્રાણીમાત્રમાં હોય છે. મનુષ્યમાં બુદ્ધિ વધારે હોવાથી આ સ્વાભાવિક લાગણી કેળવાઈ શકે છે, અને બાળકોનું વધારે ને વધારે હિત શામાં છે તે તેમને સમજાવી શકાય છે. ગમે તેવો અજ્ઞાન માણસ પણ હૃદયથી તો પોતાના બાળકનું ભલું ચાહે જ છે. પણ તેના અજ્ઞાનને કારણે તે ઘણી વાર ભલાને બદલે બૂરું જ કરે છે. માબાપોની લાગણી બાળકોને ભણાવીગણાવી સારાં કરવાની હોવા છતાં કેવી નિશાળે મૂકવાથી તે સારાં થશે, એ બાબતમાં તેમનું કેવળ અજ્ઞાન હોવાથી જ આજે હજારો બાળકો ધૂળી–ગામડી–નિશાળમાં લાભને બદલે ગેરલાભ ઉઠાવી રહે છે અને વિકાસને બદલે હ્રાસ અને ઉન્નતિને બદલે અવનતિ તરફ જાય છે. માબાપોને જો આવી પરિસ્થિતિનું સાચે જ ભાન થાય તો તેવી નિશાળમાં પોતાનાં બાળકોને ન જ જવા દે. માબાપોને ખબર હોય કે આ જગ્યાએ વાઘ, વરુ, સિંહ કે સાપ છે તો તેઓ પોતાનાં બાળકોને ત્યાં જવા નહિ દે. તળાવ કે નદીને કિનારે મૃત્યુનો ભય હોવાથી માબાપો તે સ્થળે બાળકોને ખૂબ સાચવે છે. પણ જ્યારે ગામડાંનાં બાળકો લાખો ઝેરી જંતુવાળી ધૂળમાં આળોટીને રમે છે ત્યારે તેઓ તેમને ત્યાંથી તુરત ઉઠાડતાં નથી કે ત્યાં જતાં રોકતાં નથી. આનું કારણ તેમને આ બાબતનું જ્ઞાન નથી કે તેઓ એવી ધૂળમાં રમે છે તેથી તેમના શરીરમાં રોગોને આમંત્રણ આપે છે. એમ જ માબાપોને સારી નિશાળ કઈ અને નઠારી કઈ તેનો ખ્યાલ નથી તેથી તેઓ ગમે તે ચાલુ નિશાળમાં બાળકોને મૂકે છે, અને સૌનાં બાળકો ત્યાં છે તો પોતાનાં પણ ભલે ત્યાં જ હોય એથી વધારે વિચાર તેમને આવતો જ નથી. કેમકે લોકમાનસ ઘેટિયું એટલે કે ઘેટાં જેવું છે; જ્યાં એક જણ જાય ત્યાં બીજો જાય છે.

આપણી નિશાળો નવી છે. તેની કિંમત લોકોને નથી કેમકે તે વિશે તેમનું અજ્ઞાન અને

વહેમ ઘણાં છે. જ્યારે રેલ્વે આવી, દવાખાનાં આવ્યાં ત્યારે પણ લોકોની મનઃસ્થિતિ આવી જ હતી. તેઓ તેનાથી દૂર રહેતાં અગર તો તે પ્રત્યે વહેમથી જોતાં હતાં. પણ જેમ ધીમે ધીમે એ બાબતમાં જ્ઞાન વધ્યું તેમ જ બાલશિક્ષણમાં પણ સમજણ પડશે ત્યારે આપણી આજની મુશ્કેલીઓ ઘણે અંશે ઓછી થશે.

વળી કેળવણી કે એવા વિષયમાં જનતા સમગ્રપણે રસ ધરાવતી નથી. માબાપો તો ચાલુ રસમને—સારી કે નરસી—અનુસરવાનાં છે. તેમને બાળકો માટે આજે અજ્ઞાનને લીધે પડી નથી તો આવતી કાલે તેઓ બહુ કામમાં હશે તેથી પડી નહિ હોય. આને લીધે જ કેળવણીના સુધારા-વધારા વગેરે કરવાનું અને તેની પાછળ માથું ફોડવાનું કામ મોટે ભાગે શિક્ષકોને માથે આવી પડેલું છે. હરેક દેશમાં શિક્ષકોએ જ આ કામ આંગળ ધપાવ્યું છે અને લોકમત તથા લોક-આચારની વિરુદ્ધ તેમણે કામ કરેલું છે. જેમ ધર્મની કોઇને પડી નથી પણ ઇશ્વરપ્રેરિત આચાર્યો અને પયગંબરોને પડી છે, તેમ જ શિક્ષણની પણ પ્રેરણાયુક્ત શિક્ષકોને જ પડી છે. માટે માબાપો સમજે નહિ, સાથ આપે નહિ, અજ્ઞાનમૂલક વિચારો કરે, નવી પદ્ધતિ વિશે અનાદર અને ઉદાસીનતા ધરાવે તોપણ આપણે અકળાવું નહિ, કેમકે એ જ સ્વાભાવિક સ્થિતિ છે. નવી ખેડ કરનાર ખેડૂતે ખેતરમાંથી પ્રથમ તો બોરડીનાં જાળાં અને પથરા કાઢવાનું જ હોય છે.

એટલા માટે શિક્ષકે પોતાની પાસે આવેલાં બાળકો ઉપર બની શકે તેટલું સુંદર કામ કરી છૂટવું અને એમાં જરા પણ કચાશ રાખવી નહિ. એ કામને માબાપોના ઘરમાં આદર હોય કે નહિ તેનો વિચાર ન કરવો. માબાપો આપણા કામની ટીકા કરતાં જાય તોપણ ચિંતા ન કરવી.

વાત તો ખરી જ છે કે બાલમંદિરનાં બાળકો ઘરમાં પ્રવૃત્તિ માગે છે, માબાપો પાસેથી સાચું સન્માન માગે છે, જ્ઞાન માગે છે અને પ્રગતિ માગે છે. પણ માબાપની એવી શક્તિ નથી. એટલા માટે આપણાથી બને તો બાલમંદિરના સમયો લંબાવવા. એમ ન બને તો બાળકોમાં રસ લેનાર બીજી વ્યક્તિઓ બાળકોને શાળાના સમય બહાર નવી નવી પ્રવૃત્તિઓ આપે તેવી યોજના કરવી. પ્રવાસો, અખાડા, ક્રીડાંગણો, વગેરે આ જાતની પ્રવૃત્તિઓ છે.

વળી બાળકો ઘરમાં કામ વિનાનાં છે તેથી મોટાંઓ સાથે અથડાય છે, એ સાચું છે. પણ તેથી વધારે સાચું તો કાંઇ કામ માબાપો કરવા દેતાં નથી તે છે. પણ આ બાબતમાં માબાપોને સમજાવતાં વાર લાગશે. પેટના ગુજરાનમાં પડેલાં માબાપો આ ભાંજગડમાં અત્યારે ઊતરે તેમ નથી; એટલાં એ નસીબદાર નથી. તેમનો જ વિકાસ અટકી પડેલો છે. આવે વખતે આપણું કર્તવ્ય તેમનાં બાળકોને વધારેમાં વધારે હાથમાં લેવામાં છે.

સમજ્યા વિના માબાપો નવી શાળાની ટીકા કરે તેથી ઉદ્વેગ ન પામવો, કેમકે તેઓ અજ્ઞાન છે. તેમને જ્ઞાની કરવા માટે તમારે તેમની પાસે જઇ સીધો ઉપદેશ કરવા કરતાં તેમને મીઠી વાણીથી આ બધું શા માટે છે અને શું છે તે સમજાવવું. એમ છતાં માબાપો ઝટ સમજશે નહિ; અને જે માબાપો પોતાને ડાહ્યાં માનતાં હશે તે તો છેલ્લે જ સમજશે. 'માસ્તર' સામાન્ય માણસ ગણાઇ ગયો છે એટલે હરકોઇ માણસ પોતાની જાતને તેનાથી ડાહ્યું લેખે છે, અને તેથી જ માબાપો પણ બાળકોને તથા નવા શિક્ષકને હસે છે. આપણે તો મનમાં એમ

રાખવું કે ઈશ્વર માથે રાખી જે કંઈ જાણીએ છીએ તે કરી છૂટવું. માબાપનાં ભાગ્ય હશે તો તેઓ સાથ આપી શકશે; નહિતર નાહ્યા તેટલું પુણ્ય. બાકી આપણે તો નાહ્યા કર્યે જ છૂટકો કેમકે આપણો તો આ કુલાચાર થયો.

માબાપો નવી વાત સમજે નહિ અને ઉતાવળાં થઇ બાળકોને ઉપાડી લે તો ભલે ઉપાડે. એક પણ બાળક હોય ત્યાં સુધી શાળા ચલવો અને શાળા બંધ થાય તો આપણા હાથ-પગ સલામત છે એ યાદ રાખવું. આપણે પાંગળા થઇ જઇશું તો મારી દેશે. આપણા ઘણા નૂતન બાલશિક્ષકોને તમે ઓળખો છો; તેમનાં નામ આપતો નથી. પણ તેઓની નિશાળ જ્યારે ચાલતી નથી કે વેકેશનો પડે છે ત્યારે તેઓ પોતાને ગામે થતી સડકે ટોપલા મારે છે, અને ઘઉં જુવાર વાઢવાની મોસમમાં વાઢણી–કાપણી કરવા જાય છે અને કાલાં-ટાણીમાં કાલાં ફેલે છે. આથી તેમને પોતાનામાં શ્રદ્ધા રહે છે અને લોકોને તેમના શિક્ષણમાં શ્રદ્ધા રહે છે.

આનો અર્થ એમ નથી કે આપણે ગરજ છે. છતાં એક રીતે આપણા કલ્યાણ માટે આપણને ગરજ હોય જ. પણ માબાપોને જો ઓછી ગરજ હશે તો આપણને નુકસાન થશે તેનાથી વધારે નુકસાન માબાપોને અને તેમનાં બાળકોને થશે.

તમે લખો છો કે બાળક માટેની જવાબદારી કાંઇ એકલા શિક્ષકની નથી; માબાપોએ પણ તેની પાછળ અમુક વખતનો ભોગ આપવો જોઇએ. આ તમારો વિચાર બરાબર છે. જો દરદી બધી જવાબદારી દાક્તર ઉપર ઢોળી દે અને પોતે દાક્તરને શી આપે છે માટે નિરાંતે નફકરા ફરે અને વધારામાં દાક્તરની સૂચનાથી વિરુદ્ધ વર્તે તો દરદી સાજો તો નજ થાય પણ ઊલટો માંદો પડે. એમાં દાક્તરનો વાંક ન ગણાય. દરદી અને તેના માણસો દાક્તરની સૂચનાઓ પ્રમાણે ન માને ને બધું દાક્તર કરવા બેસી જાય તો તેનો પાર કદી ન આવે. ન ચાલે દાક્તરનું ને ન થાય દરદી સાજો. શિક્ષણમાં પણ સહકાર જોઇશે જ. માત્ર આપણે એવાં માબાપો તરફ દયાભાવે જોવું; થઇ શકે તેટલી વધારે મદદ કરવી, પણ છૂટી પડવું નહિ. શિક્ષકે છૂટી તો ન જ પડાય. માબાપો ન કરે તો આપણી શક્તિ પ્રમાણે આપણાથી થાય તેટલું કરવું; વધારે વખત આપવો, વગેરે. બાકી દુનિયા આખીને આજે જ બચાવી લેવાનો શક્તિ બહારનો આગ્રહ ન રાખવો; પોતાની મર્યાદા સમજીને કામ કરવું.

બાલમંદિરનાં બાળકો ઘેર અવળી રીતે વર્તે છે એમ કહેવામાં આવે ત્યાં સારી રીતે કેમ વર્તાય એ બાળકોને બાલમંદિરમાં બતાવવું, અને તેનો આચાર શક્ય કરવો. બાકી મા-બાપોને કહી શકાય કે તમે અવળી રીતે અને મનસ્વી રીતે વર્તો અને બાળકો ડાહ્યાં થઇ સંયમી રીતે વર્તે તેવી ફોકટ આશા કદી ન રાખશો. બાલમંદિર સારા ઘાટ ઘડી આપી શકે પણ માલ તો માબાપનો છે, એ વાત માબાપના ધ્યાન પર મૂકવી જ મૂકવી.

સ્વ. ગિજુભાઇ

દરેક વાંચક એકેક ગ્રાહક વધારીને બાલશિક્ષણમાં મદદ કરે.

ચિત્રપોથીઓ

બાળકોમાં સંસારનું જ્ઞાન ચિત્ર દ્વારા જ પ્રવેશ કરે છે. તેની અબુધ અવસ્થામાંથી જ રંગો, આકારો, ઓળાઓ અને વિવિધ સ્વરૂપોની છાપ તેના મગજમાં પડતી જાય છે અને તેની ઉપર તેની વિચારસૃષ્ટિનું મંડાણ થાય છે. એ વિચાર-સૃષ્ટિમાં મોટે ભાગે આનંદ અને સુખ આપનાર ભાવનાઓનો આદર થાય છે અને દુઃખ, શોક, ગ્લાનિ કે વિઘાત કરનારાં રૂપો પ્રતિ તિરસ્કારની લાગણી તે સેવે છે. આથી જે કંઈ તે જુએ અથવા સાંભળે તે તેની મનોભૂમિમાં સ્વપ્નરૂપે જીવંત બને છે અને તેના એકાંત સમયમાં કે નિદ્રામાં તેને ફરી વાર દુઃખસુખની અસરો ઉપજાવે છે.

બાળકો ચિત્રો જુએ છે ત્યારે પણ માત્ર સમય કાઢવા પૂરતો તેનો પરિચય નથી કરતાં પણ તેની છાપો સંધરે છે, તેના ઉપર પ્રશ્નો કરે છે, તેની યાદી આપી તેની વાર્તા કરાવે છે અને તેમાં પોતાને અમુક પ્રાણી, પાત્ર કે પ્રસંગ ગમે છે યા નથી ગમતાં એવી અંગત રુચિ પણ દર્શાવે છે. ચિત્રો અને ચિત્રની ચોપડીઓ તેમને બહુ જ ગમે છે. પ્રત્યેક બાળકને ગમે છે, તેનું કારણ તેઓને ચિત્રકળાનો શોખ છે એમ ન સમજવું, પણ મનુષ્યને સંસારનો બોધ થવામાં રંગ, રૂપ અને આકૃતિ પ્રધાન સાધનો છે, માટે તે તેની માનસિક આવશ્યકતાઓ છે એમ આપણે સ્વીકારવું પડશે. આથી જે ચિત્રો જોતાં તેની કથા, રૂપ કે પ્રસંગ સમજવાં મુશ્કેલ પડે, દૃષ્ટિથી તેનો બોધ ન પામી શકાય, તેવાં ચિત્રો તો બાળજગતમાં નકામાં થવાનાં.

જે ચિત્રકારો પોતાની કૃતિઓ દ્વારા જે કંઇ કહેવાનું કે સમજાવવાનું હોય તે સ્પષ્ટ કરી શકયા હોય તેમનાં જ ચિત્રો તેમને માટે ગ્રાહ્ય બનશે. કલાનિષ્ઠ ચિત્રકારોએ હમેશાં એક જ દૃષ્ટિ રાખી હોય છે કે પોતાના ચિત્રનું સ્પષ્ટ કથન પૂર્ણપણે તેમાં પ્રકટ થવું જોઈએ. આથી મહાન કલાકારોની કૃતિઓ સામાન્ય ગ્રામીણ જનને તેમજ મહાન તત્ત્વચિંતકોને એકસરખી પૂજ્ય અને સન્માનીય બને છે. તેની અસરથી બાળક પણ મુકત રહી શકતું નથી.

પરંતુ આજે તો માનવબોધ માટે ચિત્રો અને રૂપસામગ્રીનો શિક્ષણના સળંગ અભ્યાસ-ક્રમમાં બહિષ્કાર થયો જણાય છે. ભાગ્યે જ કોઇ શાળામાં દેશના મહાન પુરુષોની તસવીરો, કથા-પ્રસંગો, શૌર્યપ્રસંગો કે પ્રસિદ્ધ દૃશ્યોના તકતાઓ નજરે પડશે. તો પછી નાનાં બાળકો માટે ચિત્રપોથીઓ કે મૂર્તિઓ કે પ્રતિમાઓ કોણ વસાવે ? ઘણાંય બાળપ્રેમી માતપિતાઓ તેમની એ ભૂખ ભાંગવા યુરોપની ચિત્રપુસ્તિ-કાઓ અને પોસ્ટકાર્ડોથી એ ખોટ પૂરવા મથે છે, તેની સારી અને માઠી બંને અસરો બાળકોના જીવનમાં થાય છે. ઘણી વાર યુરોપિયન પોશાકો પહેરેલાં બાવલાં, રાજકુમારો, પરીઓ જેવા પોશાકો અને વ્યવહાર તેમને ચોંટે છે અને દેશની સંસ્કૃતિ અને જીવનથી વિમુખ બને છે.

ઇંગ્લંડમાં હીધરોબીન્સન, બી. ટીન્ડેલ, વોલ્ટરક્રેન અને પ્રીરેફેલાઈટ ચિત્રકારોએ બાળ-કોની સૃષ્ટિમાં આનંદ ભરવાને યુસફકથાઓ, એલીસ ઇન વંડરલૅંડ, પીટરપાન, ટ્વીગલો વગેરે કથાઓ સરળતાપૂર્વક ચિત્રમાં ઉતારી છે, એવો એક જથ્થાવાળો પ્રયત્ન આપણે ત્યાં થયો નથી.

અને ચિત્રકળાને આપણા પાઠયશિક્ષણમાં માનવંતું સ્થાન નહિ હોવાથી કેળવાયેલો નાગરિક તે પ્રતિ બેપરવા થયો છે અને ચિત્રકારોએ કોઇ એક જ ક્ષેત્રમાં વિશિષ્ઠતા મેળવવા પ્રયત્ન કર્યો નથી. એટલે બાળચિત્રસાહિત્ય માટે તો ચિત્રકારોએ પણ વિશેષ ચિંતન, અવલોકન અને પરિચય મેળવ્યા પછી જ કામ કરવાનું રહે છે. કલકત્તામાં શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ અને તેમના સાથીદારોએ સુશિક્ષિત જનતામાં આ વિષયમાં આંદોલન શરુ કર્યું છે. તેઓ દર માસે યુનિવર્સિટીના હૉલમાં જ પ્રસિદ્ધ કલાકારોની કૃતિઓનાં પ્રદર્શનો કરે છે, તે પર ચર્ચા અને વિવેચનો કરે છે અને તેમાંથી સિદ્ધ ગણાયેલી કૃતિઓનાં ફોટોગ્રાફીચિત્રો છાપી, તારવી, પ્રાથમિક શિક્ષકો દ્વારા બાળકો સુધી પહોંચાડે છે. તે ચિત્રો વિશે બાળકો શું વિચારે છે, તેની અસર શી થાય છે અને શું વિશેષ માગે છે, તેની વિગતવાર નોંધ રાખવામાં આવે છે. આ પ્રયોગોમાંથી ચિત્રકારો પણ ઘણું શીખશે.

બાળકોને મનુષ્યેતર પ્રાણીઓ અને પંખીઓમાં બહુ રસ પડે છે. મોટી ઉંમર થતાં સુધી તો એ એમ જ માને કે તેઓ અંદર વિચાર કરતાં હશે, વાતો કરતાં હશે, અને મનુષ્યોને વિચારપૂર્વક સેવા આપતાં હશે. આ કલ્પના ટાળી નાખવા જેવી નથી. તે દ્વારા તેની લાગણી અને સંસ્કારને અનેકગણાં ઊંચાં લાવી શકાય. બુદ્ધ જાતકકથાઓ મનુષ્યસંબંધને દયા અને એકતા એ રીતે જ આપી શકી છે. એ જ રીતે સાચા ભાવે દોરાયેલાં તમામ ચિત્રો ગમે તે યુગનાં તે હશે તોપણ આબાલવૃદ્ધ સૌને તેની ભક્તિ, પ્રેમ કે શૌર્યની લાગણીઓથી પ્રેરિત કર્યા વિના નહિ રહે.

જેઓ બાળકોને વિવિધ જ્ઞાન આપવાની ભાવનાથી ચિત્રોનો પ્રયોગ કરવા ચાહે છે તેમને પણ કલ્પના અને ભાવમિશ્રિત ચિત્રોથી જ આરંભ કરવો પડશે. વૈજ્ઞાનિક વિભાગીકરણ કે નિરાકરણ કોઈ પણ બાલમાનસને પ્રથમ રુચિકર થતું નથી, પણ પોતાનો પરિચય, સંબંધ કે લાગણીમાં સમાય એવાં પાત્રો, પ્રાણીઓ અને પંખીઓ કે પદાર્થોમાં તે પ્રથમ સહેલાઇથી આકર્ષાય છે.

તમે એને વરાળયંત્રની રચના સમજાવવા માંડશો તો જરાય નહિ ગમે. પણ એક પ્રચંડ શક્તિવાળા રાક્ષસની વાત કહો, મનુષ્ય તેને કબજે કરે છે એવું કહો, તો તે એકાગ્રતાથી સાંભળશે અને મનુષ્યશક્તિનો વિકાસ કરવાની ઇચ્છા કરશે.

અરેબિયન નાઇટ્સની ચમત્કારપૂર્ણ વાતો દ્વારા તે સાહસ, ધૈર્ય, વિશ્વાસ, એકનિષ્ઠા સમજશે અને સાથે જ પ્રપંચો, કુટિલતા અને દુરાચારને તિરસ્કારતું થશે. આપણે મોટેરાં બધાં એવા અનુભવોમાંથી પસાર થઇ ચૂક્યાં છીએ. વાર્તાનાં સ્વરૂપો ઊડી ગયાં છે પણ તેનું રહસ્ય આપણા જીવનમાં ઉતારી વ્યવહાર કરી રહ્યાં છીએ.

સ્વ. ગિજુભાઇએ આ હકીકતનો સ્વીકાર કરી પોતાના બાલસાહિત્યમાં તેનો આદર કર્યો છે અને સદુપયોગ કરી બતાવ્યો છે એટલે લેખિત સાહિત્યમાં આપણે ઠીક સંચય કર્યો છે. પરંતુ ચિત્રિત સાહિત્ય ઘણું જ થોડું છે, અપ્રાપ્ય છે અથવા જે છે તે મોંઘું છે. આ દિશામાં શ્રી હંસાબહેનના પ્રયાસો ખરેખર અભિનંદનીય છે. તેમણે ચિત્રો સારાં અને સચોટ કરવા ખાસ કાળજી અને ખર્ચ કર્યો છે, અને લગભગ સફળતા મેળવી છે. પણ ઇતર ચિત્રિત સાહિત્યમાં ચિત્રોની પોકળતા, નિર્ગંધતા, વિચારની સચોટ-

તાનો અભાવ અને નિર્માલ્ય કથનશક્તિ જોવામાં આવશે.

આ ખામીનો દોષ તેના પ્રકટકર્તા અને ચિત્રકાર બંનેને ફાળે સરખો જાય છે. પ્રકાશકો ચિત્રોના ગુણદોષનો ખ્યાલ કરી શકતા નથી; ચિત્રકારો ઊંડું નિરીક્ષણ અને અભ્યાસ કરતા નથી. સવાલ ખર્ચનો પણ છે. સારાં ચિત્રો કરવાને જે સમય અને મહેનત પડે તેનો બદલો પ્રકાશનમાં મળતો નથી એટલે ચિત્રકારોને તસવીરો કે વ્યવહારકલાઓને આશ્રયે જવું જ પડે.

છતાં રાષ્ટ્રની ઉન્નતિ અને પ્રગતિનો પ્રશ્ન વિચારતાં આ કાર્યમાં દરેક જણ થોડો ભોગ આપવા તૈયાર થાય અને ઉચિત કાર્ય માટે ઉચિત પાત્રોને કામ સોંપાય તો થોડી ઘણી બાંધછોડ કરી શકાય. ચિત્રો સારા અને કલાનિષ્ઠ ચિત્રકારોને હાથે થવાં જોઈએ, સારા રૂપમાં છપાવાં જોઇએ અને પ્રામાણિક વ્યાપારથી વેચાવાં જોઇએ જેથી દરેક સાધારણ આવકવાળાં માતપિતા તે લઈ શકે. આ માટે બાળકોની ચિત્રપોથીઓ મોટી સંખ્યામાં અને અનેક ભાષાઓમાં છપાવવાની તૈયારી કરવી જોઇએ જેથી બ્લૉક અને ચિત્રોનો ખર્ચ બધા ઉપર વહેંચાઇ જતાં પરિણામે સસ્તાં પડે.

આજે તો કાગળ અને છાપકામ ઘણાં મોંઘાં થઇ ગયાં છે. પણ એ વર્ષમાં તેનો ઉકેલ આવી જાય તે વખતે નવેસરથી વિચાર કરવો પડે. અને બાળકોની પ્રગતિમાં ઢીલ થાય એ કરતાં તે દિશામાં યોજનાપૂર્વક કામનો આરંભ કરી દેવો જોઇએ. ચિત્રો તૈયાર થાય તો હમણાં તેનો પ્રાયોગિક અભ્યાસ કરી ભૂલચૂક સુધારી લેવાય. હમણાં ભલે તે થોડી સંસ્થાઓને પહોંચે પણ બાળકોને તેની સમીપમાં લાવતાં શું પરિણામ આવે છે તે જાણી લઈ શકાશે. ખાસ વ્યક્તિઓનું એક મંડળ થોડાં કથાચિત્રો, થોડાં ગૃહપરિચિત પ્રાણી, પદાર્થો, વાહનો અને ગીતો ઉપર ચિત્રમાળાઓની યોજના નક્કી કરે અને ચિત્રકારોને તે ઉપર ચિત્રો કરવા આમંત્રે. હાલ ભલે તેમને થોડો પુરસ્કાર આપે, પણ જ્યારે એ ચિત્રમાળાઓ સફળ થાય ત્યારે તેમના લાભાર્થે અમુક ટકાઓ આપવાનું ઠરાવે તો ચિત્રકારો તેમના ચાલુ વ્યવસાયમાંથી થોડો સમય બચાવીને પણ આ કામમાં સારો સહકાર આપી શકશે, અને રાષ્ટ્રકાર્યમાં ભાગ લીધાનો સંતોષ અને આનંદ અનુભવશે. ૨. મ. ૨.

હસ્તવ્યવસાયનું માર્ગદર્શન*

તમે અહીં આ નાનકડા પ્રદર્શનમાં હસ્તવ્યવસાયના થોડાએક નમૂના તો જોયા છે. મુંબઇની શાળાઓમાં આથી વધારે સુંદર નમૂનાઓ બને છે. ત્યાંના શીવણકામ, ભરતકામ, કાતરકામ અને માટીકામના નમૂનાઓ સરસ હોય છે. તમારામાંથી ઘણાંએ ટાઉન હૉલમાં ભરાયેલ 'ચાઇલ્ડ ધન ધી હોમ'નું પ્રદર્શન જોયું જ હશે. ત્યાં શાળાઓમાં બનેલા શ્રેષ્ઠ નમૂનાઓ રજૂ થાય છે. અહી આવું કશું તમે જોઇ નહિ શકો. કદાચ આ પ્રદર્શન જોયા પછી ઘણાઓ નિરાશ પણ થયા હશે અને હસ્તવ્યવસાયની દિશામાં કલ્પનાની દુર્બળતા છે એમ પણ માનવા લલચાયા હશે. પણ આ પ્રદર્શનની પાછળ જે હેતુ રહેલો છે તેનો વિચાર કરશો તો તમારી

* મલાડમાં ભરાયેલ બાલશિક્ષક સંમેલન વખતે સમયને અભાવે આ વ્યાખ્યાન થઇ શકયું નહોતું.

ખાતરી થશે કે અહી તો માત્ર માર્ગદર્શન કરાવવાનો જ પ્રયત્ન છે. હસ્તવ્યવસાયને અંગના મારા વિચારોને શિક્ષકો સમક્ષ મૂર્તસ્વરૂપમાં રજૂ કરવાનો અહીં પ્રયત્ન છે. સમજો કે આ પ્રદર્શન મારું મૂક વ્યાખ્યાન છે.

શરૂઆતમાં તમે બાગકામ અને સુતારી-કામનાં ઓજારો જોશો. મારી એવી માન્યતા છે કે હસ્તવ્યવસાયનાં કામોમાં મજૂરીને ઘણું મહત્ત્વ છે—અપાવું જોઇએ. હસ્તવ્યવસાયનો આજ સુધીનો અર્થ એવો રહ્યો છે કે તેમાં ફક્ત નિશાળમાં એકાદ ઓરડામાં બેઠાં બેઠાં હાથનાં નાનાં નોનાં હલનચલનથી થઇ શકે તેવાં કામોનો જ સમાવેશ થાય છે. અને માટે જ તેવાં કામોનાં નામો સાથે હાથ શબ્દનો જ ઉપયોગ થયો છે જેમકે, હાથકામ, હાથકારીગરી, હસ્તવ્યવસાય વગેરે. હું એમાં હાથની સાથે જ 'પગ' પણ ઉમેરાય એમ દૃઢપણે માનું છું.

સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થશે કે બાલ-મંદિરોમાં એટલે પૂર્વપ્રાથમિક કેળવણી આપતી શાળાઓમાં નાનાં બાળકોને મજૂરીનાં એવાં તે કયાં કામો સોંપી શકાય?

છેક નાનાં એટલે અઢીથી ત્રણ વર્ષની ઉંમરનાં બાળકો કચરો ભરતાં શીખી શકે છે; સૂકાંલીલાં પાંદડાં પડયાં હોય તે ઉપાડીને બગી-ચામાં ખૂણામાં એકાદ ખાડો કર્યો હોય તો તેમાં વ્યવસ્થિત રીતે ફેંકી આવી શકે છે; નાની ખુરપી વડે ખડ કાઢી શકે છે; નાની નાની વાટકીઓ કે રમતની બાલદીઓમાં માટી ભરી લઇ જઇ શકે છે; માટી ચાળી પણ શકે છે.

તેથી મોટી ઉંમરનાં એટલે સાડાત્રણથી પાંચ વર્ષ સુધીનાં બાળકો ખોદવાનું, ટીપવાનું અને નાનાં ઝાડોને પાણી પાવાનું કામ કરી શકે છે.

તેથી પણ મોટી ઉંમરનાં બાળકો ઇંટો પાડી શકે છે, ઘર બાંધી શકે છે, ઓટલા ચણી શકે છે, નાના બગીચાઓ તૈયાર કરી શકે છે. આ કામોમાં હજુ બીજાં ઘણાં ઉમેરી શકાય તેમ છે જ.

પણ સવાલ થાય કે મજૂરી કામને આટલી અગત્ય આપવાની શી જરૂર છે? અહી લાંબી ચર્ચામાં ઊતર્યા વિના હું એટલું જ કહીશ કે મારી માન્યતા પ્રમાણે હાથપગને વધારે હલાવવાનું મળે તે જરૂરી છે. ગઇ કાલે અહી જે મજૂરીકામ બાળકો કરી રહ્યાં હતાં તે જોવા લગભગ કોઇ નહોતું ગયું એમ કહીએ તો ચાલે; પણ તે કામ અવશ્ય જોવા લાયક હતું.

મજૂરીકામમાં હસ્તવ્યવસાયમાં જે નવું સર્જન રહેલું છે તે પણ આવી જાય છે. એક સ્થળે બાળકો ખાડો ખોદે છે અને તેમાંથી નીક-ળેલી માટીમાંથી બીજી બાજુ ડુંગર બનાવે છે; બે મોટી બાબતોનું એમાં સર્જન થાય છે. ખાડામાં કૂદકા મારવા માટે ચડવા ઊતરવાનાં પગથિયાં પણ બનાવી શકાય છે. ડુંગરા પર તો બાળકો ઘણી જાતનાં કામો કરી શકે છે. પગથિયાં, બગીચો, દેવળ, ગુફા વગેરે જાતજાતનાં નવાં સર્જનો બને છે. આ બધાંમાં યોજના—કલ્પનાને પૂરો અવકાશ મળે છે, શોભા પણ થઇ શકે છે, ઉપરાંત હાથપગ હલાવવાનું મળે છે; અને સૌથી અગત્યનું જે શરીરશ્રમ તે પણ આવી જાય છે.

બાલમંદિરમાં આવતાં બાળકોને આપણે સ્નાયુઓની ક્રિયાઓ કરવાનું સોંપીએ જ છીએ. વાળવું, બટન બીડવાં,-ઉઘાડવાં, લીટા કે સાંકડા પાટિયા ઉપર ચાલવું, લપસવું, ટીંગાવું, વગેરે જાતની આ બધી ક્રિયાઓ છે, તે યોગ્ય જ છે. પણ ઉપરાંત જેમાં અંગમહેનત સમાયેલી હોય એવાં પણ કામો આપણે ઉમેરવાં જોઇએ.

મજૂરીકામના અનેક લાભો છે. ખુલ્લી

હવામાં શ્રમ કરવાનું બને છે તે સાથે સહનશક્તિ પણ આવે છે. સિવાય મજૂરીકામ હલકું છે એ ભાવના રહેતી નથી. ચોથો લાભ એ છે કે કપડાં અથવા શરીર બગડે તેવાં કામો કરવા વિષેનો કંટાળો અથવા અણગમો દૂર થાય છે. બાળકોનાં સુંદર ફરાકો અને ચડ્ડીબાંડિયાં બગડવાની માબાપો ફરિયાદ કરે જ છે. પણ બાળકો તો આ બધાં કામો હોંશેહોંશે કરે છે. ઉપરાંત આ બધાં કામો દ્વારા કુદરતનો નિકટ સહવાસ મળે છે. અને આ કામોમાં સર્જન, શોભા, કૌશલ્ય, કલ્પનાશક્તિ વગેરેને તો પૂરતો અવકાશ મળે જ છે.

રાષ્ટ્રીય દૃષ્ટિએ વિચારીએ તો બાળકોનું ઘડતર શારીરિક તેમ જ માનસિક બંને રીતે સુદૃઢ બને તે આવશ્યક છે. એ રીતે જોતાં પણ મજૂરીકામ જરૂરનું છે. દરેક શાળામાં રોજના સમયપત્રકમાં કાંઇ નહિ તો પોણો કલાક તો શરીરશ્રમને અપાવો જ જોઇએ. શહેરમાં તેમ જ ગામડામાં બંને જગાએ એ જરૂરનું છે. એટલે નાનપણથી જ બાળકો નાનકડા ખેડૂતો, મજૂરો અથવા કારીગરો થાય એમાં કશું અજૂગતું નથી—આવશ્યક છે.

આવી જ બીજી બાબત સુતારીકામની છે. પ્રાથમિક-શાળાઓના અભ્યાસક્રમમાં સુતારી-કામને દાખલ થયાં ઘણાં વર્ષો થયાં છે પણ તેનો પ્રચાર અથવા અમલ હજુ નહિ જેવો જ છે. મેં અનેક વાર ઘણી પ્રાથમિક શાળાઓ જોઇ છે. પરંતુ છેક હમણાં જ દાદરની પારસી શાળામાં (પ્રાથમિક) બીજા ધોરણનાં બાળકોને સુતારી-કામ કરતાં પહેલવહેલાં જોયાં, એ સિવાય કોઇ શાળામાં મેં સુતારીકામ ચાલતું જોયું નથી. ચાર પાંચ વર્ષની ઉંમરનાં બાળકો લાકડાને ઘસ-વાનું તેમ જ શારડીથી જાડાં પૂઠાં અથવા પોચા લાકડામાં કાણાં પાડવાનું કામ વગેરે કરી શકે છે. તેથી મોટાં બાળકો રંધો, કરવત, કાનસ, સ્ક્રુ ડ્રાઇવર (પાનું) વગેરે ઘણી જાતનાં ઓજારો વાપરી શકે છે. આ બાબતમાં શહેરના કરતાં અન્ય જગાની શાળાઓ ઘણું કરી શકશે. મુંબઇ શહેરમાં મુખ્ય સવાલ જગાનો બધાને નડે છે. પરંતુ જગ્યાને અભાવે ઓરડામાં બની શકે તેવાં કામો તો કરાવવાં જ જોઇએ. નાળિયેરની કાચ-લીઓ ઘસીને સાફ કરવાનું, છોલવાનું, કાપવાનું વગેરે જાતનાં મહેનતનાં કામો ઓરડામાં બેઠાં પણ થઇ શકે છે. દરજી પેટીમાં નાના મોટા દરજીઓ હોય છે તેમ નાના મોટા માપના સ્ક્રૂ કાઢવા ઘાલવાની રમત મેં ભાવનગરમાં ઘરશાળામાં યોજાયેલી પહેલવહેલી જોઇ. અહીં એવી જાતની એક પેટી મૂકી છે તે તમે સહુએ જોઇ હશે.

હવે બીજી જાતના હસ્તવ્યવસાયોનો વિચાર કરીએ.

જે જાતનું હસ્તવ્યવસાયનું કામ આજે શાળાઓમાં શીખવાય છે તેના બહુ સુંદર નમૂનાઓ મેળવી શકાય તેમ છે, પણ તે અહીં રજૂ કર્યા નથી. એનું એ કારણ છે કે અહીં સંશોધનની દિશામાં જે કામ થઇ રહ્યું છે તેટલું જ મૂકવાનો મારો હેતુ છે. શાળાઓમાં શીવણ-કામ તેમ જ ભરતકામના જે ઉત્તમ નમૂનાઓ જોવા મળે છે તેમાં સુંદરતાનો આધાર સાધનની ઉત્કૃષ્ટતા પર અવલંબે છે. જેમ સાધન વધારે કિંમતી લઇએ તેમ નમૂનાઓ સુંદરતર બને. ક્રેપ પેપરમાંથી બનાવેલાં ફૂલો, ઘૂંટેલા રંગીન કાગળોનું ઘડી પાડીને બનાવેલું કામ અને સુંદર રેશમની લડીઓ વડે કરેલું ભરતકામ જરૂર આકર્ષક હોય છે. શીવણકામમાં મોંઘી ચીજોના

એટલા બધા પ્રકારો નીકળ્યા છે કે તે ગણાવી શકાય તેમ નથી.

અમારા આ પ્રદર્શનમાં મૂકેલી ચીજોમાં અમે નમૂનાઓના ખર્ચનો પણ વિચાર સાથે રાખ્યો છે. ગામડાંઓમાં બની શકે તેવી ચીજો બનાવવી અને એવું જ સાહિત્ય વાપરવું એ તરફ અમારું વલણ રહ્યું છે.

બેશક હજુ આમાં સંશોધનને પુષ્કળ અવકાશ છે. અહીં તમે મલેખાંમાંથી બનાવેલાં રમકડાં જોયાં હશે. એ રમકડાં સોંઘાં છતાં સુંદર છે. આ સાધનમાંથી ગાડી, વિમાન, રેલ્વે-ટ્રેન વગેરે મનગમતી ચીજો બનાવી શકાય છે. મુબઇમાં મલેખાં મળવાં મુશ્કેલ તો છે, પણ અહીં દુગ્ધાલય જેવાં સ્થળોએ તપાસ કરી હોય તો દૂધની સાથોસાથ જરનાં સૂકાં રાડાં—મલેખાં—કડબ પૂરી પાડવાનું તેઓ ખુશીથી કરી શકે. આ દિશામાં અમે બહુ કરી શકયાં નથી, પણ પુષ્કળ શકયતા રહેલી છે.

આવી જ જાતનું બીજું સાધન તે કાચલીઓ અને નાળિયેરનાં છોલાં છે. બાળકોએ બનાવેલું દોરડું તમે અહીં જોયું હશે. કાચાં નાળિયેરની કાચલીમાંથી બનાવેલ ટી-સેટ-(ચા પીવાનાં સાધનો) પણ અહીં જોશો. કાચલીમાંથી બનાવેલ પેન્સિલો રાખવાનું સ્ટૅન્ડ પણ છે. આ બધાંમાં બાળકો પોતાના ઉપયોગ પૂરતી પીંછીઓ નાળિયેરનાં છલાંમાંથી સહેલાઇથી બનાવી શકે છે તે તરફ સહુનું ધ્યાન ખેંચું છું. સુતારી ઓજારોની મદદ વડે બીજી અનેક ચીજો આમાંથી બનાવી શકાય તેવું છે,

ત્રીજા સાધનમાં કેળના થાંભલાની છાલો છે. એમાંથી પણ ઘણી ચીજો બની શકે તેવું છે; આવા થોડાએક નમૂનાઓ તમે અહીં જોઇ પણ શકશો. એના પર ચિત્રકામ કરી શકાય છે; તેમાંથી ફૂલો બનાવી શકાય છે; તેના પર પાઠો લખી શકાય છે; ટોપલીઓ ને છાબડીઓ બને છે; કૅન્વાસ તરીકે પણ આ છલો વાપરી શકાય છે. નાળિયેરીનાં પાનમાંથી તો સળીઓ, પટ્ટીઓ વગેરે અનેક નિરુપયોગી લાગતી ચીજો નીકળે છે જેનો ઉપયોગ બાળકો માટેના હસ્તવ્યવસાયનાં કામોમાં થઇ શકે.

અહીં શહેરમાં રહ્યાં બહુ થોડી ચીજોનો નિર્દેશ કરી શકી છું. હું ધારું છું કે અન્ય જગાનાં શિક્ષકભાઈબહેનો આવી જાતની બીજી અનેક વસ્તુઓ હસ્તવ્યવસાયના ઉપયોગમાં લઇ શકાય તેવી શોધી શકશે. હસ્તવ્યવસાયમાં આપવાના ઉદ્યોગો સાચા ઉદ્યોગો બને તેમ કરવું જોઇએ, અને તેમાં વપરાતી ચીજો સાવ સોંઘી હોવી જોઇએ, એ એ મર્યાદાઓ આ કામને સારુ હું અતિ આવશ્યક છે એમ ગણું છું. શહેરમાં ચાલતાં બાલમંદિરો અને તેના હસ્તવ્યવસાયો જોયા પછી ગામડાના શિક્ષકને જરૂર એવી નિરાશાનું ભાન થાય કે ગામડામાં આ બધું શી રીતે બને? આટલા મોટા પ્રમાણમાં સાદા કાગળો, રંગીન કાગળો, પેન્સિલો, રેશમ, કૅન્વાસ, ક્રેપપેપર, ઘૂંટેલા રંગીન કાગળો, કાર્ડબોર્ડ વગેરે બધું ગામડામાં શી રીતે મળે? માટે જ હું તો એવી આશા સેવી રહી છું કે અમે અહીં રજૂ કર્યા છે તેથી અનેકગણા નમૂનાઓ આથી પણ વધારે સસ્તી ચીજો શોધીને તેમાંથી ગામડાના શિક્ષકો બનાવી આપશે. ગુણપાટ ઉપર શીવણકામ, કૂલડીઓ અને કોડિયાં પર રંગકામ, વગેરે અનેક વિવિધતાઓને ઘણી શકયતા છે.

કાંતણ-પીંજણના કામના મહત્ત્વ વિષે

નવેસરથી કહેવાની જરૂર નથી. ઉપયોગિતાની દૃષ્ટિએ આ વ્યવસાયને સૌથી વધારે ગુણ-દોકડા મળી જાય. માનવીની મૂળભૂત જરૂરિયાતોમાં આવાની ચીજો એટલે અનાજથી બીજે નંબરે આ કપડાંની જરૂરિયાત ઊભી રહે છે.

ટૂંકમાં ઉદ્યોગોની દિશામાં નવું માર્ગસૂચન શું છે એ કહેવું હોય તો એ મુદ્દાઓમાં મૂકી શકાય. પહેલું એ કે તેને સારુ વાપરવાનાં સાહિત્યો સસ્તાંમાં સસ્તાં અને સાવ સાદાં જોઈએ; બીજું એ કે હાથની કારીગરીને, આવડતને, સર્જન-શક્તિને, કલ્પકતાને તેમાં પ્રાધાન્ય હોવું જોઈએ. હું તો એમ પણ કહું કે મોંઘાં સાધનો વાપરીને આડાઅવળા બેચાર ટેભા મારવાથી પણ શોભી ઊઠે તેવા વ્યવસાયોને શહેરની શાળાઓએ હવે તિલાંજલિ આપવી જોઈએ.

કેળવણીમાં હલનચલન અને ક્રિયાને ઘણું મહત્ત્વ છે. યુરોપમાં તો Education through doing અથવા Activity Schools જેવા ધોરણ ઉપર ઘણી શાળાઓ આજે ચાલે છે. તેઓનું કહેવું એમ છે કે ક્રિયા દ્વારા જ બુદ્ધિનો વિકાસ થાય છે.

આપણા દેશના કેળવણીકારો પણ પાંચ કલાક સુધી લખવા-વાંચવાની કે વ્યાખ્યાનો સાંભળવાની કારકૂની કેળવણી આપતી શાળા-ઓથી હવે કંટાળી ગયા છે. ખેતીમાં, મજૂરીમાં તેમ જ સંચાઓ ઉપર શરીરમહેનતથી રોજી મેળવનાર વર્ગે તો આ કેળવણીને ક્યારની નિરુપયોગી જ ગણી કાઢી છે, અને એ રીતે વિચારકો, આદર્શવાદીઓ, વ્યવહારકુશળ લોકો તેમ જ કેળવણીકારો, સહુ, હાથપગ હલાવવાની કેળવણીને મહત્ત્વ આપતા થયા છે. કેળવણીમાં પણ આજે ક્રિયાત્મકપણું, સર્જન, અને કલ્પક બુદ્ધિને પ્રધાનસ્થાન અપાય છે.

આમ એક તરફથી કેળવણીકારો શિક્ષણ-શાસ્ત્રની દૃષ્ટિએ ક્રિયાત્મક કેળવણીને અગત્ય આપી રહ્યા છે તો બીજી બાજુ રાષ્ટ્રીય ઉન્નતિનો વિચાર સેવતા દેશનેતાઓ પણ ઉદ્યોગોને હરહમેશ પ્રધાનસ્થાન આપ્યા કરે છે. આ રીતે બધી બાજુથી ઉદ્યોગોને મુખ્ય સ્થાન મળતું જાય છે.

મારી એવી દૃઢ માન્યતા છે કે બાલમંદિરોમાં હવે પછીની કામની દિશા તે વર્ધાયોજનાને પોષક થાય એ પ્રકારની પૂર્વપ્રાથમિક કેળવણીની યોજના જ છે. રાષ્ટ્રની આ સહુથી પહેલી જરૂરિયાત છે અને કેળવણીના વિધાયકોએ હવે આ દિશામાં જ પગલાં માંડવાં જોઈએ.—તા૦

હરિજન શાળાઓને મદદ

નીચેની મદદ ઉપકાર સાથે મળી છે.

પૂ. ડૉ. ઈશ્વરભાઈ જીવાભાઈ પટેલ—આણંદ

[ગયા વર્ષે આ મદદમાંથી મફત મોકલાતી હરિજન શાળાઓની શિક્ષણપત્રિકા આ વર્ષે પણ ચાલુ રહી છે.]

અન્ય ઉદાર ભાઈબહેનોને આવા કાર્ય માટે મદદનો હાથ લંબાવવા અમે વિનવીએ છીએ.

D

સમાચાર

નીચેની સંસ્થાઓ સંઘ સાથે નવી જોડાઈ છે:—

(૧) હંસરાજ પ્રેમજી શિશુશિક્ષણ મંદિર: મુંબઈ

(૨) વિજય વિદ્યાલય: મુંબઈ—૯.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, બી.એ., એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૨—૩—૪૩.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

☆

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

☆

ભણવું અને ભણાવવું જાણીએ તો અનુભવીએ કે આ એક મોંઘું લહાણું છે. એવી ધન્ય પળો સમજનારાંઓ જીવનના ઊંડા રહસ્યને પામી શક્યાં છે.

બાળકોનો સહવાસ એટલે ખુશબોભર્યા બાગનો સહવાસ. છતાં ઘણાં માણસો બાળકો વચ્ચે, તેમની સાથે આનંદ નથી લઈ શકતાં. તેઓ ખુશબો માટે સરજાયાં જ નથી.

—સ્વ. ગિજુભાઈ

વર્ષ ૧૮ | :: કાર્યાલય :: | અંક ૨

૧૯૯૯ | રાવપુરા : વડોદરા | ચૈત્ર

પેગીની શાળામાં

ડૉક્ટર ગ્રેન્ડ હૉસ્પિતાલમાંથી પરવાર્યા તેવા સીધા જ મોટરમાં મિસિસ ચામર્સની શાળાએ પહોંચ્યા. આ શાળા એક બાલોદ્યાન હતું. અહીં પૂર્વપ્રાથમિક કેળવણી પર વધારે ધ્યાન અપાતું હતું. શાળાનું વાતાવરણ બહુ જ આલ્હાદજનક હતું. વેપાર તેમજ અનેક જાતના ધંધાઓને કારણે અત્યંત ધમાલિયા બનેલા લંડન શહેરથી આ સ્થળ ઘણું દૂર હતું. અહીં ડૉ. ગ્રેન્ડની દેખરેખ તળે ઘણાં બાળકો રહેતાં હતાં. બાળકોની સામાન્ય ડૉક્ટરી તપાસ ગ્રેન્ડ પોતે જ કરતા, સિવાય આવશ્યક જણાતા કિસ્સાઓમાં માનસિક ઉપચારો પણ તેઓ પોતે જ કરતા. ખરું કહીએ તો આ શાળાનો અભ્યાસક્રમ ડૉ. ગ્રેન્ડની કલ્પના પર ઘણે અંશે રચાયલો હતો. મિસિસ ચામર્સે પણ માનસ-શાસ્ત્રનો સારો અભ્યાસ કર્યો હતો. જો કે તેમણે વૈદકશાસ્ત્રનું જ્ઞાન લીધું નહોતું પરંતુ શાળાનાં બાળકોના અનેક કિસ્સાઓમાં તેઓ ડૉ. ગ્રેન્ડ સાથે ચર્ચાઓ કરીને ઘણી માહિતી મેળવી લેતાં, તેમ જ ડૉક્ટરની સૂચનાઓનો અમલ પણ યથાર્થ રીતે કરતાં હતાં.

છેક નાનાં બાળકોમાં તે એવી કઇ વિકૃતિઓ હોઇ શકે ? છતાં એક નાની છોકરીના કિસ્સાએ તેમને ભારે ચિંતાતુર બનાવ્યાં હતાં. પેગી બ્રાઉની ઉંમર ફક્ત છ વર્ષની હતી, પણ જિંદગી સંબંધેનું તેનું વલણ ભારે વિચિત્રતા-ભર્યું હતું. પોતાની માતા વિષે તેના દિલમાં એટલો તો દ્વેષ ઉત્પન્ન થયો હતો કે એની ઘેરી છાયા પેગીના નાનકડા જીવન પર ઢળેલી સ્પષ્ટ જોઈ શકાતી હતી. આને પરિણામે પેગી ચીડિયણ થઇ ગઇ હતી અને બહારની દુનિયાથી ધીરે ધીરે વધારે ને વધાર અલિપ્ત બની જઇ પોતાની કાલ્પનિક દુનિયામાં જ તે રચીપચી રહેતી હતી.

શિક્ષણશાસ્ત્રના સામાન્ય ઉપાયોથી તેને કોઇ પણ જાતનો લાભ થયો નહોતો. રમતોમાં તેને જરા ય રસ નહોતો પડતો. તે ઘણી શરમાળ હતી, અને કોઇ વહાલભર્યા બે મીઠા શબ્દોથી તેને બોલાવે તોપણ તે વિષે તે શંકાશીલ બની જતી. મિસિસ ચામર્સ પણ ઘણા પ્રયત્નો છતાં પેગીના દિલમાં પોતાને વિષે પ્રેમ કે વિશ્વાસ જમાવી શક્યાં નહોતાં. મિસિસ ચામર્સના દિલમાં સ્વાભાવિક રીતે જ થયા કરતું હતું કે પેગીને અંગેના ઉપચારો બને તેટલા જલદી લેવાય તો વધારે સારું, કેમકે થોડા વખત પછી શાળામાં લાંબી રજાઓ પડવાની હતી, અને તેમનો પોતાનો વિચાર આ રજાઓમાં પેગીને લઇ દરિયાકિનારે જવાનો હતો. પણ પેગીની તેમ કરવાની મુદ્દલ મરજી નહોતી. પેગીની ઇચ્છા પોતાના પિતા પાસે જવાની હતી, અને ત્યાં જ મૂળે વાંધો હતો. પેગીની માનસિક મુશ્કેલી ઊભી થવાનું મુખ્ય કારણ પણ એ જ હતું. મિસિસ બ્રાઉએ પતિ સાથે છૂટા છેડા કર્યા હતા અને પુત્રીનો કબજો પોતે મેળવ્યો હતો. મિસિસ બ્રાઉ પેગીને તેના પિતા પાસે જવા જ દેતાં નહોતાં, જ્યારે પેગીને પિતા પર જ પુષ્કળ વહાલ હતું. પોતાના અત્યંત વહાલા પિતાનો વિયોગ ઊભો કરવામાં માતા જ કારણ-ભૂત હતી એટલું જ નહિ પણ પિતાને મળવામાં પણ માતા જ અડચણ રૂપ હતી એ વિષે પેગીની ખાતરી થઈ ચૂકી હતી. આ કારણે જ માતા પ્રત્યેનો પેગીનો દ્વેષ તેની પરાકાષ્ટાએ પહોંચ્યો હતો.

ડૉ. બ્રેન્ડ આવ્યા ત્યારે પેગી એક બંગલા-પેટી લઈને રમતી હતી. ડૉક્ટરે જ પેગીને એ બંગલાપેટી ભેટ આપી હતી. પેગી રમતી હતી તે ઓરડામાં મિસિસ ચામર્સ અને ડૉક્ટર જઈ પહોંચ્યાં; છતાં પેગીએ તેમના તરફ જોયું પણ નહિ. રમતમાં તે એટલી તલ્લીન બની ગઈ હતી. પણ એ તલ્લીનતા જોનારને વિચિત્રતાભરી દેખાતી હતી. બાળકો રમતાં હોય ત્યારે જે સ્વાભાવિક તલ્લીનતા તેમનામાં હોય છે તેવી તલ્લીનતા પેગીની નહોતી. મોટેરાંઓ ટેલીફોનમાં વાતચીત કરતાં હોય ત્યારે હાથમાંની પેન્સિલ વડે પાસે પડેલા કાગળ પર લીટા દોરતાં દેખાય છે તેવી જાતની પેગીની સ્થિતિ હતી. જ્યારે મન કોઈ અન્ય સ્થળે ખૂબ રોકાયેલું હોય ત્યારે માણસ જેમ હાથપગ હલાવવા વગેરે જેવી નિરર્થક ક્રિયાઓ કર્યા કરે છે તેવી જાતની ક્રિયાઓ ઈંટ ઉપર બીજી ઈંટ મૂકવાની પેગી કરી રહી હતી.

ડૉક્ટરે આવતાંવેંત કહ્યું: "જો પેગી, મેં તારે માટે કાંઇક આણ્યું છે." ડૉક્ટરે બગલમાં દબાવેલું એક પડીકું પેગી સામે ધર્યું.

પેગીએ ડૉક્ટર તરફ જોયું, અને કશું બોલ્યા વિના ડૉક્ટરના હાથમાંનું પડીકું લઈ તે પરનો કાગળ ચીરી નાખ્યો. અંદરથી મજાનું બતક નીકળ્યું. બતક જોઈ પેગીનો ચહેરો આનંદથી ઝળકી ઊઠ્યો. તેણે બતકને છાતીસરસું દાબી, ગાલે અડાડ્યું અને હેતથી પંપાળવા લાગી.

મિસિસ ચામર્સે હસતાં હસતાં કહ્યું: "પેગી! ડૉક્ટરના આભાર તો માન!"

ડૉક્ટર બ્રેન્ડે વચ્ચે જ ઉમેર્યું: "પેગી! આ રમકડું લાવી આપવાનું તારી બાએ જ મને સૂચ્યું છે."

છેલ્લા વાક્ય સાથે પેગીના મોં પર અસાધારણ ફેરફાર થયો. ક્રોધપૂર્વક અત્યંત જોરથી તેણે એ બતક દૂર ખૂણામાં ફેંકી દીધું! બિચારું રમકડું! ઊંધે માથે અને ઊંચા પગે જાણે ટંગાઈ રહ્યું!

"છટ્, મારે એ ન જોઈએ. ડૉક્ટરનો આભાર તો હું માનવાની જ નથી; નહિ જ માનું; કદી નહિ."

ડૉક્ટરે ધીમે રહી પેગીને પોતાના ખોળામાં બેસાડી. ડૉક્ટર પાસેથી છૂટવાના પેગીએ ઘણા પ્રયત્નો કર્યા, પણ ડૉક્ટરે તેને જોર કરી પકડી રાખી તથા આસ્તે આસ્તે પ્રેમભર્યા શબ્દોથી તેની સાથે વાતચીત આદરી. થોડી વારે પેગીએ ડૉક્ટર પાસેથી નાસી છૂટવાના પ્રયત્નો માંડી વાળ્યા અને શાંતિથી તે ખોળામાં બેઠી. ડૉક્ટર વિષે તેના મનમાં વિશ્વાસ પેદા થયો તથા તેમના તરફ પ્રેમ અને ભાવથી જોવા લાગી. ડૉક્ટરના સવાલોના હવે તે જવાબ દેતી હતી; છતાં એ રીત અતિશય ગંભીરતાભરી હતી. તેની બોલવાની રીતભાત પરથી જાણે ચિંતાના ભારે બોજા તળે તે કચડાઈ હતી એમ લાગતું હતું. ઉંમરના પ્રમાણમાં જાણે ચિંતાઓથી ઘેરાયેલી કોઈ ડોશી હોય એવો ભાસ થતો હતો.

ડૉક્ટરની વાતચીત ચાલુ જ હતી. આ બધા સમય દરમિયાન પેગીએ મિસિસ ચામર્સ તરફ જોયું સરખું પણ નહોતું. પેગીના જવાબો પરથી ડૉક્ટરે તેના ઘરની ઘણી હકીકતો ધીમે ધીમે કળી શકયા. ડૉક્ટર સાથે પેગી હવે ખુલ્લા દિલથી વાતો કરવા લાગી હતી. ધીમે ધીમે ડૉક્ટરના પોતાના બાળક જેવો જ સ્વાભાવિક ક્રમ આવી ગયો. એ સ્વાભાવિકતા પ્રાપ્ત થતાં જ પેગીએ ડૉક્ટરને કહ્યું: "ડૉક્ટર! આપણે બે જ વાતો કરીએ તો? તમે પેલાં બાઈને બહાર જવાનું કહેશો?"

બીજી જ ક્ષણે મિસિસ ચામર્સ ઓરડા બહાર ચાલ્યાં ગયાં. પેગીના કહેવાનો હેતુ તેઓ યથાર્થ રીતે સમજી ગયાં હતાં. થોડી વાર પછી ડૉક્ટર બ્રેન્ડ બહાર આવી પેગીએ મિસિસ ચામર્સને બહાર ચાલ્યા જવાનું શા માટે સૂચવ્યું હતું તે સમજાવવા માંડયું. પણ તેમ કરવાની કશી જ જરૂર નહોતી. કેમકે પેગી પોતા સાથે બોલતી નથી છતાં ડૉક્ટર બ્રેન્ડ સાથે આટલી છૂટથી શા માટે વાતો કરે છે તેનું કારણ મિસિસ ચામર્સ બરાબર સમજી ગયાં હતાં.

ડૉક્ટરે કહ્યું: "મિસિસ બ્રાઉને પેગીને તમારે ત્યાં મોકલવાનું સૂઝયું તે મોટું સદ્‌ભાગ્ય છે. ડહાપણવાળું જે કોઈ પગલું તેમણે ભર્યું હોય તો આ જ છે. જો તેમને સમજાવવામાં ફાવીશું તો કામ સફળ થશે; પણ એ જ ભારે અટપટું છે. પણ મિસિસ ચામર્સ, આમાં તમારે બહુ હેરાન થવું પડશે, હો !—અત્યાર સુધી થયાં છો તે કરતાં પણ વધારે. સમજાય છે ?" ડૉક્ટરે હસીને પૂછ્યું.

મિસિસ ચામર્સે જવાબ દીધો: "બેશક; તમારા બોળામાં બેસી મીઠીમીઠી વાતો કરતી વેળા પેગીને હું કેમ નહોતી ગમતી તે સ્પષ્ટ જ છે."

"સાચી વાત છે. મેં ધાર્યું જ હતું કે તમે એ સમજી શકશો. હાલ તુરત તેણે મને તેના પિતાને સ્થાને માન્યો છે. મારા વિષે એટલો ભાવ તેના દિલમાં પેદા થયો છે કે બસ ! અને તમને ...તમને તેણે પોતાની અણગમતી માતાને સ્થાને બેસાડ્યાં છે ! માતાની જેમ જ અહીં તમે તેની સંભાળ રાખો છો, અને બીજી બધી બાબતમાં તેની દેખરેખ અને કાળજી કર્યા કરો છો તેથી તો આ માન્યતા વધારે સજ્જડ બની છે. હમણાં હમણાં તમારી તકલીફ પણ વધશે, કેમકે તે તમારું કશું સાંભળશે કે માનશે નહિ."

"હું તે બધું સાચવી લઈશ; તમે નિશ્ચિંત રહેજો. પણ મિસિસ બ્રાઉને પણ આપણે ઘણું ઘણું ગળે ઉતારવું પડશે. અને તેઓ એ રીતે સરળતાથી વર્તતાં બની જાય એમ ગણી લઈએ તો આ કિસ્સો સુધરી જતાં કેટલો વખત લાગશે ?"

"ઘણો સમય જશે—મહિનાઓ થશે. ઓછામાં ઓછા ત્રણ મહિના તો ખરા જ ! હું ધારું છું, તમને વિશેષ કશી સૂચનાઓ આપવાની જરૂર નથી."

"સમજી ! બને ત્યાં સુધી તેની ભૂલ કાઢવી નહિ; તથા તેની સાથે પ્રેમ અને સહાનુભૂતિથી કામ લેવું. એવું કશું ન બનવું જોઈએ કે પેગી સતત તમારા આવવાની જ વાટ જોયા કરે, ખરું ના ? મારા વર્તનથી પેગીની ખાતરી થવી જોઈએ કે દુનિયામાં બધી સ્ત્રીઓ સરખી નથી; તેમાં ઘણી એવી છે જે તેના પ્રત્યે પ્રેમ રાખે છે."

ડૉક્ટરે સંમતિદર્શક માત્ર માથું હલાવ્યું. તેમને વિચાર આવ્યો: "અરે ! કેટલીક સ્ત્રીઓ બાળકોને કેટલાં સરસ રીતે સમજી શકે છે ! નહિતર જુઓ મિસિસ બ્રાઉન પેગીની ખુદ માતા હોવા છતાં શી સ્થિતિ ? વિચારના અનુસંધાનમાં જ ડૉક્ટરે કહ્યું: "મિસિસ ચામર્સ ! તમે જો સ્ત્રીને બદલે પુરુષ હોત તો આ કિસ્સો તમે પોતે પણ સુધારી શકયાં હોત !"

"ડૉક્ટર, હું તમારી સાથે સંમત નથી થતી. સ્ત્રીઓ પરત્વે પેગીના દિલમાં આજે જે માન્યતા બંધાઇ છે તે દૂર થવી જ જોઇએ. પોતાની માતા અને અન્ય સ્ત્રીઓની તુલના કરવાનો અવકાશ તેને મળવો જોઇએ. તેને એ સમજાવું જોઇએ કે બધી સ્ત્રીઓ તેની સાથે તેની માતા જેવું જ વર્તન નથી રાખતી માત્ર પુરુષ તરીકે

જ જો તમે એની સાથે છૂટથી વાતો કરવામાં સફળ થયા હો, તો તમારી એ સફળતાથી એના દિલમાં સ્ત્રીઓ વિષે જે આંટી પડી ગઇ છે તે કેમ કરી દૂર થશે? ડૉકટર! આવા મોટા માનસશાસ્ત્રી છતાં તમે આવી ભૂલ કાં કરો?"

"ખરેખર મિસિસ ચામર્સ, આ વખતે પણ તમારું કથન જ વધારે સાચું છે! ફરી વાર હું આવું ત્યારે પેગીમાં ઘણો સુધારો થયો હશે એવી આશા હું સેવું છું, કેમકે આજે તે ઘણી છૂટથી બોલતી થઇ છે. કાચબાની જેમ હાથપગ અંદર સમેટી લઇ જ્યારે એ બેસી જાય છે ત્યારે આપણું કશું જ ચાલતું નથી. ખરેખર, આજે છેલ્લે છેલ્લે તો પેગી ભારે રંગમાં આવી ગઇ હતી!"

"એમ? ત્યારે તો આજે ઘણી પ્રગતિ થઇ લાગે છે. આ જ રીતે જલદી સુધારો થઇ જાય તો પાર ઊતરીએ!"* ક્રમશ:

—તા૦

હસ્તવ્યવસાય—કલાશિક્ષણની દૃષ્ટિએ

શિક્ષણના ક્ષેત્રમાં કલાનો વિચાર કરતાં બે બાબતો ગ્લાનિ ઉપજાવે તેવી જણાઇ આવે છે. કલાનું આજ સુધીનું શિક્ષણ યુરોપિયન ઘોરણે રચાયું છે અને તેમાં કલા માત્ર હોશિયારી તરીકે જ જાણે કે રહી છે. કારણ કે તેમાં સામે મૂકેલી ચીજોની હૂબહૂ અનુકૃતિ જ કરવાનું હોય છે. કલાને એક સ્વતંત્ર સર્જનની પ્રવૃત્તિ તરીકે કે બાળકોને પોતાની લાગણીઓ વ્યક્ત કરવાના એક સાધન તરીકે આપણે વિચારી નથી. વળી હિન્દી કલાઓ પશ્ચિમની કલા કરતાં તેના આંતર બાહ્ય સ્વરૂપમાં જુદી પડે છે એ જાણવામાં આવ્યા છતાં કલાશિક્ષણનું એ રહસ્ય શિક્ષણના ક્ષેત્રમાં વિચારાયું નથી. બીજી વાત એ છે કે માનવજીવનમાં અને તેથી શિક્ષણમાં કલાનું સ્થાન ક્યાં અને કેટલું છે તેનો બહુ વિચાર પણ થયો નથી. કલા એ અનેક રીતે ઉપયોગી પ્રવૃત્તિ છે અને ખાસ કરીને ઉદ્યોગોમાં કલાનું સ્થાન વધવા લાગ્યું છે. હિન્દમાં તો જીવનમાં કલા સર્વત્ર સંકળાયેલી જ હતી અને છે. શિક્ષણમાં કલાના સ્થાન વિષે વધુ વિચાર થવાની જરૂર છે.

બાળકો અને કલાશિક્ષણનો વિચાર કરતાં નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખી શકાય:—

(૧) કલાપ્રવૃત્તિ બાળકોને એક ઉત્તમ પ્રકારની રમત પૂરી પાડે છે. બાલમાનસ વિચારતાં બીજા વિષયોને રસપ્રદ અને રમત જેવા કરવા પ્રયત્ન થાય છે જ્યારે કલા તો પોતે રમત જેવી આનંદદાયક પ્રવૃત્તિ છે. એમાંથી મળેલો આનંદ શાળાના બીજા વિષયોમાં ઉપયોગી થઇ શકે.

(૨) દરેક બાળકમાં કાંઇક સર્જન કરવાની વૃત્તિ હોય છે. આ વૃત્તિને સંતોષ મળશે.

(૩) ઘણી ઉપયોગી વસ્તુઓ બાળકો બનાવી શકે છે. ઉપયોગિતાની દૃષ્ટિએ એમણે આપેલો ફાળો એમનું ગૌરવ વધારે છે અને ઘર કે શાળાની સગવડમાં ઉમેરો થાય છે, તથા ઉપયોગિતા અને કલાનો સુંદર સમન્વય તેઓ સમજે છે.

(૪) જ્ઞાન મેળવવાના સાધન તરીકે કલા-પ્રવૃત્તિનો ઉપયોગ થઇ શકે છે—ઇતિહાસ, ભૂગોળ

---

* (માનસવિશ્લેષણ વિષેની વાર્તાઓના A Dark Side Also નામના પુસ્તકમાંથી.)

કે વનસ્પતિવિજ્ઞાન વગેરે માટે.

(૫) બાળકના કલ્પનાવિહારને તક મળે છે. બાળકમાં આ કલ્પનાવિહારની વૃત્તિ હોય છે અને તેને વિકસવાની તક મળવી જોઇએ. આ કલ્પનાવિહારમાંથી જ એરોપ્લેન જેવી શોધો થઇ છે.

(૬) બાળકની મનોવૃત્તિ અને વિકાસ માપવાના સાધન તરીકે એની કલાપ્રવૃત્તિનો ઉપયોગ શિક્ષકો કરી શકે. બીજા વિષયો કરતાં કલાપ્રવૃત્તિમાં બાળક પોતાની જાતને ઘણી નિખાલસ રીતે રજૂ કરે તેવો વધુ સંભવ છે.

(૭) કલાવૃત્તિ (Aesthetic sense) નો વિકાસ થાય છે. સંસ્કારિતા અને ઉપયોગિતાની દૃષ્ટિએ બાળક ઊંચા પ્રકારના શોખ કેળવે એ જરૂરી છે.

(૮) કલાશિક્ષણમાં આકારોના પ્રમાણ અને રંગની યોગ્યતાનો અને એકબીજી વસ્તુ સાથેના યોગ્ય સંબંધોનો વિચાર આવતો હોઇ બાળકની પ્રમાણ સમજવાની શક્તિ અને તેની જીવનના સામાન્ય મુલ્યાંકનો (Valuations) બાંધવાની શક્તિ વિકસે છે. અને વધુ મહત્ત્વની વસ્તુ તો એ છે કે આ મુલ્યાંકનો એ પોતે બાંધતાં શીખે છે. સારાનરસાની કલ્પના મોટેરાંઓ આપે અને બાળકો તે સ્વીકારી લે તેના કરતાં તેઓ જાતે એનું મહત્ત્વ સમજે એ ઘણું જરૂરી છે.

કલાપ્રવૃત્તિના આ બધા ફાયદાઓની દૃષ્ટિએ હસ્તવ્યવસાયનું મહત્ત્વ અતિ ઘણું છે. માટી વગેરે વસ્તુઓમાંથી આકાર ઘડવામાં ચિત્ર કરતાં વધુ અનુકૂળ અને સહેલું પડે છે. એ દૃષ્ટિએ કલાશિક્ષણમાં હસ્તવ્યવસાયનું મહત્ત્વ વધારે છે.

એક ઉપયોગી અને ક્રિયાત્મક પ્રવૃત્તિ તરીકે કલાનાં કેટલાંક અંગોને સ્પર્શની એક પ્રવૃત્તિ તરીકે જેમ ગણીએ છીએ તેમ એ માત્ર સર્જન-પ્રવૃત્તિ તરીકે પણ ગણી શકાય. બાળકની પોતાની જ કલ્પનાઓને તે પોતાની જ રીતે માટી કે એવાં સાધનોમાં રજૂ કરે તેને આપણે એવું કલાસર્જન કહીશું. પણ મોતીની માળાઓ બનાવવી કે આપેલી ડિઝાઇન પ્રમાણે ભરતકામ કરવું કે કાંતવું એ વ્યવસાયો એવા સર્જનાત્મક નથી. એટલે હસ્તવ્યવસાયના આમ એ વિભાગો પાડી શકાય. જોકે ઉપયોગી ચીજો બનાવવામાં સ્વતંત્ર વિચાર અને સર્જકવૃત્તિને અવકાશ છે જ એ ભૂલવું ન જોઇએ.

હસ્તવ્યવસાયની પ્રવૃત્તિનો કલાપ્રવૃત્તિ તરીકે વિચાર કરનાર શિક્ષકે આ ઉપરનો મુદ્દો ખ્યાલમાં રાખી પોતે નમૂનાઓ આપવાનું ઓછું કરી બાળકને તેની મરજી પ્રમાણે–તેની પોતાની કલ્પના પ્રમાણે કરવા સ્વતંત્ર છોડવું જોઇએ. વળી તેમાં પણ કુદરતની હૂબહૂ નકલ કરવાનો આગ્રહ છોડી દેવો જોઇએ.

વપરાતાં સાધનોનો વિચાર કરતાં જ આ મુદ્દો સમજાઇ જશે માટી, બુચ કે બાકસમાંથી કે સળીઓ અને મલોખામાંથી ઘોડો કે હાથી બનાવવા હશે તો દરેકમાં તે જુદી જુદી રીતે કરવા પડશે; અને બુચનો ઘોડો ગોળ ગોળ અને બાકસનો ચોરસ ચોરસ લાગશે અને છતાં બન્ને ઘોડાઓ જ હશે. આ પ્રયોગ આપણને એક બીજો વિચાર પણ આપે છે; તે એ છે કે હસ્ત-વ્યવસાય તરફ ધ્યાન આપતા શિક્ષકે વપરાશમાં આવતાં સાધનોના ગુણધર્મ અને ખાસિયતોનો વિચાર કરવો જોઇએ, અને એ સાધનોની શક્યતા બાળકો જાતે શોધી લે તેવા પ્રયત્ન કરવા જોઇએ. ઘણી વાર સાધનો અને બનાવવાની ચીજોનો આવો વિચાર ન હોવાથી આપણે કાપડમાંથી બને તેવી ચીજો લાકડામાંથી અને લાકડામાંથી

બનતી ચીજો માટીમાંથી બનાવવાનું સૂચવીએ છીએ. જોકે આનો અર્થ એવો નથી જ કે એક સાધનમાંથી બનતી વસ્તુ બીજામાંથી ન બને. પણ સાધનમાં રહેલા ગુણધર્મોનો સ્વાભાવિક ઉપયોગ કરી લેવો જોઇએ. જેમકે રૂંછડાવાળા કાપડમાંથી રીંછ કે રૂંવાટીવાળા કૂતરા સરસ બંને, હાથી નહિ. બાળકો સ્વાભાવિક રીતે જ સાધનના આ ગુણધર્મો સમજે છે અને તેને અનુસરે છે. માત્ર આપણે તેમાં મારી મચેડીને કુદરતની નકલ અને હૂબહૂપણાનો આગ્રહ છોડી દેવો જોઇએ.

સર્જનાત્મક પ્રવૃત્તિ તરીકે કુદરતી રીતે ઊભા થયેલા આકારોની શોધ અને તેમાં ઘટતા ફેરફાર કે ઉમેરાથી બનતી ચીજોનું મહત્ત્વ બાળકને સમજાવી શકાય. કોઇ ઝાડની સૂકાયેલી ડાળી ઊંટ કે માણસ જેવી લાગતી હોય, કોઇ પથરાનો ઘાટ ગાય જેવો લાગતો હોય, એ બધાં એકઠાં કરી બાળકોને તેનો ઉપયોગ કરતાં અને એવી બીજી શોધમાં રહેતાં કરી શકાય. ખાસ કરીને પ્રવાસોમાં આ હસ્તવ્યવસાય અને સર્જનાત્મક પ્રવૃત્તિ ભૂલી ન જઇએ તો ઘણું ઉપયોગી સાહિત્ય એકઠું થાય. બાળકોની નજર બધે આકારો શોધતી થયા પછી વસ્તુઓનું એક જુદું જ પાસું તેમને જાણવા મળે છે, જે કલાવૃત્તિના વિકાસમાં બહુ જરૂરી છે; અને તેમની સામે એક નવી જ દુનિયા ઊઘડતી હોવાથી તેમનાં ગંમત અને જ્ઞાન વધે છે.

હસ્તવ્યવસાયની સર્જનાત્મક બાજુનો આટલો વિચાર કર્યા પછી ઉપયોગિતાની દૃષ્ટિએ પણ વિચાર કરતાં શિક્ષકને મોટી મુશ્કેલી ડિઝાઇનોની પડે છે. ભરતકામ, બાટીનાં વાસણો રંગવાનું કામ, રાંગોળી અને કાગળનું કોતરકામ કે એવા બીજા વ્યવસાયોમાં ડિઝાઇનોની ખૂબ જરૂર પડે છે. આવાં સુશોભનોથી વસ્તુઓ મજાની લાગે છે, શોભિતી બને છે. આ જરૂરિયાત ચિત્રકાર ન હોય તેવો શિક્ષક કેવી રીતે પૂરી પાડે તે પ્રશ્ન છે. પણ આપણી આજુબાજુ વસ્ત્રો, વાસણો, જાહેરાતો, માસિકો, વગેરેમાં અસંખ્ય ડિઝાઇનો હોય છે. તેનું આ દૃષ્ટિએ નિરીક્ષણ અને સંગ્રહ કોઇ પણ શિક્ષક કરી શકે છે.

આ વિચારની સાથે એ વિચાર પણ આવે છે કે હસ્તવ્યવસાયની જ અન્યત્ર બનેલી નાની મોટી સસ્તી ચીજોનો નાનકડો સંગ્રહ પણ દરેક શાળા કરી શકે. જેમ ચિત્રશિક્ષણ માટે ચિત્રો જોવાં જરૂરી છે તેમજ હસ્તવ્યવસાય માટે એવી ચીજોનો સંગ્રહ પણ જોઇએ. આપણે સદ્‌ભાગ્યે આપણા દેશમાં આવી કલામય ચીજો રમકડાં વગેરે ફેંકી દેવા જેવાં સાધનોમાંથી બનાવેલી સસ્તામાં જોઇએ તેટલી મળે છે. કલાપ્રવૃત્તિના માર્ગદર્શન રૂપે એનું મહત્ત્વ આપણે સમજી તેનો ઉપયોગ કરવો જોઇએ. બાળકોને માટે આવો સંગ્રહ આકર્ષક અને રસપ્રદ થવા સાથે જ્ઞાન આપનાર નીવડશે અને શિક્ષકની મહેનત બચશે. હસ્તવ્યવસાયની પ્રવૃત્તિમાં આપણી સામાન્ય કલા વિષયક જરૂરિયાતો ધ્યાનમાં રાખવી જોઇએ. કાપડ પરનું છાપકામ, પુસ્તકોની બાંધણી, દુકાનો કે પ્રદર્શનોની showcases માટેની નાની મોટી વસ્તુઓ અને ગોઠવણ આવી ઘણી બાબતો છે.

હસ્તવ્યવસાયને એક સર્જનાત્મક કલાપ્રવૃત્તિ તરીકે પ્રતિષ્ઠા મળવી જોઇએ; અને કલાશિક્ષણમાં જેમ આપણે આપેલી ચીજ–કે ચિત્ર જોઇ જોઇને તેની નકલ કરાવીએ છીએ તેમ હસ્તવ્યવસાયમાં થવું ન જોઇએ. હસ્તવ્યવસાયમાં બનેલી ચીજનાં કલાતત્ત્વો વિચારી કાઢી તેને એક કલામય સર્જન તરીકે સુંદર

રીતે ઘર કે શાળામાં ગોઠવવી જોઇએ. તેથી એ ચીજ સુંદર લાગે છે તેનો ખ્યાલ પણ સૌ કોઇને મળશે અને બાળકનું ધ્યાન પણ એની સુંદરતા તરફ જશે.

હસ્તવ્યવસાયની પ્રવૃત્તિને વેગ આપવા માટે જાતજાતનાં સાધનો–માટી, લાકડાના કટકાઓ, કપડાના કટકાઓ, કાગળો, લોઢાના તાર કે પતરાના ટુકડા, દિવાસળીનાં બાકસો અને આવું તો ઘણું બીજું વ્યવસ્થિત રીતે સંગ્રહી શકાય; અને સાધનોને વિભાગવાર વહેંચી એમાંથી ઊભી થયેલી ચીજોનાં કલાતત્ત્વો અને બાળકની સર્જકશક્તિનો અંદાજ કાઢી શકાય. જેમ આપણે ચિત્ર માટે કાગળો અને રંગ વગેરે કે માટી વ્યવસ્થિત રીતે આપીએ છીએ, તેમ હસ્તવ્યવસાયની બીજી અનેક ચીજો બાળકોને જરૂર પડે ત્યારે મળે તેમ સંગ્રહી અને ગોઠવી રાખવી જોઇએ.

અંતમાં હસ્તવ્યવસાયની પ્રવૃત્તિને કલાની દૃષ્ટિથી જોવાથી મોટી ઉંમરે બાળકની કલાદૃષ્ટિના વિકાસમાં ખૂબ મદદ મળે છે તે, અને આ પ્રવૃત્તિથી બાળકની સામાન્ય કલાવૃત્તિના વિકાસને ખ્યાલમાં રાખી શિક્ષક ઘણા અખતરાઓ કરી શકે છે. અભ્યાસક્રમમાં કલાશિક્ષણને વ્યવસ્થિત સ્થાન મળે તે દરમિયાન હસ્તવ્યવસાય દ્વારા ઘણું કાર્ય થઇ શકે. અને કલાકાર ન હોય તેવો દરેક શિક્ષક તે કરી શકે છે. કલાશિક્ષણમાં કેમ કરવું તે શીખવવા કરતાં બાળકો જે કરે છે તે જોવું અને તેમણે જે કર્યું છે તેનાં કલાતત્ત્વો પારખી કાઢવાં અને તેનું મહત્ત્વ સ્વીકારી ઉત્તેજન આપવું એ વધુ અગત્યનું છે.

માટુંગા, મુંબઇ. **વિનાયક પંડ્યા.**

ગામડું અને હસ્તવ્યવસાયની કેળવણી

(૨)

"ઓહો, આવી પહોંચ્યા ? જુઓ, તમને બતાવવા સારુ આ નમૂના તૈયાર રાખ્યા છે. તમને થશે કે આ તો નાનકડું શું પ્રદર્શન જમાવ્યું છે ! જુઓ આ કમંડલ ને કડછી; આ વાટકીઓ, માટલાં અને કૂજા છે. કમંડલ, કડછી અને વાટકીઓ નાનાં નાળિયેરની કાચલીમાંથી બનાવેલ છે, શિક્ષકે કાચલીમાંથી કરવત વડે કાપી આપ્યાં છે ને બાળકોએ ઘસીને સાફ કરી પછી રંગ્યાં છે. આ માટલાં વગેરે પણ બાળકોએ જ રંગ્યાં છે; એને માટેની પીછીઓ પણ તેમણે જ બનાવેલી."

શિક્ષકને નવાઇ લાગી. "શું પીંછીઓ પણ બાળકોએ જ બનાવી ?"

મેં કહ્યું: "હા. પણ આ પીંછીઓ નવલખીની કંપનીમાં મળે છે તેવી નથી. નાળિયેરની ચોટલીને જરા કાપી કોતરી જોઇએ તેવડી બનાવી લીધી પછી એક સળી ફરતી વીંટી લઇ ઉપર કાગળ વીંટી દોરાથી મજબૂત બાંધી લીધી. જુઓ, બાળકોનું કામ ચાલી શકે તેવી પીંછીઓ એમાંથી બની છે કે નહિ ? બાળકોએ આવી જ પીંછીઓ લઇ આ માટલાં વગેરે રંગ્યાં છે."

શિક્ષકે કહ્યું: "ખરેખર, મને તો આ સૂઝતું જ નહોતું. આ પીંછીઓ તો બહુ જ સસ્તી અને જુએ તેટલી બની શકે તેવી છે."

મેં ઉમેર્યું: "અને રંગ ક્યાંથી લાવ્યાં હોઇશું ધારો જોઇએ ? ગેરુ, ખડી (તથા ચૂનો) અને પીળી માટીના રંગ બનાવ્યા છે. માત્ર

વાદળી રંગ અમારે બજારમાંથી ખરીદી લાવવો પડ્યો છે."

શિક્ષકે કહ્યું: "ખરેખર, મારે કબૂલ કરવું જોઇએ કે હસ્તવ્યવસાયની કેળવણી તમે બહુ ઓછે ખર્ચે આપી રહ્યાં છો. અમને તો રંગકામ માટે તુરત વૉટરકલરની પેટી અને તૈયાર પીંછીઓ લેવાનું જ સૂઝે છે!"

મેં કહ્યું: "મારું પણ એ જ કહેવું છે. તૈયાર રંગકામની પેટીઓ ને પીંછીઓ વસાવવા જતાં બધું મોંઘું જ પડે. ગરીબતવંગર તેમ જ શહેર કે ગામડું દરેક સ્થળે ને વ્યક્તિમાં કલાભિરુચિ તો રહેલાં જ છે. પૈસાદારોએ પોતાની કલાવૃત્તિનો વિકાસ જુદી રીતે સાધ્યો હશે; પણ તેથી કંઇ ગામડિયાઓએ પોતાનાં ઘરો છેક કલાવિહોણાં જ રહેવા દીધાં છે એમ માની લેવાનું કશું જ પ્રયોજન નથી. ગામડામાં પણ માટલાંમાંટલીઓ, ઘરની ભીતો, પહેરવા-ઓઢવાનાં કપડાં, વગેરે ઘણી બાબતોમાં તમે કલાની સહજભિરુચિ અને નિર્મિતી જોઇ શકશો. ગામડિયાઓ પણ ખજૂરીનાં પાનનાં કમળો બનાવે છે, મોરનાં પીછાની સુંદર કલગીઓ ગૂંથે છે ને જરનાં રાડાંમાંથી રમકડાં બનાવે છે. સાવ સાદી વાત લઇએ. ઘરમાં કરાતા લીંપણમાં પણ કેવાં કલાભર્યાં સર્જનો થાય છે તે ગૂજરાતીનાં ઘરોમાં અજાણ્યું નથી."

શિક્ષક કહે: "બહેન! તમારી વાત તો સાચી જ છે. ગામડિયાઓ પણ તેમની દૃષ્ટિએ ઘણાં કલાવિધાનો રચે છે એ વિષે ના પાડી શકાય તેવું નથી."

મેં જણાવ્યું: "એ કલાદૃષ્ટિ જ બાળકોના માનસને વધારે બંધબેસતી આવશે એમ હું માનું છું. કહેવાય છે બાલમાનસ આદિ માનવીઓના મન (Primitive mind) જેવી જ પ્રાથમિક દશામાં હોય છે."

શિક્ષક: "તમારું કહેવું વ્યાજબી છે. એ દિશામાં પ્રયત્ન થવાની જરૂર છે ખરી."

મેં કહ્યું: "મારું પણ એ જ કહેવું છે કે આપણે આ નવી દિશામાં પ્રયત્ન કરવા જોઇએ. એમાંથી બાળકો તેમ જ મોટેરાંઓને ઘણી જાણવા જેવી બાબતો સૂઝી આવવાનો સંભવ છે. આ જાતની મૌલિક શોધો આપણે ત્યાં થવી જોઇએ."

શિક્ષકે એક બીજી ચીજ તરફ ધ્યાન દોરતાં પૂછ્યું: "વારુ બહેન, પણ આ શું છે?"

"તમે જ કહો ને? જરા હાથમાં લઇ તપાસશો તો તુરત ઓળખી શકશો. પેન્સિલોનો છોલ અને ચાકની તૈયાર પેટીઓમાં આવતો લાકડાનો વહેર છે. આ ઘોળાં છે તે કાચા પોપૈયાનાં બી છે; કેવાં સુંદર ને ઘોળાં છે? આ સૂકાયેલાં પાંદડાં છે, અને આ જંગલી-વેલનાં લીલાં પાન છે. આ બધાં રાંગોળી કરવામાં ઘણા ખપનાં થઇ પડે છે. પથરા, છીપલીઓ, શંખલાં, જંગલી ફળો, એ બધાંની મદદથી સુંદર આકૃતિઓ ઉપજાવી શકાય છે."

શિક્ષકે કહ્યું: "વારુ. પણ આ શું છે? ઓહો, કાચી કેરીની છાલો જણાય છે ને શું!"

મેં કહ્યું: "હા. આજે એક શિક્ષિકાબહેને ઘેર મુરબ્બા માટે કાચી કેરીઓ આણેલી. તેની છાલો બહુ નાજુક હાથે ઉતારીને તે અહીં લેતાં આવ્યાં. કેવા મજેના આકારો બનાવાયા છે તે જુઓ!"

શિક્ષકે વળી કહ્યું: "આ તો અનાજની રાંગોળી પૂરી લાગે છે. મૂળ અનાજના રંગો વાપરીને જ બનાવી છે ને શું? અમે તો ચોખાને જુદા જુદા રંગથી રંગીને પછી તે વાપરીએ છીએ, પણ અનાજના પોતાના જ

કુદરતી રંગોની રચનાથી પણ મજેની રાંગોળી પૂરી શકાય છે."

મેં કહ્યું: "મને તો અનાજના કુદરતી રંગો જ વધારે ગમે છે. એને બદલે ચોખાને રંગીને વાપરીએ ત્યારે તેમાં અનાજપણું ન રહેતાં જુદા જુદા રંગો જ વાપર્યા હોય એવું બને છે. પરંતુ કુદરતી રંગોની શોભા જુદી જ જાતની છે. ગામડામાં તો વળી તાજાં અનાજ મળતાં હોય એટલે એ તાજાં અનાજોના રંગનો ચળકાટ તો આથી પણ વધારે આકર્ષક લાગતો હશે. રાંગોળીમાં વાપરી શકાય એવી ઘણી ચીજો, દાખલા તરીકે ધઉંનું કુંવળું કે ડાંગરની પરાળ અથવા ભૂસો, તુવેરનાં છલાં, કપાસનાં ઠાલિયાં વગેરે મળી શકે તેમ હોય છે. આવી અનેક ચીજોનો યોગ્ય ઉપયોગ કરી લેવાની દૃષ્ટિ અથવા સૂઝ શિક્ષકમાં હોવી જોઇએ."

શિક્ષકે શંકા કાઢી: "તમે કહો છો તે બધું તો ઠીક. પરંતુ ગામડામાં કામ કરતા હરેક શિક્ષકને આવી રાંગોળીઓ પૂરતાં કયાંથી આવડતી હોય? ચિત્રશિક્ષક હોય તો જ આ બધું બની શકે."

મેં તુરત જ કહ્યું: "તમે એમ માનતા લાગો છો કે અહીં આ જે બધું બનાવ્યું છે તે ચિત્રશિક્ષકની યોજના છે, અને અમે બધા કાર્યકરો ચિત્રકળામાં પારંગત છીએ. ભારે કરી! જૂના વખતમાં સ્ત્રીઓ ઘેર ઘેર રાંગોળી પૂરી જાણતી અને સુંદર સાથિયા ચીતરતી તે બધું ભૂલી ગયા લાગો છો. આ રાંગોળીના કેટલાક નમૂનાઓ પરંપરાગત મા દ્વારા દીકરીઓ પાસે સચવાઇ રહેતા. દાખલા તરીકે સાથિયો, સૂરજચાંદો, ગાયપગલાં, કાચબો, વગેરે. રાંગોળી પૂરવાનું વ્યવસ્થિત બને તેટલા સારુ કોઇ યોજકે આ બધા આકારોને ટપકાંઓમાં ગોઠવ્યા છે. પણ આ બધા ચીતરવા સારુ કૂટ કે આંકણી લઇને બેસવું પડતું નથી. હરકોઇ બાલશિક્ષક આ આકૃતિઓ અને સુશોભનો સહેલાઇથી શીખી શકે છે, અને એટલાથી બાલમંદિરનું કામ સરળતાથી પાર પડી જાય છે. અને તમારી વાત પણ ખરી છે કે, બધાં બાલમંદિરો–બાળશાળાઓ આજે ચિત્રશિક્ષકનો ખર્ચ કયાંથી કરે? પણ ધારે તો બાલશાળાઓ પોતાના ગામમાંથી જ આવી રાંગોળીઓ જાણનારી બહેનોનો સહકાર મેળવી તેમને પોતાની શાળામાં આમંત્રી ચિત્રકામનું બાળ–સહજ વાતાવરણ યોજી તો શકે જ – પોતે પણ તેમની પાસેથી શીખી શકે જ."

શિક્ષકે કહ્યું: "રાંગોળીની કલાને નવજીવન આપવાનો તમારો આ વિચાર–માર્ગ જરૂર ગમી જાય એવો છે. શાળાના નિયમબદ્ધ ચિત્રકામમાં અમે શિક્ષકો ગૂંચાઇએ છીએ તેથી આવું નવું નવું કશું સૂઝતું જ નથી. તમે સુઝાડો છો ત્યારે એટલું ગળે અવશ્ય ઊતરે છે કે આ દિશામાં પણ ઘણું થઇ શકે તેવું છે–થવું જોઇએ."

મેં કહ્યું: "પણ ચર્ચાનો તમારો મુખ્ય મુદ્દો તો એ હતો કે શહેરમાં રહ્યાં રહ્યાં જે બની શકે છે તે ગામડામાં કરવું પોસાય તેવું નથી. આ ચર્ચાને અંતે તમારી એટલી તો ખાત્રી થઇ જ હશે કે આને માટે ભારે ખરચ કરવાની કશી જ જરૂર નથી."

શિક્ષકે જવાબ આપ્યો: "હા; આ બધું જોયા પછી અને તમારી સાથેની વાતચીત પછી આને માટે બહુ પૈસા ખરચવા ન પડે એટલું કબૂલ કરવા છતાં એટલું તો કહેવું જ પડશે કે આ બધું સૂઝવા માટે ભેજું તો જોઇએ જ."

મેં કહ્યું: "આને માટે બહુ બુદ્ધિશાળી માણસો જોઇએ એવું કશું નથી; હા, શિક્ષકે જરા નજર પહોંચાડીને કામ કરતાં શીખવું જોઇએ."

તા.

વિજ્ઞાન–શિક્ષણ

વૈજ્ઞાનિક રમતો (ચાલુ)

(૧૧) પેરિસ્કોપ :—વૈજ્ઞાનિક સાધનો વેચનારને ત્યાં આ સાધન મળે છે. જેને સુતારીકામ થોડું ઘણું આવડતું હોય તેઓ જાતે ઘેર પણ આ બનાવી શકે છે. આમાં અરીસાની ગોઠવણની બાસ બૂબી હોય છે. ઉપરના અરીસામાં આસપાસનાં જે દશ્યોનું પ્રતિબિંબ પડે છે તે વચલા બે અરીસામાં પડીપડીને આપણે સહુથી તળિયે રાખેલા અરીસામાં જોઇ શકીએ છીએ. આ પેરિસ્કોપનો ઉપયોગ સબમરીનોમાં કેવી રીતે થાય છે વગેરે વાતો બાળકોને કહીએ તો તેમનું કુતૂહલ અને રસ પણ અનેકગણાં વધે છે. બરાબર ગોઠવીને બહારનાં દશ્યો જોતા રહેવામાં આ સાધન ઘણો આનંદ આપે છે.

(૧૨) માયક્રોસ્કોપ :—સૂક્ષ્મદર્શક યંત્ર. બે વર્ષ પહેલાં રમતમાં વાપરી શકાય તેવું યંત્ર ૨૫–૩૦ રૂપિયામાં મળી શકતું. તે પહેલાં તો જાતજાતની નવી રમતોમાં આવા યંત્રો આવતાં. એક વાર મેં એક પેન્સીલ જેવું અને તેવડું જ નાનું માઇક્રોસ્કોપ જોયું હતું.

સૂક્ષ્મદર્શક યંત્રમાં ઘણી ઝીણીઝીણી ચીજો પણ ઘણી મોટી બનેલી દેખાય છે. ખાસ કરીને ફૂલોના પરાગ, પાદડાંના રેસાઓ, કીડીઓની શરીરરચના, માખીની પાંખો અને તેના નાના નાના અવયવો વગેરે સૂક્ષ્મદર્શક યંત્રમાં જોવાની ભારે મજા પડે છે. અળવીનાં પાંદડાં ઘસાતાં ઘણી વાર ચળ આવે છે તેનું કારણ તેના પર રહેલા ઝીણા ઝીણા કાંટા છે એ આ યંત્ર દ્વારા સ્પષ્ટ જોઇ શકાય છે. આ યંત્રથી જોવામાં થોડીક આવડત જોઇએ—જેમકે અજવાળું કેવી રીતે આવવા દેવું, યંત્રનો કાચ સ્ક્રૂ વડે બરોબર ઊંચો નીચો ફેરવી જોનારની આંખે સ્પષ્ટ દેખાય એવી રીતે ગોઠવવો, તેમજ યંત્રની નીચે ગોઠવવાનો સાદો કાચ તૈયાર કરી રાખવો વગેરે બાબતો છે. પણ આ બધી આવડત સહેલાઇથી પ્રાપ્ત કરી શકાય તેવી સાદી છે. બાળકો જ્યારે આ બધું પોતે જ ગોઠવી શકે છે ત્યારે તેમને અપરંપાર આનંદ થાય છે.

(૧૩) સાયફન :—આ સાધન સાવ સાદું છતાં તેમાં રમતના ગુણો રહેલા હોઇ બાળકોને બહુ ગમે છે, કેમકે એક જાતની નવાઇનો અનુભવ બાળકો તેમાં કરે છે. બાળકોને પ્રશ્ન થાય છે કે કશું ખાસ કારણ પ્રત્યક્ષ દેખાતું નથી છતાં પાણી નીચે કેમ કરી આવે છે? આ જ કારણે ભાવિક લોકોને માટે 'વાસુદેવ પ્યાલા'ની યોજના કરવામાં આવે છે. વૈજ્ઞાનિક રમતોનાં સાધનોમાં આ વાસુદેવપ્યાલો પણ રાખવા જેવો ગણાય. આવાં જ બીજાં માટીનાં રમકડાં પાટણ (ગુજરાત)માં બનાવાય છે ઘણાં વર્ષો પહેલાં ત્યાંથી આણેલ એક પેશાબ કરતા હાથીનું રમકડું મેં જોયું હતું. હાથીની ઊંચી કરી રાખેલી સૂંઢમાં પાણી રેડીએ એટલે પહેલાં તો તેનું મોટું પેટ ભરાય ત્યાં સુધી રેડ્યા કરવું પડે. ઘણું પાણી ભરાય એટલે તુરત હાથી પેશાબ વાટે એ બધું કાઢી નાખે! બાળકોને આ દશ્ય ભારે અદ્‌ભુત લાગે છે. તેમને થાય છે કે આ તે હાથીમાં જીવ આવ્યો કે શું? આ રમકડું જરા ગ્રામ્ય છે પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેમાં ગ્રામ્યતા ગણવાનું કારણ રહેલું નથી. બાળકો પણ કંઇ

પાણી ઘણું પીએ એટલે તુરત તેમને પેશાબની હાજત થાય છે. આ હાથીનું રમકડું પણ તેમના મન એટલી જ સહજ સ્વાભાવિક બિના બને છે.

વાસુદેવ પ્યાલામાં પણ સાધનનું જ તત્ત્વ છે. પરંતુ એ રચનાને પૌરાણિક નામો સાથે જોડી દેવાથી એક જાતનો વિશિષ્ટ આનંદ આવે છે. જન્મ થતાં જ નંદને ત્યાં મૂકવા માટે વસુદેવ શ્રીકૃષ્ણને લઇ જાય છે, ત્યારે જમના નદી ઓળંગીને જવાનું હોય છે. વસુદેવે નદીમાં પ્રવેશ કરતાં જ નદીનાં પાણી ઊંચે ચડવા માંડે છે, અને શ્રીકૃષ્ણના પગે પાણી અડતાં જ નદીએ મારગ કરી આપ્યો એવી પૌરાણિક કથા છે. આ પ્યાલાની રચનામાં આ વાર્તાને ગૂંથવામાં આવી છે. પ્યાલામાં ગમે ત્યાં સુધી પાણી ભરો પણ તે નીકળી જતું નથી; પણ જેવું તે શ્રીકૃષ્ણના અંગૂઠે અડે કે તુરત આખોય પ્યાલો ખાલી થઇ! ભાવિક લોકો એમ માને છે કે યમુના નદીને શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ થતાં જ નદીનાં પાણી ઊતરી જાય છે.

બાળકો આમ શા માટે બને છે તેનું કારણ સમજી શકે છે. બાળકોને નળીના સાદા સાધનથી શરૂઆતમાં રમવા દેવાં; આવી રમતો બાળકોને ગમે છે, અને સાથે સાથે રમતોને વૈજ્ઞાનિક દિશા પણ આપી શકાય છે. આ રમતમાં માત્ર કાચની નળીઓ સંભાળીને સાચવી રાખવાની હોય છે; રમતમાં બીજું કાંઇ જોખમ હોતું નથી.

(૧૪) સાબુના પરપોટા:—ઉપલાં વૈજ્ઞાનિક સાધનોથી રમાતી રમતો કરતાં સાવ સાદી અને ઘરની રમત તે સાબુના પાણીના પરપોટા બનાવવાની છે. સાબુવાળા જાડા પાણીમાં એકાદ કાચની કે બરૂની પોલી નળીનો એક છેડો બોળી પાણીનું ટીપું લઇ બીજે છેડે ફૂંક મારીને પરપોટા બનાવવાની સહુને મજા પડે છે. આ રમત એટલી સાદી છે કે તેમાં વૈજ્ઞાનિક તત્ત્વ રહેલું છે એ તરફ કોઇનું તુરત ધ્યાન પણ ન જાય. છતાં આ પરપોટા બનાવવાની મજા સહુ કોઇ ઉડાવી શકે છે.

રજાઓના દિવસોમાં કશું કામ ન હોય ત્યારે બાળકો પોતે કંટાળી જાય છે અને મોટેરાંને પણ ત્રાસ આપે છે. તેવે વખતે આ રમત તેમને બતાવી શકાય છે. —તા.

શિક્ષણ સમાચાર

કેટલાંક વર્ષ પહેલાં નૂતન બાલશિક્ષણ સંઘે વિચાર્યું હતું કે બાલશિક્ષણની આધુનિક પ્રવૃત્તિ અને પદ્ધતિ દેશવ્યાપી બનાવવી જોઇએ, એટલે કે તેને ગામડામાં લઇ જવી જોઇએ અને તેનું સ્વરૂપ ગામડાના વાતાવરણને અનુરૂપ બનાવવું જોઇએ. હિંદની ગ્રામસંસ્કૃતિ અને ગામડાના અર્થશાસ્ત્રને બરાબર લક્ષમાં રાખીને નૂતનબાલશિક્ષણના સિદ્ધાંતોને ગામડામાં સારામાં સારું મૂર્ત સ્વરૂપ કેવી રીતે આપી શકાય તે શોધવા માટે શ્રી. નાનાભાઇ ભટની દેખરેખ નીચે આંબલામાં અને શ્રી. જુગતરામ દવેની દેખરેખ નીચે વેડછીમાં પ્રયોગો ચાલી રહ્યા હતા. પણ હાલની રાજકીય પરિસ્થિતિને કારણે બંને કાર્યકર્તાઓ જેલમાં હોવાથી પ્રયોગો અધૂરા રહ્યા છે. પણ ત્રીજો પ્રયોગ શ્રી તારાબેન મોડક અને શ્રી સરોજબેન ચોધની દેખરેખ તળે મુંબઇના મિલમજૂરોમાં ભગિનીસમાજના સેવામંદિરના સહકારથી ગયા માર્ચથી શરૂ કરવામાં આવ્યો છે. શ્રી ભગવતીપ્રસાદ શેણી, કે જેમણે અઘારનો મોન્ટેસોરી કોર્સ પસાર કરેલો છે તથા વેડછીમાં શ્રી. જુગતરામ દવે સાથે રહી જેમણે આ શિક્ષણનો અખતરો કરેલો છે, તેમને આ પ્રયોગ માટે રોકવામાં આવ્યા છે.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, બી. એ., એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૨–૪–૪૩.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

☆

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

☆

જેઓ સંશયમાં જ રહે છે તેઓ નિર્ણય અને નિશ્ચય કરી શકતા નથી; તેઓ કશી ક્રિયા કરી શકતા નથી. અને જેઓ ક્રિયા કરવાના સંકલ્પવિકલ્પમાં ક્રિયા કરવાનું ચૂકે છે તેઓ સડવા લાગે છે. સડી જવું હોય તો ક્રિયાઓ બંધ કરી દેવી.

વર્ષ ૧૮ | :: કાર્યાલય :: | અંક ૩
૧૯૯૯ | રાવપુરા : વડોદરા | વૈશાખ

સ્વ. ગિજુભાઈની પુણ્યતિથિ

તા. ૨૩મી જૂને પૂ. ગિજુભાઈની ચોથી પુણ્યતિથિ આવે છે. પૂ. ગિજુભાઈ પ્રત્યે ભાવ રાખવાવાળાં ભાઈબેનો દર વર્ષે પોતાની સંસ્થામાં અથવા ગામમાં એકાદ સભા ગોઠવીને કે સંસ્થામાં થોડો વિશિષ્ટ કાર્યક્રમ યોજીને પુણ્યતિથિ ઊજવે છે. પણ પૂ. ગિજુભાઈએ જેટલું કામ કર્યું છે તે પ્રમાણમાં તેમની યાદગીરી ગુજરાત–કાઠિયાવાડે કે હિંદે રાખી છે એમ કહી ન શકાય. તેનું કારણ તો આપણી જ શિથિલતા છે. પાછળ રહેનારાંઓ જેટલું કરે તેટલું થાય; જે તેઓ શિથિલ બને તો કાર્ય કરીને જનારાં જતાં રહે, ને તેમનું કાર્ય પણ ભુલાઇ જાય. પૂ. ગિજુભાઈની બાબતમાં એમ ન થાય તે સારુ આપણે અત્યારે જ જાગૃત થઇ કાંઇક યોજના કરવી જોઇએ.

તેમના નામે સ્મારકમાળા કાઢીએ એટલે તેમના નામનું કાયમી સંભારણું રહે ખરું. પણ પૂ. ગિજુભાઈની બાબતમાં તેમના નામ કરતાં યે તેમનું કામ ટકી રહે તે વધારે જરૂરનું છે.

આથી જ્યારે વર્ષમાં એક વાર તેમની પુણ્યતિથિ ઊજવીએ ત્યારે પણ જો તેમના કામનું મહત્ત્વ આપણે મનમાં વિચારીએ અને જનતા આગળ સચોટ રીતે તે મૂકીએ તોપણ કામ ટકાવવા આપણે થોડું પણ કર્યું કહેવાશે આ જ વિચારથી આપણે તેમની પુણ્યતિથિ વખતે ઓછામાં ઓછું કેટલું કરવું જોઇએ તેની યોજના વિચારીએ. આથી વિશેષ જેનાથી જેટલું થઇ શકે તેટલું અવશ્ય તેણે કરવું. પણ અનેક કારણોને લીધે વધારે ન બને તોપણ ઓછામાં ઓછું આટલું તો આપણે કરી જ છૂટીએ.

ગિજુભાઈ સપ્તાહ

આપણે પૂ. ગિજુભાઈની પુણ્યતિથિ માત્ર એક દિવસને માટે નહિ પણ હમેશાં એક સપ્તાહ તરીકે ઊજવીએ. આ વર્ષે તા. ૨૦ જૂનથી તા. ૨૭ જૂન સુધી આ સપ્તાહ રાખવો. સપ્તાહના કાર્યક્રમમાં બે વિભાગ હોય: (૧) વ્યક્તિગત અને (૨) સમૂહગત.

વ્યક્તિગત કાર્યક્રમમાં શિક્ષણપત્રિકાનો પ્રચાર રાખી શકાય.

ગિજુભાઈને તથા તેમના કામને ચાહનારાં ઘણાં કદાચ કોઈ જગ્યાએ એકલદોકલ પડ્યાં હશે. ઘણાં પરપ્રાંતમાં અથવા પરદેશમાં, હશે. તેમનાથી જાહેર વ્યાખ્યાનો વગેરે જેવો કાર્યક્રમ થઈ શકશે નહિ. તોપણ પોતાના ગામમાં હિંદી, ગુજરાતી કે મરાઠી જાણનારાં બીજાં કુટુંબો તો હશે જ. તેમને ત્યાં શિક્ષણપત્રિકા લઇ જઈ, વાંચી બતાવવી, પત્રિકાનું કાર્ય સમજાવવું અને પત્રિકાના ગ્રાહકો બનાવવા, એટલું કામ તો તેઓ અવશ્ય કરી શકશે.

જે લોકો ગુજરાત–કાઠિયાવાડ–કચ્છમાં જ હોય તેમને તો પત્રિકાનો પ્રચાર કરવામાં કશી મુશ્કેલી નડશે જ નહિ તેઓ ઓછામાં ઓછો રોજનો એક ગ્રાહક તો સહેલાઇથી કરી શકશે. ઘણાંઓ રોજના એકને બદલે ઘણા વધારે ગ્રાહકો પણ કરી શકશે. તેઓએ રોજના એકના જ પ્રમાણથી અટકવું ન જોઈએ.

પત્રિકાના ગ્રાહક કરવા અંગે પૂ. ગિજુભાઈના જૂના શિષ્યોને મારે આગ્રહપૂર્વક કહેવાની જરૂર જ રહેતી નથી. પૂ. ગિજુભાઈના જ શબ્દો "જાઓ, પચીસ ગ્રાહકો કરી લાવો" તેમના કાનમાં આજે પણ સંભળાયા જ કરતા હશે.

મુંબઈના અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ

તથા વિદ્યાર્થિનીઓ જેઓ નવા છે તેમને ખાસ આગ્રહપૂર્વક સંભારી આપવું જોઈએ કે દર વર્ષે પહેલે જ દિવસે તેમને પૂ ગિજુભાઈનું જીવનકાર્ય સમજાવી દેવામાં આવે છે. તે યાદ આણી તેઓ પણ આ કાર્યમાં જોડાય. તેઓ નવાં છે, જુવાન છે, એટલે નવજુવાનના ઉત્સાહથી આ કાર્યને વેગ આપે.

ખાદીસપ્તાહમાં જેમ ખાદીની હુંડીઓ અથવા ખાદી વેચવા સૌ દેશપ્રેમી ભાઈઓનો નીકળી પડે છે, તે દિવસે ખાદી વેચવા જવામાં કોઈ શરમ ગણતું નથી કે આળસ કરતું નથી, અને ન હોય તોપણ ગમે ત્યાંથી થોડોક સમય ફાજલ પાડે જ છે, તે જ રીતે આ ગિજુભાઈ સપ્તાહમાં સૌ બાળપ્રેમી ભાઈઓનો–ગિજુભાઈના મિત્રો, શિષ્યો, ને પત્રિકાનાં વાચનારાં–સૌ કોઈ પોતાના ઓળખીતાઓને ત્યાં પત્રિકા પહોંચાડવા નીકળી જ પડે.

સૌ યાદ રાખે કે ગિજુભાઈનું કાર્ય ટકાવવું એટલે 'શિક્ષણ–પત્રિકા' ટકાવવી અને આગળ ધપાવવી.

સમૂહગત કાર્યક્રમમાં વ્યાખ્યાનો, વાચન, બાલદિન, વગેરે જાતના જાહેર કાર્યક્રમો યોજી શકાય.

સપ્તાહમાં એક દિવસ તો ખાસ બાળકોના દિવસ તરીકે રાખવો જ. બાળકોને વાર્તા કહેવી; ગીતો સંભળાવવાં; નાટકો કરી બતાવવાં; સરઘસ કાઢવાં; રમતગમતો રાખવી અથવા પ્રવાસે લઈ જવાં. જે જગ્યાએ જે જાતનો કાર્યક્રમ શક્ય હોય ને સંચાલકોને ફાવે, તે જાતનો કાર્યક્રમ રાખી શકાય. પૂ. ગિજુભાઇ કોણ હતા તેમનો પરિચય કરાવવાનો મુખ્ય હેતુ સરે એ રીતે કાર્યક્રમ યોજી શકાય.

એક દિવસ માબાપોને માટે, એક દિવસ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે, એક દિવસ બાલમંદિરો માટે, એક દિવસ બાલસાહિત્ય માટે એમ રાખી શકાય. સાતે દિવસ ગામમાં જુદા જુદા લત્તાઓમાં વ્યાખ્યાનો રાખી શકાય અથવા ગામ નાનું હોય ત્યાં એક જ જગ્યાએ વ્યાખ્યાનો, પ્રવચનો વગેરે ગોઠવી શકાય. પૂ. ગિજુભાઇના સાહિત્યનો અભ્યાસ કરી કોઇ ભાષણો કરનારા મળે તો તેમ કરવું, નહિ તો તેમનાં પુસ્તકોમાંથી વાંચન કરવું.

એકંદરે સ્વર્ગસ્થની પુણ્યતિથિ એવી રીતે ઉજવાય કે જેથી તેમના કાર્યને આગળ ધપાવવામાં આપણાથી થોડીઘણી પણ મદદ થાય. માત્ર તેમનાં યશોગાન કરનારાં ભાષણો કરીને અથવા તો તેમના અવસાન માટે શોક દર્શાવીને તેમની પુણ્યતિથિ ઊજવી ન જ ગણાય. તેઓ કર્મવીર હતા. થોકબંધ કામ કરવું, રાતદિવસ જાગીને-દોડીદોડીને કામ કરવું, એ તેમનો સ્વભાવ હતો. તેઓ હતા ત્યારે પોતે સૌની પાસેથી પોતાની જેમ કંઈક કામ જ કરાવતા; તેમ જ આજે પણ આપણી પાસેથી તેઓ કંઈક કામ કરવાની જ આશા રાખવાના.

પૂ. ગિજુભાઇની પ્રત્યે તેમ જ તેમના કાર્ય પ્રત્યેનો આપણો સાચો પ્રેમ અને આદર, આપણી ધગશ અને ભાવ બતાવવાની આ ઉત્તમ રીત છે.

સૌ બાલશિક્ષણપ્રેમીઓ, બાલજીવનનો અસ્ખલિત વિકાસ જોવા તલસનારાંઓ, બાલજીવનને અજ્ઞાનબંધનમાંથી છોડાવવાની આકાંક્ષા ધરાવનારાંઓ, પૂ. ગિજુભાઇને પરમપ્રિય ગુરુસ્થાને માની તેમને ચરણે જીવન સમર્પવા ઇચ્છનારાં તેમનાં શિષ્ય–શિષ્યાઓ, સૌ પૂ. ગિજુભાઇની પુણ્યતિથિ યોગ્ય રીતે ઊજવવાનો ચીલો પાડવા આગળ આવો. આપણા વર્ષમાં

આપણાથી તેમના કાર્યના પ્રચાર માટે કાંઇ ન બની શકે તો એક સપ્તાહ તો આપણે ફાજલ પાડીએ જ અને તે ઉત્તમ રીતે પાર પાડીએ.

ઘણાંઓ નવ દિવસ નવરાત્રિ ઉત્સવ કરતાં હશે; ઘણાંઓ દસ દિવસ સુધી ગણપતિઉત્સવમાં ભાગ લેતાં હશે; ઘણાંઓ બાદીસપ્તાહ, અખંડ રેંટિયા વગેરે અનેક જાતના ઉત્સવોમાં હોંશથી ને ઉત્સાહથી ભાગ લેતાં હશે; તે સૌ આ ગિજુભાઈ સપ્તાહ પણ એ જ ધગશ ને એ જ જોશથી ઊજવશે એવી આશા છે.

હરેક ભાઇબહેન પોતાના ગામમાં કઇ જાતનો કાર્યક્રમ રાખવા ધારે છે તે આજથી શિક્ષણપત્રિકા કાર્યાલય રાવપુરા, વડોદરા એ શરનામે જણાવશે તો શિક્ષણપત્રિકામાં તેની નોંધ લેવાશે; સપ્તાહ ઉજવાયા પછી જણાવશે તોપણ તેની નોંધ તે પછીના અંકમાં આવશે જ.

સ્વર્ગસ્થની પુણ્યતિથિ તેમના જીવનકાર્યને વેગ મળે એ રીતે ઉત્સાહથી પાર પાડીએ, એજ એમનું સાચું સ્મરણ છે.

તારાબેન મોડક.

આપણું બાળક કેવું છે.

દરેક માબાપને પોતાનું બાળક પોતાના મત પ્રમાણે કેવું છે તે પોતાને અને જગતને જણાવવું એમ થાય છે. આમ કેમ બને છે એ પણ એક પ્રશ્ન છે. ગમે તે કારણે તેમ થતું હોય પણ એ હકીકત છે એટલે માતપિતાઓનું તે એક સ્વાભાવિક લક્ષણ સમજવું કે કેમ એની ખબર પડતી નથી.

તે ગમે તેમ હો. ઘેરઘેર નાનાં બાળકોને વડીલો તરફથી સાંભળવા મળે છે કે "તું મૂર્ખ છે." "તું ઉદ્ધત છે." "તું ગાંડો છે." "તું ડાહ્યો છે." "તું અમુક છે." વગેરે.

બીજો પ્રકાર "વાહ રે ડાહ્યા!" "વાહ રે બાઘા!" "કેવો છે રે નમાલો!" ઇત્યાદિ પણ છે.

ત્રીજો પ્રકાર "અમારો બાબો એવો હોશિયાર છે!" "અમારી બેબી ને? એવી ડાહી!" "અમારા બાબુને કાંઇ જ ખબર નથી પડતી." "અમારો બટુક મૂર્ખ જ તોફાની છે!" વગેરે છે.

આ બધી હમેશની વાતો છે એટલે એના પ્રકારો ગણવા બેસવાનું નથી. કોઈ પોતાના બાળકો વિષેનું બોલવું લખી રાખે તો આ ત્રણ જ નહિ પણ બીજા ય પ્રકારો મળી રહે.

આમ કરવાથી બાળકોને કાંઇ ફાયદો થાય એવી જ ઇચ્છા હોય છે એવું નથી. ઘણી વાર આપણું અવલોકન જાહેર કરવાની જ ઇચ્છા હોય છે. કેટલીક વાર નવીનતા હોય છે, કેટલીક વાર આપણી નારાજી–ગુસ્સો કે અસંતોષ વ્યક્ત કરવાથી સારું લાગે છે એટલે એમ કરીએ છીએ.

બાળકોના ગુણ અથવા અવગુણ આ રીતે તેમની સામે અને એમના દેખતાં બીજાંઓ આગળ વર્ણવવાથી બાળકોનું નુકસાન જ થાય છે એ વાત હવે ઘણાંઓને સમજાઇ જ છે. છતાં માત્ર આદત હોવાને પરિણામે અને એ વાત મન ઉપર ન લેવાને કારણે એ રીત ચાલુ જ રહે છે.

પરંતુ તેમ કરવાનું એક બીજું પણ કારણ છે. તે એ છે કે માબાપોને પોતાનાં બાળકો કેવાં છે તે જાણવાની ઇચ્છા હોય છે; અને દરેક જણને પોતાનો આગલો મત જ સાચો છે એ વાતને બાળકના વર્તનથી પુષ્ટિ મળે કે તરત જ ફરી એક વાર બોલાય છે કે "કેવો હડીલો છે!" એમ કહેવાથી આપણને કાંઈ વિશેષ આનંદ થાય છે એવું નથી. પરંતુ 'બાળક હડીલું છે' એ વિધાન તે પોતે એક વાર પ્રસ્થાપિત કરે છે

અને ફરી એક વાર પોતાની જ ખાત્રી કરી લે છે.

માબાપોને પોતાનાં બાળકો કેવાં છે એ જાણી લેવાની ઇચ્છા હોવી એ બિલકુલ સ્વાભાવિક છે–એમ નહિ પણ તે યોગ્ય જ છે. અને તે વારંવાર આવાં અવલોકનોથી જ સમજાશે એ પણ બરોબર છે. પરંતુ પુષ્કળ વેળા આ રીતે કરેલાં વિધાનો માત્ર બરોબર જ હોય છે એવું નથી લાગતું. કારણ તે વિધાનોની પાછળ અવલોકન હોવા છતાં શાસ્ત્રીય દૃષ્ટિ અને શાસ્ત્રીય ભાષા નથી હોતી; શાસ્ત્રીય રીતિનો માનસપરિચય નથી હોતો; બાળકોના કાર્યનો ખરો અર્થ કરવાની શક્તિ નથી હોતી તથા માહિતી પણ નથી હોતી.

આવાં વિધાનોમાં ઘણી વાર ઉતાવળ હોય છે. એક વાર બાળક ગભરાયેલું દેખાયું તો "તે બીકણ જ છે." એમ કહેવું એ બરાબર નથી. બાળક એકાદ રમકડું કે વસ્તુ ફોડે કે તેને 'વિધ્વંસક વૃત્તિ'નું કહેવું યોગ્ય નથી. બાળક બીજા બાળકને મારી બેસે તો તેને 'દુષ્ટબુદ્ધિ'નું કહેવાય નહિ. બાળકને એકાદ પ્રસંગે અથવા વારંવાર મોટાંઓની દૃષ્ટિએ યોગ્ય ઉત્તર દેતાં આવડે નહિ તે પરથી તે ઉદ્ધત ઠરતું નથી.

આ રીતે આપણાં બધાં વિધાનો આપણે તપાસીએ તો તેમાંનાં ઘણાં અશાસ્ત્રીય ઠરશે. અર્થાત્ આપણાં બાળકો ખરેખરાં કેવાં છે તે સમજવાની આપણી તીવ્ર ઇચ્છા સફળ થતી નથી. આ માટે બાલમાનસ વિકાસનું જરૂરી જ્ઞાન આપણે મેળવી લેવું જોઈએ અને સરળ અસ્ખલિત વિકાસ ન બતાવતાં બાળક વચ્ચે વચ્ચે પોતાના સ્વભાવનું વિચિત્રપણું શા માટે દર્શાવે છે તે પણ સમજી લેવું જોઈએ.

આખું માનસશાસ્ત્ર અહીં કહેવા બેસવું શક્ય નથી. પરંતુ બાળકોના વર્તનમાં વિચિત્રપણું અથવા વિકૃતપણું શા માટે આવે છે તેનાં મુખ્ય મુખ્ય કારણો ટૂંકમાં આપી શકાય.

સેંકડે પંચોતેર ટકા વિકૃતિ અથવા તો વિકૃત વર્તનનું કારણ બાળકોના વ્યક્તિત્વને કચડી નાખવું અને એને અપમાનિત કરવું એ હોય છે. બાળકને વ્યક્તિત્વ છે અને તેને સ્વતંત્ર વ્યક્તિ સમજીને તેનો માનપૂર્વક સ્વીકાર કરવો જોઈએ એ તત્ત્વ સમજતાં અને સમજીએ તો યે એને આચારમાં મુકાતાં કેટલો કાળ જશે કોણ જાણે. બાળકોનાં કેટલાંય વિચિત્ર વર્તનોમાં અપમાનિત અથવા દબાયલું અથવા તો ઉપેક્ષિત વ્યક્તિત્વ એ જ કારણ હોય છે. ન કરવાનું કહેતાં બાળક જાણી જોઈને તે કરે છે. 'અવાજ નહિ' કહેતાં મોટેથી બૂમો પાડવી, 'લેશો નહિ' કહેતાં તે જ વસ્તુ લેવી, 'સીધા બેસો' કહેતાં વાંકાચૂકા બેસવું, મારામારી કરવી, તોડવું, કપડાં ફાડવાં, વગેરે અનેક ન કરવાની વાતો બાળકો કરે છે અને પોતાના વ્યક્તિત્વ તરફ મોટેરાંઓનું ધ્યાન ખેંચે છે. અથવા તો એમ કહો કે મોટાંઓને ગોટાળામાં અને અડચણમાં મૂકી, પોતાની બાલબુદ્ધિ પ્રમાણે પોતાનું વ્યક્તિત્વ પ્રસ્થાપિત કરે છે–અથવા પોતાના અપમાનનો રસ્તો કાઢે છે. મોટાંઓનું મોટાપણું તેમને સતત સાલે છે. પોતાનું નાનાપણું, અસહાયપણું, અશક્તપણું પણ તેમને તેટલું જ સાલે છે. એટલે કોઈ પણ પ્રકારે મોટાંઓને ગૂંચવી મૂકવામાં (Non-plus કરી મૂકવામાં) તેઓને એક પ્રકારનો આનંદ આવે છે. એટલે કોઈ પ્રસંગે બાળકે અમુક પ્રકારનું વર્તન કર્યું માટે તે તેવું જ છે એમ કહેવું એ ભૂલભરેલું છે. કારણ તેના વ્યક્તિત્વને યોગ્ય સન્માન અને વિકાસને યોગ્ય અવકાશ મળે એવા કોકાણે તે જ બાળક વિચિત્ર અને વિકૃત રીતે વર્તતું નથી.

બીજું કારણ એ છે કે બાળક પોતા પર થયેલા જુલમનો અને અન્યાયનો પ્રતિકાર કરવાનો લાગ હમેશાં જોયા કરે છે. પોતાના વડીલો જો પોતાને ખૂબ દબડાવે તો પોતે પણ પોતા કરતાં ઓછી શક્તિવાળાં અને નાનાં બાળકો અથવા પ્રાણીઓને મારવાં, એવી વૃત્તિ તેમના મનમાં જાગે છે. મોટાંઓ તરફથી જે જે અત્યાચારો થાય છે તે બધા તેઓ નાનાં બાળકો અથવા પ્રાણીઓ પર કરે છે, અથવા તો કોઇ કોઇ વાર નિર્જીવ વસ્તુઓ પર પણ તેની વરાળ કાઢે છે. તેઓ એમ કરે એથી તેઓને દુષ્ટ કે ક્રૂર કહેવાં એ પણ બરાબર નથી. એ ખરું છે કે તેઓનું એ કૃત્ય દુષ્ટપણાનું છે, તેમજ તેજ પરિસ્થિતિમાં રહેતાં તેમની વૃત્તિ કાયમી દુષ્ટ થવાનો સંભવ પણ એટલો જ છે.

ખરું કારણ બાળકોની દૃષ્ટિ આપણા કરતાં જુદી હોય છે તે છે. આપણને કઈ વસ્તુ કેટલી મહત્ત્વની લાગે છે, કેટલી કિંમતી લાગે છે, કેટલી ઉપયોગી લાગે છે, તે તેમને નથી સમજાતું. આપણું તથા તેમનું કિંમત આંકવાનું માપ જ જુદું હોય છે. અને એટલે જ એકાદ લગોડી કે ફૂટેલી બાટલીનો કાચનો ટુકડો એમને જીવ જેવો વહાલો લાગે છે, ને આપણું સો રૂપિયાનું કિંમતી ઘડિયાળ ફોડીને એ જોવા મથે છે; એ જ રીતે પોતાને ગમતો બાર આનાનો કોટ સંધરી રાખે છે ને આપણને ગમતી મખમલની કે જરીની ટોપી ખૂણામાં ફેંકી દે છે. આ રીતે આપણી અને બાળકોની કિંમતની આંકણીમાં હમેશાં ફરક પડે છે. આ સિવાય કોઈ બાબતમાં મનથી પણ બાળક અધૂરાં અથવા તો ઓછાં હોવાનો પણ સંભવ છે.

આ રીતે બાળકોના કાર્ય અને વર્તનનો યોગ્ય પ્રકારે અર્થ કરતાં શીખીએ તો આપણું બાળક કેવું છે તે આપણને સમજાશે, અને ઘણી વાર આપણને લાગે છે તેવું તે નથી એમ પણ જણાઈ આવશે. તા૦

પ્રાથમિક શાળામાં ગણિતશિક્ષણ

દશકપદ્ધતિ

ડૉ. મોન્ટીસોરીએ સંખ્યાલેખન માટે તેમ જ સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર શીખવવા સારુ જે સાધનો યોજ્યાં છે તે ગણિતશિક્ષણનાં સાધનોમાં સરસમાં સરસ અને અતિશય ઉપયોગી એવાં સાધનો છે. દરેક પ્રાથમિક શાળાએ આ સાધનો અવશ્ય વસાવવાં જોઇએ. ગણિત શીખવામાં એથી બાળકો કદી પણ કંટાળતાં નથી. આ સાધનો બાળકો હોંશેહોંશે લે છે અને એકાગ્રતાપૂર્વક તે વાપરે છે. સિવાય ગણિત શીખવામાં જે અતિ મહત્ત્વનાં પ્રાથમિક અંગો છે તે, એટલે કે સંખ્યાલેખન અને સરવાળા, બાદબાકી, ગુણાકાર તથા ભાગાકારની ઊંડી સમજણ તેઓ મેળવે છે. આ ક્રિયાઓનો મર્મ તેમના ખ્યાલમાં આવી જવાથી સામાન્ય રીતે દેખાતો ગણિતના વિષયનો કંટાળો તેમનામાં ભાગ્યે જ માલૂમ પડે છે.

સંખ્યાલેખનની એક ખૂબી એ છે કે ગમે તેવડી મોટી–અબજો કે પરાર્ધોભરી સંખ્યા લખવાની હોય તોપણ તેનું લેખન નવ આંકડા અને દસમું મીંડું એટલી જ સંજ્ઞાઓની સહાય વડે કરી શકાય છે. ગણિતની અજબ શોધો પૈકી આ સંખ્યાલેખનની શોધ કરનાર ગણિતશાસ્ત્રીઓનો આપણા પર અનહદ ઉપકાર

છે એમાં શક નથી.

આવડી મોટી સંખ્યાઓ લખવાનું માત્ર દસ જ સંજ્ઞાઓની સહાય વડે શકય બને છે તેના મૂળમાં દશકપદ્ધતિની યોજના રહેલી છે. એક, એક, એમ ગણતાં દસ થાય એટલે એ દસનો જ ગણતરી માટે નવો એકમ લઈ વળી એક દસ, બે દશ એમ ગણી શકાય છે; લખવામાં પણ એમજ બને છે. લખવામાં ફરક માત્ર એટલો છે કે એકવાળી અને દસવાળી સંખ્યા દર્શાવવા સારુ એ આંકડાનાં સ્થાનો ભિન્ન રાખવાં જોઈએ.

દસથી આગળ જઈએ તો દસ વખત દસ થાય એટલે તેને સોની સંજ્ઞા આપી વળી એમાંથી સોનો નવો એકમ ગણાય અને એકસો, બસો, ત્રણસો એમ આગળ ગણતરી ચાલે. એટલે કે સોની સંખ્યાના એકમો દર્શાવવા ત્રીજું ખાનું બનાવવું જોઈએ એટલું જ. અને એ રીતે દસ સોમાંથી એક હજારનો નવો એકમ, દસ હજારમાંથી આગળ જતાં એક દસ, બે દસ, ત્રણ દસ હજાર એમ દસ દસ હજાર ને લાખનું નામ આપી લાખનો નવો એકમ બનાવી વળી આગળ ગણતા જવાય.

સંખ્યાલેખનની ખૂબી અથવા મહત્ત્વનું અંગ આ સ્થાનબદ્ધ ભિન્ન ભિન્ન એકમોનો ખ્યાલ બાળકોના મનમાં બરાબર આપી દેવામાં સમાયલું છે. અને શિક્ષકોએ આ સમજણ કેમ કરીને આપવી એ જ મુદ્દાનો સવાલ છે.

પ્રાથમિક શાળાઓમાં આજ સુધી આ પ્રશ્નને યોગ્ય રીતે હલ કરવામાં આવ્યો નથી. ધૃષ્ટતા કરીને કહી શકું તો કહી શકાય કે પ્રાથમિક શિક્ષણમાં મહત્ત્વના એવા કોઈ જ પ્રશ્નોને પ્રાથમિક શાળાઓના શિક્ષકોએ હાથ ધરી નિકાલમાં આણ્યા નથી. બાળકો પાસે ગોખાવીને જોઈતા પાઠ કરાવી દેવાની–જેને બરાબરમાં બરાબ કહીએ તેવી–પદ્ધતિનો તેમણે અમલ કર્યા કર્યો છે.

સાધનો

ડૉ. મોન્ટીસોરીએ આ દશકપદ્ધતિનો ખ્યાલ આપવા સારુ યોજેલ સાધનો નીચે પ્રકારનાં છે. આ સાધનો સોનેરી રંગનાં એકંદર બે હજાર એકસો દસ મોતીમાંથી બનાવી શકાય છે.

એક તો નાની ડબીમાં દસ મોટી છૂટાં છૂટાં રાખવાં.

આવાં દસ દસ મોતી પીતળના મજબૂત તારમાં પરોવી તારને બન્ને છેડે ગોળ વાળી દઈ દસ દસની એક એવી દસ માળા અથવા હારો બનાવીને બીજી ડબીમાં રાખવી.

આ ઉપરાંત દસ દસની બીજી બસો માળાઓ બનાવી લેવી પડે છે. તેમાંથી એક તો દસ માળાઓ લઈ તારની મદદથી મજબૂત ગંઠી લઈ ૧૦૦ મોતીનો એક ચોરસ બનાવી લેવાનો હોય છે. આવા દસ ચોરસ બનાવી દસે છૂટા છૂટા એક જુદી ત્રીજી ડબીમાં રાખવાના હોય છે.

સિવાય બીજા દસ ચોરસને ઉપરાઉપરી ગોઠવી ૧૦૦૦ મોતીનો એક ઘન મજબૂત રીતે બાંધી રાખવાનો હોય છે.

બાળકને દસ સુધી પાકી ગણતરી આવડી જાય એટલે તુરત તેની પાસે આ સાધન ધરી શકાય છે.

પાકી ગણતરી આવડવાનાં મુખ્ય અંગોની સ્પષ્ટતા નીચેની રીતે થઈ શકે:—

(૧) બાળક હાથમાં થોડા કચૂકા કે કોડીઓ આપી આ કેટલા છે એમ પૂછતાં તેને તે બરાબર ગણીને કહેતાં આવડવું જોઈએ.

(૨) ચાર ક્રોડી લાવો, સાત કચૂકા લાવો, એમ કહેવાથી બાળકને બરાબર તેટલી જ સંખ્યામાં ક્રોડીઓ અથવા કચૂકા લાવી દેતાં આવડવું જોઇએ.

(૩) ૫, ૮, ૦, વગેરે સંજ્ઞાઓનાં પત્તાં બાળકને બતાવવાથી તેની નીચે બરાબર તેટલી જ સંખ્યાની ચીજો મૂકતાં આવડવી જોઇએ.

(૪) બાળકના હાથમાં આપેલ કચૂકા ગણીને બરાબર તેટલી જ સંખ્યા દર્શાવનાર આંકડો એટલે સંજ્ઞા બાળકે આણી આપવી જોઇએ.

(૫) પોતાની આસપાસ પડેલા પદાર્થો કે વસ્તુઓમાંથી સંખ્યાની ઓળખ આવી જવી જોઇએ. દાખલા તરીકે બારીમાં આઠ સળિયા છે, ઓરડાને ચાર બારીઓ છે, ટેબલ પર પાંચ ફૂલ પડ્યાં છે; વગેરે.

૧ કમાં દસ સુધીની સંખ્યાનું તથા તેને માટેની સંજ્ઞાનું બંને જાતનું સંપૂર્ણ જ્ઞાન બાળકમાં આવી ગયું હોય તો ઉપલાં સાધનો બાળક પાસે ધરી શકાય છે.

સાધનો આપવાની રીત

સહુથી નાની ડબ્બીમાં રહેલાં છૂટાં મોતી ગણવાનું પહેલાં બાળકને કહેવું. બાળકને આટલું તો આવડતું જ હોય છે. દસ ગણાઈ જાય એટલે શિક્ષકે બાળકને દસની તૈયાર માળા બતાવવી અને "આમાં કેટલાં મોતી છે તે ગણો." એમ કહી ગણવાનું કહેવું.

મોતી ગણીને બાળક તુરત કહેશેઃ "દસ મોતી છે."

એક માળા ગણાઈ રહે એટલે બાકીની નવે માળાઓ ગણવાનું બાળકને કહેવું અને એ રીતે બીજી ડબ્બી માંહેની દસની દસે માળાઓનાં મોતી બાળક ગણી જાય તેમ કરવું. પછી દરેક માળા લઈ બાળકને કહેવું "દસ." અને તે પછી શિક્ષકે એકેક માળા લઈ મૂકતા જવું, અને બોલતા જવુંઃ "એક દસ, બે દસ, ત્રણ દસ, ચાર દસ, પાંચ દસ, છ દસ, સાત દસ, આઠ દસ, નવ દસ, દસ દસ." શિક્ષક ગણતો જાય ત્યારે શરૂઆતમાં બાળક સાથે ગણે એમ કહેવું એટલે ધીરે ધીરે પછીથી તે પોતે જ સાધનો લઈ ગણવા માંડશે. બાળકને દસ સુધી ગણતાં તો આવડે જ છે. આસપાસની ચીજો જેમ તે ગણતું હતું તેમ આ માળાઓ પણ ગણતું થઈ જશે. પાંચ ક્રોડીઓ, સાત લખોટી કે દસ માળાઓ, બધું તેને મન સ્વતંત્ર ગણવાની ચીજો જ રહેશે.

આ રીતે બોલવાનું શરૂમાં કદાચ ન ફાવે એવું જણાય તોપણ ગણવામાં બાળક એક માળા, બે માળા એમ ન ગણતાં એક દસ, બે દસ, ત્રણ દસ, એ રીતે જ ગણે એવો રિવાજ પાડી દેવો. ટેવ થઈ જતાં એ રીતે ગણવું પણ ફાવી જાય છે. આમાં કશું નવું સમજવાપણું તો છે જ નહિ કેમકે દરેક માળામાં દસ મોતી છે એની તો બાળકે પોતે ગણીને ખાતરી કરી લીધી છે.

ગણતાં આવડી જાય એટલે ખાતરી કરવા અને ટેવ પડાવવા માળાઓની ડબ્બી જરા દૂર મુકાવી બાળક પાસે આપણે "પાંચ દસ લાવો, આઠ દસ લાવો, એમ મગાવવાનું શરૂ કરવું. શિક્ષકને મોંએ સાંભળે તેટલા દસ ભાગ ડબ્બીમાંથી ગણીને બાળક લાવે અને મૂકી આવે એવી રમત ચાલી શકે. કેટલાંક બાળકો આ વસ્તુ તુરત પકડી લે છે, કેટલાંકને એકાદ બે દિવસ વાર પણ લાગશે. જેમને એ ફાવી જાય તેમને આગળનું કામ બતાવવું. આ રીતે બાળકો ભૂલ કર્યા વિના કહેલી માળાઓ આણી આપે એટલે આગળની રમત લેવી. (ક્રમશઃ)

બાળકોની બીક

સામાન્ય રીતે આપણે જાણીએ છીએ કે બાળકો નાનપણથી ઘણી જુદી જુદી વસ્તુઓથી બીએ છે. અંધારું, ભૂત, ઘરનાં પ્રાણીઓ, વગેરે ઘણી વસ્તુઓથી જુદાં જુદાં બાળકો બીતાં માલમ પડયાં છે. મોટાંઓ તરફથી ઘણી બીકો જાણ્યે અજાણ્યે બાળકોને આપવામાં આવી હોય છે.

પણ બાળકની બીકને છેક બાલ્યકાળથી (From the infant stage) તપાસવી જોઈએ. અગ્નિ, અંધારું, પાણી વગેરેની બીક બાળકમાં આનુવંશિક છે એમ માનવું પણ બરાબર નથી.

અમેરિકાના એક પ્રોફેસરે આ વિષે પ્રયોગો કરીને નક્કી કર્યું છે કે મનુષ્ય માત્ર બે જ બીકો ને સાથે લઈને જન્મે છે: એક મોટો અવાજ અને બીજી પોતાના શરીરની સમતોલ સ્થિતિ ગુમાવી દેવાય તે-શારીરિક ટેકાનો અભાવ. (Withdrawal of support).

બાકીની બધી બીકો બાળકે પ્રાપ્ત કરેલી, શીખેલી યા કોઇ પણ જાતના વિચારસાહચર્યથી ઉત્પન્ન થયેલી છે.

તે પ્રોફેસરે એક નાનો એવો પ્રયોગ કરેલો. એક તદ્દન નાના બાળકને (અર્ભકને) કે જેને પ્રાણીઓની બીક નહોતી તેને શરૂઆતમાં એક સફેદ ઉંદર આપ્યો. બાળક એની સાથે ખુશીથી રમતું હતું. આવી રીતે કેટલાંક અઠવાડિયાં સુધી ચાલ્યું. અને આ વખતે તે બાળક ઉંદરને જોવાથી હમેશ આનંદ વ્યક્ત કરતું.

પછી પ્રયોગની બીજી કક્ષામાં તે ઉંદરને બાળક પાસે મૂકવા પછી બાળક એને હાથ લગાડવા જાય કે તુરત જ બાળક ન દેખી શકે તેમ એક મોટા લોઢાના ટુકડા ઉપર મોટો અવાજ કરવામાં આવતો. તેના પરિણામ રૂપે (as a reaction) બાળક તુરત જ ઉંદર છોડી દેતું અને મોઢું સંતાડી નીચે પડી જતું.

આજ ક્રિયા ને વધુ વાર કરવામાં આવતી તો બાળક વધુ જોરથી કૂદી પડતું–દૂર જતું અને સ્પષ્ટ રીતે એં...એં...કરવા લાગતું.

એક અઠવાડિયા પછી જ્યારે ફરી તેને તે ઉંદર બતાવવામાં આવ્યો ત્યારે બાળક એની સામે એકી ટસે જોઈ રહ્યું પણ તેને અડવાનો તેણે પ્રયત્ન ન કર્યો. અને ઉંદરને પાસે મૂકવાથી બાળકે તેને અડવા હાથ લંબાવ્યો પણ તુરત જ પાછો ખેંચી લીધો. આ વખતે મોટો અવાજ ન હતો.

પછીના કેટલાક પ્રયોગો વખતે અવાજ અને ઉંદર સાથે, ઉંદર એકલો, ફરી પાછો અવાજ અને ઉંદર, અને છેલ્લે એકલો ઉંદર, એમ આપવામાં આવ્યાં. આ છેલ્લા પ્રયોગમાં–એકલા ઉંદરમાં–ઉંદરના દર્શન માત્રથી જ બાળક રડવા લાગ્યું, અને મોઢું ફેરવી ભાંખોડ-ભરિયાં ચાલવા લાગ્યું.

આ ઉપરથી સિદ્ધ થયું કે ઉંદરની બીકનો વિચાર અથવા ઉંદર સાથે બીકના વિચારનું સાહચર્ય મોટા અવાજ દ્વારા થયું. આપણા હંમેશના ક્રમમાં પણ આપણે જોઈએ છીએ કે 'જો બિલાડી આવી!' 'જો હાઉ!' એવા જોરથી બોલાયેલા શબ્દો બિલાડી વિના જ બાળકના મનમાં બીકની શરૂઆત કરે છે.

બીજી અગત્યની વાત "ટેકાનું લઈ લેવું છે." આપણે મોટાંઓને પણ આનો ઘણી વાર અનુભવ થયો હોય છે. દાદરો ઊતરતાં પગથિયું

ભૂલી જઈએ.

અંધારામાં પગે ધારી હોય તેવી સપાટ જમીનને બદલે અચાનક સહેજ નીચી સપાટીવાળી જમીન આવે તો પેટમાં ફાળ પડે છે. ધ્રાસ્કો પડે છે. આ શારીરિક પ્રત્યાઘાત એ બીકના મૂળમાં છે.

આપણે મોટેરાંઓ બાળકોને હવામાં ફૂટબોલની જેમ ઉછાળીને ઘણી વાર રમાડીએ છીએ. આ પદ્ધતિ ઘણી જ ખોટી અને ખરાબ છે. એને લીધે બાળકને બીકણ બનવાની પૂર્વભૂમિકા તૈયાર થાય છે. જે કાળે હજુ તો બાળક પોતાના શરીરના જુદા જુદા અવયવોની ક્રિયાઓનું સંયોગીકરણ (Co-ordination) કરતું હોય છે, બરાબર તે જ વખતે આપણે એના આખા શરીરની સમતોલતાને ઊંધીચત્તી કરી દઈએ છીએ.

આપણે મોટેરાંઓને આ અનુભવની કલ્પના આવવી મુશ્કેલ છે, પણ ધારો કે આપણને તરતાં નથી આવડતું અને લાઈફ બેલ્ટ કે એવી કોઈ ચીજને આધારે આપણે શીખીએ છીએ. અને તે વખતે એક ક્ષણને માટે પણ કોઇ જો આપણી પાસેથી તે આધાર લઈ લે તો આપણને કેવું લાગે? અથવા, આપણે સાઇકલ ચલાવતાં શીખતા હોઇએ તે વખતે આપણી ગતિમાં આવેલી સાઇકલને પાછળથી કોઈ ધક્કો મારીને આપણું બેલેન્સ-સમતોલપણું હલાવી દે, અથવા આપણે શીર્ષાસન કરતાં હોઇએ તે વખતે કોઈ ધક્કો મારે—ઉપરના કોઈ એક અનુભવની જો આપણને સાચે જ કલ્પના હોય તો જ આપણે બાળકની મનઃસ્થિતિ સમજી શકીએ.

અંધારાની બીક આ આધારરહિતવમાંથી કદાચ જન્મી હોય!

બીજાં પણ કેટલાંક અગત્યનાં કારણો બાળકોના બીકણપણાના મૂળમાં હોય છે. ખરાબ તબિયત, નબળો બાંધો, એ પણ બાળકને બીકણ બનાવે છે. શરીરની અંતર્ગત ખોડખાંપણ પણ બાળકને બીકણ બનાવી શકે છે.

તન્દુરસ્ત બાળક જેટલું બીક સામે લડી શકે છે તેટલું માંદું બાળક નથી લડી શકતું.

બાળક એક વાર બીકણ બન્યા પછી એની બીક કાઢવાની ક્રિયા લાંબી, અને ખૂબ ધીરજ માગી લે તેવી છે. તે વિષે કોઇ બીજે વખતે વાત.

પણ અત્યારે તો જે બાળકોની બીકની બે મૂળભૂત વાતો 'મોટો અવાજ' અને 'આધાર રહિતપણું' તે ઉપર જ વાચકનું લક્ષ ખેંચવાનો આ પ્રયત્ન છે. અને એ બે મુદ્દાઓ લક્ષમાં રાખી મોટેરાંઓ બાળકો સાથે કામ પાડે તો બાળકોમાં ઘણી બીકો ઉત્પન્ન જ ન થવા પામે એટલું આપણે સમજીએ તો ઘણું.

નરેન્દ્ર.

શિક્ષણ સમાચાર

—નૂતન બાલશિક્ષણ સંઘનાં મંત્રી શ્રી. તારાબેન મોડકે સંઘ સાથે જોડાયેલાં નીચેનાં બાલમંદિરોનું ગયા સત્રમાં નિરીક્ષણ કર્યું.

૧ આદર્શ બાલમંદિર, બાર.
૨ મરીના મોડર્ન સ્કૂલ, મુંબઈ.
૩ ગુજરાતી સ્ત્રીમંડળ બાલમંદિર, સાન્તાક્રુઝ.
૪ સ્વ. પ્રે. હે. શિશુશિક્ષણ મંદિર, મુંબઈ.
૫ બાલમંદિર, નાગપુર.
૬ વિદ્યામંદિર બાલમંદિર, વીલેપાર્લે.

શિશુવિહાર બાલઅધ્યાપનમંદિર, દાદર, ૧૯૪૩ની પરીક્ષાનું પરિણામ

નીચે લખ્યા ઉમેદવારો ૧૯૪૩ની બાલ-અધ્યાપનમંદિરની ડિપ્લોમાની પરીક્ષામાં ૪૦ ટકા ઉપરાંત ગુણ મેળવીને ઉત્તીર્ણ થયા છે. તેમને અમારાં અભિનંદન છે. આ બધાં બાઈબહેનો નૂતન બાલશિક્ષણના પ્રચારકો થયા છે એથી નૂતન બાલશિક્ષણ સંઘના કાર્યને તેઓ સર્વદા સહાય કરવા તત્પર રહેશે જ એવી આશા રાખીએ છીએ. —**તંત્રી.**

મેળવેલા ગુણના અનુક્રમમાં નામો છાપવામાં આવ્યાં છે.

૧ શ્રી. જયવંતીબેન શાહ
૨ ,, મંજુતાઈ મંત્રી
૩ ,, સૌ. સુમતિબાઈ આપટે
૪ ,, ,, માલતીબાઈ મનોહર
૫ ,, ગુલાબબાઈ પૈ
૬ ,, સૌ. ગુલશનબેન લાલાણી
૭ ,, ,, અનુસૂયાબાઈ અતાવર
૮ ,, એલિઝાબેથ સોગાંવકર
૯ ,, ઇંદુમતી પાટણકર
૧૦ ,, જથાબેન કિનખાબવાલા
૧૧ ,, રામજીભાઈ ભાણજી ઠક્કર

ઉત્તીર્ણ ગણવામાં આવેલાં

૧૨ શ્રી. શાંતાબેન પટેલ
૧૩ ,, સુશીલાબાઈ દ્રવિડ
૧૪ ,, રમણભાઈ પટેલ
૧૫ ,, શિવલક્ષ્મીબેન ધુપેલિયા

બાળકોના બોલ

(૧)

એક વાર એક વાર્તાની ચોપડી વાંચતાં વાંચતાં તેમાં આવેલાં નામો મને બહુ ગમી ગયાં મેં પણ ગમ્મતમાં અમારે ત્યાં જે બાળકો હતાં તેનાં એવાં વિચિત્ર નામો પાડવાનું ઠરાવ્યું. નરહરને કહ્યું: "તારું નામ નાળિયેર." મોહનનું નામ મોસંબી અને કનુનું નામ કાકડી પાડ્યું. ચાર વરસની મીના પડખે રમતી હતી; મેં કહ્યું: "મીના, તારું નામ મરચું."

મીના છેડાઈ પડી બોલી ઊઠી: "વાહ મોટી-બેન! મારું નામ મરચું કેમ? હું કાંઇ મરચા જેવી તીખી છું? હું તો મરચાને અડું છું પણ કયાં? મારું નામ તો જમરૂખ પાડો! અને મોટીબેન, તમારું નામ કહું?"

"કહે જોઇએ?" મેં કહ્યું.

"મોટીબેન મૂળો. કાં, ગમશે ના? તમને મૂળા બહુ ભાવે છે, ખરું?"

(૨)

હાથ લૂછવા માટે અમે બે રૂમાલ બાંધી રાખ્યા છે; એક સુંવાળો ટર્કીશ ટુવાલ અને બીજો ખાદીનો જાડો રૂમાલ. મીનાને ખાદીનો જાડો ટુવાલ વાપરવો ગમતો નથી. એક વાર મેં ભૂલથી તેને ખાદીનો ટુવાલ આપ્યો.

મીનાએ કહ્યું: "મને એ નથી ગમતો."

મેં પૂછ્યું: 'કેમ નથી ગમતો?"

ચીડાઈને મીનાએ કહ્યું: "એ તો કઠણ ચામડા જેવો છે. પેલો મીની જેવો સુંવાળો આપો."

સૌ. માલતીબાઈ દાંડેકર

પત્રવહેવારમાં ગ્રાહક નંબર લખવા અવશ્ય તસ્દી લેશો.

શિશુવિહાર બાલ-અધ્યાપનમંદિર, દાદર

વિશેષ અભ્યાસક્રમ (ઑનર્સ કોર્સ)

જે વિદ્યાર્થી મેટ્રિક પાસ થયેલ હોય અથવા આગળ અભ્યાસ કરેલ હોય તેમને સારુ હવેથી સામાન્ય અભ્યાસક્રમ ઉપરાંત વિશેષ અભ્યાસ-ક્રમ (ઑનર્સ કોર્સ) ની યોજના કરવામાં આવી છે. પહેલા સત્રને અંતે જે વિદ્યાર્થી આવા વિશેષ અભ્યાસક્રમ માટે અશક્ત માલૂમ પડશે તેને મુખ્ય-અધ્યાપિકા બીજા સત્રમાં આ અભ્યાસક્રમમાંથી બાતલ કરશે.

વિશેષ અભ્યાસક્રમમાં સામાન્ય અભ્યાસ-ક્રમ ઉપરાંત સાથે બતાવેલા ત્રણ વધારાના વિષયોનો અભ્યાસ કરવો પડશે:—

(૧) નિયત કરેલા પાઠ્યપુસ્તકની પરીક્ષા. પુસ્તકનો ખાસ અભ્યાસ અને લેખિત પરીક્ષા. (આવા પુસ્તકનું નામ વખતોવખત જાહેર કરવામાં આવશે.)*

(૨) નીચે જણાવેલી બાબતોનો વિશેષ અભ્યાસ કરીને વર્ષને અંતે તે ઉપર સ્વતંત્ર નિબંધ લખવાનો:—

(ક) પાંચ બાળકોનો રોજ-બ-રોજ ખાસ અભ્યાસ.

(ખ) બાળ વાર્તાઓ, બાલકાવ્યો, અને બાળ-રમતો પૈકી કોઈ બાબતનો જાતે કરેલો સંગ્રહ—તેના ખાસ અભ્યાસ સાથે.

(ગ) છેલ્લાં ત્રણ વર્ષોમાં પ્રગટ થયેલ બાલ-સાહિત્યનો અભ્યાસ.

(૩) મુંબઈ શહેરની આઠ પૂર્વ-પ્રાથમિક શાળાઓ (જેનાં નામ દર વખતે મુખ્ય અધ્યાપિકા આપશે) નું નિરીક્ષણ અને નોંધ દરેકમાં એક અઠવાડિયું ગાળીને કરવાની. વરસ આખરે આ બધી નોંધો પરથી અહેવાલ રજૂ કરવાનો અને તેને અંગે વિચારદર્શક નિબંધ લખવાનો.

શિશુવિહાર બાલઅધ્યાપનમંદિર છાત્રાલય

શિશુવિહાર બાલઅધ્યાપનમંદિર રાબેતા મુજબ ૧ લી જુલાઈ ૧૯૪૩ ના રોજ ઊઘડશે. આ વર્ષે પૂરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની સંખ્યા મળે તો છાત્રાલય ખોલવાનો સંચાલકોનો ઇરાદો છે. આજની મોંઘવારીમાં ટેબલ, ખુરશી કે કૉટ (ખાટલા)ની સગવડ આપી શકાય તેવું નથી, પરંતુ સૂવા રહેવાની જગ્યા અને બે ટંક જમવાની વ્યવસ્થા કરવા સંચાલકો ધારે છે. માસિક રૂા. ૩૦–૩૫ ખર્ચનો અંદાજ છે. જે ભાઈ–બહેનોની છાત્રા-લયમાં દાખલ થવાની મરજી હોય તેમણે તા. ૫ મી જૂન સુધીમાં નીચે સહી કરનારને જણાવવું એટલે છાત્રાલય શરૂ કરવાનું નક્કી થતાં તેમને વિગતવાર માહિતી મોકલાશે.

તારાબેન મોડક,
શિશુવિહાર, ૧૧૫, હિંદુ કોલની, દાદર.

---

* ૧૯૪૪ ની સાલમાં ખાસ અભ્યાસ માટે નીચેનાં પુસ્તકો નક્કી છે:—

(i) Learning and Teaching by Hughes and Hughes.

(ii) Modern Psychology and Education by Sturt and Oakden.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, બી. એ., એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૨–૫–૪૩.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐

તમે ફક્ત તમારાં પોતાનાંજ બાળકોનો વિચાર ના કરો. જ્યાં સુધી તમારા પાડોશીનાં, તમારા ગામનાં, તમારા દેશનાં અને સમગ્ર જનતાનાં બાળકોની સ્થિતિ સુધરી નથી ત્યાં સુધી ગમે તેટલી મહેનત કરશો તોપણ તમારા બાળકને સાચું સુખ, સાચી સંપત્તિ અને સાચું જીવન મળવાનું નથી.

જ્યારે તમે તમારા બાળકનો વિચાર કરો ત્યારે તે સમગ્ર જનતાનાં બાળકોની દૃષ્ટિએ કરો. એથીય વધારે સારું તો એ છે કે તમે સૌનાં બાળકોનો જ વિચાર કરો. સૌનાં બાળકોમાં તમારું બાળક તો આવી જ જાય છે.

—સ્વ૦ ગિજુભાઈ

વર્ષ ૧૮ | : : કાર્યાલય : : | અંક ૪

૧૯૯૯ | રાવપુરા : વડોદરા | જેઠ

વેકેશનમાં બાળકો અને માબાપો

બાલમંદિરો અને પૂર્વપ્રાથમિક શાળાઓ-વાળાં બાળકો તથા માબાપોને ઉનાળા–શિયાળાના વેકેશનમાં જ સાથે રહેવાનો વખત મળે છે, એમ કહીએ તે અતિશયોક્તિ નથી.

ચાલુ શાળાઓમાં સામાન્ય રીતે તો બાળકો ૪–૬ કલાક પોતાની 'બાળશાળા'માં હોય, સાંજે થાકીપાકી ઘરે આવે, થોડું આડું-અવળું રમી બાઇપીને ઊંઘી જાય.

પણ રજાઓમાં તો બાળકો સવારથી સાંજ સુધી ઘરે જ રહે. વળી ઉનાળો હોય ત્યારે તો બહારની પરિસ્થિતિમાં બાળકોને બહાર રમવાનું પણ બને નહિ. માબાપ પણ ઘરે જ હોય.

આવી પરિસ્થિતિમાં સામાન્ય રીતે શું બને છે તે આપણે જોઇએ. સૌથી પહેલાં તો બાળકોનો રોજનો કાર્યક્રમ બંધ હોય. શાળામાં હમેશ જવાનું, તેની તૈયારી, નહાવાનું–ધોવાનું; કપડાં બદલવાનું, બધું બંધ. વળી તેથી જરા મોટાં બાળકો હોય તો–એટલે કે ઘરે 'લેસન' (home–work) કરવાવાળાં બાળકોને તો લેસન પણ ન હોય.

અને ત્યાર પછીની ૪–૫ કલાકની નિશાળની પ્રવૃત્તિઓ પણ બંધ. એટલે બાળકોના નિયમિતપણે વર્તવા ટેવાઇ ગયેલા મનના પ્રવાહમાં એક જાતનો વિક્ષેપ પડે.

ઘર આગળ શું કરવું તે તેમને સૂઝે નહિ. ઘરમાં તેઓ કરી શકે એવું કશું કામ તેમની પાસે ન હોય એટલે સવારથી સાંજ સુધી શું કરવું એ તેમની પાસે મોટો પ્રશ્ન ઊભો થાય. તેમનામાં રહેલો અખંડ શરીરશક્તિનો ઝરો ક્યાં વાપરવો એ તેમને સૂઝે નહિ.

એટલે પછી છોકરાં ઘરમાં ધમાલ કરે, બારી ઉપર ચડે, ગમે ત્યાં ઊંચે ચડી કૂદકા મારે, ખુરશીટેબલ ફેરવે, એકબીજા સાથે લડે, રડે અને બીજાં અનેક પ્રકારનાં તોફાનો કરે. અને આ બધી વખતે માબાપોએ તેમને 'નકાર' જ આપવો રહ્યો.

'ત્યાં ચડીશ નહિ' 'ટેબલને અડીશ નહિ" 'પાણી ઢોળીશ નહિ' એવું માબાપોએ આખો વખત કરવું રહ્યું. એટલે બાળકોને તો સવારથી સાંજ સુધી નકારના વાતાવરણમાં જ જીવવું રહ્યું. એમની પાસે કાંઇ પણ કામ ન હોવાથી કંટાળે; થાકે, પરિણામે માબાપને ત્રાસ આપે, અંદર અંદર લડે, ઝગડે અને છેવટે રડે.

આ પરિસ્થિતિનો ઉપાય અશક્ય નથી. થોડી જગ્યામાં પણ બાળકોનો એક ખૂણો અલગ કાઢી શકાય; એમને માટે કાંઇક કાંઇક ઉદ્યોગ–પ્રવૃત્તિનાં સાધનો મૂકી શકાય; નકામાં કાગળ, કાતર આપી શકાય; છેક નાનાં બાળકો માટે થોડા દાણા–અનાજ ભેગાં કરીને તેને જુદાં પાડવાનું કામ આપી શકાય. જરા મોટાંઓને થોડો ગુંદર અને કાગળો આપી કવર કે એવું બનાવવાનું કહી શકાય.

સગવડ હોય તો સવારે એમને એમનાં કપડાં ધોવા જવા દેવાય. બાગ કે કૂંડાં હોય તો પાણી પાવાનું એમને સોંપી શકાય. સવારસાંજ ફરવા લઈ જઈ શકાય અને વખતે પથ્થર, પીછાં કે એવું-મળે તેવું ભેગું કરવાનું સૂચન કરી શકાય. સોય, દોરા અને નકામા કપડાંના ટુકડા આપી શીવણકામ કરાવાય.

ઉપર કહી તે બધી પ્રવૃત્તિઓની પાછળ શીખવવાનો કે ઉત્પાદક શ્રમ કરાવવાનો હેતુ મુખ્ય નથી, પણ બાળકમાં રહેલી શક્તિઓને

વાપરવા માટે સાધનો આપવાનો મુખ્ય હેતુ છે. આમ કરવાથી એમનું 'તોફાન' બંધ થશે. માબાપની આજુબાજુ અથવા ડ્રૉઇંગ રૂમના ફરનીચર ઉપર જ કાંઈકે અર્થ વગરની દોડધામ કરનારાં બાળકો શાંત પડશે, અને દરેક વાતમાં ઘડીએ ઘડીએ તેમને અને માબાપોને 'નકાર'નું વાતાવરણ ઊભું નહિ કરવું પડે.

આ જ અરસાની બાળકોની એક બીજી મુશ્કેલી એમના સામાજિક જીવનની છે. ઘરમાં મોટાંઓ અને બાળકોને વધારે પ્રસંગ પડે છે. ઘરનાં જ માણસોમાં તેમના વર્તન વિષે 'હા, ના' ના મતભેદ થાય છે. વળી કોઇ વાર બહારના મહેમાનો આવેલા હોય તો તેમનું અને માબાપોનું હમેશ કરતાં જુદું વાતાવરણ ઊભું થાય છે. આમાં બાળકો પોતાનું સ્થાન નક્કી નથી કરી શકતાં.

માશી કે કાકાકાકી આવ્યાં હોય, અથવા માબાપનાં મિત્રો આવ્યાં હોય. તે લોકો બાળકોને જોઇએ તે કરતાં વધુ લાડ લડાવે, રમાડે; બે ત્રણ બાળકો હોય તો કાંઇક પક્ષપાત બતાવે. મોટાંઓ પણ અંદર અંદરની પોતાની મજાઓ અને મશ્કરીઓ ખાતર બાળકોને ચીડવે; પોતાનાં તોફાનોમાં તેમને સાધનરૂપ બનાવે; એકનું એક ઉપરાણું લે ત્યારે બીજાને વળી બીજું; કોઇ ધમકાવે, લલચાવે, ફોસલાવે, પટાવે.

સામાન્ય રીતે હમેશાં આમ બનતું નથી. પણ રજાઓમાં મહેમાનો આવ્યાં હોય; બધાં મોટેરાં જરા આરામ અને ગપ્પાં કરવાની મનઃસ્થિતિમાં હોય; છોકરાંને સાચી યા ખોટી રીતે વધુ લડાવવાનો એમને વખત હોય.

પરિણામે બાળકોને નુકસાન થાય છે. એક તો મોટાંઓની આ મનઃસ્થિતિ એમને માટે નવી હોય છે. મોટાંઓની મશ્કરીઓ પાછળ રહેલી મજા કરતાં એમાં રહેલું અસત્ય એમને વધુ ખૂંચે છે. સામાન્ય રીતે ચાલી રહેલ માબાપના વર્તનમાં અને મહેમાનોની હાજરીમાં થયેલ વર્તનમાં એ લોકો તફાવત જુએ છે. તેથી એમના મનમાં દ્વિધાવૃત્તિ ઉત્પન્ન થાય છે. એમની બાંધેલી અને અત્યાર સુધી ચાલી આવેલી સામાજિક કિંમતોની ભાવનાને (Sense of social values) આંચકો લાગે છે.

પરિણામે એમના વર્તનમાં પણ ફેર પડે છે. બાળકો જલદી ચીડાઇ જાય એવાં, કાલાં કાઢતાં, પ્રદર્શનવૃત્તિ બતાવતાં, તથા મોટેરાંમાં લાડકાં થવાનો જાણ્યેઅજાણ્યે પ્રયત્ન કરતાં થાય છે. તેમના અને માબાપોના સંબંધમાં પણ બેસૂરાપણું આવે છે. માની 'ના' અત્યાર સુધી 'ના'જ સમજાતી હતી તે હવે બીજાઓ ના પક્ષકાર થવાથી 'ના' રહેતી નથી. પરિણામે અયોગ્ય વર્તનની પણ છૂટછાટો લઇ લેવાય છે

એટલે કે ઘરનું અનેકવિધ રંગીલું વાતાવરણ બાળક માટે વિસંવાદી થઇ પડે છે.

આ પરિસ્થિતિનો ઉપાય કરવો એ અઘરું કામ છે. જે માબાપો પોતાનાં બાળકોમાં ઊંડો રસ લેતાં હોય તે બધાં જ માબાપોએ આવી મુશ્કેલી અનુભવી જ હશે.

પણ એકંદરે માબાપો પોતાનું વર્તન સમતોલ રાખે, અને બાળકોની મનઃસ્થિતિનું સતત અવલોકન કરી વર્તવાનું—રાખે તો ઘણું અટકી શકે છે. પોતાના વર્તનથી જ મિત્રો તથા સગાંવહાલાંને પોતાના જેવી દૃષ્ટિથી જોતાં તો કરી જ શકાય.

સૌથી ઉત્તમ તો બાળકો માટે આગળ કહી તેવી ઇલાયદી વ્યવસ્થા કરી આપી હોય, અને આવેલાં મહેમાનોને વિવેકથી સ્પષ્ટ 'ના'

કહી હોય કે બાળકોને બહુ વતાવવાં નહિ, તો કદાચ આનાં પરિણામોમાંથી બચી શકાય.

પણ એનો વિચાર તો દરેક વ્યક્તિગત કુટુંબે પોતે જ કરી લેવો રહ્યો.

છેલ્લે વિધાયક રીતે એટલું જ કહેવાનું કે આ રજાઓનો જે સમય માબાપોને મળે છે તેમાં તેઓ પોતે જ બાળકોની પ્રવૃત્તિઓમાં રસ લે, પોતાની વાતોચીતો, હરવુંફરવું વગેરેમાં તેમને જ મધ્યબિંદુમાં રાખીને યોજેલા કાર્યક્રમો ગોઠવે, અને તેમની ટેવો, લાગણીઓ, બાસિયતો વગેરે જોઈ તેમની સાથે વધુ નિકટમાં આવવાની તક લે તો સારામાં સારું થાય.

પોતાનાં જ બાળકોને વધુ સારી રીતે જાણવાં, સમજવાં અને તેમના વિકાસમાં સહાયભૂત થવું એથી વધુ મોટી બીજી કઇ ફરજ માબાપો માટે હોઇ શકે? ન.

બાળકો સાથે વાતચીતના વિષયો

નાનાં બાળકોની કેળવણીમાં ભાષાશિક્ષણનો વિષય મુખ્ય ગણાય છે. અઢીત્રણ વર્ષનાં બાળકોને ભાષાશિક્ષણ વાતચીત દ્વારા જ આપી શકાય. આ હેતુથી અમારા બાલમંદિરમાં બાળકો સાથે વાતચીતનો ખાસ સમય મુકરર કરવામાં આવ્યો છે. એ વખતે બાળકો અને શિક્ષકો અનેક બાબતો અંગે છૂટથી વાતો કરે છે.

વાતચીત દ્વારા પોતાના વિચારો વ્યવસ્થિત ક્રમ રજૂ કરવા એ બાળકોને શીખવી શકાય છે. એના એ શબ્દો અને વાક્યો વારંવારના પુનરાવર્તનને કારણે બાળકોને વાપરતાં આવડી જાય છે.

બીજું આ રીતે વાતચીતમાં તેમને જુદા જુદા ઘણા શબ્દો શીખવાની જરૂર હોય છે. આજુબાજુ જે અનેક ચીજો રોજ નજરે ચડે છે તેમનાં નામો બાળકને આવડતાં હોતાં નથી. અથવા કોઇ કોઇ વાર એ નામો સાંભળ્યાં હોય તોપણ બરાબર આવડી જતાં નથી અથવા યાદ રહેતાં નથી. આથી વાતચીત દરમિયાન આવા શબ્દો શીખવવાનું હાથ ધરવું જરૂરી છે.

આવી વાતચીતો શાળામાં જ થઈ શકે એવું તો ન જ કહેવાય. જ્યાં બાલમંદિરો ન હોય અથવા જે બાળકો બાલમંદિરોમાં જવા જેટલી ઉંમરનાં ન હોય તેમની સાથે ઘેર માબાપો અથવા અન્ય મોટેરાં પણ આવી વાતચીતના પ્રસંગો યોજી શકે છે. આપણે બાળકો સાથે અનેક જાતની વાતો હમેશાં કરીએ જ છીએ. કોઇ કોઇ ઘેર બાળકો સાથે વાતો કરવાનું બહુ ઓછું હોય એવું પણ બને છે, તો જ્યાં વધારે બોલવાનું બને છે ત્યાં તે વાતો મોટેરાંઓ વચ્ચે થતી હોઇ નાનાં બાળકો પણ મોટેરાંની ભાષા વાપરતાં થઇ જાય છે. તેવે સ્થળે બાળકોની ભાષા પ્રૌઢ કે ઘરડેરાં જેવી બની હોય છે! આવું હોઇ એમાંથી બાળકો વ્યવસ્થિત રીતે ભાષા શીખી શકતાં નથી.

આથી માબાપોએ તેમ જ શાળામાં શિક્ષકોએ પણ, છેક નાનાં બાળકોનું ભાષાશિક્ષણનું કાર્ય પદ્ધતિસરનું થાય તેટલા માટે બાળકો સાથેની વાતચીતના વિષયો ગોઠવી રાખ્યા હોય તો વધારે સારું.

બાળકો સાથે વાતચીતના વિષયો માટેની નીચેની યાદી શિક્ષકો તેમ જ માબાપો ઉભયને માર્ગદર્શક થશે.

(૧) આપણું શરીર

શિશુવર્ગ છોટો (ઉંમર વર્ષ ૨ થી ૩)

નાક, આંખ, ગાલ, કાન, દાંત, જીભ, હોઠ, કપાળ, વાળ, માથું, ગળું, ડોક, ખભો, હાથ, છાતી, પેટ, વાંસો, દાઢી (હડપચી), કમર, પગ, આંગળાં, અંગૂઠો, નખ.

શિશુવર્ગ છોટો (ઉંમર વર્ષ ૨॥ થી ૩॥)

ઉપરના શબ્દો ઉપરાંત નીચેના ઉમેરવા:— નસકોરું, નેણ, પાંપણ, કોણી, કાંડું, હથેળી, પંજો, ટચલી આંગળી, વચલી આંગળી, ડોળો, ઢીંચણ, સાથળ, પીંડી, પાની, ફણો, (કાનની) બૂટ.

બાલવર્ગ (ઉંમર વર્ષ ૩॥ થી ૪॥)

ઉપરના બધા શબ્દો-ઉપરાંત નીચેના ઉમેરવા:–પાંસળાં, કરોડ, હડિયો, ધૂંટી, રગો, તાળવું, પોંચો, કળાઇ વગેરે.

(૨) આપણો પોશાક

શિશુવર્ગ છોટો (ઉંમર વર્ષ ૨ થી ૩)

પહેરણ, ઝભો, ચડ્ડી, ધાબરી, ચોરણી, ટોપી, કોટ, ઝબ્બું, સાડી, ધોતિયું, પોલકું, રૂમાલ (હાથમાં રાખવાનો), થેલી, બીસું, જોડા, મોજાં, ચંપલ.

શિશુવર્ગ મોટો (ઉંમર વર્ષ ૨॥ થી ૩॥)

બમીસ (શર્ટ), ફરાક, અંગરખું, બેસ, પાઘડી, ફેંટો, ચોળી, ગંજીફરાક, જર્સી, ઊનનું ઝબ્બું, હાથનાં મોજાં, કાનટોપી, બોશલો, ગોદડી, બાળોતિયું, લંગોટી, મચ્છરદાની, અને જાતજાતનાં કાપડ: જેવાં કે ગરમ, રેશમી, સૂતરાઉ, સૅટિન, શણ, કોથળા, ધાબળા, બનાત વગેરે.

બાલવર્ગ (ઉંમર વર્ષ ૩॥ થી ૪॥)

મહારાષ્ટ્રી, બંગાળી, મારવાડી, મદ્રાસી, પારસી, મુસલમાની, યુરોપિયન, પઠાણી, આરબી વગેરે પોશાકનાં કેટલાંક નામો. તેમજ રાણા પ્રતાપ, શિવાજી મહારાજ, શાહજહાં વગેરે ઐતિહાસિક ચિત્રો પરથી સૂઝે તેવાં પોશાકનાં નામો.

(૩) આપણો ખોરાક

શિશુવર્ગ છોટો (ઉંમર વર્ષ ૨ થી ૩)

ભાત, દાળ, ઘી, દૂધ, માખણ, રોટલી, રોટલા, શાક, શેરો, પૂરી, છાશ, લાડવા, પેંડા, ચેવડો, ગાંઠિયા, સેવ, શીખંડ, બાસુદી, ખીર, પૂરણપોળી, બદામ, લીલવા દ્રાક્ષ, આલુ, શીંગદાણા, કેરી, કેળાં, જમરૂખ, દાડમ, મુસંબી, પોપૈયાં, બોર.

શિશુવર્ગ મોટો (ઉંમર વર્ષ ૨॥ થી ૩॥)

શાક શાનાં શાનાં? બટેટાં, રીંગણાં, ભીંડા, ગુવાર, પાપડી, દૂધી, મેથી, તાંદળજો, કોળું.

દાળ શાની શાની? તુવેરદાળ, મગની દાળ, અડદની દાળ, ચણાની દાળ, મસુરની દાળ, વાલની દાળ.

કઠોળ કયાં કયાં? ચણા, વટાણા, મગ, વાલ, મઠ, કળથી.

ચટણીઓ કઇ કઇ? કોકાની, કોથમરીની, લસણની.

કચૂંબર શાની શાની? કાકડી, મૂળો મોગરી, ટમેટાં વગેરે.

રાયતાં શાનાં શાનાં? કોળાં, કાકડી, કિસમિસ વગેરે.

ભડથું શાનું? રીંગણાનું.

ચેવડામાં શું શું આવે? પૌંઆ, તળેલી દાળ, શીંગદાણા, ટોપરું, કાજુ, દ્રાક્ષ, કાંદાબટેટાં વગેરે.

ફળો:—પોપૈયું, દ્રાક્ષ, કેરી, જામફળ, સંતરાં, મોસંબી, કેળાં, જાંબુ, રાયણ, બોર, સીતાફળ, ચીકુ, તરબૂચ, ફણસ વગેરે.

સૂકો મેવો:—બદામ, પિસ્તા, કિસમિસ,

ચારોળી, કોજ્રુ, અખરોડ, આલુ, બારેક, વગેરે.

બાલવર્ગ (ઉંમર ૩।। થી ૪।।)

અનાજ :—ચોખા, ઘઉં, બાજરી, જુવાર, મકાઇ, બંટી વગેરે.

કઠોળ :—મગ, ચણા, વાલ, વટાણા, અડદ, ચોળા, કળથી વગેરે.

તેલી બિયાં :—તલ, શીંગદાણા, સરસવ, એરડી, કપાસિયા વગેરે.

મશાલા :—રાઇ, મેથી, જીરું, ધાણા, હીંગ, હળદર, મરચાં, લવિંગ, કોકમ વગેરે.

શાક : ફળો :—રીંગણાં, ટમાટાં વગેરે.

શાક : વેલા પરનાં :—દૂધી, તુરિયાં, કારેલાં, કોળું, કાકડી, ગિલોડાં વગેરે.

શાક : વેલા પરની શીંગો :—વાલોળ, પાપડી, વટાણા વગેરે.

શાક : છોડ પરની શીંગો :—ચોળા, ગુવાર, મોગરી, ભીડા વગેરે.

શાક : ઝાડ પરની શીંગો :—સરગવો.

શાક : કંદમૂળ :—ડુંગળી, બટાટા, સૂરણ, મૂળા, ગાજર, શકરિયાં વગેરે.

વેલાઓનાં ફળ :—તરબૂચ, દ્રાક્ષ, સાકરટેટી, વગેરે.

મોટાં ઝાડ :—પીપળો, લીંબડો, વડ, બાવળ, આંબો, ફણસ, ફોફળ, નાળિયેરી, કેળ, જમરૂખડી, દાડમી, સરગવો વગેરે.

ઘર પાસેનાં ફૂલઝાડ :—મોગરો, ગુલાબ, બારમાસી, કરેણ, ગુલદાવદી વગેરે.

(ક્રમશ:) —તા૦

પ્રાથમિક શાળામાં ગણિતશિક્ષણ

દશકપદ્ધતિ

[અનુસંધાન ગતાંક પાનું ૩૨ થી આગળ ચાલુ]

પાટિયા ઉપર ઊભા ત્રણ લીટા દોરી એ બાનાં બનાવવાં અને તેમાં અનુક્રમે મથાળે 'દસ' 'છૂટા' એમ લખવું; પછી રમત ચલાવવી. દાખલા તરીકે બાળકને કહેવું "ત્રણ દસ લાવો." બાળક દશની ત્રણ માળાઓ લાવે એટલે

દસ	છુટા
૩	૦

કહેવું "ચાલો, કેટલા દસ આણ્યા તે પાટિયા ઉપર લખીએ." બાળક કહેશે: "ત્રણ દસ છે." એટલે આપણે પાટિયા ઉપરના દસવાળા બાનામાં ૩ નો અંક લખવો અને એકના બાનામાં ૦ શૂન્ય એમ લખવું. ફરી વાર બાળકને "સાત દસ લાવો" એમ કહી તે લાવે એટલે માળા ગણી લઇ બાનામાં લખવું. આ રીતે બેત્રણ વાર જુદી જુદી રીતે દસ મગાવવા અને લખવા. બાળકને જો આ સમય દરમિયાન આંકડા માંડતાં આવડી ગયું હોય તો બેત્રણ વાર આપણે લખી બતાવ્યા પછી બાનામાં બાળક પાસે જ લખાવવું. પણ જો બાળકને લખતાં આવડતું ન હોય તો આપણે જ લખવું; એટલા બાતર દશકની સંખ્યાનું શિક્ષણ અટકાવવાની જરૂર નથી. બાળક દસની માળાઓ ગણીને આણે તે ગણી જોવી, આપણે જ પાટિયા ઉપર બાનામાં દાખલા તરીકે ચાર દસ મગાવ્યા

દસ	છૂટા
૭	૦
૪	૦

હોય તો લખી બતાવવા અને બાળકને વાંચવા કહેવું. બાળક વાંચતી વખતે આનાં જોઇ "ચાર દસ" વાંચે છે તે બરાબર જોતા રહેવું.

આ પછીના પગલા તરીકે પાટિયા ઉપર આનામાં આપણે લખેલી સંખ્યાઓ બાળક વાંચે અને તે પ્રમાણે માળાઓ લાવે તે છે. દાખલા તરીકે આપણે બાજુમાં બતાવ્યા પ્રમાણે પાટિયા ઉપર લખ્યું હોય તો બાળક પાસે વંચાવવું "પાંચ દસ", અને પછી બાળક ડબીમાંથી દસની ગણીને પાંચ માળાઓ લાવે તેમ કરવું.

દસ	છૂટા
૫	૦

આ પછીનું સાધન તે દસ, સો અને હજારના આંકડાઓ લખેલાં કાર્ડ એટલે પત્તાંઓનું છે. આ સાધનો બજારમાંથી તૈયાર મળે છે તે લીધાં હોય તો ઠીક, નહિતર શિક્ષક જાતે પણ બનાવી શકે છે. સારાં પોસ્ટકાર્ડો આવે છે તેના ચોરસ ૩" × ૩" ના કટકા કરી દરેક ઉપર ૧ થી ૯ સુધીના આંકડા લખીને તેને એકમ તરીકે ગણીએ તો ૧૦, ૨૦,.....૯૦ ના આંકડા માટેનાં કાર્ડો ૩" × ૬" નાં એટલે એકમનાં પત્તાં કરતાં બમણાં લાંબાં લેવાનાં, ૧૦૦, ૨૦૦,.....૯૦૦ ના આંકડાઓ માટેનાં કાર્ડો ૩"×૯" ના માપનાં અને ૧૦૦૦, ૨૦૦૦, ૯૦૦૦ માટેનાં પત્તાં ૩"×૧૨" નાં માપનાં લેવાં જોઇએ. આ પત્તાં જાડાં અને જલદી વળી ન જાય તેવાં લીધાં હોય તો વધારે સારું; જેથી ઘણાં બાળકો વાપરે તોપણ વારંવાર નવાં બનાવવાં ન પડે.

આ આંકડાઓ લખવા માટે ડૉ૦ મોન્ટી-સોરીએ રંગોની પસંદગી પણ નક્કી કરી રાખી છે. આ રંગની પસંદગી તેમનાં ગણિતનાં બધાં સાધનોમાં આગળ સતત ચાલ્યા કરે છે. બજારમાં મળતાં પત્તાંઓમાં પણ આવા જ રંગો વાપરેલાં તૈયાર પત્તાંઓ મળે છે. એટલે આપણે પણ જાતે બનાવવાનાં સાધનોમાં એ જ રંગો પસંદ કરવામાં સરળતા વધે છે. આ રંગો તે એકમ અથવા છૂટા માટેનો લીલો, દશક અથવા દસ માટેનો વાદળી, શતક અથવા સો માટેનો લાલ અને હજાર માટેનો એકમ જેવો જ લીલો રંગ છે. અંગ્રેજીમાં ગણવાની પદ્ધતિ ત્રણ ત્રણ આંકડા ચડતા જાય ત્યારે નામ બદલાય એવી છે, જ્યારે આપણે ત્યાં હજાર પછી બબે આંકડે નામ બદલાય છે—જેમકે હજાર—દસહજાર, લાખ દસલાખ, કરોડ—દસ કરોડ. એટલે આપણે આથી આગળનાં પત્તાં બનાવવાં હોય તો હજારનો લીલો, દસ હજારનો વાદળી, લાખનો લીલો, દસ લાખનો વાદળી, વળી કરોડનો લીલો તો દસ કરોડનો વાદળી એમ ગોઠવવા.

સાધન વાપરવાની શરૂઆત આ પ્રમાણે કરવી.

પ્રથમ તો દસ લખેલાં પત્તાં વાંચીને બાળક તે પ્રમાણે માળાઓ લાવે. જેમકે ૫૦ નું કાર્ડ બાળકને બતાવીએ તો તે દસની પાંચ માળા લાવે. આટલું પાકું થઇ જાય એટલે એથી ઊલટી રીતની રમત શરૂ કરવી. એટલે કે આપણે હાથમાં થોડીક માળાઓ લઇ બાળક પાસે ગણાવી તે સંખ્યા ઓળખાવતું કાર્ડ બાળક લાવે; જેમકે દસની સાત માળાઓ લીધી હોય તો બાળકે ૭૦ નું કાર્ડ લાવી આપવું જોઇએ.

આની પછીનું પગલું તે બંને જાતના આંકડા આવે તેવી સંખ્યાઓનો ઉપયોગ બાળકે

કરતાં શીખવાનું છે—એટલે કે બાળકે દસ અને છૂટા બંને આણતાં શીખવાનું છે. બાળકને કહેવું: "ત્રણ દસ અને છૂટા ચાર લાવો, તથા પાટિયા પર લખો". વારંવારના પુનરાવર્તન પછી આવડી જાય એટલે કાર્ડોની મદદથી વધારે પાકું કરી લેવું. ૬૦ ના કાર્ડ ઉપર જમણી બાજુ મીડા ઉપર ૪ નું કાર્ડ મૂકીએ તો ૬૪ દેખાય. એ બતાવી બાળકને એ સંખ્યા લાવવાનું કહેવું; જો તુરત ન સમજે તો ૬૦ અને ૪ નાં કાર્ડ જુદાં પાડી બતાવવાં, અને પાટિયા પર લખવાનું કહેવું. તે પછી ૬૦ વાળા કાર્ડ ઉપર શૂન્યની જગ્યાએ ૪નું કાર્ડ ફરી વાર મૂકીને ખાતરી કરાવવી કે આ રીતે ગોઠવેલી સંખ્યા તેમ જ પાટિયા પર લખેલી સંખ્યા સરખી જ છે. આ રીતે પ્રથમ કાર્ડ બતાવીને બાળક તે પ્રમાણે દસની માળા અને છૂટાં મોતી લાવે એમ થોડી વાર ચાલવા દેવું. તે પછી થોડીક માળા અને છૂટાં મોતી લઈને બાળકને તે સંખ્યા દર્શાવનારાં કાર્ડો લાવવાનું કહેવું. બેશક બાળક ૬૪ ની સંખ્યાને "છ દસ અને ચાર" એવા શબ્દોથી ઓળખશે અને બોલશે. "છગડે પાંચડે પાંસઠ" એવી રીતે બાળક પાસે બોલાવવાની જરૂર નથી.

દસ	છૂટા
૩	૪

બીજી વાત એ છે કે આમાં સમજવાપણું બહુ ન હોવા છતાં એમાં મહાવરાની જરૂર વધારે છે, અને તેથી બાળક પુનરાવર્તનોથી આ બધું પાકું કરે એમ થવા દેવું.

આની પછી આ જ રીતે સોનો પરિચય કરાવી શકાય. એમાં પણ પુનરાવર્તનો પછી બાળકને મહાવરો થઈ જતાં હજારને લઈ શકાય.

દસની સંખ્યાનો પરિચય સિદ્ધ થતાં અઠવાડિયું પંદર દિવસ જાય તોપણ ધીરજ રાખવી. એટલા સમયમાં એ બધું બાળકને બરાબર પાકું થાય તે પણ જરૂરનું છે. તે પછી સો અને હજારનો પરિચય સાધવામાં બહુ વખત નહિ જાય; કેમકે પાટિયા ઉપર કેમ લખાય છે અને તે જ સંખ્યા કાર્ડ ઉપર કેવી રીતે ગોઠવાય તથા વંચાય છે એ ક્રિયા પરિચયથી જાણીતી બની જાય છે. અને સંખ્યામાં તો ફક્ત દસ સુધી ગણતાં આવડે એટલું જ જરૂરી હોય છે. બાળકોને ૭૩૯૮ જેવી મોટી લંખ્યા આપો તોપણ તેમણે આણવાની ચીજોમાં તો ૭ ધન, ૩ ચોરસ, ૯ માળા અને ૮ છૂટાં મોતી જ લાવવાનાં હોય છે. જેમ બીજી ચીજે દસ સુધી ગણવાની હોય તો કશું મુશ્કેલી ભર્યું નથી થતું તેવું જ આ ધન, ચોરસ કે માળાની બાબતમાં છે; કેમકે ગણવામાં દરેક ચીજમાં 'નવ' કરતાં વધારે તો ગણવા જ પડતા નથી, એટલે આમાં કશું મુશ્કેલ તો છે જ નહિ. એટલે આ રમતમાં બાળકો લખેલી સંખ્યા પરથી ઝપાટાબંધ ધન, ચોરસ વગેરે

હ	સો	દ	છૂટા
૭	૩	૯	૮

વસ્તુઓ હાજર કરે છે, તેમ જ એ ચીજો આપો તો તે પરથી આંકડા બતાવનારાં કાર્ડો રજૂ કરે છે; એ જ રીતે પાટિયા ઉપર અથવા સ્લેટમાં પણ બાનાં પાડી આપ્યાં હોય તો તેઓ તુરત સંખ્યા લખી આપે છે. આ રીતે રકમ લખવી ઘણી સહેલી છે કેમકે બાળક પાસે ધન, ચોરસ, માળા વગેરે તૈયાર જુદી જુદી જાતની વસ્તુઓ હોવાથી હજાર કેટલા તો ૭, સો કેટલા તો ૩, દસ કેટલા તો ૯ અને છૂટા ૮ એ આંકડા મોતીના ધન, ચોરસ, માળાઓ અને છૂટાં મોતી ગણીને બાળક સહેલાઈથી કહી શકે છે: અને ૧ થી ૯ સુધીના

આંકડા લખતાં તો બાળકને પાકા આવડતા જ હોય છે.

આ જ રીતે સમજણપૂર્વક સંખ્યા વાંચી ચીને લાવવાનું, સંખ્યા વાંચવાનું અને લખવાનું કાર્ય ૪॥–૫ વર્ષની ઉંમરનાં બાળકો કરી શકે છે.

સંખ્યાલેખનમાં બાળકને માટે સૌથી મુશ્કેલીભર્યું કામ આજ સુધી રકમ લખવામાં જ્યારે શૂન્ય આવે છે ત્યારે જણાયું છે. મોન્ટીસોરી પદ્ધતિથી અથવા ઉક્ત સાધનોથી સંખ્યાલેખન શીખનારાં બાળકો માટે આ કામ સાવ સહેલું બની જાય છે. જેમકે બાળકને સાતહજાર છ લાવવાનું મોંએ કહ્યું. તુરત બાળક સાત ઘન અને છ છૂટાં મોતી લાવી આપશે; તેમ જ સંખ્યા લખવાનું કહેતાં હજારના ખાનાંમાં ૭ લખશે, સો તથા દસ નથી માટે બંને ખાનામાં મીંડાં અને છૂટાના ખાનામાં ૬ લખશે. કાર્ડની બાબતમાં આ બિના વધારે ચોખ્ખી દેખાઇ આવે છે. કેમકે ૭૦૦૦ ના કાર્ડ ઉપર ૬ વાળું કાર્ડ મૂકતાં ૭૦૦૬ એમ સ્પષ્ટ વંચાય છે. કાર્ડની મેળવણીમાં ભૂલ ન થઇ જાય તે સારુ બાળકને આટલી રીત બરાબર પાકી કરાવવી. સંખ્યા માટેનાં બધાં કાર્ડોમાં પહેલાં હજારનું, તે ઉપર સોનું, તે ઉપર દસનું અને તે ઉપર છૂટાનું કાર્ડ બરાબર ડાબી બાજુ આંકડા પર આંકડા આવે તેમ ગોઠવીને પછી જમણી બાજુએ બધાં કેઠ અડી જાય એવી રીતે ભોંયે ઠપકારીને ફરી ગોઠવવાં. આમ કરવામાં બે, ત્રણ, ચાર, જેટલી જાતનાં કાર્ડો હોય તે બધાં સરકીને યથાસ્થાને ગોઠવાઇ જાય છે, અને લંબાઇ દરેકની માપસરની હોવાથી

૩	૪	૫	૭

ની રીતે ગોઠવાય છે ને સંખ્યા બરાબર રીતે એટલે ત્રણ હજાર, ચાર સો, પાંચ દસ અને સાત એમ વાંચી શકાય છે.

[ક્રમશઃ] -તા૦

દૃષ્ટિભ્રમ

(૨)

[બાળકમાં જન્મથી જ રહેલી કેટલીક વૃત્તિઓના વિકાસને અંગે થતી સાહજિક ક્રિયાઓને આપણે તોફાન તરીકે ઓળખીએ–ઓળખાવીએ છીએ. આ એક દૃષ્ટિભ્રમ હોઇ તે સામે લાલબત્તી ધરવાનું યોગ્ય ધારું છું. અત્રે એવી એક વૃત્તિને કચડી નાખતો પ્રસંગ આપ્યો છે. —લેખક.]

ધખધખતા ઉનાળાનો કારમો વૈશાખી તાપ તપતો હતો. ખરા મધ્યાહ્ન થયા હતા. આકાશમાંથી અગ્નિ અવનિ પર વરસતો હોય તેમ લૂના સપાટા વાતા હતા. સર્વત્ર ત્રાસ ત્રાસ થઇ રહ્યો હતો.

મારા ઘર પાસે એક અવાવર ઘર હતું. ત્યાં એક હીંચકા ઊપર રોજિંદા કાર્યક્રમ પ્રમાણે થોડાંક બાળકો ભેગાં થયાં હતાં. એક બાળકો હીંચકા ઉપર ઊભો હતો. બીજાં થોડાંક બાળકો માની લીધેલી હીંચકા રૂપી એ ગાડીમાં બેસવા જરા દૂર ઊભેલા વિનુ પાસેથી ટિકિટ મેળવી રહ્યાં હતાં. ઊભા રહેલ મનુએ પૂ...પીપ–પીપ–પીપ કરીને ગાડી ઉપાડી. થોડી વારે તે ઊભી રહી ત્યાં તો 'એ ભજિયાં ગરમ મસાલેદાર' 'એ શેકે, ચા લાવું ચા?' 'ઠંડા બ્રાહ્મણિયા પાણી' અને એ બધાની વચ્ચેથી વીજના ઝબકારાની જેમ એક ફેરિયાનો 'એ સંદેશ, વંદેમાતરમ્. જન્મભૂમિ, એકેએક આનો,' ૪૦ કોલાહલે સ્ટેશન આવ્યાની સચોટ જાહેરાત આપી દીધી.

વળી બાબુ અને કેતુ તો મોંએ ભજિયાં ખાતા હોય તેવો દેખાવ કરતા અને એ જ રીતે પાણી-ને ચા માની પીવા લાગ્યા. નિર્દોષ બાળસમષ્ટિના આવા મહામોંઘા પ્રસંગને ગાડીની યાંત્રિક ગતિ શું સમજે? એટલે સુરેશે સીટી વગાડી, ઘન્ટ હલાવી અને ગાડી તો ઊપડી. 'છ...ક...પ...ક, છ...ક...પ...ક,' 'છ છ રોટલા બબે પૈસા, છ છ રોટલા બબે પૈસા' એવા સૂરો ગાડીની ચાલ દ્વારા ઉઠતા હોય એમ કલ્પનાથી બે બાળકો બોલતાં.

પણ એટલામાં તો, સૂર્યપ્રભુના ક્રોધનો ભોગ બનેલી 'લૂ' સરકારની બહાદુરીભરી પીછેહઠ પોતાના પ્રદેશ ઉપર આક્રમણ ન કરી બેસે એવા અગમચેતીભર્યા હેતુથી બંને બારણાં બંધ કરી સૂતેલાં જીવકોર મા બરાડી ઊઠ્યાં: "આ ઉછેઘાં એક જીવ લઇ ગયાં! બપોર થયા, આ ઘડી હખેદખે આંખ મેંચી પડયાં રહ્યાં, ત્યાં તો ભજિયાં ગરમ ને પથરા ગરમની મોંકાણ મંડાણી જ છે તો! મારાં રોયાં આંયથી જરા આઘાં ય ટળતાં નથી. આખા ય ફળિયાનો હેડિયારો આંઇ ભેગો થાય છે, એ તે મારી બઇ શી રીતે પોહાય?"

જીવકોર માનો પડકાર બાળકોને મારની પૂર્વભૂમિકા રૂપ જ લાગતો એટલે ત્યાંથી નાસી જવામાં જ સલામતી માની તેઓ થોડે દૂર જઇ એક પાછળ બીજો એમ એકબીજાનાં કમીસ પકડી હારબંધ ઊભા રહ્યા. છેલ્લો છોકરો આમ લંબાયલી મોટર ગાડીનો 'કલીનર' બન્યો. તે બોલ્યે જ જતો હતો. 'સ્ટેશન ગાર્ડન, હિન્દુ લૉજ.' અને પ્રથમના છોકરાએ 'હુરૂ-રૂ-રૂ...ભપોં, ભપોં, ભપોં, ભોં' કરી મોટર ઉપાડી.

પણ સ્ટેશન આવે તે પહેલાં તો સંતોકે 'કાચી' સળવળ્યાં અને ત્યાં ને ત્યાં જ સ્ટેશન ગાર્ડન ને હિન્દુ લોજ ત્રણે એક સાથે આવી ગયાં હોય તેમ મોટર છૂટી ગઇ! બેસારુ ધરભણી ત્વરિત ગતિથી ચાલવા માંડ્યાં. બહારના તાપને જોઇ સૂરને બહાર નીકળવું જ નહોતું, છતાં ય સંતોકકાકી ચીમનને જોઇ બરકી ઊઠ્યાં: "મારા રોયા ઊભો રે'જે, સૂઇ જાય છી ક નઇ? આ દન માથે આયો સ, આ રણ સેકાય સ ન રઝળસ તે પછી ગાંડ નાંખીને પડે ત્યારે કુણ ગધ્ધારાથ તારી સાકરી કરવાનું શ?" બીજી બાજુ બાબુના ગાલ ઉપર ત્રણ ચાર તમાચ ચોડી દેવાની તૈયારીમાં તેના મોટાભાઇ તાપના બબી (?) જેવું વિકરાળ મુખ ધારણ કરી ઊભા હતા. અને સુરેશને માટે તો રવિવારની ડહાપણભરી યોજનાને તિરસ્કારતા હોય તેવા મહેતાજી સાહેબ તૈયાર જ હતા. ચાલીશ વર્ષની ઉંમરે પણ 'ચીમનકાકાનાં નવી'નું બિરુદ સચવાઇ રહ્યાના ગૌરવ સાથે, કટિને સર્પ ચાલ શીખવતાં શીખવતાં આવતાં ચંપાકાકી બોલી ઊઠ્યાં: "તે માસ્તર શાહેબ, આ રવિવાર તે કયા હૈયાફૂટાએ કર્યો હશે? તમે તમારે છનામાંના રોજ ઘંટ વગાડી આ ઠાઠને ભેગી કરી બેસી રહેતા હો તો શું બોટું? ના, ઠીક છે, છોકરું કહીએ તેમ કરે તેવું, કલ્યાગરું, ડાહ્યુંડમરું, નરમ સ્વભાવનું, એક જગાએ બેસી રહે તેવું, ટીકટીક ન કરે તેમ માથું ન બાઇ જાય તેવું તથા મરતાને ય મેર ન કહે તેવું હોય તો તો જાણે કે સમજ્યાં! પણ આ તો મારી બઇ સવારથી સાંજ સુધી જીવ લઇ ગ્યાં."

'પણ મને ઊંઘ નથી આવતી' એમ કહેતો વિનુ રડતો હતો. સુરેશ આંખો ચોળતો ચોળતો વાંચતો હતો. બાબુનાં 'ડૂસકાં' પાસેના ઘરમાંથી

સંભળાતાં હતાં. 'ભઇશાખ કહું છું, હવે કોઇ દિવસ નહિ જાઉં" એમ બૂમો પાડતો ચમન હૃદયમાં દયા અને વેદના જન્માવતો હતો. 'રાંડ, છોડીના અવતારમાં છોકરા ભેગું રખડવું શું?' એમ કહેતાં ચંચળમાશી બિચારી કમુડીને ધોકેણે ને ધોકેણે મારી રહ્યાં હતાં. આખું ય ફળિયું ત્રાસ ને દુઃખથી કકળી ઊઠ્યું!

—રવિ

[નોંધ: બાળકોને આનંદ લેવાનો અધિકાર તો અવશ્ય છે. પરંતુ તેમના એ આવિષ્કારને સામાજિક બંધનો હોઇ માર્ગદર્શનની વધારે આવશ્યકતા રહે છે. સંપાદક]

શું કરવું જોઈએ?

બાળકો સાથે કામ કરતાં ઘણી વાર માનસશાસ્ત્રના સિદ્ધાંતોને આપણે મૂકવા જેવી પરિસ્થિતિ આવી લાગે છે. આવે વખતે શું કરવું એ પ્રશ્ન થઇ પડે છે. -

આવો એક દાખલો બન્યો છે.

મારી વીણાનો દાંત સડતો હતો. ચાર છ મહિને દાંતની તપાસ કરવાં છતાં દાંત સડવા માંડ્યો. સડવા માંડ્યા પછી ગમે તે કારણે આખો દાંત પડી ન ગયો, અને એથી નવો દાંત ત્રાંસો ઊગે એવી બીક લાગવા માંડી; સિવાય નવા દાંતને પણ સડો પેસે તો? આ બધાં કારણોને લઇ ડૉક્ટરે સડી ગયેલો જરા હલતો હતો તે દાંત ખેંચી કાઢવાની સલાહ આપી.

પણ વીણાને એ ગમ્યું નહિ. ઘણું સમજાવ્યા છતાં દાંત ખેંચાવી લેવા તે તૈયાર ન થઇ. ઘણી મહેનતે આખરે તેણે હા તો પાડી પણ દાંતના ડૉક્ટરને ત્યાં ગયા પછી ઑપરેશનની ખુરશી પર બેઠા પછી મોં આડા હાથ દાબી દીધા તે કેમે કરી બેસવે નહિ. દાંતના ડૉક્ટર અમારા ખાસ મિત્ર હતા અને અમારી પેઠે જ શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતોમાં માનતા હોવાથી બાળક પર જોરજુલમ ન કરવામાં તે પણ સહમત થયા.

તે દિવસે વીણાને ઘેર પાછી લઇ ગયા. પંદરેક દિવસે ફરી વાર ઘણું સમજાવીને ડૉક્ટરને ત્યાં આણી. ખુરશી પર પણ શાંતિથી બેઠી. પણ જેવો ડૉક્ટરે દાંત ખેંચવાનો ચીપિયો ઉપાડ્યો કે ફરી વીણા બદલાઇ ગઇ. દાંત ખેંચાવવાની તેણે હરગિજ ના પાડી. આ વખતે પણ ડૉક્ટરની સંમતિથી અમે દાંત ખેંચાવવાનું મુલતવી રાખ્યું.

વળી થોડા દિવસ પસાર થવા દઇ ત્રીજી વાર અમે પ્રયત્ન કર્યો. પણ વીણા છેવટે ફસકી ગઇ. અમે અને ડૉક્ટર પણ હવે કંટાળી ગયા હતા. દાંત ખેંચાવવામાં મોહું કરવામાં ગેરલાભ થતો હતો એટલે તે ખેંચાવે જ છૂટકો હતો. આખરે અમે જોરજુલમથી પણ દાંત તો ખેંચવો જ એમ વીણાની હાજરીમાં જ ત્યાં ઠરાવ્યું.

મારાં પત્ની સાથે જ હતાં. તેમણે વીણાને ખુરશી પર પકડી રાખી, ને મેં તેનું માથું પકડી રાખ્યું. નર્સે દાંત ખેંચવાનો ચીપિયો કાઢવા કપાટનું બારણું ઉઘાડ્યું. બધી તૈયારી જોતાં જ વીણાએ પોતે ખુશી બતાવી અને પોતાને છોડી દેવાનું અમને કહ્યું! તેણે જોયું કે ગમે તે ઉપાયે આ વખતે દાંત ખેંચાવવો જ પડશે એટલે આખરે વીણા તે માટે કબૂલ થઇ, ને શાંત બેઠી. દાંત હલતો જ હતો. ચીપિયાવડે ડૉક્ટરે સપાટાબંધ દાંત ખેંચી લીધો; પૂરી

કરતાં શીખવાનું છે— એટલે કે બાળકે દસ અને છૂટા બંને આણતાં શીખવાનું છે. બાળકને કહેવું: "ત્રણ દસ અને છૂટા ચાર લાવો, તથા

દસ	છૂટા
૩	૪

પાટિયા પર લખો". વારંવારના પુનરાવર્તન પછી આવડી જાય એટલે કાર્ડોની મદદથી વધારે પાકું કરી લેવું. ૬૦ ના કાર્ડ ઉપર જમણી બાજુ મીડા ઉપર ૪ નું કાર્ડ મૂકીએ તો ૬૪ દેખાય. એ બતાવી બાળકને એ સંખ્યા લાવવાનું કહેવું; જો તુરત ન સમજે તો ૬૦ અને ૪ નાં કાર્ડ જુદાં પાડી બતાવવાં, અને પાટિયા પર લખવાનું કહેવું. તે પછી ૬૦ વાળા કાર્ડ ઉપર શૂન્યની જગ્યાએ ૪નું કાર્ડ ફરી વાર મૂકીને ખાતરી કરાવવી કે આ રીતે ગોઠવેલી સંખ્યા તેમ જ પાટિયા પર લખેલી સંખ્યા સરખી જ છે. આ રીતે પ્રથમ કાર્ડ બતાવીને બાળક તે પ્રમાણે દસની માળા અને છૂટાં મોતી લાવે એમ થોડી વાર ચાલવા દેવું. તે પછી થોડીક માળા અને છૂટાં મોતી લઈને બાળકને તે સંખ્યા દર્શાવનારાં કાર્ડો લાવવાનું કહેવું. બેશક બાળક ૬૪ ની સંખ્યાને "છ દસ અને ચાર" એવા શબ્દોથી ઓળખશે અને બોલશે. "છગડે પાંચડે પાંસઠ" એવી રીતે બાળક પાસે બોલાવવાની જરૂર નથી.

ખરી વાત એ છે કે આમાં સમજવાપણું બહુ ન હોવા છતાં એમાં મહાવરાની જરૂર વધારે છે, અને તેથી બાળક પુનરાવર્તનોથી આ બધું પાકું કરે એમ થવા દેવું.

આની પછી આ જ રીતે સોનો પરિચય કરાવી શકાય. એમાં પણ પુનરાવર્તનો પછી બાળકને મહાવરો થઇ જતાં હજારને લઇ શકાય.

દસની સંખ્યાનો પરિચય સિદ્ધ થતાં અઠવાડિયું પંદર દિવસ જાય તોપણ ધીરજ રાખવી. એટલા સમયમાં એ બધું બાળકને બરાબર પાકું થાય તે પણ જરૂરનું છે. તે પછી સો અને હજારનો પરિચય સાધવામાં બહુ વખત નહિ જાય; કેમકે પાટિયા ઉપર કેમ લખાય છે અને તે જ સંખ્યા કાર્ડ ઉપર કેવી રીતે ગોઠવાય તથા વંચાય છે એ ક્રિયા પરિચયથી જાણીતી બની જાય છે. અને સંખ્યામાં તો ફક્ત દસ સુધી ગણતાં આવડે એટલું જ જરૂરી હોય છે. બાળકોને ૭૩૯૮ જેવી મોટી લંબ્યા આપો તોપણ તેમણે આણવાની ચીજોમાં તો ૭ ધન, ૩ ચોરસ, ૯ માળા અને ૮ છૂટાં મોતી જ લાવવાનાં હોય છે. જેમ બીજી ચીજો દસ સુધી ગણવાની હોય તો કશું મુશ્કેલી ભર્યું નથી થતું તેવું જ આ ધન, ચોરસ કે માળાની બાબતમાં છે; કેમકે ગણવામાં દરેક ચીજમાં 'નવ' કરતાં વધારે તો ગણવા જ પડતા નથી, એટલે આમાં કશું મુશ્કેલ તો છે જ નહિ. એટલે આ રકમતમાં બાળકો લખેલી સંખ્યા પરથી ઝપાટાબંધ ધન, ચોરસ વગેરે

હ	સો	દ	છૂટા
૭	૩	૯	૮

વસ્તુઓ હાજર કરે છે, તેમ જ એ ચીજો આપો તો તે પરથી આંકડા બતાવનારાં કાર્ડો રજૂ કરે છે; એ જ રીતે પાટિયા ઉપર અથવા સ્લેટમાં પણ બાનાં પાડી આપ્યાં હોય તો તેઓ તુરત સંખ્યા લખી આપે છે. આ રીતે રકમ લખવી ઘણી સહેલી છે કેમકે બાળક પાસે ધન, ચોરસ, માળા વગેરે તૈયાર જુદી જુદી જાતની વસ્તુઓ હોવાથી હજાર કેટલા તો ૭, સો કેટલા તો ૩, દસ કેટલા તો ૯ અને છૂટાં ૮ એ આંકડા મોતીના ધન, ચોરસ, માળાઓ અને છૂટાં મોતી ગણીને બાળક સહેલાઇથી કહી શકે છે; અને ૧ થી ૯ સુધીના

આંકડા લખતાં તો બાળકને પાકા આવડતા જ હોય છે.

આ જ રીતે સમજણપૂર્વક સંખ્યા વાંચી ચીજો લાવવાનું, સંખ્યા વાંચવાનું અને લખવાનું કાર્ય ૪॥–૫ વર્ષની ઉંમરનાં બાળકો કરી શકે છે.

સંખ્યાલેખનમાં બાળકને માટે સૌથી મુશ્કેલીભર્યું કામ આજ સુધી રકમ લખવામાં જ્યારે શૂન્ય આવે છે ત્યારે જણાયું છે. મોન્ટીસોરી પદ્ધતિથી અથવા ઉક્ત સાધનોથી સંખ્યાલેખન શીખનારાં બાળકો માટે આ કામ સાવ સહેલું બની જાય છે. જેમકે બાળકને સાતહજાર છ લાવવાનું મોંએ કહ્યું. તુરત બાળક સાત ઘન અને છ છૂટાં મોતી લાવી આપશે; તેમ જ સંખ્યા લખવાનું કહેતાં હજારના ખાનાંમાં ૭ લખશે, સો તથા દસ નથી માટે બંને ખાનામાં મીંડાં અને છૂટાના ખાનામાં ૬ લખશે. કાર્ડની બાબતમાં આ બિના વધારે ચોખ્ખી દેખાઇ આવે છે. કેમકે ૭૦૦૦ ના કાર્ડ ઉપર ૬ વાળું કાર્ડ મૂકતાં ૭૦૦૬ એમ સ્પષ્ટ વંચાય છે. કાર્ડની મેળવણીમાં ભૂલ ન થઇ જાય તે સારુ બાળકને આટલી રીત બરાબર પાકી કરાવવી. સંખ્યા માટેનાં બધાં કાર્ડોમાં પહેલાં હજારનું, તે ઉપર સોનું, તે ઉપર દસનું અને તે ઉપર છૂટાનું કાર્ડ બરાબર ડાબી બાજુ આંકડા પર આંકડા આવે તેમ ગોઠવીને પછી જમણી બાજુએ બધાં કેઠ અડી જાય એવી રીતે ભોંયે ઠપકારીને ફરી ગોઠવવાં. આમ કરવામાં બે, ત્રણ, ચાર, જેટલી જાતનાં કાર્ડો હોય તે બધાં સરકીને યથાસ્થાને ગોઠવાઇ જાય છે, અને લંબાઇ દરેકની માપસરની હોવાથી

૩	૪	૫	૭

ની રીતે ગોઠવાય છે ને સંખ્યા બરાબર રીતે એટલે ત્રણ હજાર, ચાર સો, પાંચ દસ અને સાત એમ વાંચી શકાય છે.

[ક્રમશઃ] —તા૦

દૃષ્ટિભ્રમ

(૨)

[બાળકમાં જન્મથી જ રહેલી કેટલીક વૃત્તિઓના વિકાસને અંગે થતી સાહજિક ક્રિયાઓને આપણે તોફાન તરીકે ઓળખીએ–ઓળખાવીએ છીએ. આ એક દૃષ્ટિભ્રમ હોઇ તે સામે લાલબત્તી ધરવાનું યોગ્ય ધારું છું. અત્રે એવી એક વૃત્તિને કચડી નાખતો પ્રસંગ આપ્યો છે. —લેખક.]

ધખધખતા ઉનાળાનો કારમો વૈશાખી તાપ તપતો હતો. બરાબર મધ્યાહ્ન થયા હતા. આકાશમાંથી અગ્નિ અવનિ પર વરસતો હોય તેમ ઊના સપાટા વાતા હતા. સર્વત્ર ત્રાસ ત્રાસ થઇ રહ્યો હતો.

મારા ઘર પાસે એક અવાવર ઘર હતું. ત્યાં એક હીંચકા ઊપર રોજિંદા કાર્યક્રમ પ્રમાણે થોડાંક બાળકો ભેગાં થયાં હતાં. એક બાળકો હીંચકા ઉપર ઊભો હતો. બીજાં થોડાંક બાળકો માની લીધેલી હીંચકા રૂપી એ ગાડીમાં બેસવા જરા દૂર ઊભેલા વિનુ પાસેથી ટિકિટ મેળવી રહ્યાં હતાં. ઊભા રહેલ મનુએ પૂ...પીપ–પીપ–પીપ કરીને ગાડી ઉપાડી. થોડી વારે તે ઊભી રહી ત્યાં તો 'એ ભજિયાં ગરમ મસાલેદાર' 'એ શેકે, યા લાવું યા ?' 'ઠંડા બ્રાહ્મણિયા પાણી' અને એ બધાની વચ્ચેથી વીજના ઝબકારાની જેમ એક ફેરિયાનો 'એ સંદેશ, વંદેમાતરમ્, જન્મભૂમિ, એકેએક આનો,' ઇ૦ કોલાહલે સ્ટેશન આવ્યાની સચોટ જાહેરાત આપી દીધી.

આંકડા લખતાં તો બાળકને પાકા આવડતા જ હોય છે.

આ જ રીતે સમજણપૂર્વક સંખ્યા વાંચી ચીજો લાવવાનું, સંખ્યા વાંચવાનું અને લખવાનું કાર્ય ૪॥–૫ વર્ષની ઉંમરનાં બાળકો કરી શકે છે.

સંખ્યાલેખનમાં બાળકને માટે સૌથી મુશ્કેલીભર્યું કામ આજ સુધી રકમ લખવામાં જ્યારે શૂન્ય આવે છે ત્યારે જણાયું છે. મોન્ટીસોરી પદ્ધતિથી અથવા ઉક્ત સાધનોથી સંખ્યાલેખન શીખનારાં બાળકો માટે આ કામ સાવ સહેલું બની જાય છે. જેમકે બાળકને સાતહજાર છ લાવવાનું મોંએ કહ્યું. તુરત બાળક સાત ધન અને છ છૂટાં મોતી લાવી આપશે; તેમ જ સંખ્યા લખવાનું કહેતાં હજારના ખાનાંમાં ૭ લખશે, સો તથા દસ નથી માટે બંને ખાનામાં મીંડાં અને છૂટાના ખાનામાં ૬ લખશે. કાર્ડની બાબતમાં આ બિના વધારે ચોખ્ખી દેખાઈ આવે છે. કેમકે ૭૦૦૦ ના કાર્ડ ઉપર ૬ વાળું કાર્ડ મૂકતાં ૭૦૦૬ એમ સ્પષ્ટ વંચાય છે. કાર્ડની મેળવણીમાં ભૂલ ન થઈ જાય તે સારુ બાળકને આટલી રીત બરાબર પાકી કરાવવી. સંખ્યા માટેનાં બધાં કાર્ડોમાં પહેલાં હજારનું, તે ઉપર સોનું, તે ઉપર દસનું અને તે ઉપર છૂટાનું કાર્ડ બરાબર ડાબી બાજુ આંકડા પર આંકડા આવે તેમ ગોઠવીને પછી જમણી બાજુએ બધાં કેડે અડી જાય એવી રીતે ભોંયે ઠપકારીને ફરી ગોઠવવાં. આમ કરવામાં બે, ત્રણ, ચાર, જેટલી જાતનાં કાર્ડો હોય તે બધાં સરકીને યથાસ્થાને ગોઠવાઈ જાય છે, અને લંબાઈ દરેકની માપસરની હોવાથી

૩	૪	૫	૭

ની રીતે ગોઠવાય છે ને સંખ્યા બરાબર રીતે એટલે ત્રણ હજાર, ચાર સો, પાંચ દસ અને સાત એમ વાંચી શકાય છે.

[ક્રમશઃ] —તા૦

દૃષ્ટિભ્રમ

(૨)

[બાળકમાં જન્મથી જ રહેલી કેટલીક વૃત્તિઓના વિકાસને અંગે થતી સાહજિક ક્રિયાઓને આપણે તોફાન તરીકે ઓળખીએ–ઓળખાવીએ છીએ. આ એક દૃષ્ટિભ્રમ હોઈ તે સામે લાલબત્તી ધરવાનું યોગ્ય ધારું છું. અત્રે એવી એક વૃત્તિને કચડી નાખતો પ્રસંગ આપ્યો છે. —લેખક.]

ધખધખતા ઉનાળાનો કારમો વૈશાખી-તાપ તપતો હતો. બરા મધ્યાહ્ન થયા હતા. આકાશમાંથી અગ્નિ અવનિ પર વરસતો હોય તેમ લૂના સપાટા વાતા હતા. સર્વત્ર ત્રાસ ત્રાસ થઈ રહ્યો હતો.

મારા ઘર પાસે એક અવાવર ઘર હતું. ત્યાં એક હીંચકા ઉપર રોજિંદા કાર્યક્રમ પ્રમાણે થોડાંક બાળકો ભેગાં થયાં હતાં. એક બાળકો હીંચકા ઉપર ઊભો હતો. બીજાં થોડાંક બાળકો માની લીધેલી હીંચકા રૂપી એ ગાડીમાં બેસવા જરા દૂર ઊભેલા વિનુ પાસેથી ટિકિટ મેળવી રહ્યાં હતાં. ઊભા રહેલ મનુએ પી...પીપ–પીપ–પીપ કરીને ગાડી ઉપાડી. થોડી વારે તે ઊભી રહી ત્યાં તો 'એ ભજિયાં ગરમ મસાલેદાર' 'એ શેઠ, ચા લાવું ચા?' 'ઠંડા બ્રાહ્મણિયા પાણી' અને એ બધાની વચ્ચેથી વીજના ઝબકારાની જેમ એક ફેરિયાનો 'એ સંદેશ, વંદેમાતરમ્, જન્મભૂમિ, એકેએક આનો,' ઇ૦ કોલાહલે સ્ટેશન આવ્યાની સચોટ જાહેરાત આપી દીધી.

વળી બાબુ અને કનુ તો મોંએ ભજિયાં ખાતા હોય તેવો દેખાવ કરતા અને એ જ રીતે પાણીને ચા માની પીવા લાગ્યા. નિર્દોષ બાળસમષ્ટિના આવા મહામોંઘા પ્રસંગને ગાડીની યાંત્રિક ગતિ શું સમજે? એટલે સુરેશે સીટી વગાડી, ઘન્ટ હલાવી અને ગાડી તો ઊપડી. 'છ...ક...પ...ક, છ...ક...પ...ક,' 'છ છ રોટલા બબે પૈસા, છ છ રોટલા બબે પૈસા' એવા સૂરો ગાડીની ચાલ દ્વારા ઉઠતા હોય એમ કલ્પનાથી બે બાળકો બોલતાં.

પણ એટલામાં તો, સૂર્યપ્રભુના ક્રોધનો ભોગ બનેલી 'લૂ' સરકારની બહાદુરીભરી પીછેહઠ પોતાના પ્રદેશ ઉપર આક્રમણ ન કરી બેસે એવા અગમચેતીભર્યા હેતુથી બંને બારણાં બંધ કરી સૂતેલાં જીવકોર મા બરાડી ઊઠ્યાં: "આ ઉછેઘાં એક જીવ લઇ ગયાં! બપોર થયા, આ ઘડી હખેદખે આંખ મેંચી પડયાં રહ્યાં, ત્યાં તો ભજિયાં ગરમ ને પથરા ગરમની મોંકાણ મંડાણી જ છે તો! મારાં રોયાં આંયથી જરા આઘાં ય ટળતાં નથી. આખા ય ફળિયાનો હેડિયારો આંઇ ભેગો થાય છે, એ તે મારી બઇ શી રીતે પોહાય?"

જીવકોર માનો પડકાર બાળકોને મારની પૂર્વભૂમિકા રૂપ જ લાગતો એટલે ત્યાંથી નાસી જવામાં જ સલામતી માની તેઓ થોડે દૂર જઇ એક પાછળ બીજો એમ એકબીજાનાં ખમીસ પકડી હારબંધ ઊભા રહ્યા. છેલ્લો છોકરો આમ લંબાયલી મોટર ગાડીનો 'કલીનર' બન્યો. તે બોલ્યે જ જતો હતો. 'સ્ટેશન ગાર્ડન, હિન્દુ લૉજ.' અને પ્રથમના છોકરાએ 'હુરૂ-રૂ-રૂ...ભપોં, ભપોં, ભપોં, ભોં' કરી મોટર ઉપાડી.

પણ સ્ટેશન આવે તે પહેલાં તો સંતોક 'કાચી' સળવળ્યાં અને ત્યાં ને ત્યાં જ સ્ટેશન ગાર્ડન ને હિન્દુ લોજ ત્રણે એક સાથે આવી ગયાં હોય તેમ મોટર છૂટી ગઇ! બેસારુ ધરબણી ત્વરિત ગતિથી ચાલવા માંડ્યાં. બહારના તાપને જોઇ સૂરને બહાર નીકળવું જ નહોતું, છતાં ય સંતોકકાકી ચીમનને જોઇ બરકી ઊઠ્યાં: "મારા રોયા ઊભો રે'જે, સૂઇ જાય છી ક નઇ? આ દન માથે આયો સ, આ રણ સેકાય સ ન રઝળસ તે પછી ગાંડ નાંખીને પડે ત્યારે કુણ ગધ્ધારાથ તારી સાકરી કરવાનું શ?" બીજી બાજુ બાબુના ગાલ ઉપર ત્રણ ચાર તમાચ ચોડી દેવાની તૈયારીમાં તેના મોટાભાઇ તાપના બની (?) જેવું વિકરાળ મુખ ધારણ કરી ઊભા હતા. અને સુરેશને માટે તો રવિવારની ડહાપણભરી યોજનાને તિરસ્કારતા હોય તેવા મહેતાજી સાહેબ તૈયાર જ હતા. ચાલીશ વર્ષની ઉંમરે પણ 'ચીમનકાકાનાં નવી'નું બિરુદ સચવાઇ રહ્યાના ગૌરવ સાથે, કટિને સર્પ ચાલ શીખવતાં શીખવતાં આવતાં ચંપાકાકી બોલી ઊઠ્યાં: "તે માસ્તર શાહેબ, આ રવિવાર તે કયા હૈયાફૂટાએ કર્યો હશે? તમે તમારે છનામાંના રોજ ઘંટ વગાડી આ ઠાઠને ભેગી કરી બેસી રહેતા હો તો શું બોટું? ના, ઠીક છે, છોકરું કહીએ તેમ કરે તેવું, કહ્યાગરું, ડાહ્યુંડમરું, નરમ સ્વભાવનું, એક જગાએ બેસી રહે તેવું, ટીકટીક ન કરે તેમ માથું ન બાઇ જાય તેવું તથા મરતાનેય મેર ન કહે તેવું હોય તો તો જાણે કે સમજ્યાં! પણ આ તો મારી બઇ સવારથી સાંજ સુધી જીવ લઇ ગયાં."

'પણ મને ઊંઘ નથી આવતી' એમ કહેતો વિનુ રડતો હતો. સુરેશ આંખો ચોળતો ચોળતો વાંચતો હતો. બાબુનાં 'ડૂસકાં' પાસેના ઘરમાંથી

સંભળાતાં હતાં. 'ભઇશાબ કહું છું, હવે કોઇ દિવસ નહિ જાઉં' એમ બૂમો પાડતો ચમન હૃદયમાં દયા અને વેદના જન્માવતો હતો. 'રાંડ, છોડીના અવતારમાં છોકરા ભેગું રખડવું શું?' એમ કહેતાં ચંચળમાશી બિચારી કમુડીને ધોકેણે ને ધોકેણે મારી રહ્યાં હતાં. આખું ય ફળિયું ત્રાસ ને દુઃખથી કકળી ઊઠ્યું!

—રવિ

[નોંધઃ બાળકોને આનંદ લેવાનો અધિકાર તો અવશ્ય છે. પરંતુ તેમના એ આવિષ્કારને સામાજિક બંધનો હોઇ માર્ગદર્શનની વધારે આવશ્યકતા રહે છે. સંપાદક]

શું કરવું જોઈએ?

બાળકો સાથે કામ કરતાં ઘણી વાર માનસ-શાસ્ત્રના સિદ્ધાંતોને બાજુએ મૂકવા જેવી પરિસ્થિતિ આવી લાગે છે. આવે વખતે શું કરવું એ પ્રશ્ન થઇ પડે છે. -

આવો એક દાખલો બન્યો છે.

મારી વીણાનો દાંત સડતો હતો. ચાર છ મહિને દાંતની તપાસ કરવાં છતાં દાંત સડવા માંડ્યો. સડવા માંડ્યા પછી ગમે તે કારણે આખો દાંત પડી ન ગયો, અને એથી નવો દાંત ત્રાંસો ઊગે એવી બીક લાગવા માંડી; સિવાય નવા દાંતને પણ સડો પેસે તો? આ બધાં કારણોને લઇ ડૉક્ટરે સડી ગયેલો જરા હલતો હતો તે દાંત ખેંચી કાઢવાની સલાહ આપી.

પણ વીણાને એ ગમ્યું નહિ. ઘણું સમજાવ્યા છતાં દાંત ખેંચાવી લેવા તે તૈયાર ન થઇ. ઘણી મહેનતે આખરે તેણે હા તો પાડી પણ દાંતના ડૉક્ટરને ત્યાં ગયા પછી ઑપરેશનની ખુરશી પર બેઠા પછી મોં આડા હાથ દાબી દીધા તે કેમે કરી બેસવે નહિ. દાંતના ડૉક્ટર અમારા ખાસ મિત્ર હતા અને અમારી પેઠે જ શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતોમાં માનતા હોવાથી બાળક પર જોરજુલમ ન કરવામાં તે પણ સહમત થયા.

તે દિવસે વીણાને ઘેર પાછી લઇ ગયા. પંદરેક દિવસે ફરી વાર ઘણું સમજાવીને ડૉક્ટરને ત્યાં આણી. ખુરશી પર પણ શાંતિથી બેઠી. પણ જેવો ડૉક્ટરે દાંત ખેંચવાનો ચીપિયો ઉપાડ્યો કે ફરી વીણા બદલાઇ ગઇ. દાંત ખેંચાવવાની તેણે હરગિજ ના પાડી. આ વખતે પણ ડૉક્ટરની સંમતિથી અમે દાંત ખેંચાવવાનુ મુલતવી રાખ્યું.

વળી થોડા દિવસ પસાર થવા દઇ ત્રીજી વાર અમે પ્રયત્ન કર્યો. પણ વીણા છેવટે ફસકી ગઇ. અમે અને ડૉક્ટર પણ હવે કંટાળી ગયા હતા. દાંત ખેંચાવવામાં મોહું કરવામાં ગેરલાભ થતો હતો એટલે વે ખેંચાવે જ છૂટકો હતો. આખરે અમે જોરજુલમથી પણ દાંત તો ખેંચવો જ એમ વીણાની હાજરીમાં જ ત્યાં ઠરાવ્યું.

મારાં પત્ની સાથે જ હતાં. તેમણે વીણાને ખુરશી પર પકડી રાખી, ને મેં તેનું માથું પકડી રાખ્યું. નર્સે દાંત ખેંચવાનો ચીપિયો કાઢવા કપાટનું બારણું ઉઘાડ્યું. બધી તૈયારી જોતાં જ વીણાએ પોતે ખુશી બતાવી અને પોતાને છોડી દેવાનું અમને કહ્યું! તેણે જોયું કે ગમે તે ઉપાયે આ વખતે દાંત ખેંચાવવો જ પડશે એટલે આખરે વીણા તે માટે કબૂલ થઇ, ને શાંત બેઠી. દાંત હલતો જ હતો. ચીપિયા-વડે ડૉક્ટરે સપાટાબંધ દાંત ખેંચી લીધો; પૂરી

દસ સેંકડ પણ ભાગ્યે જ થઇ હશે. બહુ દુખ્યું પણ નહિ, ને પાંચ મિનિટમાં તો બધું સાફસૂફ થઇ પતી પણ ગયું.

મારો સવાલ એ છે કે જે બળજબરી કરવાનો નિર્ણય અમે છેવટે કર્યો, તે હિંમત પહેલી જ વાર દાખવી હોત તો દાંત ખેંચાવવાનું કામ ઘણું વહેલું પતી જાત; વીણાને દૂખતા દાંતે આટલા દિવસો ખેંચવા પડ્યા તે ન પડત; દાંત ખેંચાવવાનો પ્રશ્ન રોજ તોળાઇ રહેતો હોવાથી જે માનસિક યાતના તેને આટલા દિવસો સુધી વેઠવી પડી તે પણ ન થાત, અને અમારો સહુનો તેમજ ડૉકટરનો સમય આ બધું નાટક એત્રણ વાર ભજવતાં જે નાહકનો બરબાદ ગયો તે પણ ન જાત.

આવે પ્રસંગે, સમજણથી જ કામ લેવાનો રિવાજ કાયમ રાખવાને બદલે જરા સખ્તાઇથી કામ લેવાનું રાખીએ તો તે વ્યાજબી નથી?

ઘણી વાર બાળકો પાસેથી કાંઇ કરાવી લેવાનો વખત આવે ત્યારે 'ચોદમા રતન' નો થોડોક પ્રયોગ કરી જલદી નિકાલ, લાવવામાં અનેક જાતની મુશ્કેલીઓમાંથી બચી જવાય છે. કલાકો સુધી હડીકાઇ કરી બેસી રહેતા બાળકને ગમે તેમ સમજાવો પણ તે માનતું નથી; તેને બદલે ચોદમા રતનનો સહેજ જ ઉપયોગ કરવાથી તુરત નિકાલ આવે છે, એટલું જ નહિ પણ બીજી ક્ષણે બાળક પણ પાછું પોતાના નિત્યક્રમમા ઉલટભેર જોડાઇ જાય છે.

આવે પ્રસંગે શું કરવું ઇષ્ટ છે? માબાપો પોતાનો અનુભવ નિખાલસતાથી લખી મોકલી આ પ્રશ્ન પર અજવાળું પાડે એવી વિનંતિ છે.

(અનુવાદ)

ભા. ઘો. કર્વે.

સમાચારો

સ્વ૦ ગિજુભાઇ પુણ્યતિથિ ઉજવાશે.

ભાવનગરમાં—

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર તથા ધરશાળા બાલમંદિર દ્વારા બાલદિન ૨૩ મી જૂનના રોજ ઉજવાશે. તેમાં સામાન્ય રીતે નીચે મુજબના કાર્યક્રમો રહેશેઃ—

(૧) દ. મૂ. બાલમંદિરમાં સવારના ૯ થી ૧૧ બાળકો માટે નાટકો, વાર્તાઓ તથા નાસ્તો.
(૨) સ્વ. ગિજુભાઇનું અને અન્ય લેખકોનું બાળકેળવણી અંગેનું સાહિત્ય તથા કેળવણી વિષયક પ્રવૃત્તિઓનું દક્ષિણામૂર્તિ કલામંદિરમાં પ્રદર્શન.
(૩) બાલશિક્ષણ અંગેનો હસ્તલિખિત અંક પ્રગટ કરવો.
(૪) ગિજુભાઇના અધ્યાપનમંદિરના સ્થાનિક વિદ્યાર્થીઓની સભામાં સ્વર્ગસ્થના કામને વેગ આપે તેવા કાર્યની વિચારણા.
(૫) સાંજના શહેરીઓની જાહેર સભા.

અમદાવાદમાં—

(૧) તા. ૨૩ મી જૂન, બુધવાર

સવારના ૮ થી ૧૦॥. બધાં બાલમંદિરોનાં બાળકોનું પર્યટન—વિકટોરિયા ગાર્ડનમાં.

(૨) તા. ૨૫ મી જૂન, શુક્રવાર

સાંજના ૫॥ થી ૭॥ સમૂહપ્રાર્થના અને પ્રવચનો—બધાં બાલમંદિરોનાં બાળકોનાં વાલીઓ અને શિક્ષકો મળી.

(૩) તા. ૨૬ મી જૂન, શનિવાર બપોરથી રવિવાર સવાર સુધી.

તમામ બાલમંદિરનાં શિક્ષકોનો સહવાસ અને સહચાર—શનિવારે બપોરના એકથી રવિવાર સવારના સૂર્યોદય સુધી શારદામંદિરમાં. સહવાસ દરમિયાન બાલશિક્ષણ અંગે વિચારોની આપલે, રાત્રે ભજનો તથા ગીતો, અને પરોઢિયે જીવનમંદિરનો કાર્યક્રમ.

વડોદરામાં—

(૧) સવારમાં ૮ થી ૧૧ શહેરની તમામ બાલોદ્યાનશાળાનાં બાળકોનું સંમેલન; બાળકોનાં નાટકો, વાર્તાકથન, ગીતો વગેરે.
(૨) સાંજે ૬–૩૦ વાગે શિશુભારતીમાં શહેરીઓની જાહેર સભા.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, બી. એ., એમણે આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૨–૬–૪૩.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

૬૬

નવી ચૂંટણી

ચાલુ સાલ આખરે એટલે નવેમ્બર–ડિસેમ્બરમાં સંઘના બધા કાર્યકર્તાઓની નવી ચૂંટણી થશે.

જે સભ્યોનાં લવાજમ ૩૦મી ઑગસ્ટ ૧૯૪૩ સુધીમાં આવી ગયાં હશે તેઓ જ મત આપવાના હકદાર ગણાશે. સંઘના કાર્યમાં રસ લેનાર સર્વ સંસ્થા પ્રતિનિધિઓ, સક્રિય તથા સહાયક સભાસદો આ મુદત પહેલાં બાકી લવાજમો મોકલી આપવાનું ધ્યાનમાં રાખે.

મંત્રી, નૂતન બાલશિક્ષણ સંઘ.

થી, સહાનુભૂતિ નથી, તે
પોતાના કાર્યમાં સફળતા
વેવલાપણું નહિ; આ પ્રેમ
એટલે બાલજીવનમાં રસ,
વિકાસમાં શ્રદ્ધા અને
દ અને કૃતકૃત્યતા.

—સ્વ૦ ગિજુભાઈ

દસ સેંકડ પણ ભાગ્યે જ થઇ હશે. બહુ દુખ્યું પણ નહિ, ને પાંચ મિનિટમાં તો બધું સાફસૂફ થઇ પતી પણ ગયું.

મારો સવાલ એ છે કે જે બળજબરી કરવાનો નિર્ણય અમે છેવટે કર્યો, તે હિંમત પહેલી જ વાર દાખવી હોત તો દાંત ખેંચાવવાનું કામ ઘણું વહેલું પતી જાત; વીણાને દૂખતા દાંતે આટલા દિવસો ખેંચવા પડ્યા તે ન પડત; દાંત ખેંચાવવાનો પ્રશ્ન રોજ તોળાઇ રહેતો હોવાથી જે માનસિક યાતના તેને આટલા દિવસો સુધી વેઠવી પડી તે પણ ન થાત, અને અમારો સહુનો તેમજ ડૉકટરનો સમય આ બધું નાહક એટલી વાર ભજવતાં જે નાહકનો બરબા તે પણ ન જાત.

આવે પ્રસંગે, સમજણથી જ કામ રિવાજ કાયમ રાખવાને બદલે જરા સખ્ત

સ્વ૦ ગિજુભાઇ પુણ્યતિથિ ઉજવા ભાવનગરમાં—

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર તથા ધર બાલમંદિર દ્વારા બાલદિન ૨૩ મી જૂ રોજ ઉજવાશે. તેમાં સામાન્ય રીતે મુજબના કાર્યક્રમો રહેશે:—

(૧) દ. મૂ. બાલમંદિરમાં સવારના ૯ થી બાળકો માટે નાટકો, વાર્તાઓ નાસ્તો.
(૨) સ્વ. ગિજુભાઇનું અને અન્ય લે કોનું બાળકેળવણી અંગેનું સા તથા કેળવણી વિષયક પ્રવૃત્તિઓનું દક્ષિ મૂર્તિ કલામંદિરમાં પ્રદર્શન.
(૩) બાલશિક્ષણ અંગેનો હસ્તલિખિત અંક પ્રગટ કરવો.
(૪) ગિજુભાઇના અધ્યાપનમંદિરના સ્થાનિક વિદ્યાર્થીઓની સભામાં સ્વર્ગસ્થના કામને વેગ આપે તેવા કાર્યની વિચારણા.
(૫) સાંજના શહેરીઓની જાહેર સભા

અમદાવાદમાં—

(૧) તા. ૨૩ મી જૂન, બુધવાર કામ લેવાનું રાખીએ તો તે વ્યાજબી નથી?

ઘણી વાર બાળકો પાસેથી કાંઇ કરાવી લેવાનો વખત આવે ત્યારે 'ગોદમા રતન' નો થોડોક પ્રયોગ કરી જલદી નિકાલ લાવવામાં અનેક જાતની મુશ્કેલીઓમાંથી બચી જવાય છે. કલાકો સુધી હઠીલાઇ કરી બેસી રહેતા બાળકને ગમે તેમ સમજાવો પણ તે માનતું નથી; તેને બદલે ગોદમા રતનનો સહેજ જ ઉપયોગ કરવાથી તુરત નિકાલ આવે છે, એટલું જ નહિ પણ બીજી ક્ષણે બાળક પણ પાછું પોતાના નિત્યક્રમમા ઉલટભેર જોડાઇ જાય છે.

ને, રાત્રે ભજનો તથા ગીતો, અને પરોઢિયે જીવનમંદિરનો કાર્યક્રમ.

વડોદરામાં—

(૧) સવારમાં ૮ થી ૧૧ શહે બાલોદ્યાનશાળાનાં બાળકોનું સંમેલન; બાળકોનાં નાટકો, વાર્તાકથન, ગીતો વગેરે.
(૨) સાંજે ૬–૩૦ વાગે શિશુભારતીમાં શહેરીઓની જાહેર સભા.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, બી. એ., એમણે આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૨–૬–૪૩.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

બાલ પ્રેસ

જે શિક્ષકમાં બાળકો પ્રત્યે પ્રેમ નથી, સહાનુભૂતિ નથી, તે શિક્ષક શિક્ષક જ નથી. તે માણસ કદી પોતાના કાર્યમાં સફળતા મેળવી શકતો જ નથી. આ પ્રેમ એટલે વેવલાપણું નહિ; આ પ્રેમ એટલે બાળકની ખુશામત નહિ. આ પ્રેમ એટલે બાલજીવનમાં રસ, બાલવિકાસ માટે ચિંતા, બાલજીવનના વિકાસમાં શ્રદ્ધા અને વિશ્વાસ, બાલવિકાસમાં જ અંતરનો આનંદ અને કૃતકૃત્યતા.

—સ્વ૦ ગિજુભાઈ

વર્ષ ૧૮ | : : કાર્યાલય : : | અંક ૫

૧૯૬૯ | રાવપુરા : વડોદરા | અશાડ

નૂતન બાલશિક્ષણ સંઘનું કાર્ય

ધન્ય ગુજરાત, ને ધન્ય ગિજુભાઈ! આજથી ૧૮ વર્ષ પહેલાં પહેલી જ વાર, અહીં, બાલયુગનાં નૂતન તોરણ બંધાયાં! અત્યાર સુધી દેશમાં, બાલવ્યક્તિત્વ બિલકુલ વિસારે પડયું હતું. ઘર, આંગણું કે શેરીમાં દેશનું બાળધન છેક હડધૂત હતું. તે સમયે, સ્વ. ગિજુભાઈએ બાલ-સન્માનનું બીડું ઝડપ્યું; અને બાલસ્વાતંત્ર્યના સાદની દાંડી જોરશોરથી પીટી. આજના નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાપના એમણે એ રીતે આદરી. બાળક 'બાલદેવ' બન્યાં, ને 'બાલમંદિરો' સર્જાયાં શિક્ષણ-પત્રિકા ચલાવી, ને શિક્ષકો અને માબાપોમાં બાલમહત્તાનું ભાન જગાડયું. બાલઅધ્યાપનમંદિરો ચલાવ્યાં, ને બાલઅધ્યાપકોનો એક વિશિષ્ટ વર્ગ ઊભો કર્યો. બાલસાહિત્ય અને તેના લેખકોનો પણ એવો જ એક વિશાળ વર્ગ ફેલાયો. બાલયુગની બાંગ સ્વ. ગિજુભાઈએ બરાબર પુકારી. પરિણામે સારાયે દેશમાં બાલયુગને વધાવતું પ્રભાત ઊઘડયું છે.

એ વાતને યે આજે સત્તર વર્ષો વીત્યાં છે. ગિજુભાઈ ગયા છે, પણ તેમનું કામ ગયું નથી. કામ તો ઊભું જ છે. કામ બાળકોનું છે. બાળકો આપણાં છે, એટલે એ કામ પણ આપણું જ કહેવાય. આપણે એ ન કરીએ, તો કોણ કરે? હરપ્રકારે આપણે જ એ કામ ઉપાડવું જોઈશે.

આજે એ કામ આપણો સંઘ કરી રહ્યો છે. એનું નૂતન બાલશિક્ષણ પ્રસારનું એનું કાર્ય ધીમે ધીમે પણ સંગીનતાથી આગળ ધપે છે; ગુજરાત, મહાગુજરાત, મહારાષ્ટ્ર અને હિંદી ભાષા સુધી એનો કાર્યપ્રદેશ લંબાયો છે. એ સઘળે ઠેકાણે બાલમંદિરોની ભાવના પ્રસરે છે અને ક્રમેક્રમે, સ્થળે સ્થળે, એક પછી એક બાલમંદિરો ઊઘડે છે. એ બાલમંદિરો સંઘ સાથે જોડાય છે અને સંઘ એના શિક્ષણકાર્યનું ઠરેલા ધોરણે સંચાલન કરે છે.

સંઘની અત્યારે નીચે પ્રમાણેની પ્રવૃત્તિઓ છે:—

૧. 'શિક્ષણ-પત્રિકા' માસિક ચલાવવું. હિંદી, ગુજરાતી ને મરાઠી, એ ત્રણ ભાષામાં આ માસિક હાલ પ્રકટ થાય છે.

૨. સંઘ સાથે જોડાયેલ શાળા-બાલમંદિરોનું નિરીક્ષણ. દરવર્ષે શાળાનિરીક્ષણ અને સલાહ, સૂચના આપવાનું કામ સંઘે હાથ પર લીધું છે.

૩. ગામડાની તથા શહેરની ગરીબ જનતાના અર્થશાસ્ત્રને અનુરૂપ થાય તેવી નૂતન સિદ્ધાંતો પ્રમાણેની બાળશાળાઓ કેવા પ્રકારની હોય તેનું સ્વરૂપ નક્કી કરવા પ્રયોગો કરવા અને યોજનાઓ ઘડવી.

૪. સ્વ. ગિજુભાઈ સ્મારકમાળા. આ ફંડ સ્વતંત્ર રીતે એકઠું કરવામાં આવેલું. પણ પછી વ્યવસ્થા માટે તે સંઘને સોંપવામાં આવ્યું છે. આ ફંડમાંથી બાલોપયોગી ચિત્રપોથીઓ પ્રસિદ્ધ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

૫. નૂતન બાલશિક્ષણમાં નિષ્ણાત એવા શિક્ષકો તૈયાર કરવા. બાલઅધ્યાપનમંદિર ચલાવવાનું કામ આજે સીધી રીતે સંઘ કરતું નથી પણ સંઘનાં મંત્રી શ્રી તારાબેન મોડક શિશુવિહાર–દાદરમાં, એક અધ્યાપનમંદિર ચલાવી રહ્યાં છે. તે સંસ્થા સંઘ સાથે જોડાયેલી છે, એટલે સંઘ આ કાર્ય કરે છે, એમ કહેવામાં હરકત નથી.

નવી ચૂંટણી:—સંઘની પહેલી ચૂંટણી ૧૯૪૦ માં થઇ. ત્યાર પછી હવે, બંધારણ મુજબ, ત્રણ વર્ષે એટલે ૧૯૪૩ ના નવેમ્બર-ડિસેમ્બરમાં નવી ચૂંટણી થશે. બાલશિક્ષણમાં રસ ધરાવતાં અને કામ કરતાં સૌએ એમાં ભાગ લેવો જોઇએ અને સંઘના કામની જવાબદારી ઉપાડી લેવી જોઇએ. સંઘના કામને વ્યવસ્થિત રીતે પહોંચી વળવા માટે ગુજરાતી, મરાઠી અને હિંદી ભાષા એવા ત્રણ વિભાગ પાડી દરેક વિભાગ માટે વિભાગીય મંત્રી નીમી ત્રણે ય કામો સ્વતંત્ર કરવાં એવો વિચાર ચાલે છે. વિભાગીય કામ સુંદર રીતે સફળ થાય માટે સક્રિય તેમ જ સહાયક સભ્યો ખૂબ પ્રમાણમાં વધારવા જોઇએ, બધાં બાલમંદિરો સંઘ સાથે જોડાઇ જાય એમ કરવું જોઇએ, અને ચૂંટણીમાં રસથી ભાગ લઇ કાર્યકર્તાઓ ચૂંટી કાઢી, સૌએ સંપ-સહકારથી સંઘનું કામ આગળ ધપાવવું જોઇએ. 2318

આ બધાને અમલી સ્વરૂપ આપવા માટે સંઘનું સામાન્ય બંધારણ પણ છે. તેની ટૂંકી માહિતી આ રહી:—

સંઘનો ઉદ્દેશ

આ સંઘનો ઉદ્દેશ હિંદુસ્તાનમાં બાળકેળવણીનો અભ્યાસ તથા પ્રત્યક્ષ પ્રયોગ વધારવાનો, એ પ્રદેશમાં નવી શોધખોળો કરવાનો, બાળકેળવણીવિષયક નવા સિદ્ધાંતોનો પ્રચાર કરવાનો તેમ જ હિંદની પરિસ્થિતિને અનુકૂળ થાય તેવી બાળકેળવણીને લગતી નવી પદ્ધતિ અથવા પદ્ધતિઓને દાખલ કરવાનો છે.

સભ્યો

નૂતન બાલશિક્ષણ સંઘના બંધારણ મુજબના નીચે પ્રમાણે સભાસદનાં વર્ગો છે:—

(૧) **આજીવન સભાસદ.** સંઘના કાર્યમાં માનતા હોય તેવાં સજ્જનો એકીસાથે રૂા. ૧૦૦૦, ૫૦૦, ૨૫૦, ૧૦૦ તથા ૫૦ આપી સંઘના આજીવન સભાસદ થઇ શકે છે.

નોંધ આ વર્ગમાંથી બે સભાસદો કાર્યકર્તા મંડળમાં મોકલાય છે.

(૨) **પ્રતિનિધિ સભાસદ.** નૂતન બાલશિક્ષણના સિદ્ધાંતો અનુસાર ચાલતી બાલશિક્ષણ સંસ્થાઓ સંઘ સાથે જોડાઇ ને પોતાનો પ્રતિનિધિ સભાસદ તરીકે મોકલી શકે છે. એનું લવાજમ વાર્ષિક રૂ. ૬૧ છે. જોડાયેલી સંસ્થાઓનું નિરીક્ષણ કરવું, તેમને જોઇતી સલાહસૂચનાઓ આપવી તથા તેમની મુશ્કેલીઓનો વિચાર કરી બને તે જાતની સહાય આપવી એ કામ સંઘનું રહે છે.

(૩) **સક્રિય સભાસદ.** નૂતન બાલશિક્ષણમાં પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે કામ કરનારી વ્યક્તિ વાર્ષિક રૂા. ૩૧ ભરીને સક્રિય સભાસદ થઇ શકશે.

નોંધ (૨) અને (૩) વર્ગના સભાસદોમાંથી નવ સભાસદો ચૂંટાઇને કાર્યકર્તા મંડળમાં મોકલાય છે.

(૪) **સહાયક સભાસદ.** પાલક વર્ગમાંથી અથવા સામાન્ય જનતામાંથી જે જે લોકોને સંઘની પ્રવૃત્તિમાં વિશેષ રસ હોય અને જેઓ સંઘના કાર્યમાં ભાગ લેવા ઇચ્છતાં હોય તેઓ વાર્ષિક રૂા. ૩૧ ભરીને સંઘના સહાયક સભાસદ થઇ શકે છે.

નોંધ. આ વર્ગમાંથી બે સભાસદો ચૂંટાઇને કાર્યકર્તા મંડળમાં મોકલાય છે.

(૫) **સામાન્ય સભાસદ.** સંઘના કાર્યમાં માનતા હોય તેવા લોકો વાર્ષિક રૂા. ૧૧ આપીને સંઘના સામાન્ય સભાસદ થઇ શકે છે.

ઉપર લખ્યા (૨), (૩), (૪) અને (૫) પ્રકારના સભ્યોનું મરાઠી ભાષાનું લવાજમ દરેકનું ૦—૮—૦ વધારે છે.

સર્વ પ્રકારના સભાસદોને તે તે ભાષાની "શિક્ષણ પત્રિકા" વર્ષ દરમિયાન મફત મળે છે.

મંડળો

સંઘનું કાર્ય વ્યવસ્થિતપણે અને જોસભેર આગળ ધપાવવા માટે સંઘમાં બે મંડળો યોજવામાં આવ્યાં છે: (૧) વ્યવસ્થાપક મંડળ અને (૨) કાર્યકર્તા મંડળ.

વ્યવસ્થાપક મંડળ. સંઘની શરૂઆતથી એટલે આજે ૧૭ વર્ષથી આ મંડળ નિમાયેલ હતું. પૂજ્ય ગિજુભાઇના અવસાન પછી આ મંડળના બાકીના સભાસદોએ પોતાનામાં બે નવા સભાસદો ઉમેર્યા અને બધાએ મળી સંઘનું નવું બંધારણ ઘડયું. નવા બંધારણમાં સંઘની કાર્યપદ્ધતિમાં લોકશાહીતત્ત્વને દાખલ કરવામાં આવ્યું છે. વ્યવસ્થાપક મંડળમાં આજે નીચેના પાંચ સભ્યો છે તેઓ નવી ચૂંટણી થતાં સુધી ચાલુ રહેશે. ત્યાર પછી ૧૯૪૪ માં બધા સભ્યો ચૂંટાઇને આવશે. હાલનું વ્યવસ્થાપક મંડળ: (૧) શ્રી. સરલાદેવી સારાભાઇ, પ્રમુખ; (૨) શ્રી નાનાભાઇ કા. ભટ્ટ, ઉપપ્રમુખ; (૩) શ્રી. શેઠ ચંદુલાલ મોહનલાલ ઝવેરી, બજાનચી; (૪) શ્રી. તારાબેન મોડક અને (૫) શ્રી. સરોજબેન ચોધ, સંયુકત મંત્રીઓ.

નોંધ. બંધારણ મુજબ કાર્યકર્તામંડળમાંથી બે સભ્યો ચૂંટાઇને આ મંડળમાં આવે છે, એટલે એકંદરે આ મંડળ સાત સભાસદોનું બને છે. (૬) શ્રી. વજુભાઇ દવે અને (૭) શ્રી. નરેન્દ્ર ગિ. બધેકા અત્યારે બંધારણ મુજબ કાર્યકર્તા મંડળમાંથી ચૂંટાઇને વ્ય. મંડળમાં બેસે છે.

કાર્યકર્તા મંડળ. સક્રિય સભાસદ અને પ્રતિનિધિ સભાસદના વર્ગમાંથી નવ સભાસદો ચૂંટાઇને કાર્યકર્તા મંડળ ઉપર આવે છે.

એ જ રીતે સહાયક સભાસદોમાંથી બે અને આજીવન સભાસદોમાંથી બે મળી ચાર સભાસદો ચૂંટાઇને કાર્યકર્તા મંડળ ઉપર આવે છે.

આ રીતે ચૂંટાયેલા તેર સભાસદો અને સંઘના બે સંયુક્ત મંત્રીઓ મળીને એકંદર પંદર સભાસદોનું કાર્યકર્તામંડળ બને છે.

આ મંડળમાંથી વ્યવસ્થાપક મંડળ ઉપર મોકલવાના બે સભ્યોની ચૂંટણી ઉપરના ત્રણ પ્રકારના સભાસદોમાંથી ચૂંટાઇને આવેલા તેર સભાસદો પોતામાંથી કરે છે, અને તેઓ કાર્યકર્તામંડળ તરફથી વ્યવસ્થાપકમંડળના સભ્ય બને છે.

મંડળોનો કાર્યપ્રદેશ

સંઘનું સર્વ કાર્ય વ્યવસ્થિત રીતે ચલાવવાની જવાબદારી વ્યવસ્થાપક મંડળને માથે રહે છે. તેને અંગેના જરૂરી નિયમો પણ તે પોતે ઘડે છે સંઘની સર્વ આર્થિક જવાબદારી આ વ્યવસ્થાપક મંડળની ગણાય છે.

કાર્યકર્તા મંડળનું મુખ્ય કામ સંઘનું ચાલુ કાર્ય ઉપાડી લેવાનું છે. એમાં મુખ્ય બાબત સંઘના બાલશિક્ષણના નવા વિચારોનો પ્રચાર કરવાની છે. આજે ચાલતી અને હવે પછી નીકળનારી બાલકેળવણીની સંસ્થાઓ અને બાલમંદિરોનું સંગઠન કરવાનું તેનું બીજું કામ છે. સિવાય શહેર કે કસ્બાઓનાં ગરીબ લત્તાઓમાં તેમ જ ગામડાંઓમાં બાળકો માટે ખાસ માફક આવે એવાં બાલક્રીડાંગણો ચલાવવાનું કામ પણ એના કાર્યપ્રદેશમાં આવી જાય છે.

તારાબેન મોડક.
મંત્રી,
નૂતન બાલશિક્ષણ સંઘ.

પ્રાથમિક શાળામાં ગણિત શિક્ષણ

(લેખાંક ૮ મો)

[અનુસંધાન ગતાંક પાન ૪૫ થી શરૂ]

બાળકોને નાના નાના સરવાળા બાદબાકી જણાવ્યા મુજબ હજાર સુધીનું સમજણપૂર્વકનું એટલે દસની અંદરની સંખ્યાના સરવાળા સંખ્યાવાચન અને સંખ્યાલેખન, સિદ્ધ થયું બાદબાકીઓ શીખવામાં કઇ ચીજની મદદ હોય તો હજાર સુધીના સરવાળા બાદબાકી લેવાની તેમ જ મોંએ કરવાની રીતો અગાઉ ઉપર બાળકોને લઇ જવાં જરાય અઘરું નથી. બતાવાઇ ગઇ છે. એ રીતોની મદદથી અત્યાર સંખ્યાલેખનનાં સાધનોની મદદથી આ જ્ઞાન સુધીમાં નાના નાના સરવાળા અને બાદબાકીઓ બહુ સરળતાથી આપી શકાય છે.

બાળકોને મોંએથી કડકડાટ કરતાં આવડી ગયું બાળકોને બે સંખ્યાઓ લાવવાનું કહેવું. હશે. ૫ અને ૭ કેટલા તો ૧૨ એ જવાબ જેમકે ચાર હજાર ત્રણ સો બાર અને ત્રણ તરત દઇને બાળકોને મોંએ જ હોવો જોઇએ. હજાર પાંચસો અડસઠ લાવો.

વારંવારના પુનરાવર્તનથી, પરસ્પર મોંએ પૂછ્યા કરવાથી અથવા તેવા દાખલાઓ ઉતારી એક બાળક હોય તો બે ટ્રેમાં આ બંન્ને લઇ જાતે ગણ્યા કરવાથી આ કામ ઝટ મોંએ સંખ્યા દર્શાવનારાં સાધનો જુદાં જુદાં લાવે કરતાં આવડી જાય છે. જૂની પદ્ધતિની શાળા- અગર બે બાળકો હોય તો બન્ને રકમો તેઓ ઓમાં આવા દાખલાઓ મોઢેથી કરાવી લેવાનો સ્વતંત્ર રીતે પોતપોતાની ટ્રેમાં લાવે. આ બંને રિવાજ ચાલુ છે. નવી પદ્ધતિમાં અને એ સંખ્યાઓ એકઠી કરીએ તો કેટલા થાય એ રીતમાં મુખ્ય તફાવત એ જ છે કે નવી ઉત્તર બાળકો જાતે જ સાધનો ભેગાં કરી ગણી પદ્ધતિમાં બાળક જાતઅનુભવથી ચીજો ગણીને લઇને કહી શકે.

જવાબ શોધી કાઢવાની ક્રિયાનાં પુનરાવર્તન- એક બાળક પાસે ચાર હજારના ચાર ધન દ્વારા જે સિદ્ધિ મેળવી શકે છે તે જૂની હોય તેમાં બીજા બાળક પાસેના ત્રણ હજારના પદ્ધતિમાં મળતી નથી. શિક્ષક કહે તે મુજબ ત્રણ ધન ભેળવીએ તો સાત ધન થાય, એટલે બાળકો બોલી જાય. છ ને પાંચ અગિયાર, છ ને કે સાત હજાર થાય એ બાળકો તુરત સમજી છ બાર, છ ને સાત તેર, એમ પછી જવાનું જ શકે છે–જોઇ શકે છે. તે પછી સો લઇએ, તો બાળકો શીખ્યાં હોય છે. તેમને મન છ અને પહેલા બાળકની પાસેના ત્રણસોના ત્રણ ચોરસ પાંચ એ ફક્ત શબ્દો અથવા બહુ તો આંકડા અને બીજા બાળકના પાંચસોના પાંચ ચોરસ છે એટલું જ હોય છે; અર્થાત્ અગિયાર એ પણ મળીને આઠ ચોરસ એટલે આઠસો થાય એ એક આંકડો કે શબ્દ જ રહે છે. પણ તેઓ જોઇ શકે છે. એ જ રીતે એક દસની

ઉપર મુજબ નાની રકમોના સરવાળા એક માળા અને છ દસની છ માળા મળીને બાદબાકી આવડી ગયાં હોય તેમ જ અગાઉ સાત માળા એટલે સાત દસ થાય અને છૂટાં બે મોતીમાં છૂટાં બીજાં સાત મોતી ઉમેરતાં નવ મોતી થાય એ જાણી શકે છે.

આ રીતે બંને સંખ્યાઓ એકઠી કરવાથી સાત ધન એટલે સાત હજાર, આઠ ચોરસ એટલે આઠસો અને સાત માળાના સાત દસ અને નવ છૂટા અર્થાત્ અગણ્યાએંસી થાય એ હકીકત બાળકો પ્રત્યક્ષ રીતે ટ્રમાં જોઇ શકે છે. અને એ રીતે જાતે તેઓ સરવાળાનાં ગમે તેટલાં ઉદાહરણો કરી શકે છે. બાળક એકલું હોય કે બે જણાં સાથે હોય તોપણ આ ક્રિયાઓ ભૂલ પડ્યા વિના જાતે જ કરી શકે છે અને પુનરાવર્તનો દ્વારા ઝડપ વધારી શકે છે. જેમાં 'વધ્યા' લેવાના ન હોય એવી પુષ્કળ સંખ્યાઓ વર્ગમાં પાટિયા પર લખી રાખી શકાય અથવા છૂટાં પાનાંમાં લખી રાખીને નકલો બાળકોને આપી શકાય. જાડા કાગળમાં આવાં ઘણાં ઉદાહરણો લખી રાખીને "સરવાળાની ચોપડી" એમ નામ લખી નાનાં બાળકો સારુ સ્વતંત્ર પુસ્તક પણ બનાવી શકાય. બાળકોને આ રીત ઘણી ગમશે.

શરૂઆતમાં થોડા વખત સુધી સરવાળા માટે બાળકો ધન, ચોરસ વગેરે સાધનો વાપરી અનુભવ લે પછી તેમને આવા સરવાળા કરવા માટે સીધા પાટિયાનો અથવા નોટબુકનો ઉપયોગ કરવાનું બતાવી શકાય.

હજાર	સો	દસ	છૂટા

ઉપર બતાવ્યા મુજબ આંકેલાં ખાનાંઓવાળાં તૈયાર પાનાંઓ રાખ્યાં હોય તો બાળકોને સરવાળા બાદબાકી કરવાનું વધારે સુગમ બને છે.

આવાં પાનાંઓમાં બાળકો પાટિયા પરથી કે 'સરવાળાની ચોપડી' માંથી સંખ્યાઓની નકલ કરી લે અને પછી નીચે લીટી દોરીને

હ.	સો.	દ.	છૂ.
૪	૨	૩	૫
+ ૨	૩	૪	૧

સરવાળાનો જવાબ લખે એમ બતાવી શકાય. શરૂઆતમાં આવાં ખાનાં પાડવાનું કારણ એ છે કે બાળકો સાધન છોડીને સીધાં સંખ્યાનો વપરાશ કરવા લાગે ત્યારે માત્ર પોતે આંકડાઓ નથી મેળવતાં પણ દરેક ખાના ઉપર તેનું નામ લખેલું હોવાથી ચાર હજારમાં બે હજાર અને બસોમાં ત્રણસો ભેળવે છે એવો વિચાર તેમના મગજમાં સતત રહ્યા કરે. (સરવાળા કરવાના હોય ત્યાં સરવાળાનું ચિન્હ + ઉમેરવાની રકમની પડખે કરવાનું બાળકોને સૂચવી શકાય; અને એ રીત દાખલ કરવાથી કઇ ક્રિયા કરવાની છે તેનો ખ્યાલ તેમને સતત રહ્યા કરે એ રીતની મદદ પણ આપી શકાય.) અને અત્યાર સુધી બાળકોએ ધન, ચોરસ વગેરે સાધનો વાપર્યાં હોવાથી પોતે સરવાળા કરે ત્યારે તેમના મનમાં છ હજાર કહેતાં છ ધન જ પ્રત્યક્ષ થવાના. અને એ રીતે

સાધનો પ્રત્યક્ષ લીધાં ન હોય તોપણ દ્રશ્યમાંથી અદ્રશ્યમાં જવાની તૈયારી સરળ રીતે થતી જાય. આવા સરવાળા કરતી વેળા બાળકો ચાર હજાર અને બે હજાર છ હજાર, બસો અને ત્રણસો પાંચસો એમ જ બોલશે. અને ખાનામાં બરાબર જવાબની સંખ્યા લખશે તથા છ હજાર, પાંચ સો, સાત દસ અને છ અથવા છોંતેર સરવાળો થયો એમ પટ દઈને કહેશે.

આ જાતનાં પુનરાવર્તનો વધાર્યા જવાથી લાંબા મહાવરાને પરિણામે બાળકો **૫૨૬૩** જેવી સંખ્યા ખાનાંની મદદ વિના તુરત પાંચ હજાર બસો ત્રેસઠ એમ વાંચતાં થશે. પરંતુ સફળતા અને કામની ઝડપ ભૂલ વિના વધે એ હેતુની સિદ્ધિ અર્થે આવાં ખાનાં પાડેલાં પાનાં એકાદ વર્ષ સુધી બાળકોને આપ્યાં હોય તો સારું બરું. સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારની આ મૂળભૂત ક્રિયાઓ સિદ્ધ થાય ત્યાં સુધી આવાં આંકેલાં ખાનાંવાળાં પાનાં વાપરવાનું સલાહકારક છે.

સાધનોની મદદ લઈને તેમ જ પછી પાનાંઓ પર સરવાળા કરતાં આવડી જાય એટલે બાદબાકી કરવાનું શીખવી શકાય. બાદબાકીનું કામ પણ સરવાળા જેટલું જ સરળ છે—કદાચ એથી પણ સરળ બની જાય. બાદબાકી એટલે એક બાળક પાસે એક સંખ્યા હોય તેની પાસેથી બીજું બાળક બીજી સંખ્યા માગે તેટલી તેને તે આપી દેવાની અથવા પહેલી સંખ્યામાંથી બીજી સંખ્યા બાદ કરવાની એ ક્રિયા થઈ, એમ બાળકોને સહેલાઈથી સમજાવી શકાય–બતાવી શકાય.

એક બાળકને દાખલા તરીકે **૬૭૫૪** ની સંખ્યા આણવાનું કહેવું, અને બીજા બાળકને **૩૬૪૨** ની સંખ્યા દર્શાવનારાં પાનાં આપી તેટલી રકમ પહેલા પાસેથી માગવાનું કહેવું. બીજું બાળક 'ત્રણ હજાર આપો' એમ માગે એટલે પહેલું બાળક પોતા પાસે છ ધન છે તેમાંથી ત્રણ ધન તેને આપી દેશે; એ જ રીતે 'છસો આપો' કહેતાં છ ચોરસ આપશે, 'ચાર દસ' કહેતાં ચાર માળા આપશે અને 'બે છૂટાં મોતી' માગતાં તે પણ આપી દેશે. આ પ્રમાણે અપાઈ રહે એટલે પહેલાને પૂછવું: "હવે તમારી પાસે કેટલા રહ્યા?" બાળક તુરત પોતા પાસે ટ્રેમાં બાકી રહેલા ધન વગેરે ગણીને કહેશે, "ત્રણ હજાર એક સો બાર."

આ રીતની બાદબાકીઓ બાળકો પાસે વારંવાર કરાવવી. સરવાળા પેઠે આ વખતે પણ પાટિયા પર ઉદાહરણો લખી રાખી શકાય અને બાળકો જોડાજોડીમાં અથવા એકેક જાતે તે કરે એમ કહેવું. આગળ જતાં બાદબાકીનાં દસ દસ કે વધારે ઓછાં ઉદાહરણો આપ્યાં હોય તેવાં છૂટાં પાનાં દરેક બાળકને આપી શકાય.

સરવાળા પેઠે જ બાદબાકીઓમાં પણ સાધનના વારંવારના વપરાશથી બાદબાકી આવડી જાય એટલે બાળકો જાતે લખવા માંડે તે વખતે તેમને હજાર, સો, દસ અને છૂટા એમ મથાળે લખેલાં ખાનાંવાળાં પાનાંઓ આપવાં, તેમ જ બાદબાકી કરતી વખતે આ પાનાંઓમાં પણ તેઓ "છ માંથી ત્રણ જતાં ત્રણ વધ્યા" એમ નહિ પણ "છ હજારમાંથી ત્રણ હજાર જતાં બાકી ત્રણ હજાર રહ્યા" વગેરે બોલે એવી ટેવ પાડવી.

વધ્યા આવે તેવા સરવાળા

આ શીખવતા વખતે શરૂઆતમાં એવા બે આંકડા લેવા કે જેમનો સરવાળો કરતાં

આવા સરવાળાઓ બાળકોને શરૂઆતમાં હજારની રકમો સુધીના આપી શકાય પરંતુ સરવાળા માટેની રકમો તો બે જ રાખી હોય તો સારું. આગળ જતાં એથી વધારે રકમોના સરવાળા પર બાળકોને લઇ જઇ શકાય.

બે જ આંકડાવાળી પરંતુ સરવાળા માટે ઘણી રકમો લેવાની હોય એવા સરવાળામાં બાળકોને ઘણી વાર ગમ્મત પડે છે. વર્ગમાં ઘણાં બાળકો હોય તો દરેક અકેક સંખ્યા લઇ આવે

સો	દસ	છૂટા
	૪	૫
	૬	૪
	૩	૮
	૭	૯
	૨	૭
	૮	૦
	૫	૫
૩	૮	૮

અને બધી એકઠી થાય એમ કરી શકાય. આવી રમત–દાખલા કરવા માટે દસની માળાઓ અને છૂટાં મોતી મોટા પ્રમાણમાં હોવાં જોઇએ. જેમ કે સાત બાળકો સાત રકમ લઇ આવે તો લાંબી હાર બને અને મોટી લાંબી રકમનો સરવાળો કર્યાનો સંતોષ બાળકો મેળવે. બધી રકમો બાળકો છૂટી છૂટી લઇ આવે એટલે બધી દસની માળાઓ અને છૂટાં મોતી તારવી લઈ છૂટાં મોતીમાંથી કેટલા દસ દસના ભાગ પડે તે ગણવાનું એકાદ બાળકને સોંપી દેવાય, તો બીજાને દસની માળાઓ કેટલી થઇ અને તેમાંથી સો કેટલા નીકળે તે કાઢવાનું કહેવાય. છૂટાં મોતી ગણતાં અંદરથી ત્રણ દસ અને આઠ છૂટાં નીકળે; તેમાંથી છૂટાના ખાનામાં આઠ માંડી વધેલા ત્રણ દસ, દસની માળાઓના સરવાળામાં ઉમેરીએ તો વળી તે પણ ૩૮ દસ થાય છે. આમાંથી ત્રણસોના ત્રણ જુદા લઇને બાકી વધેલા આઠ દસ, દસના ખાનામાં અને છેવટે ત્રણસો, સોના ખાનામાં લખતાં આખો ય

વધ્યા લેવાનું આવે. દાખલા તરીકે બાજુની સંખ્યાઓ લીધી. બાળક

એક ટ્રેમાં દસની ચાર માળાઓ	૪૭
અને સાત છૂટાં મોતી લાવશે	+ ૨૮
અને બીજી ટ્રેમાં દસની બે માળા	
અને આઠ છૂટાં મોતી લાવશે. બન્ને ટ્રેનાં સાધનો	

એકઠાં કરતાં દસની છ માળાઓ અને છૂટાં મોતી દસ કરતાં વધારે—અહીં પંદર થશે. આ વખતે બાળકને કહેવું કે છૂટાં ઘણાં મોતી છે તેમાંથી દસની એક માળા બનાવી લઇએ તો બાકી પાંચ છૂટાં મોતી રહેશે અને માળામાં દસની એક માળા વધશે. આને વધ્યા કહેવાય. સરવાળો દસની સાત માળા અને પાંચ છૂટાં મોતી એટલે ૭૫ પંચોતેર થશે.

એ જ રીતે બીજા દાખલામાં

છ છૂટામાં આઠ છૂટા ઉમેરતાં	૪૭૬
તેમાંથી દસની એક માળા	+ ૩૫૮

બનાવી લઈ શકાય અને ચાર છૂટા રહે. દસની માળાનો સરવાળો બાર દસ થાય તેમાં આવેલી-વધ્યાની એક દસની માળા ઉમેરતાં તેર દશની માળા થાય; આમાંથી દસની દસ માળામાંથી એક સો (ચોરસ) બને તે વધ્યામાં રાખી ત્રણ દસ બાકી રહે તે રાખી મૂકાય. અને છેવટે ચારસોમાં ત્રણસો અને વધ્યાના એકસો નાખતાં કુલ આઠસો થાય. આમ એકંદર સરવાળો આઠ સો ત્રણ દસ અને ચાર અથવા આઠસો ચોત્રીસ ૮૩૪ થાય.

આ રીતે દસ સોના એક હજાર, દસ હજારના એક દસ હજાર અને દસ દસ હજારના એક લાખમાં વધ્યા લઇ શકાય એ તરફ પણ વારંવારનાં પુનરાવર્તનો અને નાની રકમોમાં વધ્યા ઉમેરવાનું સિદ્ધ થતાં બાળકોને સહજ સમજાવી શકાય.

સરવાળો ત્રણ સો, આઠ દસ અને આઠ છૂટાં મોતી, અથવા ત્રણ સો અઠ્યાસી થયા.

શરૂઆતમાં આવા લાંબા સરવાળા માટે મોતીનાં સાધનો વાપર્યા પછી એ દાખલા પાટિયા અથવા કાગળનાં ખાનાં પાડેલાં પાનાંમાં ગણવાનું બાળકોને આપી શકાય. ઉપરનો દાખલો જ લઈએ તો છૂટાં મોતીનો સરવાળો ૩૮ થયો છે તે પહેલો જુદો લખી ૩ અને ૮ નીં વચમાં એક ઊભી લીટી ૩/૮ દોરીને ૩ દસ અને ૮ છૂટા કેમ દર્શાવી શકાય છે તે તરફ બાળકોનું ધ્યાન દોરવું. અને પછી છૂટા ૮ રહ્યા તે છૂટાના ખાનામાં લખવા, દસના ત્રણ વધ્યા તે દસના ખાનાની હારમાં સૌથી મથાળે લખવાનું કહેવું, અને પછી દસનો સરવાળો કરવાનું કહેવું. આ સરવાળો પણ ૩૮ દસનો આ દાખલામાં આવે છે. તેમાં પણ વચ્ચે લીટો દોરી ૩/૮ આમ બતાવી દસના ખાનામાં ૮ મૂકવાનું તથા સોના ખાનામાં ૩ મૂકવાનું કહેવું. બેશક કાગળ પર લખવાનું શીખવતી વખતે આવા સાત રકમના લાંબા દાખલા શરૂઆતમાં ન લેવા જોઈએ.

વધ્યાની હકીકત બાળકોને સમજાવતા પૂર્વે શિક્ષક જો બાળકોને છૂટા કરવાની રમત રમવાનું આપે તો કામ વધારે સરળ થશે જેમકે દસ છૂટાં મોતી હોય તો દસની બાંધેલી માળા આપવી, અથવા સોનો ચોરસ હોય તો તેની દસની દસ માળાઓ લેવી અને દસની માળાનાં વળી દસ છૂટાં મોતી લેવાં, વગેરે. છૂટામાંથી બાંધેલાં અને બાંધ્યા હોય તેમાંથી છૂટા ગણવાની આપલે બાળકો પરસ્પર કરે. આવી રમતને પરિણામે વધ્યા લેવાની બાબત બાળકોને સહેલી બની જાય છે અને તેઓ વધ્યાનો સમજપૂર્વકનો ઉપયોગ કરતાં શીખી જાય છે. –તા.

શિક્ષકો જાગૃત રહે

મોન્ટીસોરી પદ્ધતિએ એટલે સ્વતંત્ર શિક્ષણાનુસાર ચાલતી શાળાઓમાં કામ કરતા શિક્ષકોએ એક બાબતમાં ખાસ જાગૃત રહેવાની જરૂર છે. પોતાના વર્ગમાં ભણતાં ૧૨–૧૫ કે ૨૦ બાળકોમાં કેટલાંએકની પ્રગતિ ઝપાટાભેર થાય છે. તેઓ હમેશાં નવું નવું આગળનું કામ માગે છે. શિક્ષકે તેમને આગળનું માર્ગદર્શન કરાવવા હમેશાં તૈયાર રહેવું પડે છે. કેટલાંએક બાળકો સામાન્ય કોટિનાં હોય છે. તેમની પ્રગતિ ધીરેધીરે થયા કરે છે, આગળનું કામ તેઓ બતાવીએ તે કરે છે, પરંતુ તેમનો વેગ ધીમો હોય છે. શિક્ષકોનો મુખ્ય પ્રશ્ન આ રીતે આગળ પાછળ રહેતાં બાળકોને રોજેરોજ આગળ આગળ જુએ તેમ કામ બતાવ્યા કરવાનો હોય છે. શિક્ષકની ભૂલ અહીં જ ઘણી વાર થાય છે. કોઇ પણ એક પ્રકારનાં બાળકો સાથે તે રહે છે. ઘણી વાર આગળ આગળ પ્રગતિ કરનારાં બાળકો તરફ તે વિશેષ લક્ષ આપે છે તથા તેમને નવું નવું કામ આપતો જાય છે. પણ એ વખતે પાછળ રહેતાં અથવા સામાન્ય કોટિનાં બાળકો તરફ દુર્લક્ષ થાય છે. પરિણામે પાછળ રહેનારાં બાળકો વધારે ને વધારે પાછળ પડતાં જાય છે. આથી ઊલટી પરિસ્થિતિ જે શિક્ષક પાછળ રહેનારાં બાળકો તરફ વધારે ધ્યાન આપ્યા કરે છે તેની બાબતમાં થાય છે. આગળ ઝપાટાભેર વધતાં બાળકો તરફ તે ધ્યાન રાખતો નથી, પરિણામે એવાં બાળકો વર્ગમાં એસી જ રહે છે, ને તેમની

પ્રગતિ અટકી પડે છે. એવું બને છે કે આવાં બાળકો કંઈક કંઈક કર્યા કરે છે ને એ રીતે શાળાનો સમય પૂરો તો કરે છે; પણ મોટે ભાગે એવાં બાળકો કંઈક અડપલાં કરવાં તરફ વિશેષ વળે છે. ઘણી વાર તો તેઓ શાળામાં આવવાને જ નાખુશી બતાવે છે.

બધાં બાળકોની પ્રગતિ તરફ સરખું ધ્યાન રાખી સહુને યોગ્ય કાળે જરૂરી માર્ગદર્શન કરાવ્યા કરવું એ મોન્ટીસોરી શિક્ષકનું સૌથી કઠિન કાર્ય છે. જો ભૂલેચૂકે શિક્ષક આ એ પૈકી એક કક્ષાનાં બાળકોમાં ગૂંચવાયો તો બીજી કક્ષાનાં બાળકો તરફ તે બેધ્યાન બને છે; પરિણામે બાળકોને યથાકાળે યોગ્ય માર્ગદર્શન મળી શકતું નથી.

મોટે ભાગે શિક્ષકો આગળ ઝપાટાભેર પ્રગતિ કરનારાં બાળકો તરફ જ વધારે ધ્યાન આપે છે. તેનું એક એ પણ કારણ છે કે શાળાની મુલાકાતે આવનાર પાસે આવાં બાળકોનું પ્રદર્શન કરી શકાય છે: "જુઓ આ ચાર વર્ષની બાળકીએ આટલું બધું લખ્યું છે." "આ બાળક આટલી ઉંમરે ભાગાકાર કરતો થઈ ગયો છે." વગેરે. ખરું જોતાં જે બાળકો કશું કરતાં હોતાં નથી અથવા જેઓ પછાત રહેતાં હોય છે તેમના સારુ શિક્ષકે શા શા પ્રયત્નો કર્યા છે તે મુલાકાતીઓએ પૂછવું અને જોવું જોઈએ.

આથી ઊલટો દાખલો પણ બને છે. પછાત રહેતાં બાળકો પાછળ મંડી રહે તો શિક્ષક ઝડપભેર પ્રગતિ કરનારાં બાળકોનું ધ્યાન રાખતો નથી; એથી એવાં બાળકોને આગળ કરવાનું કામ મળવાને અભાવે તેઓ આળસમાં સમય પસાર કરે છે. આ પણ એટલું જ અયોગ્ય છે. કેટલાંક બાળકો ઘન કે ઈંટો લઈને બંગલા બાંધવામાં જ પછી પડ્યાં રહે છે, તો કેટલાંક બાળકો મોતીની માળાઓ જ પરોવ્યા કરે છે. આવાં બુદ્ધિનો જરાય વપરાશ ન હોય એવી ક્રિયાઓમાં રોકાયેલાં બાળકોનું જો બરાબર અવલોકન કરીએ તો જણાઈ આવશે કે તેઓ આગળ કામ મળવાને અભાવે સડતાં હોય છે. વિકાસનો કિંમતી કાળ તેઓ જડ ક્રિયાઓ કરવામાં નિરર્થક ગાળતાં હોય છે!

શિક્ષકે હમેશાં બે બાબતોમાં ખાસ જાગૃત રહેવું અગત્યનું છે. એક તો આગળ વધી રહેલાં બાળકોને તેથી આગળનું કામ સતત મળતું રહે તેમ કરવું, તથા બીજું કયું બાળક પાછળ રહી જાય છે તેનું બરાબર ધ્યાન રાખી તે કઈ રીતે પ્રગતિ સાધી શકે તેનો માર્ગ શોધી તે રસ્તે તેને આગળ મદદ કરવી. —તા.

શિક્ષણ સમાચાર

સ્વ. ગિજુભાઈ સંવત્સરી સપ્તાહ

ગઈ તા. ૨૩ મી જુને સ્વ. ગિજુભાઇની સંવત્સરી હતી. આખું સપ્તાહ જુદા જુદા કાર્યક્રમોથી ઊજવવાનું નકકી કર્યું હતું તે મુજબ ગુજરાતમાં ઠેર ઠેર સ્વર્ગસ્થને અંજલી આપવા અને તેમના કામને આગળ ધપાવવા સભાઓ, સરઘસો અને બાલકાર્યક્રમો ઘણા જ ઉત્સાહથી થયા હતા. અમને મળેલા જુદાજુદા અહેવાલો નીચે મુજબ છે:—

અમદાવાદ. સપ્તાહનો ત્રણ દિવસનો કાર્યક્રમ સુંદર રીતે પાર પડયો હતો.

તા. ૨૩ મીએ વિકટોરિયા બાગમાં એક બાલપર્યટન યોજાયું હતું. જુદાં જુદાં બાલ-મંદિરોનાં લગભગ ૫૦૦ બાળકોએ ભાગ લીધો હતો. બાળગીતો, ગિજુભાઇસ્મરણ અને સ્વૈર

વિહારના મનોરંજક કાર્યક્રમોથી વાતાવરણ ઉત્સાહજનક બન્યું હતું.

તા. ૨૫ મીએ નવી ગુજરાતી શાળામાં શિક્ષકો તથા વાલીઓની એક સભા સ્વર્ગસ્થના નિકટના પરિચિત અને ગુજરાતના જાણીતા ચિત્રકાર શ્રી રવિશંકર રાવળના પ્રમુખપદે મળી હતી. પ્રમુખશ્રીએ સ્વર્ગસ્થ ગિજુભાઇના કામની મહત્તા સમજાવી હતી અને ગિજુભાઇ માટીમાંથી માનવી કેવી રીતે બન્યા તેનો આબેહૂબ ખ્યાલ આપ્યો હતો.

તા. ૨૬ મીએ શિક્ષક–સ્નેહસંમેલનમાં વૈદરાજ શ્રી. વલ્લભરામભાઇની સ્વ. ગિજુભાઇ વિષેની અનેક પ્રેરણાદાયી વાતો અને ચિત્રકાર શ્રી રવિશંકર રાવળના બાલસાહિત્ય માટેના મનનીય પ્રવચનનો લાભ ઘણા શિક્ષકોએ લીધો હતો. રાત્રીના સહભોજન પછી ભજનો અને ગીતોનો અખંડ કાર્યક્રમ વહેલી પરોઢ સુધી ચાલુ રહ્યો હતો. સવારે કાર્યક્રમની પૂર્ણાહૂતિરૂપે જીવનમંદિરના પ્રસંગે શ્રી રવિભાઇએ સૌને કાંઇક સક્રિય કામ કરીને સ્વ. ગિજુભાઇની સ્મૃતિ તાજી રાખવા જણાવ્યું હતું.

વડોદરા. તા. ૨૩ મીએ શહેરની બાલસંસ્થાઓ તરફથી ધડિયાળી પોળ કિંડરગાર્ટન શાળામાં લગભગ ૩૦૦ બાળકોનું એક સંમેલન ભરાયું હતું. સંગીત, નૃત્ય, ગિજુભાઇસ્મરણના કાર્યક્રમ પછી નાસ્તો લઇ સૌ વિખરાયા હતા.

સાંજે, ૬॥ વાગે શિશુભારતીમાં શહેરીઓની જાહેર સભા એલેમ્બિકવાળા શ્રી મણિભાઇ ભાઇલાલભાઇ અમીનના પ્રમુખપદે મળી હતી. પ્રમુખે પ્રથમ સ્વર્ગસ્થને માનાંજલિ અર્પી પછી વક્તાઓને બોલવા જણાવ્યું હતું શ્રી ડાહ્યાભાઇ જાની, શ્રી ગોપાળરાવ વિદ્વાંસ, શ્રી વિષ્ણુભાઇ મજમુદાર, તથા શ્રી નરેન્દ્ર બધેકાએ સ્વર્ગસ્થના જીવન અને કાર્ય વિષે પ્રસંગોચિત વ્યાખ્યાનો કર્યાં હતાં. સભાપતિ શ્રી મણિભાઇ અમીને સવારના બાલસંમેલનનું નાસ્તાખર્ચ અને જે શિક્ષકોએ તેમાં ભાગ લીધો હતો તેમને એક વર્ષ માટે શિક્ષણપત્રિકા પોતા તરફથી ભેટ આપવાનું જાહેર કર્યું હતું. છેવટે શિશુભારતીના આચાર્ય શ્રી કમળાશંકર પંડિતે પ્રમુખશ્રીનો અને સર્વનો આભાર માન્યો હતો. પ્રમુખશ્રી બાલશિક્ષણ-પ્રવૃત્તિમાં રસ ધરાવતા હોઈ નૂતન બાલશિક્ષણ સંઘના આજીવનસભ્ય તરીકે જોડાયા છે.

ભાવનગર. ભાવનગર તો સ્વર્ગસ્થ ગિજુભાઇની કર્મભૂમિ. તેણે તો તેને શોભે ને છાજે એ રીતે સંવત્સરી ઊજવી. દક્ષિણામૂર્તિ અને ધરશાળા બાલમંદિરના ઉપક્રમથી ભવ્ય કાર્યક્રમ ઉજવાયો. તા ૨૩ મીએ સવારે ૭ વાગે જીવન-મંદિરના કાર્યક્રમથી શરૂઆત થઇ. ભજનો, વાંચન, બાળકોના કામનું પ્રદર્શન, વાર્તા, નાટકો અને સભા-સરઘસથી ભાવનગર ગાજી ઊઠ્યું. શ્રી હરજીવનદાસ મહેતાએ તથા પ્રોફેસર રવિશંકર જોષીએ બાલશિક્ષણ માટે ઉદ્બોધન કર્યું.

તા. ૨૫મીએ નટરાજ થીએટરમાં શ્રી યશોમતીબેન પટણીના પ્રમુખપદે બહેનોની જંગી સભા મળી હતી. શ્રી નર્મદાબેન રાવળ, શ્રી જયાબેન દાણી તથા શ્રી પુષ્પાબેન મહેતાએ બાલશિક્ષણ તથા સ્વર્ગસ્થના કાર્યને અંજલિ આપી હતી સાંજે ભંગીવાસમાં ભજનો, સભા અને બાળકોના ઉપાહારનો કાર્યક્રમ થયો હતો.

તા. ૨૬ મીએ બપોરના સ્નેહી, મિત્રો અને શિક્ષણપ્રેમીઓના સહભોજન બાદ સાંજના જુદી જુદી સંસ્થાઓનાં બાળકોએ અંગ-કસરતના રંજનાત્મક પ્રયોગો કર્યા હતા.

તા. ૨૭ મીએ સવારે શહેરનાં સ્ત્રીપુરુષો, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ અને બાળકોનું

ધજાપતાકા સાથે અર્ધો માઇલ લાંબું સરઘસ શહેરના મુખ્ય મુખ્ય રસ્તાઓ ઉપર ફર્યું હતું, તથા સ્વર્ગસ્થના ફોટાને સલામી આપી છેવટે વિખરાઇ ગયું હતું. સાંજે નાગરિકોની જાહેર સભા સ્વર્ગસ્થના નિકટના મિત્ર અને જાણીતા બેરીસ્ટર શ્રી પોપટલાલ ચુડગરના પ્રમુખપદે મળી હતી. પ્રમુખશ્રીએ સ્વર્ગસ્થના જીવન અને કાર્ય વિષે હૃદયસ્પર્શી પ્રવચન કરી સૌનાં હૃદયને હલાવી નાખ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું: "ગિજુભાઇનું કામ પૂ. ગાંધીજીના કામ જેટલું જ અગત્યનું ને મહાન છે. સ્વાતંત્ર્યના પાઠ ભણનાર અને એવા વાતાવરણમાં ઊછરનાર જ આપણને સ્વાતંત્ર્ય અપાવી શકશે. ઉચ્ચ કેળવણીના ખર્ચા મિથ્યા છે. આપણો દેશ સ્વતંત્ર થયા પછી સ્વર્ગસ્થના કામની વધારે કદર થવાની જ છે."

કચ્છ-માંડવી. સ્વર્ગસ્થની સંવત્સરી વિદ્યામંદિરમાં ઉજવાઇ હતી. બાળક દોલતભાઇએ ગિજુભાઇની સૌને સ્મૃતિ કરાવી હતી. ગીતો, ભજનો, વગેરેનો અઢી કલાક કાર્યક્રમ ચાલ્યો હતો. બાલમંદિર તરફથી સપ્તાહનો કાર્યક્રમ ગોઠવાયો હતો. સ્વર્ગસ્થના સંદેશ રૂપી 'શિક્ષણ પત્રિકા'નો પ્રચાર ઘેરેઘેર ફરી કર્યો હતો. ભાઇઓ તથા બહેનોની જાહેર સભા થઇ હતી. આ સપ્તાહના સક્રિય કાર્યરૂપે બાલક્રીડાંગણ માટે લોકોએ લગભગ ૫૦૦ રૂપિયા જેટલી રકમ એકઠી કરી હતી. લોકોનો ઉત્સાહ ખૂબ જ પ્રસંશનીય હતો.

મુંબાઈ. ભગિનીસમાજ બાલમંદિરમાં નૂતન બાલશિક્ષણસંઘના ઉપક્રમે તા. ૨૩ મીએ શ્રી જયશ્રીબેન રાયજીના પ્રમુખપદે ગિજુભાઇ સંવત્સરી ઉજવાઇ હતી. સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ સંઘનાં પ્રમુખ શ્રી સરલાબેન, સ્વામી આનંદ તથા શ્રી ગોપાળરાવ કુલકર્ણીએ બાલશિક્ષણની મહત્તા સમજાવતાં કહ્યું હતું કે રાષ્ટ્રની મહત્ત્વાકાંક્ષાને પોષક અને અનુરૂપ જ શિક્ષણપ્રણાલિકા રચાવી જોઇએ, પછી તે ગમે તે નામે ચાલતી હોય. આ દ્રષ્ટિએ વિચારતાં અત્યારના બાલશિક્ષણમાં રાખવી જોઇતી જરૂરી સાવચેતીનો અને દાખલ થતી ઊણપોનો નિર્દેશ કરવામાં આવ્યો હતો.

મુંબઇનાં ભાટિયા સ્ત્રીમંડળ હસ્તક ચાલતાં સઘળાં બાલમંદિરોમાં માતાપિતાઓની સભાઓ થઇ હતી.

દાદર. શિશુવિહાર, દાદરમાં બાળકોની સભા સમક્ષ ગિજુભાઇ સ્મરણ, તેમના સાહિત્યનું વાચન, વગેરે કાર્યક્રમ રખાયો હતો.

ખારના આદર્શ બાલમંદિરમાં બાળકોની સભા સમક્ષ શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાયે સ્વ. ગિજુભાઇનું જીવન અને કાર્યની બાલરોચક શૈલીમાં માહિતી આપી હતી.

આ ઉપરાંત શિનોર, કપડવણજ, ખંભાત, રાજપીપળા, દહાણું વગેરે સ્થળે સંવત્સરી ઉજવાયાના અહેવાલો આવ્યા છે.

સંઘના નવા આજીવનસભ્યો
(૧૯૪૩)

શ્રી. જમનાદાસ ચુનીલાલ જીનવાળા	ડભોઇ	
,, મનુભાઇ મગનલાલ ધ્રુવ	રાજપીપળા	
,, નટવરલાલ જમનાદાસ જાગીરદાર	સૂરત	
,, અમૃતલાલ છોટાલાલ ખાંડવાળા	,,	
,, ઇશ્વરભાઇ વિઠ્ઠલભાઇ પટેલ	નડિયાદ	
,, દેસાઇ હરિભાઇ મરઘાભાઇ	,,	
શ્રીમતી બાબીબેન મૂળજીભાઇ	મુંબઇ. ૭	
શ્રી. મણિભાઇ ભાઇલાલભાઇ અમીન	વડોદરા	

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, બી. એ., એમણે આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૪-૭-૪૩.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

જ્યાં સુધી દુનિયા ઉપર દવાખાનાંઓ, કેદખાનાંઓ અને દીવાનખાનાંઓ છે ત્યાં સુધી કેળવણીની દિશામાં કાંઈ જ નથી થયું એમ કહેવામાં કશો વાંધો નથી. શાળાઓમાં સંપૂર્ણ શરીરવિકાસ ન થાય, શાળાઓ માણસની નૈતિક અને શારીરિક નિર્બળતાઓ કાઢી નાખે નહિ અને શાળાઓ માણસજાતમાં જે જે કારણોથી ગાંડપણ આવે છે તે તે કારણો નિર્મૂળ કરે નહિ, ત્યાં સુધી શાળાઓ શાળાઓના નામને પાત્ર નથી.

—સ્વ૦ ગિજુભાઈ

વર્ષ ૧૮ | : : કાર્યાલય : : | અંક ૬

૧૯૯૯ | રાવપુરા : વડોદરા | શ્રાવણ

નૂતન બાલશિક્ષણ સંઘના

બંધારણની વિચારણા

અઢાર વર્ષ પહેલાં સંઘની સ્થાપના ભાવનગરમાં થઇ ને તે વખતે સંઘના ઉદ્દેશો ને કાર્ય નક્કી કરી ચાર જણાંને વ્યવસ્થાપકો તરીકે નીમવામાં આવ્યા હતાં: શ્રી સરલાદેવી સારાભાઇ પ્રમુખ, શ્રી નાનાભાઇ ભટ ઉપપ્રમુખ અને સ્વ. શ્રી ગિજુભાઇ ને શ્રી તારાબેન મંત્રીઓ. તે વખતે નિયમો ઘડવાની કે બંધારણ કરવાની જરૂર દેખાઇ નહિ ને કામની શરૂઆત થઇ. એને એ જ મંડળ કેઠ ૧૯૩૯ સુધી ચાલ્યું. ખરું જોતાં મંડળ તે વખતે કામ કરતું જ ન હતું. સ્વ. ગિજુભાઇ જ બધું કરી લેતા હતા. ને મંડળને તેમના ઉપર પૂર્ણ શ્રદ્ધા એટલે કોઇ દખલ કરતું નહિ. સ્વ. ગિજુભાઇએ શિક્ષણપત્રિકાનો વિસ્તાર ખૂબ વધાર્યો. ગુજરાતી, મરાઠી ને હિંદી એમ ત્રણ ભાષામાં એ માસિક શરૂ કર્યું. પોતે ચારે તરફ ફરી, વ્યાખ્યાનો દ્વારા, પોતાના શિષ્યમંડળ દ્વારા, તાલીમવર્ગો દ્વારા, એમ અનેક રીતે જાગૃતિ લાવ્યા, ને કામને ધમધોકાર આગળ વધાર્યું.

૧૯૩૯ માં એકાએક પૂ. ગિજુભાઇનું અવસાન થયું, ને સંઘના કામનો ભાર વ્ય૦ મંડળના પાછળ રહેલા લોકો ઉપર આવી પડ્યો. મંડળે પોતે બીજા બે સભ્યો લીધા ને પાંચ જણાંનું વ્યવસ્થાપક મંડળ બનાવી કામ લેવાનું શરૂ કર્યું

દરમિયાન બહારથી અવાજો આવવા લાગ્યા: બંધારણ જોઇએ, નિયમો જોઇએ; બંધારણ મુજબ કામો થવાં જોઇએ; વ્યવસ્થાપકમંડળની પણ ચૂંટણી થાય તો સારું; વર્ષોથી જે લોકો બાલમંદિરો કાઢી કામ કરતા હોય એવા લોકોને વ્યવસ્થામાં ભાગ મળવો જોઇએ; વગેરે.

બૅંકમાં નાણાં મૂક્યાં ત્યાં પણ સંઘના બંધારણની નકલ માગવામાં આવી.

એકંદરે બંધારણ ઘડવાની આવશ્યકતા જણાઇ. તથા શ્રી મંગળદાસ પકવાસાસાહેબે અમને બંધારણ ઘડી આપ્યું. તે ઉપર ચર્ચા થઇ, સૂચનાઓ પણ આવી; ને યોજનામાં સુધારાવધારા થઇ અઢી વર્ષ પહેલાં એ બંધારણ અમલમાં મુકાયું.

હવે આ વર્ષને અંતે એ પહેલી ચૂંટણીને ત્રણ વર્ષ પૂરાં થાય છે. નવી ચૂંટણીનો વખત પાસે આવ્યો છે. એટલે અનુભવને અંતે બંધારણમાં ફેરફાર અથવા સુધારાવધારા કરવાની જ્યાં જ્યાં જરૂર જણાય તે કરી લઇ આવતા વર્ષથી કામ શરૂ કરવું એવો વ્યવસ્થાપક મંડળનો ઇરાદો છે. મૂળ બંધારણની રૂપરેખા ગયા અંકમાં છપાઇ ગઇ છે. તેના ઉપર હાલના વ્યવસ્થાપક મંડળે સૂચવેલા ફેરફારો નીચે પ્રમાણે છે.

બંધારણમાં સૂચવેલા ફેરફારો

(૧) અત્યારે બંધારણ તરીકે તો સંઘનું નામ અને ઉદ્દેશો છે; ને નિયમોમાં સભ્યોની વ્યાખ્યાઓ તથા વ્યવસ્થાપક મંડળ અને કાર્યકર્તામંડળની ચૂંટણી કઇ રીતે થાય, વગેરે બાબતો છે. અત્યાર સુધી એ નિયમોમાં ફેરફાર કરવાની કુલ સત્તા વ્યવસ્થાપક મંડળને છે. તેને બદલે વ્યવસ્થાપક મંડળ એમ સૂચવે છે કે મૂળ બંધારણમાં ફેરફાર કરવો હોય તો જેમ સામાન્ય સભા મેળવીને ૨/૩ બહુમતિથી ફેરફાર

કરી શકાય છે તેમ જ નિયમોમાંથી કેટલાએક નિયમો જેવા કે મતાધિકારની બાબતો, ચૂંટણીની બાબતો, વગેરેમાં ફેરફાર કરવાની સત્તા પણ સામાન્ય સભાને જ હોવી જોઇએ.

(૨) સંઘના નાણાં સુરક્ષિત રાખવા માટે બૉર્ડ ઑફ ટ્રસ્ટીઝ નીમવું જોઇએ.

(૩) હિંદી–મરાઠી ભાષામાં પણ શિક્ષણ પત્રિકા ચાલે છે તેથી તે ભાષાભાષીઓમાં પણ થોડું ઘણું કામ ચાલે છે. માટે તે તે ભાષાઓનું જુદું જુદું કાર્યકર્તામંડળ રાખવું; એને સારુ તે તે ભાષાવાર ઓછામાં ઓછા ૧૦ આજીવન સભ્યો, ૨૦ સહાયક સભ્યો, ૩ જોડાણ સંસ્થાઓ તથા ૨૫ સક્રિય સભ્યો હોવા જોઇએ.

ભાષાવાર કાર્યકર્તામંડળ જુદાં થાય તોપણ વ્યવસ્થાપક મંડળ એક જ રહે; નાણાં પણ ભેગાં જ રહે. વળી બધા પ્રાંતોનાં કાર્યકર્તામંડળો વર્ષમાં એક વાર તો એકઠાં મળે જ તથા એકબીજાં સાથે સંપર્ક સાધે. કામની સરળતા અને વધારે જોરથી પ્રચાર થવા પૂરતી કાર્યકર્તામંડળની આવશ્યકતા જણાય તો જ તે જુદાં કરવા; છતાં પ્રાંતીય ભેદભાવ ન આવે તેમ જ કાર્યકર્તાઓ એકબીજાથી છૂટા ન પડી જાય એ ધોરણ સાચવી રાખવું.

(૪) કાર્યકર્તાઓની ચૂંટણી ભૌગોલિક વિભાગવાર યોજવી, જેમ કે ગુજરાતી માટે ૮ કાર્યકર્તાઓ ચૂંટાવાના હોય તો ૧ અમદાવાદ શહેર, ૧ અમદાવાદ અને ખેડા જિલ્લો તથા ઉત્તર ગુજરાત, ૧ પૂર્વ કાઠિયાવાડ, સોરઠ, વગેરે, ૧ હાલાર, કચ્છ, વગેરે, ૧ વડોદરા, ખંભાત, રેવાકાંઠા, વગેરે, ૧ સૂરત, ભરૂચ, વગેરે દક્ષિણ ગુજરાત વિભાગ, ૧ મુંબઇ શહેર, ૧ બૃહત્ ગુજરાત એમ જુદા જુદા વિભાગોમાંથી એક એક કાર્યકર્તા ચૂંટાઇને આવે તો તે પોતાના વિભાગમાં સારું કામ કરી શકે. સહાયક અને આજીવન સભ્યોમાંથી કરવાની ચૂંટણી સમૂહમાં સામાન્ય જ થાય; તે દરેક વિભાગ પોતપોતાનો સભ્ય ચૂંટી આપે.

એક વિવાદાસ્પદ પ્રશ્ન

(૫) સામાન્ય સભ્યોને મતાધિકાર હોવો જોઇએ એવી ઘણાંઓની સૂચના છે. મૂળ બંધારણમાં મતાધિકાર તેમ જ ચૂંટાવાના અધિકારનું ધોરણ એવું રાખવામાં આવ્યું છે કે જે લોકો નૂતન શિક્ષણ વિષે જાણે છે, તે ક્ષેત્રમાં અભ્યાસ તથા કામ કરે છે (સાહિત્ય, સાધનો કે શિક્ષણ કોઇ પણ જાતનું પ્રત્યક્ષ કામ કરે છે), તેઓ જ સંઘમાં કાંઇક કામ કરી શકે, અને એ માન્યતાથી કાર્યકર્તામંડળ માટે સક્રિય તેમ જ સંસ્થાપ્રતિનિધિમાંથી ૯ જણા, સહાયક સભ્યોમાંથી ૨ ને આજીવન સભ્યોમાંથી ૨, એમ વહેંચણી કરી હતી. મતાધિકાર પણ એ જ ચાર વર્ગોને આપવામાં આવ્યો હતો, કેમ કે એ જ લોકો આ વસ્તુ વિષે વિશેષ જાણકાર હોય એમ સ્વીકારી લેવાયું હતું. તે સિવાય સામાન્ય સભ્યોનો વર્ગ છે ખરો, પણ તે તો સંઘના કામ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારાઓનો તથા એ રીતે કામને અપ્રત્યક્ષ મદદ કરનારો સામાન્ય જનતાનો વર્ગ થયો. તે વર્ગ પત્રિકા વાંચે છે તેથી સંઘના કાર્યની દિશા તો જાણે જ છે; તેમાંથી કોઇને જો સંઘની વ્યવસ્થામાં ભાગ લેવાની ઇચ્છા થાય તો તે સહાયક અથવા આજીવન સભ્ય થઇને ભાગ લઇ શકે. સામાન્ય સભ્યોને અહેવાલ મેળવવાનો અને હિસાબ પસાર કરવાનો હક્ક છે; એક માત્ર ચૂંટણીનો મતાધિકાર નથી.

આ બાબતમાં બહારથી ઘણી વાર અસંતોષ બતાવવામાં આવે છે. ચૂંટણીનો અધિકાર આપવામાં ચૂંટણીનાં અનેક અનિષ્ટો

સંઘમાં દાખલ થઇ કામ બગડવાનો સંભવ છે કે કેમ એવી બીક રહ્યા કરે છે. ચૂંટણી તથા મતાધિકાર એ લોકસત્તાની નિશાની છે ખરી; પણ ઘણે સ્થળે આનો દુરુપયોગ થતો વધારે દેખાય છે. આને પરિણામે અમુક જ જણ સત્તા પોતાના હાથમાં લઇ લે વગેરે અનેક બદીઓ આપણે બીજે ઘણે સ્થળે જોઇએ જ છીએ.

અર્થાત્ આ બાબતમાં સંઘનું કાર્ય તેમ જ સંઘના બંધારણીય કામની શરૂઆત ધ્યાનમાં રાખી કેવા ફેરફારો થવા જોઇએ એ નિર્ણય કરવાનો બાકી છે. મૂળ વ્યવસ્થા અમુક વિચારોથી રાખેલી ને તેજ બરાબર છે એમ પણ કેટલાએકનો મત છે, જ્યારે સામાન્ય સભ્યોમાંથી કેટલાંએકને જે અસંતોષ છે તેમને સંતોષ આપવો જોઇએ એમ પણ કેટલાંએકનું માનવું છે.

શ્રી તારાબેન મોડકની સૂચના

શ્રી તારાબેનની સૂચના કાર્યકર્તામંડળની બાબતમાં છે. તે એવી છે કે કાર્યકર્તામંડળ એ સ્વયંસેવકનું મંડળ હોઇ તેમની ચૂંટણી ન કરવી પણ વ્યવસ્થાપક મંડળે તે નીમવું. ખાસ કરી મંત્રી કે જેને જુદા જુદા વિભાગોમાંથી કામ લેવું પડે છે, તેને તે તે વિભાગમાં કાર્યકર્તા નીમવાનો અધિકાર આપવામાં આવે તોજ સાચું કામ થઇ શકે, ને જે ઉદ્દેશથી કાર્યકર્તામંડળ ઊભું કર્યું છે તે સધાય. મંત્રી એકાદ વ્યક્તિને નીમે અને તે કાર્ય કરે નહિ અથવા ન કરી શકે એવી પરિસ્થિતિ ઊભી થાય, તો મંત્રી તરત બીજા કાર્યકર્તા નીમી શકે, અથવા નવા જુસ્સાથી કામ કરનાર નવો કાર્યકર્તા આગળ આવતો જણાય તો તેને પણ અવકાશ આપી શકે. એટલે કામની સરળતા ધ્યાનમાં રાખવી જોઇએ, ને કામ થવું જ જોઇએ એવો આગ્રહ રહેવો જોઇએ. જેને સ્વયંસેવા આપવી હોય તે આપી શકે ને મંત્રી તેની સેવા લઇ શકે એવી વ્યવસ્થા હોવી જોઇએ.

કાર્યકર્તામંડળ અંગેની આ સૂચનામાં એક વાર ચૂંટણીનું તત્ત્વ દાખલ કરી હવે તે કાઢી લેવાથી લોકસત્તાનું તત્ત્વ નાબૂદ કરી નાખ્યા જેવું થાય છે, ને સઘળી સત્તા મંત્રી કે વ્યવસ્થાપક મંડળના હાથમાં કેન્દ્રિત થાય છે તે ઇષ્ટ નથી એમ કેટલાએકને કદાચ લાગે. તે માટે વ્યવસ્થાપક મંડળ આજે જે પાંચ સભ્યોનું છે તે સંખ્યા વધારીને તેને ૧૩ સભ્યોનું બનાવવું અને ફક્ત વ્યવસ્થાપક મંડળની જ ચૂંટણી કરવી; તથા તેમાં આજીવન સભ્યો તથા સહાયક સભ્યોમાંથી બધ્ધે તેમ જ વિભાગીય ચૂંટણી અનુસાર બીજા ૮–૧૦ સભ્યોનું તત્ત્વ પણ દાખલ કરવું. આ રીતે ચૂંટાયેલ વ્યવસ્થાપક મંડળ પોતાનામાંથી પ્રમુખ, ઉપપ્રમુખ, બજનચી, સામાન્ય મંત્રી ને પ્રાંતીય મંત્રીઓ ચૂંટે, તથા આ વિભાગીય મંત્રીઓ સામાન્ય મંત્રી તથા પ્રમુખની સલાહથી પ્રાંતીય કાર્યકર્તાઓ નીમે અને વ્યવસ્થાપક મંડળની તે માટે મંજૂરી મેળવે.

સંધીઓને ઉદ્દેશીને

આ જાતના સુધારા અત્યાર સુધી સુચવાયેલા છે. સંઘના જુદી જુદી જાતના સભ્યોમાં ઘણા બંધારણીય બાબતો જાણનારા પણ હશે. વળી સંઘનું કાર્ય વધારે પ્રગતિશીલ બને, અને માત્ર મંત્રી કરે તેટલું જ સંઘનું કામ ન રહે પણ નવા બહારના લોકો સંઘનું કામ ઉપાડતા થાય તેની ગોજના થવી જોઇએ, ને તે દ્રષ્ટિએ કેટલાએક સુધારા થવાની જરૂર ઘણાંઓને લાગી હશે. કાર્યકર્તાઓ તરીકે જેઓ ચુંટાયા છે તેમને પણ આ બાબતમાં કાંઇ કાંઇ

સૂચનાઓ કરવા જેવી લાગતી જ હશે. કાર્યકર્તા મંડળમાં ન આવ્યા હોય છતાં બહાર રહીને પણ જેમણે કામ કર્યું હશે તેમને પણ કાંઇક કાંઇક કહેવું-સૂચવવું હશે જ.

આથી અમે સહુ સભ્યોને વિનંતી કરીએ છીએ કે બંધારણમાં ફેરફાર કરવાની જે કાંઇ સૂચનાઓ જે જે ભાઇબહેનોને કરવી હોય તેમણે તે સૂચનાઓ નીચેને સરનામે વેળાસર મોકલી આપવી.

મંત્રીઓ,
નૂતન બાલશિક્ષણ સંઘ,
૧૧૭, હિંદુ કૉલની, દાદર.

બાળકોનું વિજ્ઞાનશિક્ષણ

(૧) સંસ્કૃતિનો પાયો ભાષા

વિશાલ વટવૃક્ષના અણુ જેવડા એક જ બીજમાં જેમ આખું વટવૃક્ષ સૂક્ષ્મ સ્વરૂપમાં સમાયલું હોય છે તેમ જ શિક્ષણના જુદા જુદા અનેક વિષયો તેની પ્રાથમિક અવસ્થામાં તો એકલી ભાષામાં જ હોઇ શકે એ સ્વાભાવિક છે. અમુક રીતે વિચાર કરીએ તો કલા, વિજ્ઞાન, ઉદ્યમ વગેરેના જુદા જુદા વિષયો એ બધી ભાષા જ છે. ભાષાએ જ કલા, વિજ્ઞાન અને ઉદ્યમના વિવિધ પ્રદેશોમાં સર્જેલી જુદી જુદી અનેક કલ્પનાઓને સ્થિરતા આપી છે, અને તેથી જ કલા, વિજ્ઞાન અને ઉદ્યમના અસંખ્ય ક્ષેત્રોમાં મનુષ્યપ્રાણી પ્રગતિ સાધી શક્યો છે. આ રીતે ભાષામાં જેમ કલા, વિજ્ઞાનો અને ઉદ્યમોનાં સૂક્ષ્મ સ્વરૂપો સમાયલાં છે તેમ જ તેનો વિકસિત કલ્પનાવૈભવ પણ ભાષામાં જ સમાયલો છે.

કોઇ પણ માનવસમૂહની લૌકિક પ્રગતિ તે સમાજની ભાષાની પ્રગતિથી માપી શકાય છે. સમાજની સંસ્કૃતિની સાથે જ ભાષા જન્મે છે, વધે છે અને મૃત્યુ પામે છે. કલા, વિજ્ઞાન અને ઉદ્યમોનાં અનેક ક્ષેત્રોમાં સુસંસ્કૃત સમાજની ભાષા ઘણી ખેડાયેલી હોય છે; જ્યારે પછાત માનવી સમૂહની એ ભાષા અણખેડાયલી અને અલ્પ હોય છે. પોતાની વિકસિત ભાષાને લીધે જ માનવ અને માનવસંસ્કૃતિ અન્ય અસંખ્ય પ્રાણીઓના જીવનવ્યવહારથી જુદી પડે છે, અને તેથી જ વિચારવાનું મન થાય છે કે માનવ-જીવનના વ્યવહાર અને સંસ્કૃતિના પ્રાણરૂપ થઇ પડેલી આ ભાષાની ઉત્ક્રાંતિ કેવી રીતે થતી હશે? પ્રકૃતિએ એવી શી યોજના ઘડી હશે કે જેથી કરીને આ માનવપ્રાણીની સંસ્કૃતિની અને તેની ભાષાની સતત ઉત્ક્રાંતિ જ થયા કરે?

સૈકાઓથી થઇ રહેલા ભાષાના આ વિકાસ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે ભાષાની આ સતત ઉત્ક્રાંતિના બે મુખ્ય ઘટકો છે. તેમાંનો એક છે પુરુષ (અહીં પુરુષ શબ્દ adult ના અર્થમાં વાપર્યો છે.) અને બીજો ઘટક છે બાળક. પુરુષ પોતાની પ્રજ્ઞા વડે સંસ્કૃતિનાં અથવા તો કલા, વિજ્ઞાનો અને ઉદ્યમોનાં જુદાં જુદાં ક્ષેત્રો સર્જે છે, વિકસાવે છે અને તે તે ક્ષેત્રોને સ્થિર કરવા માટે સાથે સાથે તે ભાષા ઘડે છે. નવી નવી કલ્પનાઓને સ્પષ્ટ કરવા માટે તે નવા નવા શબ્દો ભાષામાં આણે છે,

અને ભાષાને સંપન્ન કરે છે. બીજી રીતે બાળક, પુરુષે સંપાદન કરેલી આ સંસ્કૃતિ અને ભાષાના વારસાને પચાવીને તેને કાયમ કરતું જાય છે. પુરુષે નિર્માણ કરેલી આ સંસ્કૃતિ અને ભાષાને બાળક આત્મસાત્ કરે છે. બાળકના આ મહાન કાર્યનું ભાન આપણને અતિનિકટતાને લીધે થતું નથી.

'વીસમી સદીના ક્રોઇ યુગલને ૨૦૦ વર્ષ પૂર્વેનાં માનસવાળું બાળક કેમ નથી અવતરતું?' એ પ્રશ્ન ખૂબ વિચારવા જેવો છે. બાળક સમાજે નિર્માણ કરેલી સંસ્કૃતિ અને ભાષા આત્મસાત્ કરે છે; એ જ બાળક પોતે જ્યારે પુરુષ બને છે ત્યારે ફરી તે પુરુષ રૂપે નવાં ક્ષેત્રો ખેડી સંસ્કૃતિ ને ભાષામાં ઉમેરો કરે છે. અને ફરી તેનો વારસો પોતાનાં બાળકોને આપે છે, ને તેનાં બાળકો સઘળું આત્મસાત્ કરે છે. એવી રીતે સમાજની સંસ્કૃતિનો વલયાકાર ચઢતો જેવો બાળક અને પુરુષના પરસ્પરના પૂર્તિરૂપ કાર્યથી સતત ઊંચો ને ઊંચો જ ચડતો જાય છે.

અહીં સહજ જ મનમાં પ્રશ્ન થાય છે કે ભાષાની ઉત્ક્રાંતિમાં પુરુષ જે ફાળો આપે છે તે તો સ્પષ્ટ રીતે જ દેખાય છે. પૂ. ગાંધીજીએ અહિંસામાર્ગનું ક્ષેત્ર ખેડ્યું અને તેની સાથે જ આપણી ભાષાઓમાં અહિંસામાર્ગીય રાજકારણના અસંખ્ય શબ્દો તેમણે સર્જ્યા. ભાષાની ઉત્ક્રાંતિમાં પુરુષનો ફાળો આવી રીતે આપણે બહુ સ્પષ્ટ રીતે જોઇ શકીએ છીએ; પણ બાળકના ફાળાનો આપણને ખ્યાલ આવતો નથી. પુરુષોની પેઢીઓ પછી પેઢીઓ ઉમેરો કરી કરીને સૈકાઓથી જે ભાષાને ઘડતી અને વિકસાવતી આવી છે, તે વિકસેલી ભાષાને બાળક કેવી રીતે આત્મસાત્ કરી શકતું હશે? બાળક પાંચ વર્ષનું થાય છે ત્યાં સુધીમાં પોતાના જીવનવ્યવહાર પૂરતું ભાષાનું બધું જ્ઞાન મેળવી લે છે તે આપણે જાણીએ છીએ. દુનિયામાં પ્રથમ જ અવતરનાર આ તદ્દન અસહાય બાળક પોતાના વાતાવરણમાંની હજારો વસ્તુઓ સાથે કેવી રીતે પરિચિત થતું હશે? બાળકનાં આ પાંચ વર્ષમાંનાં પહેલાં બે અઢી વર્ષ મનુષ્યની વાણીનાં વિકસિત સ્વરો, સૂરો, વ્યંજનો અને જોડાક્ષરોના ધ્વનિ આત્મસાત્ કરીને તેને પોતાના ગળામાંથી ઉત્પન્ન કરવામાં જ જાય છે. બાકી રહેલાં ત્રણ વર્ષમાં બાળક પોતાની મેળે જ કેવી રીતે સંસ્કૃતિ અને ભાષા આત્મસાત્ કરતું હશે? બાળકના આ કાર્યનો ખ્યાલ હજી સ્પષ્ટ કરવા માટે આપણે એક તુલનાત્મક દાખલો લઇએ. ધારો કે તામિલ સંસ્કૃતિ અને ભાષાના અભ્યાસાર્થે એક પુરુષને આપણે મદ્રાસ તરફ મોકલીએ; તેને ત્રણ વર્ષની મુદત આપીએ; લેખન, વાચન અને તામિલ લોકોમાં રહેવાની સગવડ કરી આપીએ. અને આ માણસની પ્રગતિની સાથોસાથ તે જ વખતે મદ્રાસમાં જન્મેલા એક બાળકની પ્રગતિની નોંધ પણ રાખીએ. ત્રણ વર્ષને અંતે પેલા પુરુષની અને બાળકની તામિલ બોલભાષામાં પરીક્ષા લઇએ. તામિલ બાળક જે છટાથી, જે ઉચ્ચારોની ઝલકથી તામિલ ભાષા બોલશે તે છટા, તે ઝલક, તે ઉચ્ચારોની સૂક્ષ્મતા આ પુરુષ કોઇ પણ રીતે આત્મસાત્ કરી શકશે નહિ. પુરુષની તુલનામાં બાળક કેટલું અસહાય હતું? તેને ઉચ્ચારો આવડતા ન હતા કે નહોતી તેને કોઇ ભાષા આવડતી; તેને વાંચતાં આવડતું ન હતું કે નહોતું લખતાં આવડતું. અને તેમ છતાં પુરુષની તુલનામાં બાળક વાતાવરણની સંસ્કૃતિ

અને ભાષા પર જે ઝડપી અને અસાધારણ કાબૂ મેળવે છે તે કુદરતની કેટલી આશ્ચર્ય-જનક ઘટના છે? અતિ નિકટતાને લીધે તેનું આપણને કેં આશ્ચર્ય નથી લાગતું પરંતુ આ આશ્ચર્યજનક ઘટના ઘણા શાસ્ત્રજ્ઞોનું અને ખાસ કરીને ડૉ. મોન્ટેસોરીનું સંશોધનનું એક મહાન્ ક્ષેત્ર બની ગયું છે. આ શાસ્ત્રજ્ઞો અને ડૉ. મોન્ટેસોરી એમ માને છે કે બાલ્યાવસ્થામાં પ્રત્યેક પ્રાણી વાતાવરણને પહોંચી વળવા માટે નિસર્ગની કોઇ અદ્‌ભુત શક્તિથી પ્રેરાતું હોય છે. પ્રાણીઓમાં–ખાસ કરીને તેમની બાલ્યા-વસ્થામાં જ આ શક્તિ જુદી જુદી પ્રેરણાઓ દ્વારા તેમના વિકાસને મદદ કરે છે. આ પ્રેરણાઓના સમયને ડૉ. મોન્ટેસોરી પીરિયડ્સ્ કહે છે. તે જુદે જુદે સમયે આવે છે અને વિકાસક્રમને અનુસરીને તેનું લક્ષ્ય પણ નિશ્ચિત અને ભિન્ન-ભિન્ન હોય છે.

પ્રાણી પોતાની પ્રગતિમાં અમુક એક વિશિષ્ટ વિકાસ પ્રાપ્ત કરી લે ત્યાં સુધી તેની આ પ્રેરણા ખૂબ જાગૃત હોય છે; તેની સંવેદન-ક્ષમતા ખૂબ તીવ્ર હોય છે. આ પ્રેરણાબળથી જ (એટલે Sensitive periods) મનુષ્યનાં બાળકો પણ માનવ સંસ્કૃતિ આત્મસાત્ કરી લે છે. દા. ત. બોલતાં શીખવા માટે જે જુદા જુદા અવાજો બાળક પોતાના ગળામાંથી ઉત્પન્ન કરવાનું શીખી લે છે, તેની પાછળ આવી જ એક વિશિષ્ટ પ્રેરણા કામ કરતી હોય છે. એવું ન હોત તો જે બાળકને તેના જુદા જુદા અવ-યવોના સહયોગની (Co-ordination) પણ ખબર હોતી નથી તે બાળક જન્મથી ૧૫/૨ વર્ષમાં મનુષ્યની વાણીના વિવિધ, સૂક્ષ્મ અને છટાદાર ઉચ્ચારો કેવી રીતે ઉચ્ચારી શકત? ઉચ્ચારો આત્મસાત્ કરવાનો આ પ્રેરણા સમય (Sensitive period) પુરુષના (adult) જીવનમાં બાળકના જેટલી તીવ્રતાથી કોઇ દિવસ આવતો દેખાતો નથી.

આ પ્રેરણાસમય બાળકને ઉચ્ચારોનું સ્વામિત્વ મેળવવામાં મદદ કરીને પાછો અદ્રશ્ય થઇ જાય છે.

ઉચ્ચારો આત્મસાત્ કરવાની બાબતમાં પહેલાં બે અઢી વર્ષમાં જેમ ઉપરનો પ્રેરણા-સમય પ્રબળ હોય છે તેમ જ તે પછીનાં આગળનાં બેત્રણ વર્ષ માટે એક બીજો પ્રેરણા સમય આવે છે જેનો મુખ્ય ઉદ્દેશ મનુષ્યની બુદ્ધિને ઘડવાનો (એટલે Mental construc-tion નો) હોય છે. આ સમયમાં બાળક પોતાની ઇન્દ્રિયો દ્વારા એક એક વસ્તુ પોતાના મનો-ભંડારમાં કલ્પના રૂપે વ્યવસ્થિત ગોઠવતું જાય છે. "પુસ્તક લાવો" એમ સાંભળ્યા પછી બાળક પુસ્તક લાવી આપે છે તેનું કારણ "પુસ્તક" એટલે અમુક એક જ પુસ્તક નહિ પણ પુસ્તક માત્રની કલ્પના તેણે પોતાની બુદ્ધિમાં નિશ્ચિત કરેલી હોય છે, અને તેથી જ તે "પુસ્તક" શબ્દનો (અર્થાત્ "પુસ્તક" ની કલ્પના સાથે) ઉપયોગ પોતે પણ કરી શકે છે, ભાષામાં વાપરી શકે છે અને બીજાએ કરેલો ઉપયોગ પોતે સમજી શકે છે. ડૉ. મોન્ટીસોરી તેને orienta-tion of ideas કહે છે. એવી રીતે બાળક અનેક કલ્પનાઓ નિશ્ચિત કરી શબ્દોની મદદ વડે તેને મૂર્ત સ્વરૂપ આપી પોતાની બુદ્ધિનું અથવા તો પોતાની ભાષાનું ઘડતર કરતું હોય છે. ભાષાના શબ્દોના અભાવે અનેક કલ્પનાઓ બુદ્ધિમાં નિશ્ચિત જ ન થઇ શકત એ દેખીતું જ છે. આ સમયમાં બાળક પોતાના જીવનને પાયા રૂપ બને તેવી બધી બૌદ્ધિક તૈયારી કરી લે છે. માનવ ભાષાનો સૈકાંઓથી

થયેલો વિકાસ આત્મસાત્ કરવા માટે બાળક જે વાતાવરણમાં હોય તેમાંની હજારો વસ્તુઓનો પરિચય અજબ રીતે મેળવી લે છે, અને તેની કલ્પનાઓ બુદ્ધિના ભંડારમાં એટલી વ્યવસ્થિત રીતે ભરે છે કે જ્યારે તેને જરૂર હોય ત્યારે તેનો તે ઉપયોગ કરી શકે છે.

મારો વિદ્યાર્થી ૪॥–૪॥॥ વર્ષનો છે. એક દિવસ તે બાગમાંથી ફૂલો ભેગાં કરીને લઈ આવ્યો. મને કહે છે: "નાનલેભાઇ! ફૂલોમાં વજ્રકોશનું શું કામ હોય છે તે કહું?" મેં કહ્યું: "હા, કહો ને?" "એ તો પુષ્પમુગટ પકડી રાખવા." તે બોલ્યો. તેના એક નાનકડા વાક્યમાં આ બાળકે ગ્રહણ કરેલી ફૂલની સામાન્ય કલ્પનાનો પરિચય દેખાઇયો એટલું જ નહિ, પણ તેના વિભાગોની કલ્પનાઓ બાબત પણ તે નિશ્ચિત થયો છે, તેના શબ્દો તેણે મેળવ્યા છે અને હવે ફૂલના જુદા જુદા વિભાગોના કાર્ય વિશે તે વિચાર કરતો થયો છે તેવું દેખાય છે. મને ખબર છે કે આ વિદ્યાર્થી ૨॥ વર્ષ પહેલાં તેના વાતાવરણમાંની એક પણ વસ્તુ સાથે પરિચિત ન હતો; પોતાની આવશ્યક જરૂરિયાતો તે કેટલાક શબ્દો વડે જ વ્યક્ત કરી શકતો. પણ આજે તેણે હજારો સામાન્ય નામોનો જ નહિ પણ વિશેષ–ભાવવાચક નામોનો પણ ખૂબ સંગ્રહ કર્યો છે.

તે વિશેષણો બરાબર વાપરી શકે છે; ક્રિયાપદો અને ક્રિયાવિશેષણોનો સમજપૂર્વક ઉપયોગ કરી શકે છે; રામાયણ–મહાભારતની વાર્તાઓ તે સમજી શકે છે; વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને ભૂગોલની કેટલીક શાસ્ત્રીય વિગતો સમજવાનો પણ પ્રયત્ન કરે છે. માત્ર ૨॥ વર્ષના ગાળામાં કોઇ પણ બાળક આ ઉંમરમાં દુનિયાનો પરિચય મેળવીને ભાષા ઉપર જે અજબ કાબૂ મેળવે છે, તે એક આશ્ચર્યજનક ઘટના છે.

ભાષા દ્વારા વિજ્ઞાન

ભાષાની ઉત્ક્રાંતિની વાત કરતાં આપણે વિચારી ગયા કે તેના સતત વિકાસના મૂળમાં બે ઘટકો છે: એક પુરુષ અને બીજું બાળક. પુરુષનું કાર્ય જેમ નવનિર્મિતિનું છે તેમ બાળકનું કાર્ય તે નિર્મિતિને ટકાવી રાખવાનું છે. બાળકે આ કાર્ય ન કર્યું હોત તો દરેક પુરુષના અવસાન સાથે તેણે સરજેલી ભાષાનો પણ અંત આવી જાત.

આપણે દુનિયાને ભાષા દ્વારા જેટલું સમજતા થયા છીએ તે મેળવવા આપણી બાલ્યાવસ્થાએ જ પરિશ્રમ ઉઠાવેલો છે. આવી રીતે ભાષાવિકાસમાં જે સાતત્ય અને વિકાસક્રમ દેખાય છે તેથી જ વૈજ્ઞાનિકો ભાષાના વિકાસને સચેતન વસ્તુના વિકાસ સાથે સરખાવે છે– Language is a living organism. મનુષ્યપ્રાણીનો વિકાસ તેની ભાષાની આવડતને ઘણો જ આભારી છે. વનસ્પતિ જેમ પોતાના આગળના વિકાસ માટે પ્રથમ પોતાનાં મૂળ જમીન તરફ મોકલે છે, તેમ મનુષ્ય પોતાના આગળના વિકાસ માટે ભાષા મેળવી લેવા પોતાની બુદ્ધિને જીવનનાં ક્ષેત્રોમાં ઉતારે છે. ડૉ. મોન્ટેસોરી તે બાબત કહે છે: "The mental process in construction is a **vital process** and forms a part of the **mechanism.** It needs to have external means of expressing ideas and even perhaps material symbols which are the **words**". મનુષ્યની બુદ્ધિનો અથવા ભાષાનો સતત વિકાસ સાધવા માટે કુદરતે જ બાળકોમાં

વિશિષ્ટ પ્રેરણાઓની યોજના કરેલી લાગે છે. તે કાળમાં બાળકો એક અસાધારણ શક્તિથી તેમ જ ગુણોથી પ્રેરાયેલાં દેખાય છે.

આપ સૌ (બાલકાર્યકરો) બાલમંદિરોનાં બાળકોનાં અનુભવી છોઃ ૩ થી ૬ વર્ષનાં બાળકો કેટલી ઝડપથી ઝીણું ઝીણું અવલોકન કરે છે અને એક વાર મેળવેલું જ્ઞાન કેટલી ચોકકસ રીતે સાચવી રાખે છે તે આપ સૌ જાણો છો. મોટા માણસોના ધ્યાનમાં જે ઝીણી બાબતો ન આવે, તે બાળકોની આંખમાં ઝટ સ્પષ્ટ થાય છે. આપણે આપેલા નિયમો આપણે ભૂલી જઇએ છીએ ત્યારે બાળક એ જ નિયમો સાચવી રાખી ઘણી વાર આપણને મૂંઝવણમાં મૂકી દે છે. ખરેખર તેમની આ ઝીણવટ, ચોકસતાનો આગ્રહ, તેમની ક્રિયાશીલતા, એ બધું તેમના બૌદ્ધિક ઘડતરને કેટલું અનુકૂળ અને જરૂરનું હોય છે! આ ઉંમરનાં બાળકો જે જે તેમની આંખો વડે જુએ છે, કાનો વડે સાંભળે છે, હાથો-વડે સ્પર્શે છે, સૂંઘે છે અને ચાખે છે, તે બધાની કલ્પનાઓ (images) તે શબ્દો દ્વારા પોતાના સ્મૃતિભંડારમાં ભરે છે. તેમની આ પ્રવૃત્તિને ડૉ. મૉન્ટેસોરીએ પ્રેરણા (Instinct)થી પ્રવૃત્ત થતાં પંખીડાંઓની પ્રવૃત્તિ સાથે સરખાવી છે. માળાઓ બાંધવાની ઋતુ આવતાં કોઈ ગાંડા-ઓની જેમ પંખીઓ જે જે વસ્તુઓ મળે તેને ચાંચમાં ભરી ભરી લાવે છે, અને ડાળીમાં વ્યવસ્થિત રીતે ગોઠવે છે; આખો દિવસ તેમની આ પ્રવૃત્તિ અખંડ ચાલ્યા જ કરે છે. તેઓ નથી થાકતાં કે નથી કંટાળી જતાં. શબ્દો ભેગા કરવાની ઋતુ આવતાં બાળકોનું પણ એવું જ બને છે. કલ્પનાઓ પછી કલ્પના તેઓ શોધતાં ફરે છે અને શબ્દો વડે પોતાના મગજના માળામાં ગોઠવે છે. ભાષા માટેની બાળકોની આ કુદરતી હિલચાલ જોતાં આપણે બાળકને અનુકૂળ થાય તેવી જ ભાષાશિક્ષણની યોજના કરવાની જરૂરિ-યાત સ્પષ્ટ થાય છે. ભાષા એ સંસ્કૃતિનો પાયો જ નહિ, પ્રાણ છે. એટલે જ શરૂઆતના પૅરેગ્રાફમાં મેં સંસ્કૃતિ તથા તે માટેની ભાષાને વટવૃક્ષ ને તેના બીજ સાથે સરખાવી છે. વિશાલ વટવૃક્ષના અણુ જેટલા એક જ બીજમાં જેમ આખું વૃક્ષ સમાયલું હોય છે, તેવી જ રીતે સંસ્કૃતિના જુદા જુદા વિષયો (ક્ષેત્રો) તેની પ્રાથમિક અવસ્થામાં ભાષામાં જ સમાયલા હોઇ શકે. આપણી સંસ્કૃતિ એટલે આપણો ઇતિહાસ, આપણી કલાઓ, આપણાં વિજ્ઞાનો અને ઉદ્યમો. એ બધાંમાં આપણે મોટેરાંઓએ જે જે નવ-નિર્મિતિ કરી છે, તે આત્મસાત્ કરવા માટે કુદરતે બાળકને એક અદ્‌ભુત શક્તિ આપીને મદદ કરી છે. બાળકના વિકાસમાં આવતા કુદરતના તે આવેગકાળને સમજીને આપણે તેને અનુકૂળ થવાનો પ્રયત્ન કરવાનો છે. —અપૂર્ણ.

—શેષ નામલે.

નવા આજીવન સભ્યો

શ્રી. કૃષ્ણલાલ લલ્લુભાઇ રાંદેરી, ખાર.

શ્રી. ચંદ્રવદન લલ્લુભાઇ રાંદેરી, ખાર.

એક શુભેચ્છક સદ્‌ગૃહસ્થ, કલકત્તા.

તમારાં બાળકો માટે
શ્રી. ગિજુભાઈ તથા શ્રી. તારાબેનનાં લખેલાં પુસ્તકો

વસંત બાલશિક્ષણમાળા ગુચ્છ ૧	૦—૧૧—૦
,, ,, ,, ૨	૦—૧૧—૦
મોન્ટેસોરી શિક્ષણ પ્રચારમાળા	૦—૧૦—૦

અવશ્ય વાંચી જશો.

વ્યવસ્થાપક: શિક્ષણપત્રિકા, દાદર અથવા વડોદરા.

પેગીને ઘેર

આજે પેગીને તેની બા પાસે લઇ જવાનું ઠરાવ્યું હતું. આખીય પરિસ્થિતિ સફળતાથી પાર ઊતરે એ વિષે ડૉ. બ્રૅંડને શંકા હતી. છેલ્લા એત્રણ મહિનામાં પેગીમાં ઘણો સુધારો થયો દેખાતો હતો. પોતાની માતા વિષેનો તિરસ્કાર જે તેણે આખા ય સ્ત્રીસમાજ ઉપરના તિરસ્કારમાં ફેરવ્યો હતો, તે ધીમે ધીમે ઘણો ઓછો થયો જણાતો હતો. પૂર્વે મિસિસ ચામર્સ કાંઇ પણ કરવા જતાં તો તેથી પેગીને ભારે અણગમો થતો, કહો કે તે ચિડાઇ પડતી; પણ હમણાં હમણાંમાં તેમની સાથેનું તેનું વર્તન ઘણું સુધર્યું હતું. મિસિસ ચામર્સનો પ્રેમ અને મૈત્રીની તે કદર કરવા લાગી હતી. સમધારણ બાળક પ્રમાણે હવે તે રમવા માંડી હતી; ઉપરાંત હવે તો તે મિસિસ ચામર્સ પાસે બેસીને પોતાના પાઠો પણ કરતી થઇ હતી.

આમ છતાં તે રોજ ડૉ. બ્રૅંડની ચાતકને ડોળે રાહ જોઇ રહેતી. આનો અર્થ તો એ કે તેણે ડૉ. બ્રૅંડને પોતાના વડીલને સ્થાને ગોઠવ્યા હતા. પણ અગાઉ તે કશામાં ધ્યાન જ ન આપતી એ હવે બંધ થયું હતું. ઘણી વાર તે કામમાં એટલી તલ્લીન બનતી કે ડૉ. બ્રૅંડને લગભગ ભૂલી જ જતી. ડૉ. બ્રૅંડના આવવાની તે રાહ જોતી નહોતી એટલું જ નહિ, પણ કોઇ વાર ડૉક્ટર આવ્યા હોય તોપણ તે પોતાની રમતમાં તલ્લીન થઇ રહેતી. શરૂઆતમાં ડૉ. બ્રૅંડ જવા લાગે ત્યારે તેને ગળે વીંટળાઇ પડતી અને કેમે કરી તેમને છોડતી નહિ. હવે ડૉ. બ્રૅંડને પ્રેમથી ભેટી લઇ તરત છૂટી રમવા લાગતી. એકંદરે તે સામાન્ય રીતે સારાં ગણાતાં બાળકો જેમ વર્તતી થઇ હતી.

એમ છતાં ડૉ. બ્રૅંડની ચિંતા દૂર નહોતી થઇ. પોતાની માતા અંગેનો તેનો ભયંકર અણગમો કેટલો દૂર થયો છે તે આજની તેની માતા સાથેની મુલાકાતમાં જણાવાનું હતું. એ કસોટીનો કાળ હતો; માતાની પ્રત્યક્ષ મુલાકાત વિના એના પ્રત્યાઘાતો કેવા હશે તે જાણવું અશક્ય હતું. ખાસ તો તેની માતાના પેગી સાથેના વર્તાવ ઉપર ઘણો આધાર હતો. ડૉ. બ્રૅંડ આ પહેલાં મિસેસ બ્રાઉને ઘણી વાર મળ્યા હતા; તેમને મિસેસ બ્રાઉના સ્વભાવની આછી કલ્પના તે પરથી થઇ ચૂકી હતી, અને તે જ કારણે તે મુલાકાતના પરિણામ વિષે સાશંક હતા. કશું અણઘટતું પરિણામ બનવાનો સંભવ જણાતાં જ પોતે તુરત વચ્ચે પડીને પેગીને બચાવી લેવી જોઇશે એ તે બરાબર જાણતા હતા. પણ જો મિસિસ બ્રાઉ માતા તરીકે પેગીને પોતાના કબજામાં લેવાનો પ્રયત્ન કરવા તરફ વળે તો વેળા ત્રાહિત તરીકે પોતે વચ્ચે પડવામાં મુશ્કેલી તો હતી જ; અને આ જ કારણે તેમનું મન દ્વિધાવૃત્તિ અનુભવતું હતું.

આવી મનની સ્થિતિમાં જરા શંકાશીલ વૃત્તિ સાથે જ તે પેગીની શાળામાં પહોંચ્યા. પેગી તેમની રાહ ભારે ઉત્કંઠાપૂર્વક જોઇ રહી હતી; અને ડૉક્ટર મળ્યા ત્યારે તેનો આનંદ અપરંપાર હતો. આનંદના આવેશમાં તે પોતાને લાગતો ભય વીસરી ગયા. પેગી અંગે રજૂ કરેલી મિસેસ ચામર્સની વિગતો–હકીકતો પણ ઉત્સાહપ્રેરક હતી. પણ પોતાની માતા પાસે જવા અંગે પેગી શું ધારે છે તે જાણવા ડૉક્ટર ઉત્સુક હતા. તેમણે મિસેસ ચામર્સને

પેગીના આ અંગેના વલણ વિષે પૂછી જોયું. મિસેસ ચામર્સનું કહેવું એમ હતું કે પોતાની માતાને આજે મળવા જવું છે એ હકીકત પેગી માત્ર સાંભળી રહી હતી. એ સાંભળ્યા પછી પેગી ખુશી થઇ હોય એવું લાગ્યું નહિ; પણ તે સાથે તેણે અણગમો કે ખેદની લાગણી પણ અનુભવ્યાનું દેખાયું નથી. બનવા જોગ છે કે ડૉક્ટર બ્રૅડ લઇ જાય છે માટે જવું એમ તેણે સ્વીકારી લીધું હોય. ડૉ. બ્રૅડ કરશે તે સારું જ હશે એમ પેગીએ ધાર્યું હોય. કદાચ તેના નાના મગજમાં આટલી સ્પષ્ટતાથી વિચાર ન પણ આવ્યો હોય, પરંતુ ડૉ. બ્રૅડને કારણે જ તેણે સ્પષ્ટ ના ન પણ પાડી હોય.

મિસિસ બ્રાઉએ મોકલેલ મોટરમાં ડૉ. બ્રૅડે પેગીને બેસાડી અને પડખે પોતે પણ બેઠા. ગાડી ચાલવા માંડી. રસ્તામાં પેગી લગભગ મૂંગી હતી. ગાડીમાંથી આસપાસ પસાર થતાં દ્રશ્યો તે જોઇ રહી હતી. પણ ગાડી મિસિસ બ્રાઉને મકાને પહોંચતાં જ પેગીએ ડૉ. બ્રૅડનો હાથ જોરથી પકડી લીધો. બંગલો બહુ સુંદર હતો. આજુબાજુ વિશાળ જગ્યામાં બગીચો હતો અને બહુ કાળજીપૂર્વક સંભાળ લેવાતી હોવાનું તે કહેતો હતો. આવા બંગલામાં પેસતાં હરકોઇનું દિલ પ્રસન્નતા અનુભવે, પણ પેગીનું દિલ ઊલટું ભારે થયું જણાયું. ઉત્સાહ અને પ્રસન્નતાને સ્થાને તેનું મોં બહુ ગંભીર અને જરા ભયવ્યાકુળ હોય એવું દેખાતું હતું. ડૉ. બ્રૅડે હસીને પેગી તરફ જોયું. ડૉક્ટરની આંખમાં પ્રેમ અને સહાનુભૂતિ ભર્યાં હતાં. પેગીને પણ હિંમત આવી; તે પણ મંદ મંદ હસી, પણ એ ક્ષણિક હતું. ફરી તેનું મોં પૂર્વવત્ ગંભીર અને ભયભીત થઇ ગયું.

મોટર દરવાજામાં આવી ઊભી હતી. સામે માતા બંનેને લેવા દોડી આવી. હમેશની રીત મુજબ મિસિસ બ્રાઉએ પેગીને ઝપાટાભેર ગાલે બચીઓ લીધી, અને ઉતાવળે ઉતાવળે "કેમ છે? મજા છે ને?" વગેરે પૂછવા મંડી પડ્યાં. પોતાના વર્તનમાં તેમણે પેગી આવ્યાનો આનંદ અનેક રીતે વ્યક્ત કર્યો. પેગી એક ડાહી સુઘડ બાલિકા જેમ વર્તતી હતી; તેના જવાબો વ્યવસ્થિત અને ગોઠવાયેલા હતા. પણ એ બધામાં ક્યાંયે બહારગામથી આવતી દીકરીનો માતાને મળ્યાનો ઊમળકો દેખાતો નહોતો; કોઇ અજાણી સ્ત્રીને મળતી હોય એમ પેગી બહુ સભ્યતાથી વર્તતી હતી.

આ બધું ડૉ. બ્રૅડ બારીકાઇથી નીહાળી રહ્યા હતા. પોતાના દર્દીની બાબતમાં કશું અણધાર્યું ન બની જાય તે માટે કાળજીભરી નજરે તે સઘળું સાંભળતા હતા. પેગીની બોલવાની રીતભાત તેમને વિચિત્ર લાગી. આખો ય પ્રસંગ તેમને હાસ્યજનક જાણે એક ફ્રાર્સ જેવો ભજવાતો લાગ્યો. પ્રૌઢ ઉંમરની માતા એક બાજુથી બહુ જ છૂટથી વહાલભર્યું—કોડભર્યું બોલ્યે જતી હતી તો સામે નાનીશી છોકરી એક પ્રૌઢાની જેમ જરા ય ઊમળકા વિના સ્વસ્થતાથી ફક્ત ગણ્યાગાંઠ્યા શબ્દો જ બોલતી હતી. ડૉ. બ્રૅડ આવો પ્રસંગ કોઇ બીજે સ્થળે બન્યો હોત તો જરૂર હસી પડ્યા હોત; મિસિસ બ્રાઉને બંગલે તેઓ બધું શાંતપણે જોતા જ હતા.

મિસેસ બ્રાઉને પેગી સાથેના વ્યવહારમાં, ખાસ કરીને બોલવાચાલવા અંગે બહુ સંયમપૂર્વક અને વિચારપૂર્વક રહેવાનું ડૉ. બ્રૅડે પહેલેથી જ સૂચવ્યું હતું, પણ આ વખતે તેઓ તે સઘળું જાણે વીસરી ગયાં હતાં. પોતાની એકની એક દીકરી પર પોતાને કેટલો અનહદ પ્રેમ છે તે બતાવવાનો જાણે કે આ જ અવસર

હોય તેમ તે ભાન ભૂલ્યાં. લાડ દર્શાવનારા શબ્દોનો ઘોધ જાણે કે વહી રહ્યો હતો. પ્રેમદર્શક એ શબ્દોમાં કેટલાક તો સાવ નવા જ હતા અને તેથી છેક વિચિત્ર લાગતા હતા. પણ એ શબ્દોની કશી અસર પેગી પર થતી હોય એમ જણાતું નહોતું. ડૉક્ટરને પણ લાગ્યું કે મિસેસ બ્રાઉના આ બધા કિકલાવેડા પેગી તરફના ખરા વાત્સલ્યના નથી, પણ પોતાને દેખાડવા ખાતર જ ભજવવામાં આવે છે.

છતાં ધીરે ધીરે જાણે કે પેગીનો પૂર્વગ્રહ શિથિલ થતો જતો હોય એમ લાગતું હતું. જરા બીતાં બીતાં પણ તે પોતાની માતા સાથે થોડું થોડું બોલવા માંડ્યું હતું. અપૂર્ણ.

—તા.

વિજ્ઞાનશિક્ષણ

[અનુસંધાન અંક ૨, પાન ૨૪ થી]

સ્ટીમ એંજિન અને સ્ટીમ બોટ:—આ બન્ને ચીજો રમેકડાંવાળાની દુકાને વેચાતી મળે છે. ઘણી વાર આ જ સિદ્ધાંતને આધારે બનાવેલાં બીજાં નાનાં રમકડાં પણ મળે છે. શિક્ષકો તેમ જ માબાપોએ આવાં રમકડાં મળે તો આને મેળવતાં રહેવું જોઈએ. એક વાર મને એકેક નાની પતરાંની બનાવેલી હોડીઓ મળી હતી. તેમાં એક નાનકડી વાટ ગોઠવેલી હતી. વાટ સળગાવતાં જ હોડી પાણીમાં સડસડાટ દોડી જતી. એક ફેરિયો આવી હોડીઓ લઇ રસ્તામાં વેચતો બેઠો હતો તેની પાસેથી મેં એ ખરીદી હતી. સ્ટીમબોટ એ મોંઘું સાધન છે; એની કિંમત પહેલાં પાંચ રૂપિયા લગભગ થતી, પણ આજે તો એ રમકડાં બહુ મોંઘાં થઇ ગયાં હશે. પેલી એકેક આને હોડી વેચનારને ખરેખર 'ધન્યવાદ' આપવો જોઇએ. આવાં વૈજ્ઞાનિક શોધો વપરાય તેવાં નાનાં નાનાં રમકડાં અનેક જાતનાં બનાવી શકવાની આવડત અને યોજના આપણા ઘણા દેશવાસીઓમાં હશે; માત્ર કોઇએ પોતાની એ જાતની બુદ્ધિશક્તિનો ઉપયોગ આવાં રમકડાં બનાવવામાં હજુ સુધી કર્યો નથી એ જ દુઃખની બિના છે.

સ્ટીમ એંજિનો અનેક જાતનાં મળે છે. જેમાં એંજિનનો આકાર હોય તેવાં તેમ જ આકારફેર હોવા છતાં વરાળના જોરે ચાલનારાં આવાં રમકડાં ઘણાં હોય છે.

વરાળ તૈયાર કરવા માટે પાણી, દીવો, વગેરેની જરૂર રહે છે; તેથી આ સાધનો નાનાં બાળકો વાપરે ત્યારે શિક્ષકની હાજરી હોય તો વધારે સારું. સ્પિરીટ લૅંપ શિક્ષક સળગાવી એંજિન ચાલુ કરે, અને બાળકો તે ચાલતું જુએ એમ રાખ્યું હોય તો જ ઠીક. શાળામાં એમ કરવાનું ખાસ કારણ એ છે કે બાળકોની સંખ્યા મોટી હોય અને બધાં બાળકોને સરખું કુતૂહલ હોઇ દરેકને જાતે કરવાની ઉત્કંઠા અને હોંશ હોય ત્યારે સાધન વાપરવા માટે ખેંચતાણ બહુ થાય છે અને ઉતાવળ પણ થાય છે. આવે પ્રસંગે કંઇ અકસ્માત ન થાય તે ખાસ જોવું જોઇએ.

(અપૂર્ણ) —તા.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, બી. એ., એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૨–૮–૪૩.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐

આપણાં શિક્ષક ભાઈબહેનોને હું અત્યારે તો એટલું જ કહીશ કે દુનિયાની ચડતી અને પડતીનો આધાર દુનિયા શરૂ થઈ ત્યારથી તે અત્યાર સુધીમાં માત્ર શિક્ષકો ઉપર જ રહેલો છે. જ્યારે જ્યારે શિક્ષકો પોતાના પવિત્ર કાર્યને વફાદાર રહ્યા છે ત્યારે દુનિયા આગળ વધી છે અને જ્યારે જ્યારે તેઓ તેને બેવફા નીવડ્યા છે ત્યારે ત્યારે દુનિયા પાછળ હઠી છે. શિક્ષકો જ્યારે સત્તા અને મૂડી તળે દબાઈને પોતાનું વ્યક્તિત્વ નબળું પડવા દે છે ત્યારે પ્રગતિનાં પગલાં પાછાં હઠે છે, અને જ્યારે તેઓ એ બે શક્તિઓની સામે ઊભા રહીને તેમને હઠાવે છે ત્યારે પ્રગતિનો પયગામ આગળ વધે છે.

—સ્વ૦ ગિજુભાઈ

વર્ષ ૧૮ | :: કાર્યાલય :: | અંક ૭
૧૯૯૯ | રાવપુરા : વડોદરા | ભાદ્રપદ

બાળકોનું વિજ્ઞાનશિક્ષણ

[અનુસંધાન ગતાંક પાને ૬૯ થી]

(૨) ભાષા દ્વારા વિજ્ઞાનનો પાયો

આજે આપણી સમક્ષ મારે ભાષા એ વિષય રજૂ કરવાનો ન હતો. મારો આજનો વિષય બાલમંદિરોમાં વિજ્ઞાનશિક્ષણ એ છે. બાલમંદિરનાં ત્રણથી છસાત વર્ષનાં બાળકો માટે વિજ્ઞાનના વિષયો એ ભાષાશિક્ષણનો જ એક વિભાગ છે એમ હું માનું છું. અને તેથી જ ભાષાની ઉત્ક્રાંતિ અને તેમાં બાળકના કાર્ય વિશેનું વિવેચન મેં આટલી વિગતથી કર્યું છે. ભાષાશિક્ષણની વિશાળ યોજનામાં જ વિજ્ઞાન-શિક્ષણનો પાયો નાખવો એ વધારે શક્ય અને ઇષ્ટ છે. ૩ થી ૬ વર્ષનાં બાળકોના કુદરતી પ્રેરણા વડે થતા બૌદ્ધિક ઘડતરમાં વિજ્ઞાનો ભારે કિંમતી ફાળો આપી શકે છે એવો મારો અનુભવ છે.

વૈજ્ઞાનિક અધ્યયન એટલે અવિશ્રાંત પરિશ્રમ, સૂક્ષ્મ અવલોકન, ચોકકસ વર્ગીકરણ, વ્યવસ્થિત ક્રમ અને તર્કશુદ્ધ અનુમાન. કુદરતી પ્રેરણા પણ આ જ ગુણો બાળકોમાં પ્રેરીને–તેમની બુદ્ધિના ઝડપી ઘડતરમાં પોતાનો ફાળો આપતી હોય છે. કુદરતની આ સ્ફૂર્તિને અનુકૂલ થવા માટે વિજ્ઞાનના વિષયો બાળકો સમક્ષ કેવી રીતે રજૂ કરીએ તે વિચારીશું. આ સમયમાં બાળક કલ્પનાઓ અને શબ્દોની શોધમાં અભિમુખ થઇને ફરતું હોય છે તે આપણે જોયું છે. હવે તેની માનસિક અવ-સ્થાનો થોડો વિચાર કરીએ.

આ સમયમાં બાળકનું મન ખૂબ જ passive અને absorbent હોય છે. તે જે કાંઇ અનુભવે છે તેને તે સાચું માની જાય છે. પરીકથાઓ પર તે વિશ્વાસ રાખે છે; તરંગો તે માની જાય છે. વાર્તામાં બોલતી પરી અને પ્રાણીઓ માટે તે કોઇ દિવસ શંકા ઉઠાવતું નથી. તેની આ મનની સ્થિતિ જોઇ બાળક આંગળ આ સમયમાં આપણે જે રજૂ કરીએ તે ચોકકસ, શાસ્ત્રશુદ્ધ અને વ્યવસ્થિત રીતે જ થવું જોઇએ. બાળકોને અણસમજુ ગણીને તેમની આગળ ગમે તેવું થીગડાવાળું અવ્ય-વસ્થિત જ્ઞાન રજૂ કરવું એ પાપ ગણવું જોઇએ. આપણે જે આપશું અને જેવી રીતે આપશું તે બધું બિચારું બાળક તો લેવા પ્રયત્ન કરશે પણ તેમાં આપણે આપણી જવાબદારી પાર પાડી એમ નહિ કહેવાય. બાળકો આગળ જે જે મૂકશું તે 'સત્યં, શિવં, સુંદરમ્' હોવું જ જોઇએ, કેમકે તેમાંથી જ તે આપણી સંસ્કૃતિના સંસ્કારો લેવાનું છે.

વિજ્ઞાનોના જુદા જુદા શબ્દો અને કલ્પના બાળક આગળ રજૂ કરતી વેળા બીજી એક મહત્ત્વની વાત આપણે ધ્યાનમાં એ રાખવાની છે કે આપણે કાર્યકારણ સંબંધની બાળકને માહિતી આપવા ખાતર વૈજ્ઞાનિક કલ્પનાઓ તેની સમક્ષ રજૂ કરવી જોઇએ. કાર્યકારણ સંબંધોના પ્રશ્નો બાળક પૂછે તો આપણે ટૂંકમાં થોડું વિવેચન કરવું, પરંતુ વૈજ્ઞાનિક લાંબાં વિવેચનો તો રજૂઆતમાં એક મોટું અનૌચિત્ય ગણાય. ઘણી વખત બાલમંદિરના શિક્ષકો વિજ્ઞાન ભણાવવાના ઉદ્દેશથી બાળકો પાસે જુદા જુદા સંગ્રહો તૈયાર કરાવે છે, તથા પ્રયોગો કરાવે છે. બાળકો આ સંગ્રહોમાં અમુક જ રીતે રસ

લેતાં હોય છે. વૈજ્ઞાનિક કાર્યકારણ સંબંધોનું લાંબું વિવેચન સાંભળવામાં તેમને રસ હોતો નથી. શિક્ષક બિચારો પોતાનો વિષય રસિક બનાવવાની ખૂબ મહેનત કરે છે અને કોઇ મોટા માણસને સમજણ આપીએ તેમ સમજાવવા પ્રયત્ન કરે છે, પરંતુ બાળકોના કાન તેં બધું સાંભળવા જ માગતા ન હોય તેવું દેખાય છે. આમાં શિક્ષક અને બાળકો બન્ને હેરાન થાય છે. શિક્ષકમાં નિરાશા આવે છે અને બાળકો વિજ્ઞાન પ્રત્યે અનભિમુખ થાય છે.

એવાં દાખલાઓ શાળામાં જ બને છે તેવું નથી. દરેક ઘરમાં વડીલોને બાળકની આ મર્યાદાઓનો જો ખ્યાલ ન હોય તો બાળક માટે તેઓ વિચિત્ર અનુમાન બાંધે છે અને બાળક વિજ્ઞાન તરફ અભિમુખ થવાને બદલે વિમુખ થાય છે. ૪/૪॥ વર્ષનું એક બાળક છે. તેના કાકાને યાંત્રિક રમકડાંઓમાં ખૂબ રસ છે. એક વાર કાકા બાળક માટે એક રમકડાંની સબ્‌મરીન લઇ આવ્યા. ઘરની સામે જ મોટો હોજ હતો. કાકો-ભત્રીજો હોજ પર ગયા. બાળકને સબ્‌મરીન ડૂબકી મારીને ઉપર આવે છે તે જોવામાં રસ હતો; કાકાને સબ્‌મરીન ફિન્સ અને પ્રોપેલર વડે કેમ દિશાઓ બદલે છે ને નિશ્ચિત ઠેકાણે જાય છે તે બધું સમજાવવામાં રસ હતો. પરિણામે થોડી જ વારમાં બાળક અને કાકા બન્ને કંટાળી ગયા.

વિજ્ઞાનની ઘટનાઓમાંથી બાળક શું લેવા માગે છે, બાળક પોતે તેનો કેવી રીતે વિચાર કરે છે, તેનો સામાન્ય ખ્યાલ શિક્ષકને હોય તો જ તે બાળકની પાસે વિજ્ઞાન રજૂ કરી શકશે. ડૉ. મોન્ટેસોરીએ ૩ થી ૬ વર્ષના બાળક માટે વિજ્ઞાનશિક્ષણને giving culture કહ્યું છે તે ખૂબ જ અર્થપૂર્ણ છે. આ ઉંમરે બાળકોને વિજ્ઞાનો તો એક વિકસિત સંસ્કૃતિના સંસ્કાર તરીકે જ મળે તે યોગ્ય છે. આ સમયનું વિજ્ઞાનશિક્ષણ એટલે વિજ્ઞાનને બદલે એક રીતે ભાષાનું શિક્ષણ છે તે ભુલાવું ન જોઇએ. અર્થાત્ જે વૈજ્ઞાનિક વસ્તુઓ અથવા કલ્પનાઓ બાળકના અનુભવમાં આપણે મૂકીએ તેને શબ્દોથી નિશ્ચિત કરી ભાષા-વિકાસાર્થે રજૂ કરવા તેમાં વૈજ્ઞાનિક ચોકકસતા અને વ્યવસ્થા જાળવવી જ જોઇએ એમાં શંકા નથી. ૩ થી ૬ વર્ષનાં બાળકો આજુબાજુના વાતાવરણનું ખૂબ ઝીણવટથી અવલોકન કરે છે. જ્યાં જ્યાં કૈંક નવું જાણવા મળે છે તે તરફ તરત જ તેમની આંખો ને કાન એકાગ્ર થઇ જાય છે. આજુબાજુ બનતા અને સંભળાતા બનાવો સમજે અગર ન સમજે તોય તેં જોવા અને સાંભળવા માગતાં હોય છે. મોટેરાંઓની નારાજી વહોરીને પણ બાળકો તેમની વચ્ચે રહી તેમની વાતો સાંભળવા માટે આતુર હોય છે. ટૂંકમાં તેઓ દુનિયા જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં જ તેને જાણવા માગે છે. તેમની આંખો ચારે તરફ ફરતી હોય છે. પથ્થરોથી માંડીને સૂર્ય, ચંદ્ર, તારા સુધી તે બધું જોવા માગે છે. કોઇ વખત તેઓ એવું પૂછે છે કે જેનો જવાબ આપવો એ આપણી માહિતી બહારની વાત હોય છે. તેમની આ સર્વંગામી દૃષ્ટિ ધ્યાનમાં લઇને આપણે સૃષ્ટિ અને માનવ સંસ્કૃતિનો પરિચય કરાવતાં બધાં વિજ્ઞાનોમાંથી યોગ્ય શબ્દો અને કલ્પનાઓ તેમની આગળ રજૂ કરવી જોઇએ. અત્યારની આપણી ચાલુ શિક્ષણપ્રથા એમ માનતી દેખાય છે કે પ્રાથમિક શાળામાં બાળકો અણસમજુ ને નાની ઉંમરનાં હોય છે, એટલે તેમના માટે જિલ્લો કે પ્રાંતની થોડી ભૂગોળ, થોડોક ઇતિહાસ અને સૃષ્ટિ-

પરિચયના પાઠો બસ થઇ પડશે. તેઓ થોડાં મોટાં થયા પછી જ્યારે અંગ્રેજી ધોરણોમાં જશે ત્યારે વિજ્ઞાન અને રસાયણ સમજવા માટે યોગ્ય થશે. તેથી આગળ ચૌદ–પંદરમે વર્ષે મૅટ્રિકમાં આવે ત્યારે થોડું વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર વૈજ્ઞાનિક રીતે સમજવા લાયક થશે. ભૂસ્તર, ખનીજ, ખગોળશાસ્ત્ર, શરીરશાસ્ત્ર અને માનસશાસ્ત્ર વગેરે ખાસ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ માટે જ રાખવા કારણ તે ઘણા રૂક્ષ અને અઘરા છે. બાળકની વધતી જતી ઉંમર સાથે જુદે જુદે સમયે જુદાં જુદાં વિજ્ઞાનોની યોજના કયા ધોરણસર હોય છે તેનો બીજે ખુલાસો મળતો નથી. અમુક ઉંમરે બાળકને અમુક વિષયો સમજવાની યોગ્યતા આવે છે એમ કહેવા કરતાં વધતી જતી ઉંમરે બાળક વિજ્ઞાનના વિષયોને વધતા ઊંડાણથી સમજવા માગે છે એમ કહેવું વધારે બરાબર છે એવું મને લાગે છે. આમ કેટલાંક વિજ્ઞાનોથી બાળકને વિદ્યાપીઠ સુધી છેક અંધારાંમાં જ રાખવાની અભ્યાસક્રમોની આજની યોજના સદોષ લાગે છે. બાળકની બુદ્ધિ તેના અનુભવોથી ઘડાય છે. તેના એ અનુભવો કોઇ પણ અમુક એક વિજ્ઞાનના ક્ષેત્રથી કઇ રીતે અસ્પૃશ્ય રહી શકે? બાળકના અનુભવો તો સર્વસ્પર્શી હોય છે. ભૂસ્તર, ભૂગોળ, ખનીજ, ભૌતિક, રસાયણ, વનસ્પતિ, પ્રાણી વગેરે શાસ્ત્રો તેમ જ સૃષ્ટિ અને માનવસંસ્કૃતિનો સર્વાંગી ખ્યાલ આપતાં અદ્યતન વિવિધ વિજ્ઞાનોનો સમાવેશ ૩ થી ૬ વર્ષના બાળકના ભાષાશિક્ષણમાં થવો જોઇએ એવું તત્ત્વતઃ સ્વીકારવું જ પડશે. અલબત્ત આ વિજ્ઞાનોનું વર્ગીકરણ બાળકો આગળ રજૂ કરવાની જરૂર નથી; તે તો માત્ર શિક્ષકની પૂર્વ-તૈયારી તથા માર્ગદર્શન માટે જ છે.

આજે જુદાં જુદાં વિજ્ઞાનો જુદા જુદા સમયે એક પછી એક અને તદ્દન સ્વતંત્ર રીતે બાળકોને ભણાવવામાં આવે છે તેના મૂળમાં અમુક વિજ્ઞાનો અઘરાં ને અમુક વિજ્ઞાનો સહેલાં એવી માન્યતા દેખાય છે. પરંતુ દરેક વિષય તેની સપાટી ઉપર જેટલો સહેલો તેટલો જ તેના ઊંડાણમાં અઘરો હોઇ શકે છે એવી માન્યતા જો હોત તો આપણા આજના શિક્ષણના પ્રયત્નોએ કંઇ જુદું જ સ્વરૂપ ધારણ કર્યું હોત. સદ્‌ભાગ્યે પહેલી માન્યતાની ભૂલો આજે આપણા ધ્યાનમાં આવતી જાય છે અને તેથી જુદાં જુદાં વિજ્ઞાનો સામાન્ય બાળકો જેવી રીતે સમજી શકે તેવી રીતે તેમની પાસે મૂકવાના સ્વતંત્ર પ્રયત્નો થતા જાય છે. આપણા દેશની સરકારમાન્ય શિક્ષણપ્રથા પર હજી તેનો પ્રકાશ પડ્યો નથી, પરંતુ પરદેશોમાં એવા અસંખ્ય પ્રયત્નો આપણી નજરે ચડે છે. ચિત્રકારોની મદદથી વૈજ્ઞાનિકો બાલભોગ્ય ઘણાં પુસ્તકો લખતા થયા છે: જેવાં કે Children's Encyclopaedia, Book of Knowledge, Living Things, Vital Things, Everyday Things, Moving Things for Youngsters, Pictorial Education વગેરે. જાતજાતનાં બાળકોનાં માસિકો વગેરેમાંથી પણ તેવા પ્રયત્નો જિજ્ઞાસુ શિક્ષકોને જોવા મળશે.

પરંતુ એ બધા પ્રયત્નો હજી પણ આઠ વર્ષથી ઉપરનાં બાળકોને આપણું વિષય ગણીને જ વધારે થયા છે અને થાય છે. ડૉ. મોન્ટેસોરી આ વિષયોને છેક ભાષાના ઉગમ-સ્થાને લઇ જઇ ભાષા ઝીલતાં ત્રણચાર વર્ષનાં બાળકો માટે વિચારવાનું કહે છે.

વિજ્ઞાનો અને વૈજ્ઞાનિક દૃષ્ટિની આપણા

દેશને ઘણી જરૂર છે. જેમ જેમ આપણો દેશ વૈજ્ઞાનિક પ્રગતિ કરશે તેમ તેમ તેના સંસ્કાર આપણાં બાળકોમાં આવતા જશે. આપણા દેશમાં અનેક વૈજ્ઞાનિકો અને વિદ્વાનો છે. તેમની દૃષ્ટિ બાળક તરફ કોઇ પણ પ્રયત્ને જાય તો વિજ્ઞાનો બાળકો માટે કેમ રજૂ કરવાં તેના અનેક રસ્તાઓ નીકળશે. બાળકો માટે એ દિશામાં ઘણું કાર્ય થઇ શકે એમ છે એવું હું માનું છું. અને તે દિશામાં જે પ્રયત્ન હું કરી શકયો છું તે આપની આગળ આજે રજૂ કરવા માગું છું. નૂતન બાલશિક્ષણ સંઘ જેવી સંસ્થા આવા પ્રયત્નોને જુદાં જુદાં બાલમંદિરો દ્વારા ઉત્તેજન આપીને સંગઠિત કરે તો આવતાં પાંચદશ વર્ષમાં પૂર્વપ્રાથમિક વર્ગોનાં બાળકો માટેનું વૈજ્ઞાનિક સાહિત્ય અને ચિત્રોનો એક નવો પ્રવાહ શરૂ થઇ શકશે.

વૈજ્ઞાનિક શબ્દો બાળકો આગળ રજૂ કરવા માટે ડૉ. મોન્ટેસોરીએ ઇન્દ્રિયશિક્ષણનાં સાધનો દ્વારાં અપાતા શબ્દોનો જે પાઠ આપ્યો છે તે ઘણો ઉપયોગી થશે. તેમાં આપણે જોઇ શકીએ છીએ કે શબ્દ એ બાળકો આગળ માત્ર જુદા જુદા અક્ષરોના અવાજોના સમૂહરૂપે (verbal) કોઇ દિવસ રજૂ થતો નથી. સાધનો પર બાળકો અનુભવ લે છે, તે અનુભવો દ્વારા કલ્પના નિશ્ચિત કરે છે અને તે કલ્પનાને કાયમી સ્વરૂપ આપી બુદ્ધિના ભંડારમાં ગોઠવવા માટે જ શબ્દ અપાય છે.

વૈજ્ઞાનિક શબ્દો આપતી વેળા આપણે તે જ પદ્ધતિનો સ્વીકાર કરવાનો છે. પ્રથમ બને ત્યાં સુધી પ્રત્યક્ષ અનુભવો, પછી તેની અનુકૃતિ અને રેખાકૃતિ દ્વારા આપણે શબ્દોની કલ્પના સ્પષ્ટ કરશું. દા.ત. બાળકને પર્વત, શિખરો ને નદીનો અનુભવ આપવા માટે તેને પ્રત્યક્ષ ગિરિમાલામાં લઇ જઇશું; બાલમંદિરના ઓરડામાં આવ્યા પછી તેની અનુકૃતિઓ કરવા પ્રયત્નો કરશું, રેખાકૃતિઓ દોરવા પ્રયત્નો કરશું, અને તેથી કરીને પર્વત અને શિખરોની કલ્પના બાળક આગળ ચોકકસ રીતે રજૂ કરશું અને તેના શબ્દો આપશું. અલબત્ત દરેક વખતે આ ત્રણે દ્વારા કલ્પનાઓ આપવી શકય ન પણ બને. પણ દરેક વખતે જે કલ્પના અપાશે તે સ્પષ્ટ, ચોકકસ અને સુંદર રીતે જ રજૂ કરશું. આવી રીતે બાળકોના મનમાં શબ્દોનું સંજીવન (incarnation) કરવું તે કામ ખૂબ પરિશ્રમનું છે. ને ખાસ કરીને અત્યારે જ્યારે આ આખો પ્રદેશ નવો છે ત્યારે સાધનોની, સાહિત્યની અને પરિભાષાની બધી જ મુશ્કેલીઓ આપણી સામે ઊભી જ છે. આ કાર્ય શિક્ષણ કરતાં વધારે તો સંશોધનનું છે. શિક્ષકનું સામાન્ય જીવન કેટલું ધમાલિયું છે, તેની આર્થિક અને સમયની મુશ્કેલીઓ કેટલી છે, તે પણ આપણે જાણીએ છીએ. તેમ છતાં આ દિશામાં આપણે કાર્ય કરવાનું છે.

અત્યાર સુધી વિજ્ઞાનશિક્ષણની તાત્ત્વિક ભૂમિકાનો વિચાર થયો. હવે આપણે દરેક વિજ્ઞાનમાંથી થોડાક શબ્દો લઇ તે રજૂ કરવા માટે શું શું કરવું તેનો વિચાર કરશું.

શાહીબાગ, શેષ નામસે
અમદાવાદ.

હરેક વાચક અકેક સભ્ય વધારીને સંઘને વિશેષ બળવાન કરી શકે.

વર્ગવ્યવસ્થા

નવી ઢબની બાળશાળાઓ અથવા બાલ-મંદિરોમાં વર્ગશિક્ષણપદ્ધતિ નથી હોતી, પરંતુ વ્યક્તિશિક્ષણ ચાલે છે. આ કારણે આ શાળાઓમાં વર્ગની વ્યવસ્થા અન્ય શાળાઓ કરતાં જરા ભિન્ન પ્રકારની હોય છે.

ઓરડાની ગોઠવણ

મુખ્ય ફરક ઓરડાની ગોઠવણમાં હોય છે, ને તે તુરત ધ્યાન ખેંચે એવો હોય છે. આ નવી શાળાઓમાં બાળકો વ્યક્તિગત સાધનો લઈ પોતપોતાને સ્થાને ટેબલ પાસે અગર આસન ઉપર બેસી કામ કરતાં હોય છે; અને કામ પૂરું થતાં જ દરેક સાધન તેણે એની જગ્યાએ પાછું જાતે જ મૂકી દેવાનું હોય છે. આ કારણે ઓરડાની ગોઠવણમાં ઘરમૂળનો ફેરફાર કરવો પડે છે.

(૧) બાળકોનાં કામ કરવાનાં ટેબલો અથવા આસનો હમેશાં એક જ સ્થળે નથી હોતાં. એક બાજુએ ખૂણામાં એકાદ ટેબલ કે ટિપૉય ઉપર આસનો સંકેલીને રાખ્યાં હોય છે. કામ કરવાનાં ટેબલો પણ વર્ગમાં એક બાજુએ, ગોઠવીને મૂકેલાં હોય છે; જગ્યાનો અભાવ હોય ત્યાં આ ટેબલો ભીંત પાસે એક પર એક ચઢાવી પણ રાખવાં પડે છે અથવા મોકળાશ હોય તો વચ્ચે તે ગોઠવેલાં પણ હોય છે. પણ દરેક બાળક તે મનગમતી જગ્યાએ ફેરવી શકે છે; તેની જગ્યા કાયમ માટે નકકી કરેલી નથી હોતી. આ કારણે સામાન્ય રીતે દરેક શાળામાં જેમ શિક્ષકની ટેબલ–ખુરશી અને પાસે પાટિયું એક ભીંતે અને સામે હારબંધ બાળકોની પાટલીઓ હોય છે, તેવું દૃશ્ય આ બાલશાળાઓમાં નજરે પડતું નથી.

(૨) બીજી વિશિષ્ટતા એ છે કે વર્ગની ગોઠવણ શિક્ષકની સૂચના અનુસાર પટાવાળો કરી રાખે તે નથી હોતી; આ નવી શાળામાં વર્ગની ગોઠવણ-શિક્ષક અને બાળકો સાથે મળી કરે છે અને ઘણી વાર રોજ બદલાયા કરે છે.

(૩) ઓરડાનાં સાધનોની ગોઠવણ શિક્ષક જ કરે છે, પણ તેમ કરવામાં મુખ્ય દૃષ્ટિ બાળકોને એ સાધનો કેમ સહેલાઈથી લેવાં ફાવે એ જાતની હોય છે. એટલે કે એ ગોઠવણમાં બાળકોની પસંદગી અને જરૂરિયાતનો વિચાર પ્રધાનપણે રહે છે. આમ છતાં સાધનો બાળકોએ જાતે જ લેવાનાં અને કામ પૂરું થતાં તેમની જગ્યાએ પાછાં મૂકી દેવાનાં હોવાથી બધાં સાધનો બાળકો વાપરી શકે છે અને પરિણામે બાળકોને એ સાધનો પોતાની માલે-કીનાં જ હોય એમ લાગે છે.

અર્થાત્ આવી શાળામાં પણ વ્યવસ્થા બરાબર જળવાઈ રહે એટલા સારુ શિક્ષકે મુખ્યત્વે બે બાબતો વિષે વધારે કાળજી રાખ-વાની હોય છે: (૧) ઓરડાની પૂર્વતૈયારી અને (૨) વ્યવસ્થાનો પ્રાણ આપવો.

(૧) પૂર્વતૈયારી

ચાલુ પદ્ધતિથી કામ કરતી શાળાઓમાં શિક્ષકની હોશિયારી તેની ભણાવી દેવાની આવડત અથવા કુશળતામાં અંકાય છે, તેમ આ નવી ઢબની બાલશાળાઓમાં શિક્ષકની હોશિયારીનું માપ તેણે કરેલી ઓરડાની પૂર્વ-તૈયારી કાઢી આપે છે. અધ્યાપનમંદિરમાં નવા નૂતન બાલશિક્ષકો ગમે તેટલું ભણે, અનેક પુસ્તકો વાંચી કાઢે અને પદ્ધતિનું વિશાળ જ્ઞાન મેળવી લે, તોપણ જો તેઓ વર્ગની પૂર્વ-

તૈયારી વિષે બેદરકાર રહે, અગર આ અંગનું સંપૂર્ણ જ્ઞાન લેવામાં ચીવટ ન રાખે તો તેઓ બાલશાળા ચલાવવામાં સફળ નહિ થાય. ઘણા કિસ્સાઓમાં આવું બને છે. અર્થાત્ નવી બાલશાળા માટે ઓરડાની પૂર્વતૈયારીનું અંગ અતિ મહત્ત્વનું છે.

આ પૂર્વતૈયારી કરતી વખતે શિક્ષકે (૧) પ્રથમ તો આગલે દિવસે શાળામાં થઇ ગયેલ કામનું સંપૂર્ણ સિંહાવલોકન કરવું જોઇએ; (૨) પોતાની ટુકડીમાં એ દિવસના કામના અનુભવે પૂર્વતૈયારીમાં કરવા જોઇતા ફેરફારો વિચારી લેવા જોઇએ અને (૩) આજે નવું શું રજૂ કરવાનું છે તે તપાસી લેવું જોઇએ. આગલે દિવસે કોઇ પણ કારણે કશી અવ્યવસ્થા થયાનું બની ગયું હોય તો તેવું ફરી વાર ન થવા પામે તે સારુ ઘટતી બધી વિચારણા, ગોઠવણીના ફેરફારો અને કામની યોજના નવેસરથી વિચારી કાઢવાં જોઇએ, અને પૂર્વતૈયારીમાં તેનો અમલ થઇ જવો જોઇએ.

થોડાએક પ્રત્યક્ષ દાખલાઓ પરથી આ બાબત વધારે સ્પષ્ટ થઇ શકશે. એક વર્ગમાં શિક્ષકે પૂર્વતૈયારી વખતે બાળકો માટે ચિત્ર-કામના કાગળો અને જોઇતી પેન્સિલો અગાઉથી મૂકી રાખેલાં નહિ. બાળકો વર્ગમાં આવ્યાં ને આમતેમ ફરીને ધીરેધીરે કામ ઉપર લાગ્યાં. કેટલાંક બાળકોએ ગણિતનાં સાધનો લીધાં તો કેટલાંકે નવી ચોપડીઓ જોઇ વાંચવાનું શરૂ કર્યું; કેટલાંક બાળકો લેખનકાર્યમાં વળગ્યાં. બાળકો જુદે જુદે કામે લાગતાં ગયાં તેમાં થોડાંકને ચિત્રકામ કરવાની સ્ફૂર્તિ થઇ આવી. તેમણે પૂછ્યું: "ચિત્રકામ માટે કાગળો ક્યાં છે?" શિક્ષિકાબેન કાગળો લેવા દોડ્યાં. "પેન્સિલો ક્યાં છે?" "આને અણી કાઢી આપો." "આકૃતિઓ ક્યાં છે?" એક બાળકે આકૃતિઓ શોધી કાઢી અંદરથી એક ઉપાડી. બીજાં બાળકો પણ ચિત્રકામ માટે ઊલટી પડ્યાં: "અમારે ચિત્રકામ કરવું છે. આકૃતિઓ આપો." વળી બીજાં કેટલાંક રંગ પૂરવા માટેનાં સાધનો માગવા લાગ્યાં.

વર્ગમાં ઘોંઘાટ અને અવ્યવસ્થા ઊભાં થયાં. એનું મૂળ કારણ પૂર્વતૈયારી બરાબર થયેલ નહોતી એ જ હતું.

વાંચવા માટેની ચોપડીઓ તેમ જ જોવાનાં ચિત્રોની ચિત્રપોથીઓ ટેબલ પર હમેશ પડી રહેતી હોય છે. શિક્ષક એ તરફ સાવધાની ન રાખે તો એ પુસ્તકો જરા ય વપરાયા વિના મહિનાઓ સુધી એમનાં એમ ટેબલ પર ગોઠ-વાયેલાં પડ્યાં રહે અને બાળકો એનો લેશ પણ ઉપયોગ કરતાં ન હોય એવું બની જાય છે. એ-જ પ્રમાણે ઘણી વાર લાંબી સીડી કે એવાં બીજાં સાધનોને બાળકો અડતાં પણ ન હોય એવું પણ દેખાય છે. આવું બને ત્યારે શિક્ષકે તુરત જાગ્રત થઇ જવું જોઇએ. પૂર્વતૈયારીમાં એવા કયા ફેરફારો કરવાથી એ સાધનો વપરાતાં થાય એ પ્રશ્ન તેના મનમાં સતત ઘોળાવો જોઇએ. ઘણી વાર એવું બને છે કે સાધનોની જગ્યાના જરાશા ફેરફારને લીધે, પાછળ રહેતાં સાધનો કે પુસ્તકો આગળ ઝટ નજરે ચડે એમ, જરા આકર્ષક રીતે ગોઠવવાથી એ જ સાધનો ને પુસ્તકો પર બાળકો હોંશભેર તૂટી પડે છે. પૂર્વતૈયારીમાં રોજ આ બાબતો અંગે ઝીણવટથી શિક્ષક વિચાર કરે તો જ પૂર્વ-તૈયારી સાર્થક થાય છે.

કોઇ વાર એવું પણ બની જાય કે સાધનો સામે આકર્ષણ કરે તેમ ગોઠવાયાં હોય તેથી જ. બાળકો એ સાધનો વાપરવા જેટલી વિકાસની

કક્ષાએ ન પહોંચ્યાં હોય તોપણ તેઓ એ સાધનો ઉપાડે છે, ને સાધનોનો દુરુપયોગ થાય છે. આવે વખતે એ સાધનો ઉપાડી કબાટમાં મૂકી દેવાં અને બાળકોનો યોગ્ય વિકાસ થાય ત્યારે જ તે રજૂ કરવાં એ બિના પણ પૂર્વ-તૈયારીમાં જ ગણવી જોઇએ.

આથી ઊલટું એવું પણ થઇ શકે છે કે રોજ વપરાતાં પુસ્તકો જૂનાં થતાં બાળકો પુનરાવર્તન માટે ઇચ્છા હોવા છતાં અનાકર્ષક લાગતાં સાધનોની ખામીને લીધે તે લેતાં નથી. આવે પ્રસંગે એ જ પુસ્તકોને નવાં પૂઠાં ચડાવ્યાં હોય, ફરી વાર બંધાવી લીધાં હોય અથવા નવી ઢબે આકર્ષક રીતે એના પર નામ વગેરે લખ્યું હોય તો એ જ સાધનો બાળકો ફરી વાર એટલી જ હોંશથી વાપરે છે. ઘણી વાર એકેક-બબે દિવસ સુધી આખો ય વખત એનું એ પુસ્તક બાળક વાંચ્યા જ કરે છે. વાંચવા રાખેલાં પુસ્તકો મહિને પંદર દિવસે બદલાવ્યા કરતા હોઇએ, અથવા હાથે લખેલા પાઠોનાં પાનાં નવેસરથી શુદ્ધ મરોડદાર અક્ષરે ફરી વાર લખી મૂકતા હોઇએ, તો બાળકો એ જ કામો-પુનરાવર્તન હોંશ અને ઉમંગથી કર્યા કરે છે.

ઓરડા માંહેની અન્ય ચીજો પરત્વે પણ આ જ નિયમ લાગુ પડે છે. વર્ગમાં ટીંગાડી રાખેલાં ચિત્રો, ચિત્રપોથીઓ, સુશોભનો, રાંગોળી, ફૂલઝાડનાં કૂંડાં કે ફૂલદાનીઓ વગેરેની ગોઠવણમાં થોડે થોડે વખતે જરા જરા ફેરફાર કરવાથી શણગારમાં નવીનતા લાગે છે અને વાતાવરણ તાજગીભર્યું બને છે; પરિણામે બાળકોના કામમાં તલ્લીનતા વધે છે અને મહેનત કરવામાં ઉત્સાહ રહે છે. આ જ કારણે શાળાના ઓરડાનાં ઉપકરણો—કબાટો, ટેબલો, શેતરંજીઓ અને વર્ગના ઓરડાઓ પણ સત્રમાં એકાદ વાર બદલાવવાં લાભદાયી છે. ઓરડામાં ટાંગેલાં ચિત્રો, બાળકોને માટે ચિત્રો જોવા રાખેલી ચિત્રપોથીઓ, તેમ જ વાચનાલયનાં પુસ્તકો કાંઇ નહિ તો બબે મહિનાને અંતરે ફેરવ્યા કરવાં જોઇએ. હરેક વખતે બધાં જ ચિત્રો કે પુસ્તકો ન મૂકી દેતાં તેમાંથી થોડાંક બાળકો વાપરી શકે તેમ ગોઠવવાં અને પંદર-વીશ દિવસે તે બદલાવ્યા કરવાં. આવી ફેરબદલી વખતે વળી પાછાં જૂનાં ચિત્રો કે પુસ્તકોનો વારો આવે તો કશી હરકત નથી, કેમકે એમાં જૂનવાણીપણું જતું રહેલું હોવાથી તે કંટાળો આપતાં નથી. ઘણી વાર તો બાળકોની સમજણ-શક્તિ આ ફેરફારના કાળ દરમિયાન વિકસી હોય છે અને એથી એ જૂનાં ચિત્રો અથવા પુસ્તકો તેમને જોવા-વાંચવાનું ઊલટું વધારે ગમે છે. આ દૃષ્ટિએ જરા ઉપરની શ્રેણીમાં ગયેલાં બાળકો માટે નીચલી શ્રેણીનાં સાધનો અને પુસ્તકો અજબ આકર્ષણ-ભલે થોડી મુદત માટેનું હોય-બને છે.

આ રીતે દરેક અઠવાડિયે કયા નવા ફેરફારો કરવાની જરૂર છે તેનો વિચાર અને અમલ શિક્ષકની પૂર્વતૈયારીમાં આવી જાય છે.

શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ તેમ જ નવીનતા ઊભી કરવાની બુદ્ધિથી પૂર્વતૈયારીનું કાર્ય નૂતન બાલશિક્ષણનું એક મહત્ત્વનું-આવશ્યક અંગ બની રહે છે. આ પદ્ધતિની એ એક વિશિષ્ટતા જ છે. પૂર્વતૈયારી પાછળ લાંબી વિચારણા હોય અને એનો અમલ બરાબર કર્યો હોય તો વર્ગમાં વ્યવસ્થા સારી રીતે જળવાઇ રહે છે. ઘણી વાર વર્ગોની અવ્યવસ્થાના મૂળમાં આવી પૂર્વતૈયારીનો અભાવ જ મુખ્ય કારણ હોય છે.

(૨) વ્યવસ્થાનો પાઠ આપવો

છેક નાનાં બાળકોને કામની શરૂઆત કરતા પહેલાં હમેશાં વ્યવસ્થા અંગેનો એકાદ પાઠ આપવાનું રાખ્યું હોય તો સારું. રોજ હલ કરી શકાય એવા અનેક પ્રશ્નો છે. જેવા કે ચીજ કઇ રીતે ઉપાડવી કે અવાજ કર્યા વિના કેવી રીતે મૂકવી, કઇ ચીજ કયે સ્થળે મૂકવી, અવાજ કર્યા વિના બારણું કેવી રીતે બંધ કરવું, જોડા અને ચંપલ ક્યાં ઉતારવા અને કેવી રીતે ઉતારવા, કેવી રીતે ચાલવું, કેવી રીતે અંદર અંદર વાતો કરવી, વગેરે. હાથમાં વસ્તુ ઉપાડીને પાડ્યા વિના ચાલવાનો પાઠ એક દિવસ આપી શકાય, તો ચાલતી વેળા પગે ઠોકર માર્યા વિના ચાલવાનો પાઠ બીજે દિવસે આપી શકાય; અવાજ કર્યા વિના ચીજને ભોંય મૂકવાનો પાઠ પણ એક દિવસ આપી શકાય. નાસ્તા પછી રકાબી કે વાટકાઓ કોઇ વાર ધડ દઇને તો કોઇ વાર ઝણણ કરતો અવાજ થાય એ રીતે મૂકવાની બાળકોને ટેવ (બેદરકારીને કે અણ-આવડતને કારણે) હોય છે; બારણું વાસતા વખતે ધડ કરતું કે ને દઇ દેવાતું તેમણે રોજ અનુભવ્યું હોય છે. આ બધી ય બાબતો બાળકો માટે અવાજ કર્યા વિના કામ કરવાના પાઠો આપવાનાં ઉદાહરણોમાં લઇ શકાય. આવા પાઠ વારંવાર આપવાનું રાખવું જોઇએ. એ જ રીતે શેતરંજીઓ કે પાથરણું મૂકેલું હોય ત્યાંથી કેવી રીતે લેવાય, કેવી રીતે તે પથરાય તેમ જ સંકેલાય તે પણ બાળકોને આપવાના વ્યવસ્થાના પાઠોનાં અંગ છે.

વ્યવસ્થાના આવા પાઠો ઓરડાની બહારનાં કામોમાં પણ આપી શકાય છે. કામ કરી ઓરડા-માંથી બહાર જવું હોય તો બીજાને તકલીફ આપ્યા વિના કેમ જવું, હાથમાં ધોવા સારુ હારબંધ ઊભા રાહ જોવી અને વારો આવે ત્યારે જવું, દાદર પરથી ઊતરવું હોય તો પગથિયે ચડતાં ઊતરતાં ધબધબ અવાજ કર્યા વિના કેવી રીતે ચડવું ઊતરવું, નાસ્તામાં કોઇ ચીજ જોઇતી હોય તો નક્કી કરેલી નિશાની અનુસાર હાથ ઊંચો કરી કેવી રીતે નિશાનીમાં સમજાવવું, વગેરે બધાં વ્યવસ્થા જાળવવાનાં અંગો છે, અને નાનાં તેમ જ ખાસ કરીને નવાં બાળકોને આ પાઠો વારંવાર આપીને તેમને એ બાબતમાં ટેવ પડી જાય એમ કરવું જરૂરનું હોય છે; આ બાબતમાં પુનરાવર્તન પાઠો આપ-વાથી એ બાંધતો બાળકોને ગળે ઊતરી જાય છે ને રોજની સ્વાભાવિક હકીકત બની જાય છે. જરા મોટાં થયેલ બાળકો માટે પણ અવારનવાર આવા પાઠો જરૂરના હોય છે. વાચનાલયમાં કેવી રીતે બેસવું, વાંચવા માટેનું પુસ્તક કઇ રીતે પકડવું, ફાડ્યા વિના પાનાં કઇ રીતે ફેરવવાં, વગેરે પાઠો ન આપ્યા હોય તો નવાં જ આણેલાં વાચનાલયનાં પુસ્તકો પૂરો મહિનો માસ પણ ન પસાર થાય ત્યાં ફાટીતૂટી જાય છે. આ બાબતમાં યોગ્ય પાઠો વારંવાર આપ્યા કરીએ તો પુસ્તકોની આવરદા વધે છે, તે સાથે પુસ્તકો નવા જેવાં રહેતાં હોવાથી તે લઇને વાંચવામાં વાંચનારને પણ આનંદ ઊપજે છે.

અનેક બાબતોમાં શિક્ષકો વારંવાર બાળ-કોને કહેતા જોવામાં આવે છે કે આમ ન કરશો અથવા તેમ ન બગાડશો. ઘેર માબાપોને પણ અનેક પ્રસંગે બાળકો ઉપર ગુસ્સે થવું પડે છે. (એને મોટેરાંનો ટકટકાટ કહેવામાં આવે છે.) તે બધાની પાછળ આવી ટેવોનો અભાવ જ રહેલો હોય છે. બાળકોને યોગ્ય કાળે અમુક વસ્તુ કેમ વાપરવી અથવા કેવી રીતે વર્તવું એ

ન બતાવાયાનું જ એ પરિણામ હોય છે. બાળકોને તેઓ અભિમુખ હોય ત્યારે આ બાબતના પાઠો એકાદબે વખત આપ્યા હોય તો મોટેરાંઓને આવી ટકટક કરવાનું રહેતું નથી.

પૂર્વતૈયારી અને વ્યવસ્થાના પાઠોનો વર્ગ-વ્યવસ્થા જળવાઇ રહેવામાં આ રીતે ઘણો મોટો ફાળો છે. આને અંગે બીજાં આવશ્યક અંગોનો વિચાર વળી અન્ય સમયે કરશું. —તા૦

પેગીનો ઘેર

[અનુસંધાન ગતાંક પાનું ૭૨ થી]

પેગીનો પોતાની માતા પરત્વેનો પૂર્વગ્રહ શિથિલ થતો જણાતો હતો. જરા સંકોચપૂર્વક બીતાં બીતાં પણ તે માતા સાથે છૂટથી બોલવા માંડી હતી, તેને પ્રશ્નો પણ પૂછતી હતી. ડૉ. બ્રૅડને થયું કે "ચાલો, બધું ઠીક થઇ ગયું." પોતાની અનેક દિવસોની મહેનત સાર્થક થતી જણાતાં તેમનું દિલ સંતોષ અનુભવતું હતું. પોતાની મહેનતનું આટલું વહેલું પરિણામ આવવા વિષે તેમને તેમ જ મિસિસ ચામર્સને મન ભારે સંદેહ હતો.

ધીરે ધીરે મહેમાનો આવવા લાગ્યા. આવકારવિધિ પૂરો થતાં જ દરેક મહેમાન સાથે મિસેસ બ્રાઉ પેગી અંગે વાતો કરવા લાગતાં હતાં: "પેગી ઘેર પાછી આવી ગઇ છે. હવે તો તે ખૂબ શાણી થઇ ગઇ છે—ખૂબ સુધરી ગઇ છે! ખરેખર, મિસેસ ચામર્સની શાળા ભારે સરસ છે." જવાબમાં મહેમાનો પણ પેગીનાં વખાણ કરવા મંડી જતા. મિસેસ બ્રાઉનો હર્ષ દ્વિગુણિત બની જતો હતો, પણ પેગી મૂંઝાતી હતી; બધા પાસે પ્રદર્શન બનવાનું તેને રુચતું નહોતું છતાં જેમ તેમ કરી તે બધું સહી લેતી હતી.

ધીરે ધીરે મિસેસ બ્રાઉનું પેગી તરફનું ધ્યાન ઓછું થવા માંડયું. આવેલ મહેમાનો સાથે વાતોચીતોમાં તે ગરકાવ બની ગયાં; પેગી અર્થાત્ બાજુએ પડી. ખરું જોતાં પેગી પોતાની માતાને મળવા આવી હતી તેથી સ્વાભાવિક રીતે જ માતા પોતા સાથે વધારે બોલે એવી એની ઇચ્છા હતી. આ કારણે તે મિસેસ બ્રાઉની ગોદમાં પેસવા વધારે વધારે નજીક સરકવા લાગી, પણ મિસેસ બ્રાઉ તેના વિષે જાણે બેદરકાર હતાં. ડૉ. બ્રૅડ તો બધું સાવધાનીથી નિહાળી રહ્યા હતા. તેમને ભય હતો કે આવું જો વધારે વખત ચાલ્યું તો પેગીનું મગજ પાછું ચકરાવે ચડશે.

પેગીએ માતા પોતા તરફ ધ્યાન આપે તે સારુ ફરી વાર પ્રયત્ન કર્યો. મિસેસ બ્રાઉએ પેગી તરફ વળી જરા સ્મિત કર્યું, પોતાનું વહાલ દેખાડયું, ને બીજી જ ક્ષણે પાછાં મહેમાનો સાથે જ વાતે વળગ્યાં; પેગીને તેમણે જરા દૂર બેસવાનું પણ સૂચન કર્યું. પેગી વિષે પરિસ્થિતિ અસહ્ય બનવા લાગી. તેણે પાસે જઇને માતાનો હાથ ખેંચ્યો.

"પેગી! જરા દૂર તો બેસ?" એમ કહી મિસેસ બ્રાઉએ પેગીનો હાથ બસેડી દીધો. "એટલું પણ ભાન નથી કે વાતો કરતાં હોઇએ ત્યારે વચ્ચે ગડબડ ન થાય? જા જરા બાગમાં રમ જોઇએ? પેલી કુંડીમાં જો, નવો કાચબો આણ્યો છે. જરા એ તરફ જા તો, બેટા!—જો, અમને ન સતાવીએ, હાં!"

પેગીને મન સખ્ત આઘાત લાગ્યો. જાણે દાઝી ઊઠી હોય એમ તે પાછી હઠી. તેના મોં પર ઝડપભેર ફેરફારો થવા લાગ્યા; તે રડવા જેવી બની ગઇ. ડૉ. બ્રૅંડ બધું જોઇ રહ્યા હતા; તે આગળ આવી પેગીને કંઇ કહે તે પહેલાં જ પેગી ચીસ પાડી નાસી છૂટી. ડૉ. બ્રૅંડે મિસેસ બ્રાઉ તરફ જોયું, પણ મિસેસ બ્રાઉ મિત્રો સાથેની વાતોમાં એવાં તલ્લીન બની ગયાં હતાં કે તેમનું ધ્યાન પેગી તરફ જરા ય નહોતું. પેગી નાસી ગયાનું અર્થાત્ તેમની સાવ જાણ બહાર બની ગયું.

પણ ડૉ. બ્રૅંડથી આ ચલાવી લેવાય તેમ નહોતું. ડૉક્ટર લાગલા જ પેગી પાછળ દોડ્યા. પાંખો ફૂટી હોય તેમ પેગી પવનવેગે નાસતી હતી; ડૉક્ટર બ્રૅંડ તેને પકડી શકે તેમ હતું નહિ. પેગી સીધી સડક તરફ દોડી. સડક સરિયામ રસ્તો હોઇ અવરજવર પુષ્કળ હતો એટલે ડૉક્ટર બ્રૅંડને ચિંતા થઇ પડી. પેગી પાછળ ડૉક્ટર બ્રૅંડે. પણ દોડયે જ છૂટકો હતો. દરમિયાન પેગી દરવાજા પાસે પહોંચી ગઇ હતી, ને હજુ દોડયે જ જતી હતી. ડૉ. બ્રૅંડના બોલાવવા તરફ તે જરા ય ધ્યાન આપતી નહોતી. રસ્તા પર જોરથી મોટરનું ભૂંગળું વાગ્યું ને ડૉક્ટરનું હૃદય ધ્રૂજી ઊઠયું. વીજળીની ત્વરાથી દોડતા ડૉક્ટર પેગી પાસે પહોંચ્યા. મોટર અને પેગી વચ્ચે એક હાથનું પણ અંતર રહ્યું નહોતું. ડૉક્ટરે પેગીને ઝડપથી પાછી ખેંચી લીધી. મોટર ડ્રાઇવરે પણ બ્રેક જોરથી દબાવી ને કચડડ કરતી મોટર ઊભી રહી! ડૉક્ટરે પેગીને પકડી લીધી હતી, પણ નાસી છૂટવા માટેના તેના પ્રયત્નો જોસભેર ચાલુ હતા. માતાએ પોતા તરફ ધ્યાન આપ્યું નહિ, પોતે પાસે ગઇ છતાં હડસેલી દીધી, પ્રેમથી બોલાવવું પણ બંધ કર્યું, વગેરે અપમાનથી પેગી બળી રહી હતી. એ સ્થળેથી હરકોઇ ઉપાયે નાસી છૂટવું એ એક જ વિચાર પેગીના નાના મગજમાં જોસભેર ચાલી રહ્યો હતો. ડૉક્ટરે જોર કરી તેને પકડી રાખી હતી, છતાં તેના ધમપછાડા ચાલુ જ હતા. ડૉ. બ્રૅંડ મૂંઝાઇ પડ્યા. પણ ઊભી રહેલી મોટર તરફ તેમનું ધ્યાન જતાં જ તેમનું દિલ સ્વસ્થતા અનુભવવા લાગ્યું. એ મોટર ડૉક્ટરના એક મિત્રની જ હતી. બારણું બોલી ડૉક્ટરે પેગીને મોટરમાં ખેંચી લીધી ને પોતે પણ અંદર ચડી બેઠા. મોટરમાં બેઠેલા મિત્રને તેમણે એટલી જ ઝડપથી કહ્યું: "જરા મોટર પાછી વાળશો?"

મિત્રે મોટર પાછી ફેરવી. "મિસેસ ચામર્સની શાળા તરફ લ્યો; જરા ઉતાવળે હો!" મિત્રની જાણે માફી માગતા હોય એવી રીતે પણ ઉતાવળે ડૉ. બ્રૅંડે કહ્યું. (અપૂર્ણ.)

—તં.૦

શિક્ષકો જાગ્રત રહે

[અનુસંધાન અંક ૫ પાનું ૫૮ થી]

મોન્ટીસોરી શાળાના શિક્ષકે કઇ બે બાબતો અંગે વિશેષ જાગ્રત રહેવું આવશ્યક છે તે આ અગાઉ આપણે જોઇ લીધું છે.

પ્રત્યક્ષ કામ કરતાં કરતાં બની ગયેલ બંને પ્રકારની ગફલત અને પાછળથી પરિસ્થિતિમાં કરેલ સુધારાથી થયેલ ફેરફારની નોંધ બતાવનારાં બે ઉદાહરણો અહીં આપ્યાં છે.

૪॥ વર્ષની એક નાની બાલિકા માંદગીને લીધે બે માસ સુધી શાળાએ આવી શકી નહિ. બે મહિના પછી તેણે આવવું શરૂ કર્યું ત્યારે

જોડેનાં બાળકો બાળપોથી પૂરી કરી પહેલી ચોપડીના પાઠો વાંચવા માંડ્યાં હતાં. પેલી બાલિકા લેખન, વાચન, ગણિત, બધામાં પાછળ રહી ગયેલી.

વર્ગની શિક્ષિકાબહેન પેલાં આગળ વધેલાં બાળકોને કામ બતાવવામાં મશગૂલ રહેતાં. પાછળ રહેલી બાલિકાને સાથે લેવા સંબંધે તેમણે કશો વિચાર જ કર્યો ન હતો, તેમ મહેનત પણ લીધી નહોતી. બાળકો ધીરે ધીરે વધારે પાછળ પડતી હતી, અને અન્ય બાળકો આગળ ને આગળ પ્રગતિ સાધી રહ્યાં હતાં. આખરે કંટાળીને–મૂંઝાઈને બાળકો અહીંતહીં આંટા મારી વખત કાઢવા તરફ વળી હતી.

વસ્તુસ્થિતિ ધ્યાનમાં આવતાં જ મેં તેનો રસ્તો શોધ્યો. બાલિકા માટે હમેશાં પાંચદસ મિનિટો ફાજલ રાખી તેને સાવ શરૂઆતના શબ્દવાચન પર લીધી; પછી સહેલી ચિઠ્ઠીઓ આપી. ધીરે ધીરે બાલિકાને રસ પડ્યો; તે પ્રસન્ન દેખાવા લાગી. વેર જતાં રોજ તે કાંઇક કાંઇક સવાલો પૂછતીઃ "આ ચિઠ્ઠીઓ વેર લઇ જાઉં?" "કાલે હવે ઘણી ઘણી ચિઠ્ઠીઓ લખી આપશો?" એને પોતાના વિકાસની દિશા હાથ લાગી હતી. તેની ઉદાસીનતા દૂર થઇ. પહેલાં ગભરાયેલી, મૂંઝાયેલી, કંટાળેલી, રહેતી; હવે તે પ્રફુલ્લ વદને રમતી કૂદતી શાળાએ આવે છે. સાથે પુસ્તક લેતી આવે છે. બાળપોથી વાંચે છે; શરૂઆતના જ પાઠો હોવાથી ઝપાટાભેર સમજણપૂર્વક વાંચે છે. તેનામાં આત્મવિશ્વાસ અને પ્રફુલ્લતા આવ્યાં છે. ધીરે ધીરે તે બીજા બાળકો સાથે પહોંચી ગઇ છે.

આથી જુદી જાતનો દાખલો એક બાળકનો છે. બે મહિના પહેલાં તેને બાદબાકી કરતાં આવડતું હતું. $\begin{matrix}4321\\-3895\end{matrix}$ જેવી વધ્યા લેવાની જરૂર પડે તે જાતની બાદબાકી તે કરતો હતો. આજે $\begin{matrix}364\\+458\end{matrix}$ જેવી રકમોનો સરવાળો પણ તેને આવડતો નથી! એવું જ વાચનની બાબતમાં. એકંદરે પ્રગતિને બદલે તેની તો ઊલટી ગતિ–ભૂલી જવા તરફની ગતિ થતી હતી! બાળક શાળાથી કંટાળી ગયો હતો, ને બીજી નિશાળે જવાની ઇચ્છા કરતો હતો.

દરમિયાન નવી નોંધપોથી (એકસરસાઇઝ બુક) લેવાની તેને ઇચ્છા થઇ. બાળકના પિતાએ તેની આ ઇચ્છાને પ્રેમથી સંતોષી. નવી બુક હાથમાં પડતાં જ ઘણા દાખલા ગણી કાઢવાનો ઉત્સાહ પ્રગટ્યો. બાળકના પિતાએ નવા એકાદબે દાખલા ગણી બતાવ્યા અને પોતાની હાજરીમાં બીજા ૧૦–૧૨ ગણાવી લીધા. બસ, પછી તો બાળક દાખલા પાછળ જ મંડ્યો! પછી એ ઉત્સાહનું પૂર વાચન તરફ પણ વળ્યું. ખરું જોતાં શાળામાં તેને કંઇક આગળનું કામ મળવાની જરૂર હતી. તેનું તે રોજનું કામ કરવાથી તે કંટાળી ગયો હતો; અને ઉપેક્ષાને કારણે જૂનું ભૂલી જવાની તૈયારી થઇ હતી. નવી બુકનો જરાક વેગ મળતાં જ તેનામાં નવો ઉત્સાહ પ્રગટ્યો, અને નવું નવું કરવા માટે પ્રફુલ્લતાથી શાળામાં કામે લાગી ગયો.

શિક્ષકભાઇઓ પોતાના કર્તવ્ય વિષે જાગ્રત રહેતા હોય તોપણ આવી નાની લાગતી બાબતોમાં પણ તેઓ દુર્લક્ષ ન કરે એ આવશ્યક છે.

—તા.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, બી. એ., એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૫–૯–૪૩.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

આ યુગનું ચિહ્ન છે કે માણસે પોતાનો સ્વાર્થ આગળ ન કરવો પણ સિદ્ધાંત આગળ કરવો. પણ સિદ્ધાંત એટલે સ્વાર્થવાદ. સિદ્ધાંતવાદનું વિચિત્ર લક્ષણ એ છે કે જે પોતે માને છે તેનું નામ સિદ્ધાંત કહેવાય, અને જે બીજો માને છે તે સિદ્ધાંત ન કહેવાય.

આ યુગનું આ પણ એક ચિહ્ન છે કે માણસે કરવું પોતાનું ધાર્યું પણ બહાનું આપવું સમાજહિતનું. સમાજહિતવાદ એટલે વ્યક્તિવાદ. એનું વિચિત્ર લક્ષણ એ છે કે પોતે જેને સમાજહિત કહે છે તે સિવાયનું બીજું બધું સમાજવિરોધી છે, અને સમાજ એટલે પોતાની જાત માત્ર!

—સ્વ૦ ગિજુભાઈ

સ્વર્ગસ્થ કરુણાશંકરભાઈ

અત્યંત દુઃખ સાથે લખવું પડે છે કે આ માસની પહેલી તારીખે ગુજરાતના બાલ-કેળવણીના ક્ષેત્રમાં મૂળભૂત રીતે 'અનોખું' કામ કરનાર, આદર્શ શિક્ષક અને કેળવણીકાર શ્રીયુત કરુણાશંકરભાઈનું અવસાન થયું છે.

સદ્‌ગતે પોતાના જીવન પર્યંત ગુજરાતની બાલકેળવણીમાં પ્રાયાનું કાર્ય કર્યું છે. જીવનની નિરતિશય સાદાઈ સાથે સંસ્કારની સુગંધ મેળવી તેમણે એક ખરા તપસ્વી અને કેળવણીના અગ્નિહોત્રીને છાજે તેવી રીતે જીવન ગાળ્યું છે.

એમના પરિચયમાં આવેલ કોઈ પણ વ્યક્તિ એમની વિનમ્રતા, વાણીની સરળતા અને ઊંડી આધ્યાત્મિકતાથી આકર્ષાયા વિના નહિ રહી હોય. આખો જીવન પર્યંત એમનામાં રહેલી વિદ્યાર્થિવૃત્તિ એ એમના સફળ શિક્ષણ-પણાની ચાવી છે.

એમની સંસ્કારક્ષમતા અજબ હતી. સદ્‌ગત કાંત (સ્વ૦ મણિશંકર રત્નજી ભટ્ટ) ના તેઓ મિત્ર હતા; શાંતિનિકેતનના પ્રાધ્યાપક શ્રીયુત ક્ષિતિમોહન સેનના તેઓ ગુણાનુરાગી હતા.

સંસ્કૃત, બંગાળી, વગેરે ભાષાઓનો એમનો ઊંડો અભ્યાસ હતો. ગુજરાતનાં નાનાં ગામડાં-ઓને પણ શ્રી. ક્ષિતિમોહન સેન જેવાના પરિચયમાં લાવવાનો એમનો ભગીરથ પ્રયત્ન હતો. એમના પરિચયમાં આવેલાઓની આધ્યા-ત્મિક પ્રવૃત્તિ અને પ્રગતિ વિષે તેઓ હમેશ સજાગ રહેતા, અને નાનાં મોટાં સહુ કોઈને પોતાથી બનતું શીખવવાનો એમનો પ્રયત્ન હતો.

આજે એમના ગુણાનુરાગીઓનું એક સારું એવું મંડળ છે, જેઓ એમની આધ્યાત્મિકતા, જીવનની સાદાઈ અને સંસ્કારક્ષમતાથી તેમના તરફ હમેશ આકર્ષાઈ રહેલા છે.

એમના શિષ્યવર્ગમાં પણ એવા કેટલા ય છે જેમને તેમણે સામે ચાલીને બંગાળી શીખવ્યું હશે અને પૂ. ગુરુદેવ સ્વ. રવીન્દ્રનાથ ટાગોરની કવિતાનું પાન કરાવ્યું હશે, કોઈ ભક્તિમાર્ગની કથાઓ કહી હશે.

ટૂંકમાં કેળવણી, જીવન અને આધ્યા-ત્મિકતા સાથે નિખાલસ શિક્ષકભાવ એ બધાનો એમણે સુમેળ સાધ્યો હતો.

શિક્ષણક્ષેત્રના આવા કાર્યકર્તાના અવસાનથી ગુજરાતને સારી એવી ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપો! —તંત્રી

નૂતન બાલશિક્ષણ સંઘની અમદાવાદની સ્થાનિક સમિતિએ સ્વ. કરુણાશંકરભાઈના અવસાનનિમિત્તે ગોઠવેલી શોકસભામાં નીચે પ્રમાણેનો ઠરાવ સર્વાનુમતે કર્યો હતો એમ તેના મંત્રી લખે છે.

ઠરાવ

નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાનિક શાખાના ઉપક્રમથી મળેલી આ સભા ગુજરાતના બાલકેળવણીના ક્ષેત્રમાં મૂળભૂત રીતે અનોખું કામ કરનાર, આદર્શ શિક્ષક અને કેળવણીકાર શ્રી. કરુણાશંકરભાઈના અવસાનની સખેદ નોંધ લે છે, અને પોતાનો શોક પ્રગટ કરે છે. સ્વ૦ કરુણાશંકરભાઈએ પોતાના જીવન પર્યંત ગુજ-રાતની બાલકેળવણીમાં પાયાનું કામ કર્યું છે તેની આ સભા કદર કરે છે; એટલું જ નહિ પણ આવતી પેઢીને પણ તેઓની સેવા પ્રેરણા-કારક બનશે એમ માને છે. સ્વ. ગિજુભાઈ,

સ્વ૦ મોતીભાઇ અમીન, વગેરેના અવસાન પછી કરુણાશંકરભાઇના અવસાનથી ગુજરાતને ન પુરાય એવી વિશેષ ખોટ પડી છે. આ સભા સ્વર્ગસ્થના કુટુંબીઓને આવી પડેલા દુઃખમાં દિલસોજીપૂર્વક ભાગ લે છે અને પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરે છે કે તેઓના આત્માને શાંતિ અર્પે.

૪ : ૧૦ : ૪૩.

અધ્યાપક શ્રી. કર્વેનું પ્રવચન

[શિશુવિહાર બાલઅધ્યાપનમંદિરનાં પ્રશસ્તિપત્રદાનના સમારંભ વખતે અપાયેલ પ્રવચનનો ટૂંક સાર.]

આજને પ્રસંગે પ્રમુખ તરીકે મારી વરણી શા માટે કરવામાં આવી એ એક કોયડો જ છે. કારણ જો કે મેં મારું આયુષ્ય કેળવણીક્ષેત્રમાં જ ગાળ્યું છે છતાં નૂતન બાલશિક્ષણનો મારો અભ્યાસ લગભગ નથી જ એમ કહીએ તો ચાલે. છતાં શ્રી. તારાબાઇ તરફથી જ્યારે આમંત્રણ આવ્યું ત્યારે એને નકારવાની મારી ઇચ્છા ન થઇ, અને એટલે આપની વચ્ચે હું ઉપસ્થિત થયો છું.

શિક્ષણશાસ્ત્ર અને શિક્ષણપદ્ધતિઓનો અભ્યાસ કરવાનો મને અવકાશ મળ્યો નથી એટલે આજના પ્રસંગે હું કાંઇ વિશેષ તો કહી શકું એમ નથી, પણ જે ગાંડાઘેલા બે શબ્દો કહું તેને વધાવી લેશો એવી આશા રાખું છું.

સને ૧૯૨૯ એટલે કે આજથી ચૌદ વર્ષ પહેલાં જ્યારે હું મહિલાવિદ્યાપીઠ માટે પ્રચારાર્થે યુરોપમાં પરિભ્રમણ કરી રહ્યો હતો ત્યારે જીનીવામાં દુનિયાની શિક્ષણસંસ્થાઓની પરિષદ ભરાઇ હતી. તે વખતે ત્યાં એક બાલ-શિક્ષણપરિષદ પણ ભરાઇ હતી. ત્યાં નૂતન બાલશિક્ષણનાં પ્રણેતા મૅડમ મોન્ટેસોરીને મળવાનો તેમ જ તેમનાં બેએક વ્યાખ્યાનો સાંભળવાનો મને લાભ મળેલો.

બાલશિક્ષણનો વિચાર કરતાં મને મારું બાળપણ અને તે વખતની શાળાઓ યાદ આવે છે. તદ્દન નાનાં એટલે અઢી કે ત્રણચાર વર્ષનાં બાળકો માટે તો તે વખતે શાળાઓ હતી જ નહિ. તેથી મોટી ઉંમરનાં બાળકો માટે સરકારી તેમ જ ખાનગી શાળાઓ હતી. તે વખતે બાળક એટલે એક સ્વતંત્ર વ્યક્તિ છે એવું તો કોઇની કલ્પનામાં પણ ન હતું, અને એ વખત યાદ કરીએ તો શિક્ષણના વિષયો કરતાં શિક્ષાના પ્રકારો તરફ ધ્યાન જાય છે. સોટી–હથેળી પર લાગટ પંદરવીસ સોટીઓ મારવી એ તો તદ્દન સામાન્ય હતું. ટીગાટોળી કરવી, અંગૂઠા પકડાવીને વાંસા પર તેમજ માથા પર પાટી, ચૉક કે પથ્થર મૂકવા અને જરા પણ હાલચાલ કરીએ કે તરત સોટી પડે, એ તે વખતના શિક્ષાના પ્રકારનાં થોડાં દૃષ્ટાંત. આ બધા પ્રકારો આજે નૂતન બાલશાળામાં દૃષ્ટિએ પડતા નથી. તેને બદલે ત્યાં બાળકો ખેલતાં કૂદતાં જ્ઞાન મેળવતાં હોય છે. બાળકો સાથે શિક્ષકો અને શિક્ષિકાઓ સમરસ બની જતાં જણાય છે. આજે બપોરે શ્રી. તારાબાઇના શિશુવિહારમાં જ્યારે એ દૃશ્ય જોયું ત્યારે મારા મનમાં એક વિચાર આવી ગયો કે જો હું એંશી વરસ મોડો જન્મ્યો હોત તો ? તો આવી બાલશાળામાં ભણવાનો મને ય મોકો મળત.

પ્રશ્ન એ જ છે કે આ બધો ફેરફાર કેમ થયો ? પહેલાંની શિક્ષણપદ્ધતિ અને અત્યારની

શિક્ષણપદ્ધતિમાં આટલું પરિવર્તન શા કારણે થયું? એનો જવાબ એ જ કે પહેલાં બાળકને એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે કોઈ સ્વીકારતું જ નહિ. આજે બાળકને એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે ગણવામાં આવે છે. શિક્ષણસંસ્થામાં એ કેન્દ્રસ્થાને છે. પહેલાં શિક્ષકો—મોટેરાં કેન્દ્રસ્થાને હતાં; તે કહે તેમ બાળકોએ કરવું જોઈતું હતું. એને બદલે આજે બાળકની વૃત્તિ પારખી એને શાની જરૂર છે એ સમજી એની સાથે વર્તાવ કરવામાં આવે છે. એના વ્યક્તિત્વનો વિકાસ પોષાય તે તરફ નજર રાખવામાં આવે છે.

શિશુવિહાર બાલઅધ્યાપનમંદિરનો જે અહેવાલ શ્રી. તારાબાઈએ વાંચ્યો એમાં એમણે ઘણી માહિતી આપી છે. એમણે લગભગ પોતાનું જીવન આ ક્ષેત્રમાં ગાળ્યું છે એમ કહીએ તો ચાલે. ભાવનગરથી મુંબઈ આવ્યા પછી એમણે દાદરમાં એક બાલમંદિર શરૂ કર્યું, અને બાલમંદિરની સાથે જ, નૂતન બાલશિક્ષણનું કામ કરી શકે તેવા શિક્ષકોની જરૂર જણાતાં, બાલઅધ્યાપનમંદિરની શરૂઆત કરી. તે સંસ્થાએ આજ સુધીમાં જે પ્રગતિ કરી છે તે ખરેખર પ્રશંસનીય છે.

અત્યાર સુધી એ સંસ્થાની ગાડી સરકારમાન્યતા સુધી આવીને ઊભી છે. એની પરીક્ષાઓને સરકારમાન્ય માન્યતા વહેલી તકે મળે એવું હું ઇચ્છું છું.

પરીક્ષાની સરકારી મંજૂરી અને પરીક્ષકોની નિમણૂક બાબતમાં માત્ર હું સૂચના કરવા ઇચ્છું છું કે સરકારી માણસો પૈકી પણ યોગ્ય પરીક્ષકો નિમાય એની સાવચેતી રાખવી, નહિતર કેટલીક વાર મુશ્કેલીમાં મુકાઈ જવાય છે. દાખલા તરીકે મહિલા વિદ્યાપીઠની પરીક્ષાઓ સરકારમાન્ય છે, અને એની પદવીધર સ્ત્રીઓને ઇતર પદવીધર લોકોની હારમાં પગાર મળે છે. અમારે ત્યાં પરીક્ષકોની એ જાતની ગોઠવણ છે કે એ પરીક્ષકો મહિલાવિદ્યાલય તરફથી નિમાય અને એક સરકાર તરફથી; તેમાં પણ સરકાર તરફથી નિમાનાર વ્યક્તિની જગ્યા માટે સરકારી કેળવણી ખાતા તરફથી ત્રણ નામો સૂચવવામાં આવે, અને તેમાંથી મહિલા વિદ્યાપીઠ પરીક્ષકસમિતિ જેને પસંદ કરે તેને ત્રીજા પરીક્ષક તરીકે નીમવામાં આવે. શાળાખાતાના અમલદારો સાથે યોગ્ય રીતે મંડળ તરફથી વાટાઘાટ કરવામાં આવે તો આવી જાતની વ્યવસ્થા થવી કઠણ નથી.

સરકારમાન્યતા સાથે જે એક બીજી પણ વસ્તુ આવવી જોઈએ, તે નૂતન બાલશિક્ષણનો ગામડે ગામડે પ્રચાર. તે ત્યારે જ શક્ય બને જ્યારે ગામેગામની પ્રાથમિક શાળાઓમાં બાલવર્ગના કામ માટે નૂતન બાલશિક્ષણનો અભ્યાસ કરેલ શિક્ષક—શિક્ષિકાને નીમવાનો આગ્રહ રાખવામાં આવે. મ્યુનિસિપાલિટીઓ અને લોકલબૉર્ડો આ વ્યવસ્થા સહેલાઈથી કરી શકે.

જેમને આજે પ્રશસ્તિપત્ર આપ્યાં છે તેમને કહેવા માટે તો શ્રી. તારાબાઈએ મારે માટે કંઈ રાખ્યું જ નથી. હું એટલું જ કહીશ કે તેમણે જે એ શબ્દો ઉપદેશના કહ્યા છે—નિત્યનૂતન રહેવા બાબત તેમ જ પ્રવાહપતિત ન બની જવા બાબત—તે વિષે તેઓ પૂરેપૂરો વિચાર કરે અને પોતાના જીવનમાં ઉતારવા પ્રયત્ન કરે. એ વસ્તુ અત્યંત કઠણ છે, છતાં પ્રયત્નસાધ્ય છે. એમના ઉપદેશના એ શબ્દો એ ભાઈબહેનો ઉતારી લે અને વારંવાર વાંચી એનો અમલ કરવા નિત્ય પ્રયત્નશીલ રહે તો ય એમણે ઘણું કર્યું કહેવાશે. બસ, આથી વિશેષ મારે કાંઈ કહેવાનું નથી.

વર્ગવ્યવસ્થા

(લેખાંક ૨ જો)

વર્ગનું કામકાજ સરળતાથી ચાલે તે સારુ કેટલાએક વ્યવસ્થાના નિયમો હોવાની જરૂર છે. આ નિયમો નીચે લખ્યા પ્રકારના હોઇ શકે.

(૧) એક બાળકે કોઇ સાધન લીધું હોય તો તે વાપરતું હોય ત્યાં સુધી બીજા બાળકે તે ખેંચી કે ઉપાડી લેવું ન જોઇએ. પહેલું બાળક તે સાધન વાપરી રહે ત્યાં સુધી રાહ જોવી અને તે યોગ્ય સ્થળે પાછું મુકાય પછી જ બીજા બાળકે તે લેવું.

(૨) વર્ગમાં કામ ચાલતું હોય ત્યારે કામે કરી રહેલાં બાળકોને અડચણ ન થાય તે સારુ સહુએ વાતો કરવી હોય તો ધીમેથી બોલવું, અથવા કોઇ ચીજ લેવી કે મૂકવી હોય તો અવાજ કે ખડખડાટ ન થાય તેમ લેવી અગર મૂકવી જોઇએ. દાખલા તરીકે કામ ચાલતું હોય ત્યારે ગાવું કે જોરથી વાંચવું, જોરશોરથી વાતોના તડાકા મારવા, દોડાદોડી કરવી અગર રમવું, વગેરે બાબતો વર્ગની અંદર બીજાં બાળકોએ કરવી ન જોઇએ.

(૩) સાધનોનો વપરાશ કાળજીથી કરવો તેમ જ જે સાધનો જેને માટે યોજ્યાં હોય તે જ જાતનો તેનો ઉપયોગ થવો જોઇએ. જેમકે, ખુરશી પર બેસીને તેને હલાવ્યા કરવી કે તે પર હીંચકવું, વાંચતી વેળા ચોપડીનાં પાનાં બેવડાં વાળીને વાંચવું, અથવા વાચનનાં કાર્ડો મેલાં કરવાં કે બગાડવાં, વગેરે. જેનો સાધનનો ગેરઉપયોગ કહી શકાય તેવું ન થવું જોઇએ. જે ઉપયોગ માટે જે સાધન યોજ્યું હોય તેનો અન્યથા ઉપયોગ એટલે દુરુપયોગ ગણવો. વાંચવા માટેનાં કાર્ડો લઇ વાંચવાને બદલે બંગલા બાંધવા, અગર તો રંગની તખ્તીઓ લઇ લાંબી ગાડી કરી રમવું, વગેરે સાધનોનો દુરુપયોગ થયો ગણાય.

આ અને આવા બીજા જરૂરી જણાતા નિયમો પણ વર્ગવ્યવસ્થા ખાતર વખતોવખત ઘડવા પડે. આ બધા નિયમોની ભાષા ટૂંકી અને સ્પષ્ટ હોય; બાળકોને તે બરાબર સમજાવી દેવાયા હોય. ૨–૨॥ કે ૩ વર્ષની ઉંમરનાં બાળકોને નિયમોના હેતુઓ સમજાવવાની કશી જરૂર નથી. તેમને તો બહુ જ ટૂંકમાં કહેવું જોઇએ: "સાધનો બીજા પાસેથી ખેંચી કે ઉપાડી લેવાં નહિ." "એક બાળક રમી રહે પછી બીજાથી સાધન લેવાય." "ત્યાં સુધી રાહ જોવી અગર બંને સાથે મળીને તે વાપરવી."

જરા મોટી ઉંમરનાં બાળકોને નિયમો પાછળનાં કારણો ટૂંકમાં સમજાવી શકાય. ૪–૫ વર્ષની ઉંમરનું બાળક દોડાદોડી કરતું હોય તો કહેવાય: "અહીં બધાંને હરકત થાય છે માટે આ બાજુ દોડાદોડી કરવાની નથી." પાનાં વાળીને વાંચી રહેલ બાળકને કહી શકાય: "પુસ્તક એ રીતે ફાટી જાય માટે પાનાં બેવડાં વાળીને ન વાંચશો." ખુરશી પર હીંચકો ખાતા બાળકને કહી શકાય: "એ રીતે ખુરશી ભાંગી જાય, માટે હલાવ્યા વિના બેસો." તેમ જ ગીત ગાતાં કે જોરથી વાતો કરતાં બાળકોને કહી શકાય: "અહીં બધાંએ મનમાં મનમાં વાંચવાનું છે. ગીત ગાવાં હોય અથવા તાણીને વાંચવું હોય તો બહાર બગીચામાં જાઓ."

બાળકોનો સહકાર

કામ પૂરું થતાં વર્ગનાં સાધનો યથાસ્થાને પાછાં મૂકી દેવામાં, સાફસૂફીમાં તેમ જ બીજા દિવસની જરૂરી ગોઠવણ અંગે બાળકોની મદદ લઈને શિક્ષકે કામ કરવું સારું છે. જે કામો ભારે હોય, અગર જેની પાછળ ઘણો વખત ગાળવો પડે તેવાં હોય, તેવાં કામો શાળાના પટાવાળા પાસે થાય તો અડચણ નથી. જેમકે ઓરડામાં બહુ ઊંચેથી બાવાં પાડવાં હોય અથવા તો નાસ્તાનાં મોટાં વાસણો સાફ કરવાં હોય તો તેવા કામમાં કામવાળીની મદદ અવશ્ય લઈ શકાય. પણ બને ત્યાં સુધી વર્ગનાં બધાં કામો શિક્ષકે બાળકોની મદદથી ઉકેલી લેવાનો પ્રયત્ન કરવો જોઈએ. કોઈ વાર બાળકોમાં હોંશ આવી જાય તો ઉપર ગણાવ્યાં તેવાં ભારે કામો પણ બાળકો સાથે મળીને શિક્ષકે કરી લેવાં જોઈએ. અમુક કામ તો કામવાળી જ કરે અગર તો તે હોય તો જ પૂરું થાય, એવી ભાવના વર્ગના કોઈ પણ જાતના કામને અંગે ન કેળવાય એ ખાસ ધ્યાનમાં રાખવું. પોતાનાં સઘળાં કામો જાતે જ કરી શકીએ, કરવાં જોઈએ; કરીએ જ છીએ, એમાં જ મહત્તા છે, એમાં કશું શરમાવાપણું નથી, એ જાતની ભાવના કેળવાય એ ધ્યેય હરેક બાબતમાં દૃષ્ટિ સન્મુખ રહેવું જોઈએ. એમ થાય તો જ કોઈ પણ કામ હલકું કે ઊતરતું નથી એ ભાવના આખા ય સમાજમાં દૃઢ બને.

પોતાને લખવાનાં ટેબલો સાફ કરવાં, રમવાનાં અગર કામ કરવાનાં સાધનો લૂછવાં, બારી તથા દરવાજાનાં કબાડ પરથી ધૂળકચરો કાઢી સાફ કરવાં, ભીંતો પરથી ધૂળ ખંખેરવી તેમ જ બાવાં પાડવાં, રોજના નાસ્તાના વાટકા માંજવા તેમજ સાફ કરી સ્થાને મૂકી દેવા, સાફસૂફીના રૂમાલો ધોવા અને ઘડી કરી મૂકવા, નાસ્તાની ઓરડીની જરૂરી તૈયારીમાં મદદ કરવી, વગેરે અનેક કામો બાલમંદિરમાં રોજ રોજ કરવાં પડે છે. આ બધાં કામો વ્યવસ્થિત રીતે અને સફાઈથી કેમ કરવાં તેના જરૂરી પાઠો બાળકોને આપવા જોઈએ, અને બાળકોને એ કામો કરતાં ફાવી જાય ત્યારે તેમની જ મદદથી એ બધાં રોજ કરવાં જોઈએ.

મોટાં બાળકો હોય તેમને કેટલાંક કામો વહેંચી દઈ શકાય. એક સફાઈના જ કામનો વિચાર કરીએ તો એક બાળક ઓરડો વાળી કાઢે, બીજું બાળક લખવાનાં પાટિયાં ધોઈ લૂછી સાફસૂફ કરે, કબાટને બેચાર ખાનાં હોય તો દરેકને એકેક ખાનું સાફસૂફ કરી ગોઠવી મૂકવાનું હોય, એક બાળક પાથરણાં સરખાં ગોઠવે તો બીજું બાળક લખવાનાં મેજ સાફ કરી મૂકે, એક બાળક છબીઓ લૂછે તો બીજું બાળક બારીના કાચ સાફ કરે, વગેરે અનેક રીતે વહેંચણી થઈ શકે અને શરૂના પા કલાકમાં તો આખો ય વર્ગ સાફસૂફ થઈ જાય એવું બને. એટલું ખાસ જોવું કે કામની વહેંચણીમાં શિક્ષકે જાતે પણ કશુંક કરવાનું રાખવું જોઈએ.

આ રીતે બાળકોના સહકારથી વર્ગની વ્યવસ્થા કરવામાં બહારની વ્યવસ્થા કે શોભા સચવાય છે એટલું જ નહિ પણ એમાંથી જ શિસ્ત અને નિયમન બાળકોમાં પેદા થાય છે. વર્ગની શરૂઆતમાં તૈયારી કરતી વખતે તેમ જ વર્ગ પૂરો થતાં બધાં સાધનો સંકેલીને વ્યવસ્થિત તે દરેકને ઠેકાણે મૂકવામાં બાળકો સાથે જ હોવાથી કામમાં ઊભી થતી વ્યવસ્થા અને નિયમન જાતે કરેલાં હોય એવું લાગે છે; બહારથી લાંદેલાપણું અને એથી મનમાં એક પ્રકારનો વિરોધ એમાં કદી હોતો નથી. ઘણી

વાર તો આ બધા કામની ગોઠવણ માટે અમુક નવા નિયમો હવે કરવા જોઇએ એવી સૂચના બાળકો જ લાવે છે. બાળકો કહે છે: "મોટા ભાઇ, હમણાં હમણાં આપણાં મોતી બહુ ઓવાય છે. આપણે એવો નિયમ રાખો ને કે રમવા માટે પણ કોઇથી મોતી બહાર ન લઇ જવાય?" અવ્યવસ્થા અથવા ગડબડ થતાં વ્યવસ્થા અને શાંતિ સારુ જ નિયમો ઘડવા પડે છે, અને નિયમો હોય તો જ વ્યવસ્થાનું કામ બરાબર જળવાય છે, એ તત્ત્વ બાળકોના લક્ષમાં પણ તુરત આવે છે. અર્થાત્ આ જાતના બહિર્નિયમનમાંથી આપોઆપ માનસિક આત્મ-નિયમન કેળવાતું જાય છે.

શાળાના બધા વર્ગોમાં વ્યવસ્થા આ ધોરણે સચવાતી હોય તો સમગ્ર શાળાની વ્યવસ્થા પણ આ ધોરણે સચવાવા લાગે છે. બાળકો પોતાનાં ટેબલો રોજ સાફ અને વ્યવસ્થિત રાખતાં હોય તો મુખ્યશિક્ષિકાનું અથવા કાર્યા-લયનું ટેબલ પણ વ્યવસ્થિત ને સાફ હોવું જ જોઇએ એ બાળકોના ખ્યાલમાં તુરત આવી શકે છે. પરિણામે મોટાંઓનાં વાચનાલયો કે પુસ્તકાલયો તેમ જ તેમનાં કપડાંની ગોઠવણ વગેરે હરેક બાબત તરફ જોવાનું તેમનામાં નવું દૃષ્ટિબિંદુ આવે છે. આ કારણે સમગ્ર શાળાની વ્યવસ્થા સાચવવાની કોઇ મુશ્કેલી રહેતી નથી. સાધારણ નિયમો જાહેર કરી દઇએ કે બાળકો બધાં એ નિયમો તુરત પાળવા માંડે છે, કેમકે નિયમોની આવશ્યકતા તેઓ બરાબર સમજે છે.

સામાન્ય શાળાઓમાં સાફસૂફી, સાધનો કે સામાનની સફાઇ, ભીતોની સફાઇ વગેરે કોઇ કામમાં બાળકો કદી ભાગ લેતાં નથી. શિક્ષણનાં સાધનો અથવા વાંચવાનાં પુસ્તકો હમેશાં શિક્ષકના કબાટમાં તાળાકૂંચીમાં રહે છે. ખાસ જરૂર હોય ત્યારે ઘડીભર તે બાળકોને બતાવવા માટે કે જોવા માટે હાથમાં અપાય છે, તો તુરત તે પાછાં લઇ લેવામાં આવે છે, ને કબાટમાં તાળાકૂંચીમાં પુરાઇ જાય છે. આમાં સાધનો અથવા પુસ્તકો સાચવવાની કે સંભાળીને વાપરવાની જવાબદારી બાળકોને શિર કદી આવતી નથી. પરિણામે બાળકો પણ સફાઇ અથવા વ્યવસ્થાની તાલીમ પામતાં નથી; તેમને તે કશું આવડતું જ નથી હોતું. પછી જવાબ-દારીમાંથી આપોઆપ ઉદ્‌ભવતી શિસ્ત અથવા નિયમન તો ક્યાંથી જ પેદા થાય?

નવી બાલશાળાના શિક્ષકો વ્યવસ્થા અને નિયમન પેદા કરવાની પોતાની વિશિષ્ટતા શી છે તે બરાબર ધ્યાનમાં રાખી એને અનુકૂળ પોતાના વિચારો અને રોજના આચારો યોજે તો નૂતન બાલશિક્ષકના બિરદને તેઓ યથાર્થ રીતે વફાદાર રહ્યા કહેવાશે. —તા૦

પેગીને ઘેર

[અનુસંધાન અંક ૭ પાનું ૮૩ થી]

પેગીએ જ્યારે જોયું કે ડૉક્ટર ઍન્ડ પોતાને બંગલામાં પાછા લઇ જતા નથી ત્યારે તે જરા શાંત બની. મિસેસ ચામર્સની શાળાનું નામ સાંભળતાં તેની ખાતરી થઇ કે ડૉક્ટર પોતાને નાસી જવામાં મદદ જ કરી રહ્યા છે, એટલે તેને હિંમત આવી હતી.

શાળા પાસે મોટરમાંથી ઊતરતાં ઊતરતાં ડૉક્ટરે પોતાના મિત્રને વિનંતિ કરી: "મિસેસ બ્રાઉને જતાં જતાં આ હકીકત જરા જણાવતા જશો તો ઉપકાર થશે."

મિત્ર મિસેસ બ્રાઉનો સ્વભાવ બરાબર જાણતા હતા. પેગીના પૂર્વ ઇતિહાસથી પણ તે પરિચિત જ હતા. તેમણે કહ્યું: "માફ કરશો, ડૉકટર! પણ હું હવે મિસેસ બ્રાઉની પાર્ટીમાં જવા જ માગતો નથી."

કશો જ જવાબ વાળ્યા વિના ડૉકટર બૅંડ પેગીને મિસેસ ચામર્સ પાસે લઇ ગયા. પેગીને આટલી વહેલી પાછી ફરેલી જોતાં મિસેસ ચામર્સને પણ ભારે નવાઇ લાગી. ડૉકટરે આખી હકીકત સમજાવી; મિસેસ ચામર્સ દિઙ્મૂઢ બની સાંભળી રહ્યાં. માનસિક કટોકટીની સ્થિતિમાંથી પસાર થયેલ પુત્રી ઘેર આવી હોય–પોતાને મળવા ખાસ લાંબે વખતે આવી હોય તે વખતે કઇ માતા પોતાની પુત્રી સાથે વાતો કરવાનું છોડી મિત્રો સાથે ગપ્પાસપ્પા લગાવામાં રોકાઇ જાય–અને તે પણ એટલે સુધી કે પુત્રીની પોતા સાથે વાત કરવાની ઉત્કંઠા છતાં તેને ધુત્કારી કાઢે! ખુદ ડૉ. બૅંડે આ હકીકત ન કહી હોત તો મિસેસ ચામર્સ તે માનત જ નહિ!

આખી પરિસ્થિતિ જાણી લીધા પછી તેમને મિસેસ બ્રાઉ વિષેનું બધું માન જતું રહ્યું. તેમણે કહ્યું: "મને તો એમ થઇ ગયું છે કે પેગીને તેની માતા પાસે હવે કદી મોકલવી જ નહિ. આ તે કંઇ મા કહેવાય? પુત્રીની માનસિક અવસ્થા કેટલી મુલાયમ છે એ પણ તે નથી કળી શકતાં?"

× × × ×

ધીરે ધીરે વાતોનો રસ મોળો પડતાં મિસેસ બ્રાઉને ડૉ. બૅંડ સાંભર્યા. તેમણે મિત્રોને કહ્યું: "અરે, વાતોમાં હું તમને ડૉ. બૅંડની ઓળખાણ આપવાનું જ છેક ભુલી ગઇ! ચાલો હું કરાવી આપું." અને પાછળ ફરી ડૉ. બૅંડની જગ્યા તરફ જોયું તો ડૉકટર નહોતા!

"અરે આ શું? ડૉકટર અને પેગી બંને કયાં ગયાં? હા, હા; કદાચ પેગીને લઇને તે બગીચામાં ગયા હશે. ડૉકટર બૅંડનાં શાં વખાણ કરું? પેગી વિષે તેમને એટલું વહાલ છે કે કાંઇ કહેવાની વાત નહિ. ચોક્કસ પેગીની સાથે તેઓ રમતે ચડ્યા હશે. પેગી સાથે કાં તો સંતાકૂકડી કે કાં સાતતાપલિયો દાવ પણ રમતા હશે! શી એમની સરળતા છે? ભારે હોશિયાર છે. અને એમની પ્રેકટીસ તો એટલી મોટી છે કે તે પેગીની સાથે આટલો બધો વખત કેવી રીતે રોકાઇ શકે છે તે જ મને તો નવાઇ લાગે છે! પેગી સાથે રમવામાં તેઓ બાળકથી પણ બાળક બની જાય છે." મિસેસ બ્રાઉની વાચાળતાને અંત નહોતો.

દરમિયાન માણસ ટિપૉય પર ચાની તાસક ગોઠવી ગયો. નાસ્તાની રકાબીઓ પણ હાજર થઇ. મિસેસ બ્રાઉએ માણસને પેગીને અને ડૉકટરને બગીચામાંથી પાછા બોલાવી લાવવાની સૂચના આપી, પોતે પ્યાલાઓમાં ચા રેડવા માંડ્યાં.

માણસે પાછા આવી સમાચાર આપ્યા કે બગીચામાં કોઇ નથી. જરા નવાઇ પામી મિસેસ બ્રાઉએ કહ્યું: "નથી? ત્યારે કયાં ગયાં હશે? ચાલો, હમણાં આવશે." અને તુરત જ જાણે કશું બન્યું ન હોય તેમ બેનપણીઓ સાથે વાતે વળગ્યાં. મેમાનોમાં એક ગૃહસ્થનો પરિચય છેક તાજો થયો હતો; તેમની બરદાસ્ત કરવામાં તે વધારે રોકાયાં હતાં. મહેમાનો પૈકી એક ગૃહસ્થ વિદ્વાન હતા; વાતચીતમાં પોતાની હોશિયારી અને અનેકવિધ આવડત તેમને દર્શાવવાનો મોકો મિસેસ બ્રાઉ જવા દે તેવાં ન હતાં. મિસેસ બ્રાઉની વાતોમાં મહેમાનો ભાનભૂલ્યાં બન્યાં હતાં; અને મિસેસ બ્રાઉ તો ખરેખર રંગમાં આવી ગયાં હતાં.

થોડી વારે વળી તેમને ડૉ. બ્રૅડ અને પેગી સાંભર્યાં. કહ્યું: "ડૉક્ટરને અત્યારે આ શું સૂઝયું? ક્યાં ગયા હશે?"

કોઈ બોલ્યું: "કદાચ બગીચામાં કે વાડીમાં ફરવા ગયા હોય તો!"

"ના, ના." મિસેસ બ્રાઉએ કહ્યું. "એ કાંઈ એવડાં મોટાં નથી કે તેમાં ફરતાં તેમને વધારે વખત જાય. તેમાં ય પેગી તો ત્યાં જાય એવી જ નથી. ત્યાં જતાં તે બીએ છે. હા, પણ પેલું કોણ આવતું જણાય છે? ડૉક્ટર તો નહિ?"

ફોનની ઘંટડી વાગ્યાના નોકરે ખબર આપ્યા. બધાની માફી માગતાં મિસેસ બ્રાઉ ઊઠીને ફોન પાસે ગયાં.

"ભારે નવાઈ!" પાછા આવીને બેસતાં બેસતાં મિસેસ બ્રાઉ બોલ્યાં. "મિસેસ ચામર્સનો ફોન છે. કહે છે, ડૉક્ટર પેગીને લઈને પાછા શાળામાં આવી ગયા છે. ડૉક્ટર પણ ભારે વિચિત્ર છે! કહે પેગી જરા અસ્વસ્થ થઈ ગઈ હતી. અસ્વસ્થ બાળક પોતાની મા પાસે જ ન રહ્યું હોત? આ માસ્તરો અને ડૉક્ટરો આમ તો ઠીક છે, પણ જ્યારે તેઓ હદ બહાર-જાય છે, ત્યારે તો અસહ્ય થાય છે. મારી રજા વિના મને પૂછ્યાગાછ્યા વિના જ પેગીને ડૉક્ટર આમ પાછા લઈ ગયા એ શું સારું કહેવાય?"

× × × ×

પેગી પાછી યોગ્ય રીતે શાળામાં ભણવા લાગી ગઈ, પણ માતા તરફનો તેનો પૂર્વગ્રહ કાયમ રહ્યો. —તા૦

બાળકોનું શારીરસ્વાસ્થ્ય અને માનસિક પ્રવૃત્તિ

અત્યારે સામાન્ય રીતે એટલું તો ગ્રહિત જ છે કે માનસિક વ્યાપારો તથા માનસિક વૃદ્ધિના નિયમો શારીરિક વ્યાપારો અને શારીરિક વૃદ્ધિના નિયમોની સમાન્તર રીતે ચાલે છે.

મૅડમ મોન્ટેસોરીએ સર્વ પ્રથમ એ જ પ્રસ્થાપિત કરેલું કે શારીરિક વૃદ્ધિનાં નિયમોની તદ્દન સમાન્તર રીતે જ (તેની જેમ જ) માનસિક વૃદ્ધિના નિયમો ચાલે છે.

પણ અત્યારનું વૈદકીય શાસ્ત્ર તો એથી યે વધુ આગળ જાય છે. અને તેમણે એટલું પ્રતિપાદિત કર્યું છે કે માનસિક વિકૃતિઓ, મંદતા, જડતા, બુદ્ધિ, લાગણી, ગૃહણશક્તિ વગેરેની ખામીઓનાં મૂળભૂત બીજો શારીરિક બંધારણની સંપૂર્ણતા યા અપૂર્ણતા, વૃદ્ધિ, વગેરે ઉપર અવલંબે છે.

પણ આ વિષય તો તેના નિષ્ણાતો (Experts) માટે આપણે રહેવા દઈ સામાન્ય રીતે રોજ ઘરનાં બાળકોના સહવાસમાં આવીને કામ કરતાં જે કાંઈ દેખાય છે તેની તારવણી રૂપે કેટલાક વિચારો અહીં રજૂ કરવા ધારું છું.

થાક અને તેને પરિણામે તોફાન-અનૈતિક ક્રિયા તરફનું વલણ. મેં એમ જોયું છે કે બાળકો કામથી, શારીરિક પ્રવૃત્તિથી કે માનસિક કાર્યથી જ્યારે થાકયાં હોય છે ત્યારે આપણે જેને સામાન્ય ભાષામાં મસ્તી, તોફાન અથવા જાણી જોઈને કરેલાં અનૈતિક વર્તનો કહીએ છીએ, તે તરફ એમનું વલણ વધે છે.

એમને પોતાને પણ એવી વૃત્તિ થવાનું કારણ સમજાતું નથી; પણ કેમ જાણે કે એમ-નાથી એવું થઈ જાય છે.

મોટેરાંઓ એમને એ વિષે કહે છે તો એમને ગમતું નથી. ઊલટું તેમનું મન એનો

પ્રતિકાર કરવા તરફ વળે છે. (They set up a mental resistance) અને મોટાંઓની 'ના' કે 'હા' અને બાળકોની તે વખતની વૃત્તિથી એક આઘાત–પ્રત્યાઘાતનું વર્તુળ રચાય છે: જેમાં બાળક અને મોટેરાં બન્નેને સમજ નથી પડતી કે આમ કેમ થાય છે. આવે વખતે સમજુ મોટેરાંઓએ બાળકો સાથે લાંબી વાત કર્યા વિના એમને આરામને રસ્તે લઇ જવાં. શારીરિક થાક હોય તો શારીરિક આરામ અને માનસિક આરામ બન્ને આપવાં. શરીર અને મન બન્નેનું તાણ ઓછું થાય (Relaxation મળે) તેવી પ્રવૃત્તિઓ તરફ એમને દોરવાં.

નાની માંદગીઓ. શરદી, ઉધરસ, આંખો આવવી, ગૂમડાં, ખસ, લાગેલું પાકવું, વગેરે જેને સામાન્ય રીતે નાની માંદગીઓ આપણે કહીએ છીએ (જેની ઘણી વાર તો ઘણાં ઘરોમાં રીતસરની દવા વગેરે નથી થતી) તે બધાંની અસર બાળકોના મન ઉપર ઘણી થાય છે.

આ માંદગીઓ દરમિયાન એમનાં સામાન્ય કામો બરાબર થતાં નથી. ઘડી ઘડી ખીજવાનું, નાની વાતોમાં ઉશ્કેરાઇ જવાનું, અંદર અંદર લડી પડવાનું બની જાય છે,

મેં તદ્દન સમધારણ બાળકોને–જેઓ સામાન્ય રીતે ચીડાતાં નથી, તેમ નાની વાતોમાં ઉશ્કેરાઇ જતાં નથી, એમને ઉપર કહી તેવી નાની માંદગીઓમાં તેમના સ્વભાવમાં પરિવર્તન થયેલું જોયું છે. એટલું જ નહિ પણ એ જ સમધારણ બાળકોમાં તેવે વખતે ન ધારી શકાય તેવાં અસામાજિક કૃત્યો કરવાનું પણ વલણ કોઇ કોઇ-વાર દેખાઇ આવે છે.

ઉપર કહી તેવી માંદગીઓમાં બાળકો એક પ્રકારનું જ્ઞાનતંતુઓનું તાણ અનુભવે છે. જેને અંગ્રેજીમાં Indisposed–ઠીક ન હોવું–એમ કહેવાય છે, એવું થતું હોઇને શરીરમનના બધા વ્યાપારો સમધારણ રીતે ચાલતા નથી.

આવી પરિસ્થિતિમાં પણ બાળકોને બને ત્યાં સુધી વતાવ્યા વિના રહેવા દેવાં–ભણવાનાં કે શાળામાં જવાનાં કામો બંધ કરી આરામ ઉપર રાખવાં–અને તેમની સાથે મોટેરાંઓ સંઘર્ષણમાં આવે એવા પ્રસંગો ઓછા બને તેવું કરવું. એટલું થાય તો મોટેરાંઓ અને બાળકો વર્તનના 'હકાર' 'નકાર' ની ઘણી ગૂંચોમાંથી ઊગરી જશે.

કેટલીક ચાલુ તકલીફો (Chronic Defects). આંખો, કાન, વગેરે જ્ઞાનેંદ્રિયો જો બરાબર ન હોય, એટલે કે આંખો કાચી હોય યા કાનમાં બરાબર સંભળાતું ન હોય કે બીજી કોઇ બંધારણીય–આનુવંશિક તકલીફ બાળકોમાં હોય, તોપણ એમનું આખું માનસિક બંધારણ અને વર્તન સમધારણ બાળકો કરતાં જુદા જ પ્રકારનું હોય છે.

કાને ઓછું સાંભળતાં બાળકો હમેશ મંદબુદ્ધિ જ દેખાય છે–કહેલું ન સાંભળવાના, તથા આજ્ઞાધારક થઇને ન વર્તવાના આક્ષેપો એ જ બાળકો ઉપર આવે છે. કાચી આંખોવાળું બાળક પણ એવું જ dull–નીરસ–દેખાય છે. અને પરિણામે જોનારને એનું વર્તન અસામાન્જિક લાગે છે. બીજાં બાળકો કરતાં એની ગ્રહણશક્તિ ઓછી દેખાય છે.

આ બધી બાબતો પરત્વે જુદા જુદા સ્વભાવનાં ને જુદી જુદી પરિસ્થિતિમાં ઊછરેલાં બાળકોનાં વર્તનોના પ્રકારો જુદા જુદા હોય એ સંભવિત છે. પણ ઉપર કહ્યાં તેવાં બધા જ પ્રકારનાં શારીરિક અસ્વાસ્થ્યો, એક યા બીજી રીતે બાળકના મન ઉપર અસર તો કરતાં જ

હોય છે, અને એનાં સ્પષ્ટ પરિણામો પણ આપણે જોઇ જ શકીએ છીએ.

છેલ્લી વાત. આ બધા ઉપરથી હું એક બીજા મુદ્દા તરફ માબાપો અને શિક્ષકોનું લક્ષ એંચવા માગું છું.

આપણે ત્યાં હમણાં હમણાં, નૂતન બાલ-શિક્ષણના હિમાયતીઓમાં માનસ પૃથક્કરણ-વિજ્ઞાન વાંચવાનો સારો રિવાજ છે. મનથી માંદાં, અસ્થિર, વગેરેનાં એવાં બધાં જ ઉદ્દાહરણો આપણા શિક્ષકવર્ગ સમક્ષ યુરોપનાં પુસ્તકોમાંથી ઘણાં આવે છે. એટલે બને છે એવું કે આપણી સાથે કામ કરતાં બાળકોના વર્તનમાં આવાં પરિવર્તનો આપણે જોઇએ છીએ ત્યારે સહેજે માનસપૃથક્કરણશાસ્ત્રનાં માપથી એને માપવા લાગીએ છીએ. પરિણામે આપણે જલદી જ કોઇને 'લઘુતાગ્રંથિ', કોઇને કૉમ્પ્લેક્સ્, તો કોઇને Fixation એવું કહી દઇએ છીએ.

જ્યારે હકીકતમાં માત્ર કોઇ સાદા શારીરિક કારણને પરિણામે જ બનેલું એવું માનસિક વલણ હોય છે.

એવા અનુભવોમાંથી પસાર થઇને આ વસ્તુ લખવા હું પ્રેરાયો છું. શિક્ષકભાઇઓ અને પોતાનાં બાળકોમાં રસ લેતાં માબાપો શરીરસ્વાસ્થ્યની દૃષ્ટિએ બાળકોના વર્તનને જોશે તો મારા ધારવા પ્રમાણે એમના ઘણા પ્રશ્નો ઊકલી જશે.

આ તો માત્ર એક દિશાસૂચન છે.

—ન૦

શિશુવિહાર બાલ અધ્યાપનમંદિર

ચાલુ સત્રને અંતે લેવાયેલી બાલક્રીડાંગણની પરીક્ષામાં નીચેના વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. નામો ગુણાનુક્રમે આપ્યાં છે.

૧ સૌ. દેવીન્દ્રબાળા દેસાઇ
૨ કુ. કમલિની ધારપુરે
૩ કુ. કમલ અત્રે
૪ કુ. પદ્મા કામત
૫ સૌ. ઇન્દુમતી રાવ
૬ સૌ. માલતી બેડેકર
૭ સૌ. સકીના ગિલાણી
૮ સૌ. ચંદ્રલતા પટેલ
૯ કુ મંગલા હાડિંકર
૧૦ કુ. સુહાસિની દરુ
૧૧ કુ. શાન્તા દેશપાંડે
૧૨ કુ. પ્રભા મોડક
૧૩ કુ. છબૂ સેટલૂર
૧૪ કુ. કેશર તળપદે
૧૫ કુ. કુમુદ માશેલકર

ગ્રેસ પાસ

૧. સૌ. મંજુલા નેગાંધી
૨ સૌ. શાંતાબેન પારેખ
૩ કુ. વત્સલા વરાડકર
૪ શ્રી. મોહનલાલ ગાંધી
૫ શ્રી. મધુસૂદન ઉપાધ્યાય
૬ સૌ. ઇન્દુમતી પરળીકર
૭ કુ. કેશર ગોરક્ષકર
૮ સૌ. મણિબેન દેસાઇ

બાલમંદિર નિરીક્ષણ પ્રવાસ

સંઘનાં મંત્રી શ્રી. તારાબેને ચાલુ માસમાં સંઘ સાથે જોડાયેલાં નીચેનાં બાલમંદિરોનું નિરીક્ષણ કર્યું: (૧) નાર બાલમંદિર, (૨) ચરોતર એજ્યુકેશન સોસાયટી બાલમંદિર, આણંદ. (૩) સ્વ૦ ફૂલચંદ બાપુજી શાહ બાલમંદિર, નડિયાદ. (૪) મુગટ બાલમંદિર, કપડવણજ તથા (૫) આંકલાવ બાલમંદિર.

આ ઉપરાંત ઉતરસંડાના બાલમંદિરની પણ મુલાકાત લીધી હતી.

સંઘ સાથે જોડાયેલાં નવાં બાલમંદિરો.

(૧) ચ. એ. સોસાયટી બાલમંદિર, આણંદ
(૨) બાલમંદિર, પેટલાદ.
(૩) બાલમંદિર, આંકલાવ.

બાલશિક્ષકની જરૂર છે

ડભોઇ બાલમંદિરના સંચાલન માટે એક અનુભવી અને સુશિક્ષિત આચાર્યની જરૂર છે. ઉમેદવારે મંત્રી, બાલમંદિર, ડભોઇ એ સરનામે પ્રમાણપત્રો સાથે સીધો પત્રવ્યવહાર કરવો.

પાછલી સાલના અંકો

શિક્ષણપત્રિકાનાં નીચેનાં વર્ષોના અંકો અરધી કિંમતે મળશે. વર્ષ ૨ જું, વર્ષ ૧૦મું, વર્ષ ૧૧ મું, વર્ષ ૧૨ મું, વર્ષ ૧૩ મું, વર્ષ ૧૪ મું, વર્ષ ૧૫ મું, વર્ષ ૧૬ મું. સાતે વર્ષના અંકોની કિંમત ૩–૮–૦. વર્ષ ૧૭માના અંકની કિંમત ૧–૦–૦ થશે. ટપાલ ખર્ચના આઠે વર્ષના ૧–૮–૦ વધારે ગણવા. રેલ્વે રસ્તે પારસલથી મંગાવનારે માત્ર રેલ્વે પારસલ રવાનગીના ૦–૪–૦ કિંમત સાથે મોકલવા. રેલ્વે ખર્ચ લગભગ ૦–૮–૦ ગુજરાતમાં હરકોઇ સ્થળે લાગશે. અંકો મંગાવવાનું સ્થળ:

વ્યવસ્થાપક, શિક્ષણપત્રિકા કાર્યાલય,
જ્ઞાનમંદિર, રાવપુરા, વડોદરા.

નીચેનાં પુસ્તકો વાચકો અવશ્ય વસાવે.

સ્મરણાંજલિ. ગુજરાતના અનેક વિદ્વાનો અને સ્વ૦ ગિજુભાઇના વિદ્યાર્થીઓએ લખેલાં સંસ્મરણો. પાકું પૂઠું અને સ્વર્ગસ્થના અનેક ફોટાઓ સાથે કિંમત ૧–૮–૦, ટપાલખર્ચ ૦–૪–૦.

મોન્ટેસોરી શિક્ષણપ્રચારમાળા: લેખક સ્વ. ગિજુભાઇ અને શ્રી. તારાબેન મોડક. પાકું પૂઠું કિ. ૦–૧૦–૦: ટપાલખર્ચ ૦–૨–૦.

પુસ્તકો મંગાવવાનું સ્થળ:
મંત્રી: નૂતન બાલશિક્ષણ સંઘ,
૧૧૮, હિંદુ કોલની, દાદર.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે ર. પુ. આ. ચિત્રે, બી. એ., એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, બારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૫–૧૦–૪૩.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐

જ્યારે મનુષ્યને થાય છે કે હું ઘણો મોટો છું, હું બધું સમજું છું, હું બહુ ચતુર છું, હું બધું જાણું છું, હું સહુથી ચડું છું, મારા સરખો કોઈ નહિ, બસ હું, હું ને હું! ત્યારે માણસ પડે છે, ત્યારે તે નાનો થઈ જાય છે, ત્યારે તે સહુથી ઊતરતો બને છે, ત્યારે તેની ગતિ અટકે છે, મોટાઈને બદલે તે પામરતા ભણી જાય છે. ત્યારે સહુ તેને ઓળખે છે કે આ માણસ તો સાવ નાનો છે!

—સ્વ૦ ગિજુભાઈ

વર્ષ ૧૮ | ૨૦૦૦ | :: કાર્યાલય :: રાવપુરા : વડોદરા | અંક ૯ | કાર્તિક

પ્રવાહપતિત ન બનશો !*

વિદ્યાર્થી ભાઇઓ અને બહેનો !

મારે તમને બહુ કહેવાનું નથી. આખું વર્ષ રોજ રોજ કહ્યા પછી આજે આ પ્રમાણપત્ર આપતા વખતે વધારે શું કહેવાનું હોય ? છતાં એક બાબત તરફ તમારું ધ્યાન ખેંચવા માગું છું.

અહીં તમે 'નૂતન બાલશિક્ષણ'ની તાલીમ માટે આવ્યાં હતાં. સહુએ પોતપોતાની શક્તિ પ્રમાણે એ તાલીમ મેળવી હશે. પણ આ નૂતન બાલશિક્ષણ પૈકી પહેલા શબ્દ ઉપર હું તમારું ધ્યાન ખેચું છું. યાદ રાખજો કે તમારે હમેશાં "નૂતન" રહેવાનું છે. મેં તમને જે ભણાવ્યું છે તેમાં શિક્ષણની "જૂની" બાબતો છોડી દેવાનું અનેક વાર કહ્યું છે. ભણાવવાની જૂની શિક્ષણપદ્ધતિઓ, બાળઉછેરની જૂની પદ્ધતિઓ, બાળકોનો વિચાર કરવાની જૂની રીતો, તેમના ભણતર વિષેના જૂના ખ્યાલો, તેમની પ્રગતિ માપવાનાં જૂનાં ધોરણો, તેમની ગુણઅવગુણની તુલના કરવાનાં જૂનાં કાટલાં, તેમના વર્તન પરત્વેનો જૂની રીતનો મતાગ્રહ, તેમના દુર્ગુણો તરફ તિરસ્કાર અને ઘૃણાથી જોવાની જૂની રીતનું માનસ : ટૂંકમાં બાળકો તરફ જોવાની માબાપોની અને શિક્ષકોની જૂની દૃષ્ટિ છોડી દેવાને મેં તમને અનેક વાર આગ્રહપૂર્વક સમજાવ્યું છે. એને બદલે નૂતન બાલશિક્ષકે "નૂતન દૃષ્ટિ" કેળવવી જોઇએ એમ પણ મેં કહ્યું છે. બાળકો તરફ જોવાની નવી દૃષ્ટિ, નવા આચારો, નવી આકાંક્ષાઓ એ બધા વિષે મેં ભારપૂર્વક કહ્યા કર્યું છે. આ બધામાં તમારે સામે પૂર ચાલવાનું—પ્રવાહની વિરુધ્ધ દિશામાં તરવાનું છે. એને સારુ સતત જાગૃત રહેવાની જરૂર છે, અથાક પરિશ્રમ કરવાનો છે, ખંતથી જોસભેર મંડી પડવાનું છે. જો તમે તમારા ધ્યેય તરફ સદૈવ દૃષ્ટિ નહિ રાખો, જો તમે સદૈવ જાગૃત નહિ રહો તો લાંબે કાળે—કદાચ બહુ થોડા વખતમાં—તમે પ્રવાહપતિત બની જશો. એ કાળે તમને આપેલું આ "નૂતન શિક્ષક"નું પ્રમાણપત્ર કોડીની કિંમતનું બનશે, લોકોને હસવાનું એ એક સાધન બની જશે.

તમે જ્યાં જાઓ ત્યાં મનમાં એક જ વિચાર રાખજો: જ્યાં રહો, જ્યાં કામ કરો, ત્યાં તમારી "નૂતન" શિક્ષકની વાત ભૂલી ન જતા. બીજા શિક્ષકો કરતાં એ તમારી વિશિષ્ટતા છે એ વીસરી ન જતા. હરેક કામમાં તમારી આ નૂતન દૃષ્ટિ ફરી વળવી જોઇશે. હરેક બાબત તરફ જોવાની તમારામાં આ નવી દૃષ્ટિ આવવી જોઇશે. બાળકો, માબાપો, શાળાનું રોજનું કામ, નોકરચાકરો, સર્વ સ્થળે તમે આ 'નૂતન દૃષ્ટિ'થી જ જોતા રહેજો.

ઘણી વાર આપણે માની લઇએ છીએ કે આપણે "નૂતન" દૃષ્ટિ કેળવી છે; પરંતુ જૂનવાણી દૃષ્ટિ લઇને પડેલા જૂના શિક્ષકોના અફાટ સમાજની વચ્ચે, અને અમાપ જનસમૂહની વચ્ચે તમે નવી દૃષ્ટિથી ઝૂઝશો તો આખરે ફતેહ તમારી જ છે. કેમકે એ દૃષ્ટિમાં જ બાળકનું અને આખરે સમગ્ર જનતાનું પોતાનું જ હિત સમાયલું છે.

મારી તમારી પાસે એક જ માગણી છે: તમે સહુ નિત્ય 'નૂતન' રહેવાનો પ્રયત્ન કરજો; કદી પ્રવાહપતિત ન બનશો ! —તા૦

---

* બાલઅધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપતી વેળા કરેલા ઉદ્બોધનમાંથી.

શિશુવિહાર બાલઅધ્યાપન મંદિર

પાંચમા વર્ષના અહેવાલમાંથી

અધ્યાપનમંદિરની પ્રગતિ છેલ્લાં એત્રણ વર્ષમાં સારી રીતે થવા પામી છે. ૧૯૪૧ ની સાલમાં અમે ૧૦ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપ્યાં હતાં; ૧૯૪૨ માં ૨૪ ઉમેદવારોમાંથી ૧૮ ઉત્તીર્ણ થયા હતા, અને ચાલુ ૧૯૪૩ ના એપ્રિલની પરીક્ષામાં ૧૯ પૈકી ૧૫ ઉમેદવારો ઉત્તીર્ણ થઇ પ્રમાણપત્રો મેળવવા સફળ થયા છે.

× × ×

ગયે વર્ષે શરૂઆતમાં ૩૦ વિદ્યાર્થીઓ હતા; તેમાં ૨૭ બહેનો અને ૩ ભાઇઓ હતા. પરંતુ સત્ર દરમિયાન ઘણાએ અભ્યાસ મૂકી દીધો અને પહેલા સત્રને અંતે ૨૧ બહેનો અને ૨ ભાઇઓ મળી કુલ ૨૩ વિદ્યાર્થીઓ રહ્યા હતા. બહેનોમાંથી ૨ મુંબઇ વિશ્વવિદ્યાલયની બી. એ. થયેલી અને ૨ કર્વે મહિલા વિદ્યાપીઠની જી. એ. થયેલી હતી. એ પહેલાં ને વર્ષે પણ કુલ ત્રણ ગ્રેજ્યુએટ બહેનો અમારે ત્યાં ભણતી હતી. ઉક્ત ૨૩ વિદ્યાર્થીઓમાંથી ૩ પહેલા સત્ર માટે બાલક્રીડાંગણના અભ્યાસક્રમ માટે જ લેવાયલા હતા. વિદ્યાર્થીઓની જાતવારીમાં પણ વિવિધતા હતી. ૨૩ ની સંખ્યામાં બે મુસલમાન, બે બેનિઇસ્રાઇલ અને એક પારસી બહેન હતાં. ૨૧ વિદ્યાર્થિનીઓમાં ૧૨ મહારાષ્ટ્રીય અને ૯ ગુજરાતી બહેનો હતી; ભાઇઓ બંને ગુજરાતી હતા.

૧૯૪૩ ના જૂનમાં નવા દાખલ થયેલ વિદ્યાર્થીઓમાં ૨૪ બહેનો અને ૨ ભાઇઓ મળી ૨૬ ની સંખ્યા છે; તેમાં ૧૪ મહારાષ્ટ્રીય અને ૧૨ ગુજરાતી છે. ભાઇઓ આ વર્ષ પણ ગુજરાતમાંથી જ આવેલા છે. એક બ્રોન્ન બહેન પણ છે. દાખલ થયેલ વિદ્યાર્થિનીઓમાં શિક્ષણની દૃષ્ટિએ એક એમ. એ. થયેલ છે, ત્રણ ગ્રેજ્યુએટ છે અને પાંચ બહેનો ઇન્ટર પાસ થયેલી છે. મેટ્રિક–નોનમેટ્રિક પણ ૫–૬ ની સંખ્યામાં છે. આ વર્ગીકરણ પરથી જોઇ શકાય છે કે શિક્ષિતવર્ગમાંથી અધ્યાપનમંદિર સારુ આવનાર વર્ગની સંખ્યા વધતી જાય છે. અહીં એટલું નોંધવું જોઇએ કે મહારાષ્ટ્રમાંથી આ બાજુ ભણેલ વર્ગ જેટલા પ્રમાણમાં વળ્યો છે તેટલા પ્રમાણમાં ગુજરાતમાંથી વળેલ નથી. ગુજરાતમાં પણ બી. એ., જી. એ. તેમજ મેટ્રિક પાસ થનાર બહેનોની સંખ્યા ઝપાટાભેર વધતી જાય છે. છતાં અધ્યાપનમંદિરમાં દાખલ થવા આવનાર બહેનોમાં વર્નાક્યુલર ફાઇનલ થયેલ સંખ્યા જ વધારે હોય છે. પરિણામે ઘણી ગુજરાતી બહેનો ફકત બાલક્રીડાંગણનો જ (એક સત્રનો) અભ્યાસ પૂરો કરી શકે છે. આજ સુધીનાં વર્ષોમાં અધ્યાપનમંદિરમાં અભ્યાસ કરી ઉત્તીર્ણ થયેલ બહેનોમાં ૧૫ ગ્રેજ્યુએટ, ૭ અંડર ગ્રેજ્યુએટ અને ૧૪ મેટ્રિક–નોનમેટ્રિક થયેલ બહેનો આવી ગઇ છે. પરંતુ તે પૈકી ફકત એક જ ગુજરાતી બહેન પ્રીવિયસ પાસ થયેલ હતાં. છતાં આનંદ સાથે એ નોંધવું જોઇએ કે એ જ ગુજરાતી બહેન આ વર્ષે પહેલે નંબરે ઉત્તીર્ણ થયેલ છે.

આજે વધારેમાં વધારે બાલમંદિરો ગુજરાતમાં જ ચાલી રહ્યાં છે; બાલમંદિરો માટે શિણુકોની માંગ પણ ગુજરાતમાંથી મારી પાસે વધારે આવે છે. એટલે ક્ષેત્ર અને જરૂરિયાત હોવા છતાં ગુજરાતમાંથી વધારે ભણેલ વર્ગ

અધ્યાપનમંદિરના અભ્યાસ સારુ કેમ નથી આવતો એ મારા મનથી અણઊકલ્યો પ્રશ્ન રહ્યો છે. મુંબઇ તેમ જ બહારગામથી ગુજરાતી બાલમંદિરો માટે સારા પગારની જગ્યાઓ માટેના શિક્ષકોની માગણી કંઇ નહિ તો દસ પંદર સ્થળેથી મારી પાસે આવી હતી; પરંતુ કેળવાયેલ તાજા શિક્ષકોને અભાવે મારે દિલગીરી સાથે એ બધાને ના લખવી પડી હતી, કેમકે તૈયાર થયેલ વિદ્યાર્થીઓ તુરત જ જુદે જુદે સ્થળે રોકાઇ ગયા હતા.

ગુજરાતે બાલશિક્ષણને પુષ્કળ અપનાવ્યું છે. સ્વ૦ ગિજુભાઇએ પોતાનો પરિશ્રમ મોટે ભાગે ગુજરાતમાં જ એ બાલશિક્ષણનો આદર્શ ફેલાવવા માટે કરેલ છે. છતાં નવાઇની વાત છે કે કેળવાયેલ વર્ગ આ નૂતન-બાલશિક્ષણ તરફ દુર્લક્ષ કરે છે. ગુજરાતી ભાઇઓ એમ માનવાની ભૂલ તો નથી કરતા ને, કે બાલશિક્ષણ સારુ ઊંડો અને ઉચ્ચ કક્ષાનો અભ્યાસ કરનારા વર્ગની જરૂર જ નથી? ખેદ સાથે દર્શાવવું પડે છે કે ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ પામેલ અને કેળવાયેલ શિક્ષકવર્ગને અભાવે પ્રથમને બદલે બીજી પંક્તિના શિક્ષકોથી કામ ચલાવવું પડે છે. મારી ગુજરાતને આગ્રહભરી વિનંતિ છે કે તેઓ બાલશિક્ષણ જેવા ક્ષેત્રને–જે ક્ષેત્રને ગુજરાતે સૌથી વધારે અપનાવ્યું છે એવા કાર્યને, તેનો ઉચ્ચ કેળવાયેલ વર્ગ પોતાનું કાર્યક્ષેત્ર બનાવે અને બાલમંદિરોના સર્વશ્રેષ્ઠ નમૂનો અને પ્રયોગશાળાઓ ઊભાં કરે.

× × ×

ગુજરાતની પેઠે મહારાષ્ટ્ર વિષેની પણ એક ઊણપ મારે અહીં નોંધવી જોઇએ. જેમ ગુજરાતમાંથી કેળવાયેલ વર્ગ બાલશિક્ષણમાં પડયો જણાતો નથી તેમ જ મહારાષ્ટ્રમાંથી પુરુષ વર્ગ આ ક્ષેત્ર તરફ દુર્લક્ષ રાખ્યું છે. આજ સુધીના વર્ગોમાં આવેલ સવાસો જેટલા વિદ્યાર્થીઓ પૈકી ભાઇઓની સંખ્યા ૨૩ની જ હતી અને તેમાં પણ મહારાષ્ટ્રમાંથી ૭ ભાઇઓ જ આવ્યા હતા. આ સાત જણામાંથી પણ બધાએ પૂરો અભ્યાસ કર્યો નહોતો; ફકત ૪ મહારાષ્ટ્રીય ભાઇઓ જ પ્રમાણપત્ર મેળવીને ગયા છે!

એ હકીકત પણ ધ્યાન ખેંચે એવી છે કે ઘણી બહેનોએ પ્રમાણપત્રો મેળવ્યા છતાં મહારાષ્ટ્રમાં નૂતન બાલશિક્ષણ અંગે જોઇતી શિક્ષિકાઓની સતત ખેંચ જ રહ્યા કરી છે. એનું કારણ મને એ જણાયું છે કે નોકરી કરવાના ઉદ્દેશથી બાલશિક્ષણની તાલીમ લેવા આવનાર વર્ગ નાનો છે. જેઓ બાલશિક્ષણની તાલીમ લેવા આવે છે તેમાં અપરિણીત બહેનોની સંખ્યા વધારે હોય છે. આવી બહેનોને સુખ-સાધનની સગવડ હોય છે, અને પરિણીત જીવનમાં પડયા પછી તેમને નોકરી કરવાની જરૂર નથી રહેતી. બેશક બાલકેળવણીનો લાભ તેઓ પોતાનાં બાળકોને જરૂર આપશે જ; અને એથી આવો વર્ગ ઓછો થાય એવું કદીય ન ઇચ્છીએ. પરંતુ એથી બાલમંદિરો માટે જરૂરી કેળવાયેલ શિક્ષકોની ઊણપ તો સદૈવ ભાસ્યા જ કરે છે.

(૨)

બાલશિક્ષકોની સંખ્યામાં વધારે ભણેલ વર્ગ દાખલ થાય તેને અંગે એમ પણ લાગે છે કે અમારું પ્રમાણપત્ર મેળવેલ વિદ્યાર્થીઓને આગળ સરકારી-દરબારી નોકરીમાં જોડાવું હોય તો શું થાય? એ પ્રશ્ન પણ મૂંઝવતો હોવો જોઇએ.

આ મુશ્કેલી દૂર કરવા સારુ અમારા પ્રમાણપત્રને સરકારી ખાતું સ્વીકાર્ય ગણે તે અંગે પ્રયત્નો ચાલી રહ્યા છે; અને આ વર્ષે એને ખાતાની માન્યતા (સ્વીકાર) મળશે જ એવી અમારી ખાતરી છે. અમે એવું ધોરણ રાખવાનો નિર્ણય કર્યો છે કે અત્યારે બાલ-અધ્યાપનમંદિરનું શિક્ષણકાર્ય અને પરીક્ષાઓ જે રીતે ચાલે છે તે જ ધોરણે ચલાવવું; પરંતુ પરીક્ષકો સરકારનિયુક્ત છતાં અમે પસંદ કરીએ તેવા નિમાય એવો પ્રયત્ન કરવો. આનું પરિણામ એ આવશે કે બાલઅધ્યાપનમંદિરનું પ્રમાણપત્ર સરકારી ટ્રેનિંગ કૉલેજના પહેલા વર્ષના અભ્યાસની બરોબરીનું ગણાશે.

ચાલુ વર્ષે અભ્યાસક્રમમાં એક વિશિષ્ટતા ઉમેરી છે. મેટ્રિક પાસ થયા હોય તેવા બધા વિદ્યાર્થીઓ માટે ઍાનર્સ-વિશેષ માનદ-અભ્યાસક્રમ યોજ્યો છે. એમાં પસાર થનાર વિદ્યાર્થીની લાયકાત સરકારી બીજા વર્ષના અભ્યાસ જેટલી ગણાશે. આજ સુધી અહીંના પ્રમાણપત્ર ધરાવનારા શિક્ષકોને પણ un-trained શિક્ષકોની હરોલમાં ગણવામાં આવતા હતા, તે મુશ્કેલી આથી દૂર થશે. અમે પ્રયત્ન તો એવો કરી રહ્યાં છીએ કે અહીંનું પ્રમાણપત્ર ધરાવનાર શિક્ષક નર્સરી અને પ્રાથમિક શાળાના બાલવર્ગ માટે વધારે લાયકાતવાળો છે એમ ગણાય, અને એવું ધોરણ સરકારમાં સ્વીકારાય.

આમ થાય તો શિક્ષકના ધંધામાં પડનારો કેળવાયેલ વર્ગ અમારે ત્યાં વધારે પ્રમાણમાં આવે-આવવાને તેમને પ્રલોભન વધારે રહે. બેશક અમે એવું તો નથી જ ઇચ્છતાં કે સામાન્ય કોટીનો મોટી સંખ્યામાં તાલીમ પામેલો શિક્ષકવર્ગ અમારે ત્યાં તૈયાર થાય. બાલશિક્ષણમાં જેમને ઊંડો રસ છે, એની જેમને તમન્ના લાગી છે, એવો જ શિક્ષકવર્ગ આ અધ્યાપનમંદિરનો વધારે લાભ લે એવી અમારી મહત્ત્વાકાંક્ષા છે અને રહેશે. એ જ હેતુથી અમે દાખલ થવા ઇચ્છનાર વર્નાકયુલર ફાઇનલ તેમ જ મેટ્રિકની પરીક્ષા પાસ કરી આવનાર વિદ્યાર્થીની પણ પ્રવેશપરીક્ષા લેવાનું ઠરાવ્યું છે.

× × ×

ઉપર આપણે જોયું છે કે આ અધ્યાપન-મંદિરમાં ભણવા આવતા વિદ્યાર્થીઓ પૈકી લગભગ અરધો ભાગ ગુજરાતમાંથી આવે છે. દિલગીરી સાથે અમારે જણાવવું પડે છે કે અહીં અમારી જ દેખરેખ તળે ચાલતું ગુજરાતી બાલમંદિર અમે રાખી શક્યાં નથી. આ કારણે ચર્નીરોડ પાસે આવેલ ભગિનીસમાજ બાલ-મંદિરમાં અમારે ત્યાં ભણવા આવતા ગુજરાતી વિદ્યાર્થીઓને પ્રયોગની તાલીમ માટે જવું પડે છે. ત્યાં એમને ૧૧ થી ૨॥ સુધી હાજર રહેવાનું હોય છે; બપોરના ૩ થી તેઓ અધ્યાપનમંદિરનાં વ્યાખ્યાનોમાં હાજર થાય છે.

ભગિનીસમાજ બાલમંદિરના સંચાલકોએ અમને પોતાના બાલમંદિરમાં આવો અનુભવ લેવાની જે સગવડ કરી આપી છે તે સારુ અમે એ મંડળનાં આભારી છીએ.

અમારે ત્યાં સ્વતંત્ર ગુજરાતી બાલમંદિર નથી એની ઊણપ અમને હમેશાં સાલ્યા કરે છે. ઉકત બાલમંદિરના સંચાલકો અમને પૂરતી અનુકૂળતા આપે છે છતાં અમારી જ દેખરેખ તળે ચાલતા બાલમંદિરથી અમે વિદ્યાર્થીઓને વધારે સંતોષ આપી શકીએ. એક જ સ્થળે મરાઠી અને ગુજરાતી ભાષાનાં બાલમંદિરો એટલે કે અધ્યાપનમંદિર માટેની પ્રાયોગિક

શાળાઓ ચાલતી હોય એના જેવું સગવડભર્યું બીજું કશું ન ગણાય. અમારી ઘણી ઇચ્છા છતાં જગ્યાના સંકોચને લીધે અમે ગુજરાતી વિભાગ ચાલુ કરી શક્યાં નથી તેનું અમને દુઃખ છે. પ્રયોગ ખાતર કાચની બરણીમાં રોપો વાવ્યો હોય, પરંતુ તે વૃદ્ધિ પામતાં જેમ તેને એ સ્થળ નાનું પડે છે, એવો જ સંકોચ અમે પળેપળે અનુભવીએ છીએ. પરમાત્મા અમને ગુજરાતી બાલમંદિર ઊભું કરવાની તક જલદી સંપડાવે એમ ઇચ્છીએ છીએ.

ચાલુ સાલ બે હિંદી વિદ્યાર્થિની બહેનો અમારે ત્યાં દાખલ થવા સારુ આવી હતી. આર્થિક મુશ્કેલીને કારણે બે મહિનાને અંતે એ બહેનોને જોકે જતા રહેવું પડ્યું છે, છતાં હિંદી ભાષા–પ્રાંતોમાંથી અમને વારંવાર પુછાણ તો આવ્યા જ કરે છે. ગુજરાતી વિભાગની પેઠે એ વિભાગ પણ વહેલોમોડો ખોલવો જ પડશે એમ આજની માગણી પરથી લાગે છે.

(૩)

અભ્યાસક્રમ. અહીંના અભ્યાસક્રમમાં શિક્ષણ શાસ્ત્ર, માનસશાસ્ત્ર, નૂતન બાલશિક્ષણ પદ્ધતિ, હાથકારીગરી વગેરે વિષયો રાખ્યા છે. એ ઉપરાંત બધા વિદ્યાર્થીઓએ હિંદી, તથા ગુજરાતી વિભાગે મરાઠી અને મરાઠી વિભાગે ગુજરાતી, ભાષાનો અભ્યાસ કરવો એમ પણ ગોઠવ્યું છે. શરીરશાસ્ત્ર અને આરોગ્યવિજ્ઞાન' (School Hygiene અને Physiology) નો નવો વિષય દાખલ કરવામાં આવ્યો છે.

ઑનર્સ કોર્સ અથવા વિશેષ અભ્યાસક્રમ પણ ચાલુ સાલથી ઉમેરવામાં આવેલ છે. અધ્યાપનમંદિરમાં ફક્ત વર્નાક્યુલર ફાઇનલ અથવા મેટ્રિક સુધીનો અભ્યાસ કરનારની સાથે જ ગ્રેજ્યુએટ થઈ આવેલ વિદ્યાર્થીઓ સમાન કક્ષાનો જ અભ્યાસ કરે તે સામે અધ્યાપનમંદિરમાં આવનાર કેળવાયેલ બહેનોનો આંતરિક વિરોધ રહ્યાં કરતો હતો; તેમને વધારે ઉચ્ચ કક્ષાનો અભ્યાસ કરાવાય એવી તેમની માગણી રહેતી. એવાઓને સંતોષ થાય, તથા પોતે ખાસ વધારે અભ્યાસ કર્યો છે એવી મુરાદ બર આવે, તેટલા સારુ એવા વિશેષ અભ્યાસક્રમમાં ચાલુ અભ્યાસ ઉપરાંત આઠ બાલમંદિરોનું શાસ્ત્રીય , સ્વતંત્ર અવલોકન તેમ જ પોતે પસંદ કરેલ દિશામાં થોડું એક સંશોધન અને એવા વિષય પર ખાસ નિબંધ લખવાનું તેમને માટે યોજવામાં આવ્યું છે.

× × ×

બાલઅધ્યાપનમંદિરને પાંચ વર્ષ પૂરાં થયાં છે; હવે તે છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરે છે. અમારા પ્રયત્ન પર પરમાત્માના આશીર્વાદ ઊતરો એમ માગીએ છીએ.

ચાલુ સાલે ઉક્ત વિષયો ઉપરાંત 'શાળામાં —તા૦

બાળકોને બગાડવાના માર્ગો

કેટલીક વાર અથવા ઘણી વાર મોટેરાંઓનું બાળકો સાથેનું વર્તન એટલું તો વિચિત્ર હોય છે કે તેઓ બાળકોને ઉછેરવાને બદલે તેમને બગાડવાના ઉપાયો જ જાણે કરતાં હોય એવું લાગે છે. આવા કેટલાએક અનિચ્છનીય માર્ગોનો અહીં નિર્દેશ કરવામાં આવ્યો છે.

બાળકોને જાસૂસ બનાવવાં

મોટેરાંઓ નાનાં બાળકોને ઘણી વાર ઘરમાં

તેમ જ શાળામાં પણ બીજાંઓ શું કરે છે તે કાયમ જોયા કરવાનું કામ સોંપે છે. સાસુ-વહુ, નણંદ-ભોજાઇ વગેરે વિવિધ સગાંઓથી ભરેલાં મોટાં કુટુંબોમાં તો બાળકોનું આખું સી. આઇ. ડી. ખાતું ચાલે છે-આવું એક નહિ પણ અનેક ખાતાંઓ ચાલતાં હોય છે. સાસુ તરફથી એક પક્ષ હોય છે, તો વહુ તરફથી બીજો પક્ષ હોય છે; મોટે ભાગે નણંદ અને સાસુ એકપક્ષે હોય છે. એથી પણ વિચિત્ર બિનામાં પતિ પત્નીની પાછળ અને પત્ની પતિની પાછળ તપાસ રાખવાનું કામ બાળકોને સોંપે છે-પોતાનાં જ બાળકોને આવાં કામો પાછળ રોકે છે !

પાડોશીઓમાં પણ આવું જાસૂસી ખાતું ચાલે છે. પાડોશીને ત્યાં કોણ આવ્યું, કોણ ગયું, શું જમણ કર્યું છે, શી વાતો ચાલે છે, વગેરે બધું બાળકોએ જાણી લઇને માબાપો આગળ તેનો રિપોર્ટ રજૂ કરવાનો હોય છે !

નિશાળમાં ઘણી વાર હેડમાસ્તરો પણ વિદ્યાર્થીઓનું સી. આઇ. ડી. ખાતું ચલાવે છે. શાળામાં શિક્ષકો વચ્ચે જો પક્ષો પડી ગયા હોય તો બંને પક્ષ વચ્ચેનું આવું ખાતું ચાલતું હોય છે; અન્ય પક્ષના શિક્ષકોના વ્યવહારોનું ધ્યાન રાખવાનું કામ વિદ્યાર્થીઓને સોંપવામાં આવે છે.

ઉપરાંત અન્ય વિદ્યાર્થીઓની છૂપી ખબરો મેળવવાનું કેટલાક વિદ્યાર્થીઓને સોંપાયું હોય છે. આવી યોજના કરી શકનાર શિક્ષક પોતાને ઘણો હોશિયાર અને કાબેલ શિક્ષક ગણે છે. ઓડિંગોની હકીકતો ઉપરીઓને જણાવનારો વિદ્યાર્થીવર્ગ પણ હોય છે. તેઓ ઓડિંગની બધી બાતમીઓ હમેશાં જઇને ઉપરીઓ પાસે આપી દે છે.

સરકાર સી. આઇ. ડી. ખાતું ભારે પગારથી પોષી રહી છે. આવાં વિદ્યાર્થીઓ અને બાળકોનાં સી. આઇ ડી. ખાતાં વગર પગારે પોષનારાઓને પણ સરકારની હરોલની જ નાની સરકારો ગણીએ તો કશું અજુગતું નથી !

પક્ષપાત રાખવો

ઘેર તેમ જ શાળામાં આ બંને રીતો જડી આવે તેવી છે. ઘરમાં ચારપાંચ બાળકો હોય-એક જ માતાનાં હોય, તોપણ તેમાંના એકાદ તરફ માતાને પક્ષપાત હોય છે તો એકાદ બાળક પિતાનું વિશેષ પ્રેમપાત્ર હોય છે. ઘરમાં દાદા-દાદી હોય તો તેમનાં પ્રિય બાળકો પણ હોય છે, તો એકાદ બાળકને ઘરનાં બધાં જ માણસો વારેઘડીએ હડધૂત કર્યા કરે છે.

નિશાળમાં પણ કેટલાંએક બાળકો શિક્ષકોનાં 'વહાલાં' ગણાયે છે. (મુંબઇમાં ઘણે સ્થળે કન્યાઓની બાબતમાં પેટ્ટ શબ્દ પણ અંગ્રેજી pet પરથી વપરાય છે.) આવાં બાળકો તરફ શિક્ષકોએ પક્ષપાત બતાવવાના પ્રસંગો અનેક વાર અને ઘણે સ્થળે બન્યા કરે છે.

સાધારણ રીતે જે બાળકો દેખાવડાં, હોશિયાર, બુદ્ધિશાળી, સારા સ્વભાવનાં અને મળતાવડાં વધારે હોય છે તેમના તરફ શિક્ષકો વહાલ બતાવતા હોય છે; એ બનવું સ્વાભાવિક પણ છે. પણ શિક્ષક જો બધાં જ બાળકો તરફ સમભાવ રાખવાનું અને નિષ્પક્ષપાતપણે સર્વને સમાન દૃષ્ટિથી જોવાનું વીસરી જાય અને કોઇ બાળકોને પોતાનાં 'વહાલાં' બનાવી દે તો તેમાં બાળકો બગડવાનો સંભવ વધારે હોય છે. ઘણી વાર આ કારણે શિક્ષકોને હાથે અન્યાય પણ થઇ જાય છે; એટલે કે પોતાના વહાલા વિદ્યાર્થીની ભૂલ હોય તો આંખઆડા કાન કરે, જ્યારે ન ગમતા વિદ્યાર્થીની કશી ભૂલ ન હોય તોપણ તેને કપકો આપે. સિવાય એક

વચલેા વર્ગ એવેા પણ નીકળે છે કે જેમના વિષે શિક્ષક ઉપેક્ષાબુદ્ધિ રાખે છે. આમાંથી લોકવાર્તા માંહેની રાજાની બે માનીતી અણમાનીતી રાણીઓની પેઠે બાળકોમાં પણ ઇર્ષ્યા, દ્વેષ, અન્યાય, ત્રાસ આપવાનું, મનમાં ખારે બળવાનું, વગેરે અનેક દુર્ગુણો દેખા દે છે.

કોઇ બાળક નિશાળમાં માસ્તરને ગમતું ન હોય, બાળકોના સમાજમાં એ બાળક અપ્રિય હોય, કાળું, શેડાળુ કે બાડું બોબડું હોય, તોપણ માબાપને તો તે ગમે જ છે. હરેક બાળક બીજા પાસેથી પ્રેમ–ચાહના મેળવવા સદા ભૂખ્યું જ હોય છે; ઉપર કહ્યાં તે બાળકોની આ પ્રેમપિપાસા માબાપો પાસેથી તૃપ્તિ મેળવે છે. પણ સંજોગવશાત્ જો આવા બધેથી અણગમો પામતા બાળક તરફ ઘેર માબાપ તરફથી પણ પ્રેમભર્યો ઉત્તેજક જવાબ ન મળે, તો તેવું બાળક પારાપાર નિરાશ બને છે. બાળકનું સર્વથી મોટું દુઃખ જો કોઇ હોય તો તે "પોતે કોઇને ગમતું નથી–unwanted છે" તે છે.

બાળકોને ટોંકયા કરવાં

બાળકોને બગાડવાના માર્ગોમાં ટોંકવાના માર્ગનું અવલંબન ઘણે ભાગે ઘરનાં મોટેરાંઓ વૃદ્ધ દાદા–દાદી મારફત કરાય છે.

કાયમ બાળકોની ભૂલ કાઢયા કરવી, આ આમ ન કર્યું, પેલું તેમ ન કર્યું, આ આમ જ કરવું જોઇતું હતું, તેમ ના કરીશ, વાંચવા બેસ, આખો દિવસ રમ્યા જ કરે છે, જમતાં નથી આવડતું, બેસતાં શીખ, આમ અનેક પ્રકારની મોટેરાંઓની ટોકણી બાળકને સહન કરવી પડે છે.

બાળકો નાનાં છે અને આપણે તો ઘણાં મોટાં છીએ, અનેક અનુભવે ઘડાઇને ડાહ્યાં થયાં છીએ, એમ જાણ્યા છતાં, આટલા લાંબા અનુભવે જે બાબતો આપણે સહેલાઇથી કરી શકતા હોઇએ તે બાળકો પણ એટલી જ સહેલાઇથી અને સંપૂર્ણપણે કરી આપે એવી આશા રાખવી; આપણ મોટેરાં જેટલી જ બાળકોમાં પણ સમજણ છે એમ માની લઇને તેમની વારંવાર ભૂલો બતાવ્યા કરવી તથા ઠપકો આપવો; તને કશું આવડતું નથી, જરા ય અકકલ નથી, વગેરે કડવાં વેણ બાળકોના મિત્રોની વચ્ચે તેને સંભળાવીને તેને આત્મશ્રદ્ધાવિહોણું કરી દેવું–કહેતે કે સદા ય પોતાને અણઘડ માને એવી શંકાશીલવૃત્તિવાળું બનાવવું; "એ ઢોળ્યુ! એ ફોડયું!" વગેરે વેણો કહી કહીને તેને સદાય હતાશ કરવું; આ બધા પ્રકારો બાળકોને બગાડવાના ચોકકસ માર્ગો છે.

આવી વર્તણુકને કારણે બાળક સદાને માટે પોતાની જાતમાંથી આત્મવિશ્વાસ ખોઇ બેસે છે–તે હારણ બની જાય છે.

મશ્કરી કરવી

એ જ રીતે બાળકોના મિત્રો આવ્યા હોય ત્યારે તેમની હાજરીમાં તેની મશ્કરી કરવી, મેમાનો આવ્યા હોય તે વખતે તેની અવહેલના કરવી અથવા તેને ઉતારી પાડવું, વગેરેથી પણ બાળકનો જે સર્વાંગી અને અબાધિત વિકાસ થવો જોઇએ તે અટકી પડે છે.

ઘણી વાર બેનપણીઓ મળવા આવે ત્યારે અથવા પાડોશીને ત્યાં મા બેસવા ગઇ હોય ત્યારે પોતાને બાળકો પજવતાં હોય કે હેરાન કરતાં હોય તો એ બધી પીડા ગાવાનું મન માતાને થઇ આવે છે; એ વખતે મા તેમની પાસે બાળકોના- અવગુણ ગાય છે ને નિંદા પણ કરે છે. કોઇ બેસવા આવ્યું હોય તોપણ મા આવું બધું દુઃખ ગાયા જ કરે છે.

નિશાળમાં તો સામાન્ય રિવાજ જ એવો છે કે બાળકને કશું કહેવું હોય કે ઠપકો આપવો

હોય તો તે વર્ગની વચ્ચે જ બધા વિદ્યાર્થીઓની હાજરીમાં જ અપાય. વર્ગના વિદ્યાર્થીઓની હાજરીમાં જ શિક્ષક ઘણી વાર શારીરિક સજા પણ કરે જ છે. આમ કરવામાં બીજા વિદ્યાર્થીઓ તે પરથી ધડો લે એવો હેતુ પણ સ્વીકારવામાં આવે છે. પરંતુ જે બાળક પરથી ધડો લેવાનો હોય છે તેના મન પર આ બધાની શી અસર થાય છે તે કોઇ વિચારતું કે જોતું નથી. ખરી રીતે આવા પ્રસંગો પરથી બીજાઓ તો ધડો લે કે ન લે, પણ શિક્ષા અથવા નિંદા સહન કરનાર બાળકનો વિકાસ તો રૂંધાય જ છે; ઊલટું તે બગડવાનો સંભવ વધારે હોય છે.

બાળકોને બગાડવાના તો અનેક માર્ગો છે. આવા બીજા ઘણા દાખલાઓ આપી શકાય.

માબાપો અને શિક્ષકો આટલી થોડી હકીકતો પરથી પોતે પોતાનાં બાળકો સાથેના વ્યવહારનો વિચાર કરતાં થાય અને સમજીને સુધારો કરે તો બાળકોને જરૂર લાભ થશે– કંઇ નહિ તો અજાણે અથવા સુધારવાની શુભ ઇચ્છાથી લેવાયલા માર્ગોથી બાળકો બગડતાં અટકશે તોપણ ઘણું થયું ગણાશે.

—તા૦

શિક્ષકનો ધંધો

શિક્ષકનો ધંધો ઘણો સારો એમ બીજા બધા ધંધાવાળાઓ માન્યા કરે છે; એમને શિક્ષકોની ઇર્ષ્યા થયા કરે છે કેમકે શિક્ષકોને રોજ બહુ થોડા કલાક કામ કરવું પડે છે, ઉપરાંત લાંબી લાંબી રજાઓ ભોગવવાનો લાભ મળે છે. પણ કોઇ ઊંડું ઊતરીને જોતું નથી કે શિક્ષકોને કેટલો ઓછો પગાર મળે છે. બીજી બાજુ શિક્ષકોને પોતાના ધંધાથી સાચો સંતોષ હોતો નથી. શિક્ષકનું કામ એટલું કંટાળાભર્યું હોય છે કે લાંબે ગાળે થાકેલા મનને વિશ્રાંતિ અને લાંબી રજાની આવશ્યકતા છે એ વાત બીજાઓને ગળે ઊતરતી નથી. શિક્ષકને સદા ય બાળકોની કક્ષાએ નીચે ઊતરીને કામ કરવું પડે છે, તેથી તેને માનસિક થાક પુષ્કળ લાગે છે. જેમ નાના બાળકની સાથે તેની ગતિએ ચાલવાથી મોટેરાંને સાચેસાચ થાક લાગે છે, તેના જેવો જ આ કિસ્સો પણ છે.

બીજું એ પણ છે કે શિક્ષકના કામને આદિ અથવા અંત નથી. હજુ શરૂઆતનું તેને કાંઇક સમજાય છે. બાળક છેક નાનપણથી શિક્ષક પાસે ભણવાનું શરૂ કરે છે તેથી પોતે ક્યાંથી આરંભ કર્યો છે તેની જાણ શિક્ષકને હોય છે; પરંતુ પોતે ભણ્યા પછી આખરે શું થયું તે પોતે કદી જોવા પામતો નથી. એ રીતે તેના કામનો અંત કદી દેખી શકતો નથી. દર વર્ષે સતત નવાં બાળકો આવે છે– જૂનાં બાળકો આગળ અથવા વર્ગ છોડી જતાં રહે છે; પરંતુ પોતાને તો દર વર્ષે એનું એ જ ભણાવવાનું રહે છે. ભવિષ્યમાં પોતે કરેલા પ્રયત્નોનું કેવું પરિણામ આવ્યું તે કદી તે જાણી શકતો નથી. દૈવયોગે કોઇ અમુક મોટા ગણાતાં માણસને પોતે એકડા ભણાવેલા એટલું અભિમાન અથવા સંતોષ તેના જીવને મળવાનો અવસર આવે છે, પણ એવા ભાગ્યશાળી શિક્ષકો આંગળીને વેઢે ગણાય એટલા જ નીકળે. અને છતાં આવા સદ્‌ભાગી શિક્ષકે એ મોટી ગણાતી વ્યક્તિના વિકાસમાં ખરેખર કયો અથવા કેટલો ફાળો આપ્યો તે તે કહી જ નહિ શકે;

આથી તેને મળતા આત્મસંતોષના ટકા ઘણા ઓછા થઇ જાય છે.

હરકોઇ અન્ય ધંધામાં કામ પૂરું કર્યાં થયું તે પ્રત્યક્ષ જોઇ શકાય છે. મોચીએ સુંદર મોજડી તૈયાર કરી હોય, સુતારે આકર્ષક કબાટ બનાવ્યું હોય, કે શિલ્પીએ કોઇ પૂતળું ઘડ્યું હોય વા કોઇ ચિત્રકારે મનોરમ કોઇ તસ્વીર ખેંચી હોય, દરેકને પોતે કામ પૂરું કર્યાનો આત્મસંતોષ મળી શકે છે. વકીલ કોઇ કેસ જીતે તો તેને હર્ષ થવાનો જ; હારે તોપણ પોતે બનતા બધા પ્રયત્નો કર્યા હતા એટલી ખાતરી તેના મનથી તેને થઇ શકે છે. ડૉક્ટર કોઇ દરદીને બચાવે તો અપરંપાર માન અને આનંદ મેળવે. પરંતુ કદાચ કોઇ દરદી મૃત્યુવશ થાય તોપણ પોતે હરેક પ્રયત્ને કાળની સામે ઝઝૂમ્યાનો આત્મસંતોષ તેને મળી શકે છે. શિક્ષકની બાબતમાં આવું કશું શક્ય નથી. આવો આત્મસંતોષ મેળવવાનું તેના ભાગ્યમાં હોતું નથી. સામાન્ય મજૂર પણ કહી શકે છે કે અમુક યંત્રનો ફલાણો ભાગ પોતે બનાવ્યો છે અગર અમુક તાકાઓ પોતે વણ્યા છે કે અમુક સૂતર પોતે રંગ્યું છે. પરંતુ પોતે ભણાવેલું કયા વિદ્યાર્થીના મગજમાં કેટલું કેટલું ઊતર્યું છે એ જાણવાનું કોઇ સાધન શિક્ષક કને છે નહિ. ઘણી વાર શિક્ષકને બગીચાના માળીની ઉપમા આપવામાં આવે છે. પરંતુ પોતે વાવેલ ફૂલછોડ કે ફળઝાડનાં ફૂલો કે ફળો જોવાને અને ચાખવાને માળી સદ્‌ભાગી બને છે; શિક્ષકની બાબતમાં તેવું કશું બનતું નથી.

શિક્ષકને આત્મસંતોષ મેળવ્યાનો એક જ માર્ગ છે; પોતે જે ભણાવે છે તે યથાર્થ છે અને યથાર્થ પદ્ધતિથી પોતે બાળકોને તેનું શિક્ષણ આપી રહેલ છે. આથી શિક્ષકને પોતાના શિક્ષણના કામ ઉપરાંત કોઇ ધૂન હોવી જરૂરની છે. આવી ધૂનના કોઇ કાર્ય દ્વારા (હૉબી) જ તે માનસિક આનંદ અને થાકનો ઉતાર મેળવી શકશે. એવું નહિ હોય ત્યાં શિક્ષક યાંત્રિક પૂતળા જેવો બની જશે. એવે વખતે તેનું મન લાંબી રજાઓ પર હમેશાં ચોંટયું રહેશે. અને જો એવી લાંબી રજાઓનો યોગ્ય ઉપયોગ કરતાં તેને નહિ આવડતું હોય– માનસિક આનંદ મેળવવાના ઉપાયો તેણે સાધ્યા નહિ હોય તો આખરે તે થાકી જશે, કામમાં મંદ બની રહેશે અને ઘરેડમાં પડી છેક જૂનવાણી બની જશે.

ભા. ઘો. કર્વે.

વિજ્ઞાન-શિક્ષણ

[અનુસંધાન અંક ૬, પાનું ૭૨ થી]

પિથબૉલ, કાચની લાકડી અને બિલાડીનું ચામડું:–કેટલીક ચીજો ઘસવાથી અંદર વીજળી ઉત્પન્ન થાય છે, અને બીજી એવી ચીજોની સહાય વડે વીજળીનું આ અસ્તિત્વ પારખી શકાય છે. આ જાણવા સારુ ઉપરનાં સાધનોનો ઉપયોગ છે. કાચની લાકડી સાથે બિલાડીનું ચામડું ઘસવાથી તેમાં વીજળી ઉત્પન્ન થાય છે; પણ જો ચામડું ભેજવાળું કે ભીનું હોય તો વીજળી પેદા થતી નથી. આવે વખતે તેને તડકામાં જરા સૂકવી લેવું જોઇએ.

વીજળી ઉત્પન્ન થઇ તે જાણવા સારુ જ પિથબૉલ દોરા સાથે બાંધીને લાકડી જોડે લટકાવવામાં આવે છે. ચામડા સાથે પેલી કાચની લાકડી ઘસીને નળી પિથબૉલ પાસે આણતાં જ દડો હલવા માંડે છે. તે પરથી પેલી કાચની લાકડીમાં વીજળી આવી છે એ જાણી શકાય છે.

ગોલ્ડલીફ ઇલેકટ્રોસ્કોપ પણ આ જ જાતનું સાધન છે, પણ તે બહુ મોંઘું છે. ચામડા સાથે કાચની લાકડી ઘસીને એને ઇલેકટ્રોસ્કોપના પીતળના બટનને અડકાડવાથી એને જોડીને અંદર રાખેલાં સોનેરી પાંદડાંના બે ભાગ પડી જાય છે. જો કાચની લાકડીમાં વીજળીનો સંચાર ન થયો હોય તો પાન એમનાં એમ ભેગાં રહે છે.

પણ આવું ખર્ચાળ સાધન ન હોય તોપણ ચાલી શકે છે. ચામડા સાથે ઘસેલી કાચની લાકડી પાસે થોડાંક કાગળના નાના નાના ટુકડાઓ લઇ જતાં જ એ ટુકડા ઊડવા માંડે છે.

શીંગડાંની કાંચકીથી વાળ ઓળતા વખતે વાળ ખેંચાઇ આવતા ક્ષણાંએ જોયા હશે. એ પણ આવો જ એક વીજળીનો પ્રકાર છે.

ક્રિસ્ટલ્સ બનાવવાનું:-મીઠું, ફટકડી, ખાંડ વગેરે ચીજોમાંથી ક્રિસ્ટલ્સ (ગાંગડા) બનાવવાના પ્રયોગો સાદા, સરળ છતાં ગમ્મત પડે તેવા હોય છે. આવા પ્રયોગો પણ શિક્ષક કરે અને બાળકો જુએ એમ શાળામાં કર્યું હોય તો વધારે સગવડભર્યું થાય છે. ઘેર પણ આવા પ્રયોગો બાળકો માબાપો પાસે કરાવી શકે, અગર જાતે કરી શકે. રજાઓનો આ રીતે ઉપયોગ થાય તો ઘેર બાળકોને સુંદર પ્રવૃત્તિ પણ મળી રહે. ઘરનાં વડીલો આમાં બાળકોને સાથ આપી શકે.

ઉપર લખી કોઇ ચીજ લઇ પ્રથમ તેને પાણીમાં ઓગાળવી. ધારો કે ખાંડ લીધી. તો પાણીમાં જેટલી ખાંડ ઓગળી જાય તેટલી વધારે વધારે નાખતા જ જવી; પછી ચૂલા પર ચડાવી એથી પણ વધારે ખાંડ નાખી શકાય તેટલી નાખી ઓગાળવી. જ્યારે વધારે ખાંડ હવે ઓગળી નહિ શકે એમ લાગે ત્યારે ચૂલા પરથી તપેલી ઉતારી લઇ તેને ઠરવા મૂકી દેવી. બીજે કે ત્રીજે દિવસે તપેલીમાં સાકરના ગાંગડાની પતરીઓ થયેલી દેખાશે. ગોળી જેવા ગાંગડા પણ કદાચ બનશે. જો ઠરતા પહેલાં અંદર દોરા લટકતા રાખી દીધા હોય તો એ દોરાની આસપાસ ખાંડના ક્રિસ્ટલ્સ (ગાંગડા) બાઝેલા દેખાશે. એમાં વધારે સહેલાઇથી ક્રિસ્ટલ્સ બંધાય છે. —તા૦

બાલમંડળ—એક શુભ શરૂઆત

તા. ૭–૧૧–૪૩ ના રોજ મુંબઇના જૈન મહિલાસમાજે શ્રી. તારાબેન મોડકના હસ્તે બાળમંડળની પ્રવૃત્તિઓની શુભ શરૂઆત કરી. રજાઓના દિવસોમાં બાળકો ઘેર પ્રવૃત્તિહીન કે પ્રવૃત્તિરોધક વાતાવરણમાં રહી કંટાળી જાય છે. પરિણામે ગમે ત્યાં રખડે છે અથવા હેતુ વગરની પ્રવૃત્તિઓ આદરે છે કે અયોગ્ય વાતાવરણમાં સમય અને શક્તિનો વ્યય કરે છે. તેને બદલે રજાઓના દિવસોમાં તેમને યોગ્ય પ્રવૃત્તિઓ આપી તેમનો વિકાસ થાય એ હેતુથી આ બાલમંડળ સ્થાપવામાં આવ્યું છે.

ચાલુ શાળામાં જે શિક્ષણ અપાય છે તેમાં

બાળકોના હાથપગના હલનચલનની પ્રવૃત્તિઓને જોઇએ તેવું સ્થાન હોતું નથી. તેથી કાંઇક કરવું છે–આ કરવું છે–તે કરવું છે-ની માગણી સંતોષાતી નથી. પરિણામે સર્જનાત્મક શક્તિને વિકસાવાનો જરા પણ અવકાશ તેમને મળતો નથી. એ અવકાશ મળે અને બાળકો સહેતુક પ્રવૃત્તિમાં જોડાઇ રહે માટે જૈન મહિલાસમાજ બાલમંડળે હાલ ૪ થી ૧૨ વર્ષનાં બાળકો માટે શનિવાર તથા રવિવારના દિવસોમાં નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવાનું નક્કી કર્યું છે.

શનિવારે બપોરે ૩ થી ૬ અને રવિવારે સવારે ૯ થી ૧૨ બાલમંડળનાં બાળકોને નીચેની પ્રવૃત્તિઓ આપવામાં આવશે:—

ચિત્રકામ, માટીકામ, સીવણ, ગૂંથણ, છાપકામ, કાંતણ, વણાટ, સુતારીકામ, સંગીત, પ્રવાસ, રંજનકાર્યક્રમ, રમતો અને વાર્તા.

મહિલાસમાજ એક બાલવાચનાલય શરૂ કરવાનું પણ ધારે છે.

મુંબઇ જૈન મહિલાસમાજે આ એક નવી પ્રવૃત્તિ હાથ ધરી સૌને માટે આદર્શરૂપ પહેલ કરી છે તે બદલ મંડળને ધન્યવાદ ઘટે છે.

—તંત્રી.

સંઘના નવા આજીવન સભ્યો

ઘ વર્ગ: એકી સાથે રૂ. ૧૦૦ આપનાર.

શેઠ શ્રી. કસ્તુરભાઇ લાલભાઇ, અમદાવાદ.

ચ વર્ગ: એકી સાથે રૂ. ૫૦ આપનાર.

શ્રી. ચંદુલાલ લલ્લુભાઇ શાહ, ઓકિલોવ.
„ શાહ હિંમતલાલ માણેકલાલ, „
મેસર્સ પરભુદાસ કિશોરદાસ પટેલ, અમદાવાદ.

વાચકોનો અભિપ્રાય વધારો.

સ્મરણાંજલિ. ગુજરાતના અનેક વિદ્વાનો અને સ્વ૦ ગિજુભાઇના વિદ્યાર્થીઓએ લખેલાં સ્વર્ગસ્થનાં સંસ્મરણો. પાકું પૂઠું અને સ્વર્ગસ્થના અનેક ફોટાઓ સાથે કિંમત ૧–૮–૦, ટપાલખર્ચ ૦–૪–૦.

મોન્ટેસોરી શિક્ષણપ્રચારમાળા: લેખક સ્વ. ગિજુભાઇ અને શ્રી. તારાબેન મોડક.

પાકું પૂઠું કિં. ૦–૧૦–૦: ટપાલખર્ચ ૦–૨–૦.

પુસ્તકો મંગાવવાનું સ્થળ:

મંત્રી: નૂતન બાલશિક્ષણ સંઘ,
૧૧૮, હિંદુ કૉલની, દાદર.

પાછલી સાલના અંકો

શિક્ષણપત્રિકાનાં નીચેનાં વર્ષોના અંકો અરધી કિંમતે મળશે. વર્ષ ૨ જું, વર્ષ ૧૦મું, વર્ષ ૧૧ મું, વર્ષ ૧૨ મું, વર્ષ ૧૪ મું, વર્ષ ૧૫ મું, વર્ષ ૧૬ મું. સાતે વર્ષના અંકોની કિંમત ૩–૮–૦. વર્ષ ૧૭માના અંકની કિંમત ૧–૦–૦ થશે. ટપાલ ખર્ચના આઠે વર્ષના ૧–૮–૦ વધારે ગણવા. રેલ્વે રસ્તે પારસલથી મંગાવનારે માત્ર રેલ્વે પારસલ રવાનગીના ૦–૪–૦ કિંમત સાથે વધારે મોકલવા. રેલ્વે ખર્ચ લગભગ ૦–૮–૦ ગુજરાતમાં હરકોઇ સ્થળે લાગશે. અંકો મંગાવવાનું સ્થળ:

વ્યવસ્થાપક, શિક્ષણપત્રિકા કાર્યાલય,
જ્ઞાનમંદિર, રાવપુરા, વડોદરા.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, બી. એ., એમણે આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૫–૧૧–૪૩.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

卐

આદ્યતંત્રી : ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐

રોજ મુશ્કેલીઓને જ જોનારની સામે મુશ્કેલીઓ આવ્યા જ કરે છે. રોજ ઉત્સાહ અને આશાને જોનારને ઉત્સાહ અને આશા મળે છે.

રોજ દીનતા–હીનતાની વાતો કરનારને તેનાથી ઊંચે આવી શકાતું નથી. રોજ ઉદાત્ત ભાવનાભર્યા ઉડ્ડયનમાં વિહરનારને તેનો જ લાભ મળે છે.

સ્વ૦ ગિજુભાઈ

વર્ષ ૧૮ / ૨૦૦૦ — : : કાર્યાલય : : રાવપુરા : વડોદરા — અંક ૧૦ / માગશર.

શિક્ષા—વિચાર

શિક્ષા કરવાના કાર્યમાં કુદરત સહુથી મોખરે આવે. સહુથી ક્રૂર પ્રકાર તેની શિક્ષાનો હોય છે. જરા સરખી ભૂલ થતાં જ તેનું ફળ તુરત મળે જ. બીડીના નાના સરખા સળગતા ઠૂંઠાનો જ દાખલો લ્યો. બરાબર ઓલવ્યા વિના ગમે ત્યાં ફેંકી દીધું તો એ નાનકડી દેખાતી ભૂલનું પરિણામ ઘણી વાર જબ્બરી આગમાં જ આવે. એમાં દયાનો સવાલ નહિ; પારકા પોતાનો વિચાર નહિ; નાની ભૂલની નાની શિક્ષા અને મોટી ભૂલની મોટી શિક્ષા, એવું પણ નહિ.

કુદરતનો શિક્ષા કરવાનો રસ્તો એક રીતે વિચિત્ર છે, છતાં તેમાં એક વાતનું સુખ હોય છે. હમેશાં તે દરેકને સાવધાન થવાનું સૂચવે છે. લેશ પણ બેદરકારી કુદરત ચલવી નથી લેતી; એમાં અણઆવડત કે અજ્ઞાનપણાને સ્થાન નથી; એમાં પક્ષપાતને સ્થાન નથી. ભૂલ થઈ કે શિક્ષા થવાની જ. પરંતુ કુદરતના જે અટલ નિયમો છે તેનું યથાર્થ પાલન કરવામાં આવે તો કુદરતની કૃપા પણ એટલા જબ્બરા પ્રમાણમાં જ થાય છે.

કુદરતનો શિક્ષાનો પ્રકાર ગમે તેટલો નિષ્ઠુર હોય, ભલે એમાં કોઈ પ્રમાણ ન રહેલું હોય, તોપણ તેમાં એક વાતનો છેક અભાવ હોય છે—એમાં શિક્ષા કરનારના મનમાં કોઇ જાતનો રોષ હોતો નથી. બોલવામાં આપણે કુદરતનો કોપ એવો શબ્દપ્રયોગ કરીએ છીએ, પણ ખરું જોતાં કુદરતના દિલમાં ક્રોધ જેવું કશું જ નથી હોતું.

બાળક બેદરકારીથી ચાલે છે, પગ લપસે છે, પડે છે ને સારી રીતે પછડાય છે; લાગે છે ને દુઃખ પણ થાય છે; વધારે પડતું દુખે તો બાળક રડે છે પણ ખરું. થોડી વારે એ દુખતું મટી જાય છે ને વાત ત્યાં પૂરી થાય છે. પણ જો માએ બે ગાળ દઈને ધબ્બો માર્યો હોય તો એ માર ફક્ત શરીરપૂરતો જ નથી અટકતો; એની વેદના માનસિક પણ થાય છે. માતા અથવા પિતાનો એ ક્રૂર દેખાવ, ઘૂમબરાડા અને માર સાથેલાગાં હોય છે. એનો આઘાત મન પર ભારે થાય છે.એમાં દુઃખ પણ થાય છે. બાળકને અસહાય સ્થિતિનું ભાન થાય છે, તેને અપમાન લાગે છે, દિલ બાઝું થઇ જાય છે અને મૂંઝવણ પણ થાય છે. કુદરત તરફથી થતી સંજ્ઞામાં આમાંનું કશું નથી હોતું હાથે પગે લાગે છે, ઊંડો ઘા થાય છે, ઢીમણું થઇ આવે છે, રડવું આવે છે; પણ આ બધું જ ધીરજથી સહી લેવાય છે. પણ જ્યારે મોટેરાંઓ શિક્ષાને નામે મારે છે ત્યારે એનું દુઃખ જુદા જ પ્રકારનું હોય છે. માણસ અને કુદરતની શિક્ષામાં આ રીતે મોટો તફાવત રહે છે.

બીજી વાત. બાળકને થતી શિક્ષા માતા, પિતા કે ઘરનાં કોઇ મોટેરાંને બદલે બહારના ત્રાહિત માણસને હાથે થાય ત્યારે શારીરિક દુઃખ સરખું જ હોવા છતાં માનસિક દુઃખનું પ્રમાણ વધી જાય છે. શાળામાં શિક્ષકને હાથે પડતા મારનું પરિણામ જુદું, પાડોશી અથવા મેમાનને હાથે થતી સંજ્ઞનું પરિણામ જુદું, રેલ્વેમાં મુસાફરી કરતાં છેક કોઇ અજાણ્યાને હાથે પડેલા મારનું પરિણામ જુદું અને સાથી મિત્રોને હાથે પડેલા મારનું પરિણામ પણ જુદું જ હોય છે.

બા મારે ત્યારે દુઃખ તો થાય જ છે, પણ એનો એ જ પ્રેમાળ હાથ મોં પર ફરે છે તે વેળા એ માર્નો પૂરતો બદલો વળી રહે છે, ને તેથી મનમાં એનું દુઃખ રહેતું નથી. એથી ઊલટું કોઇ અજાણ્યો મારે તો ગુસ્સો ચડે છે, શિક્ષકને વિષે દિલમાં ધાક બેસી જાય છે, ને સાથી મિત્ર માર્યું હોય ત્યારે સામે લગાવી દેવાનું મન થઇ આવે છે.

આમ અનેક રીતે શિક્ષા કરનાર ઉપર પણ એ શિક્ષાની મન પર કેવી અસર થશે એ અવલંબે છે.

સિવાય શિક્ષા શા કારણે થઈ એ કારણ ઉપર પણ એના માનસિક પ્રત્યાઘાતોનો આધાર રહે છે. પોતે ભૂલ કરી હોય; પહેલેથી જ જાણ હોય કે એને પરિણામે બા બે થપાટ મારશે અથવા તો માસ્તર બે સોટી ખેંચી કાઢશે જ, ને એ ધારણાને પરિણામે જે શિક્ષા થાય એથી મનમાં દુઃખ ઓછું થાય છે. પણ ઘણી વાર બાળકને પોતાને શિક્ષા કયારે સહન કરવી પડશે તેની માહિતી હોતી નથી, કેમકે શિક્ષા કરનારને પણ પોતે શિક્ષા કરશે એવી જાણ ભાગ્યે જ હોય છે. એક જ ક્રિયાને પરિણામે ઘણી વાર સારી રીતે માર પડે છે તો ઘણી વાર એ ભૂલ છે એવું પણ કોઈ કહેતું નથી. શિક્ષા જ્યારે અણધારી થાય છે ત્યારે બાળક ઘણી વાર ગભરાઇ–મૂંઝાઇ જાય છે.ઘણી વાર મોટેરાં જેને ભારે જબરી ભૂલ થયાનું કહેતાં હોય તે બાબત બાળકોને જરા પણ ભૂલ નથી લાગતી; ઊલટું ઘણા કિસ્સાઓમાં બાળક પોતે સાચું જ છે એવી તેની માન્યતા હોય છે, તેથી એવે પ્રસંગે થયેલ શિક્ષામાં પોતાને અન્યાય થયાનું તેને લાગે છે. વિના કારણે થયેલ શિક્ષા સારુ તે મનમાં ગુસ્સે થાય છે અને ઘણી વાર પુષ્કળ દિલગીરી અને દુઃખ લાગે છે.

શિક્ષાના પ્રકારોમાં આ રીતે ઘણી ધારી અને અણધારી શિક્ષાઓ થાય છે, તેમ જ શિક્ષા ન્યાય્ય તથા અન્યાય્ય પણ હોય છે; અને એ દરેકની માનસિક અસર શિક્ષા ભોગવનારના દિલ પર ભિન્ન ભિન્ન થાય છે.

વળી જેને શિક્ષા કરવામાં આવે છે એ બાળકોમાં પણ અનેક સ્વભાવભેદ હોય છે, અને એને કારણે એક જ પ્રકારની શિક્ષાની અસર જુદી જુદી જાતનાં બાળકો પરત્વે જુદી જુદી જાતની થાય છે.–એનાં પરિણામ સાવ અનોખાં આવે છે. કેટલાંક બાળકો સ્વભાવે આનંદી હોય છે–ઉત્સાહી હોય છે. થોડીક શિક્ષા થાય, કોઇ જરા વઢે કરે, તોપણ થોડી વારે તેઓ તે બધું ભૂલી જાય છે, અને ફરી પૂર્વવત આનંદથી રમવા લાગે છે. શરીર પર સોટીના સોળ હોય તોપણ એવાં બાળકો ઉલ્લાસપૂર્વક રમતાં દેખાય છે. મૂશળધાર વરસાદમાં પણ કેટલાક રોપાઓ જેમ વધ્યે જ જાય છે, તેમ ગમે તેવી પરિસ્થિતિમાં પણ આવા સ્વભાવનાં બાળકો જોરથી–ખડતલપણે મોટાં થયા જ કરે છે. જ્યારે કેટલાંક બાળકોની માનસિક સ્થિતિ લજ્જામણીના છોડ જેવી અત્યંત નાજુક હોય છે. મારવાની વાત બાજુએ રહી, કોઇએ જરા ઠપકો આપ્યો હોય તોપણ એ બાળકો ગભરાતાં ફરે છે. કેટલાંક બાળકો પોતે કદાચ કાંઈ ભૂલ કરી બેસશે તો, અથવા કોઈ મારશે તો,એમ બીધા જ કરતાં હોય છે. કેટલાંક વળી એથી જુદી જાતનું દર્શન કરાવે છે. મોટેરાંનું ધ્યાન સતત પોતા પરત્વે ખેંચાયા કરે, ઘરમાં તેમ જ શાળામાં પોતા તરફ જ બધાં ધ્યાન આપે, પોતે સઘળે કેન્દ્રસ્થાને રહે

એવી ભાવના ઘણાં બાળકોના મનમાં હોય છે, અને તેથી પણ તેઓ સખત શિક્ષા સહન કરીને પણ ધ્યાન ખેંચવા પ્રયત્ન કરે છે. ઘણાં બાળકોને જરા સરખો ઠપકો મળતાં કોઇ ભયંકર અપમાન કે માનહાનિ થયા જેટલો આઘાત થાય છે, અને એ બિના તેમના દિલમાં સતત ખૂંચ્યા કરે છે. કિવનાઇની કડવાટ જેમ લાંબા વખત સુધી મોંમાં રહ્યા જ કરે છે, તેમ એ પ્રસંગનુ દુઃખ તેમના દિલમાં લાંબો કાળ સુધી ખૂંચે છે. કેટલાંક બાળકોને શિક્ષા થતાં જ ભૂલ સુધરી તેઓ સરળ બની ગયેલાં દેખાય છે. કેટલાંક બાળકોને શિક્ષાની કશી અસર જ થતી નથી; એવાં બાળકો મીંઢ થઇ ગયાં હોય છે.

શિક્ષાના પ્રકારો પણ ભિન્ન ભિન્ન હોય છે. અગાઉ શારીરિક શિક્ષાઓ સારી રીતે પ્રચલિત હતી. આજે પણ બધાં ઘરોમાં શારીરિક શિક્ષાઓ થયા જ કરે છે પણ શાળાઓમાં તે લગભગ અદૃશ્ય થઈ ગઇ છે. સોટી મારવાને બદલે સોટી બતાવવાનું અથવા 'સોટી મારીશ' એવા શબ્દો વાપરવાનું વધારે ચાલે છે. કદાચ અરધી કે તેથી વધારે શાળાઓમાં હજુ સોટી મારવાનું ચાલુ પણ હશે, અને ઘણાંખરાં ઘરોમાં શારીરિક શિક્ષા તો એકસરખી ચાલ્યા જ કરે છે. માબાપોનો એ જન્મસિદ્ધ હક્ક ગણાય છે! છતાં ઘરની શિક્ષાઓમાં પણ તેના ક્રૂર પ્રકારો લગભગ અદૃશ્ય થયા છે.

પણ એક બાજુ શારીરિક શિક્ષાઓનું પ્રમાણ ઘટતું ગયું છે તો સામે માનસિક શિક્ષાઓ વધતી ચાલી છે; શબ્દોના માર મારવાનું ઘણું વધી જાય છે.

જાહેરમાં બાળકને ઉતારી પાડવાની અથવા તેને સામાજિક દૃષ્ટિએ હલકું પાડવાની શિક્ષાનો એક પ્રકાર શાળામાં પ્રચલિત છે. ડેવીડ કોપરફિલ્ડને "આ છોકરો બચકાં ભરે છે; સાચવજો." એવું પાટિયું વાંસામાં બાંધીને જેમ ફેરવવામાં આવ્યો હતો, તે જાતની બાળકની જાતને ઉતારી પાડનારી અનેક જાતની શિક્ષાઓ શિક્ષકો આજે શાળામાં અજમાવી રહ્યા છે.

માબાપો અથવા ઘરના વડીલો શિક્ષાનો એક બીજો પ્રકાર પણ અજમાવે છે. એમાં પોતાને ગુસ્સે આવવો, નાખુશી થવી, વહાલા ન લાગવું, દિલ દુભાવું,વગેરે પ્રકારોનો સમાવેશ થાય છે. આવા પ્રકારો વખતે ઘણાં નાજુક મનનાં બાળકોને તો એમ થઇ જાય છે કે આ કરતાં માબાપ મારતાં હોય અથવા વઢી લેતાં હોય તો વધારે સારું.

શિક્ષાની એક સુધરેલી રીત પણ નજર આવે છે, જેમાં બાળકોને ભૂલ કેમ કરી તે વિષે સમજાવવામાં આવે છે. એમાં બાળકને શિક્ષા કર્યા વિના તેણે કરેલી ભૂલની તીવ્રપણે જાણ કરી દેવાનું અને થયેલ ભૂલ બદલ બાળકને પશ્ચાત્તાપ કરતું કરવાનું હોય છે.નાનકડી ભૂલને ભારે મોટું રૂપ આપી બાળકને એમ મનાવવું કે પોતે બહુ ખરાબ રીતે વર્તેલ છે,ભારે ભયંકર ગુનો કર્યો છે, પોતાના અપરાધ માટે પોતે જ જવાબદાર છે, વગેરે વિચારો કરતું બાળકને કરવું અને એ રીતે તેનું દિલ સદા ય બળ્યા કરે, તે સદા ય દુઃખી રહે એમ કરવું, એ જાતની શિક્ષાનો આ રસ્તો ભારે દુઃખદ અને શારીરિક શિક્ષા કરતાં ભારે ભયંકર નુકશાન કરનારો છે.

શિક્ષાનો એક બીજો પ્રકાર પણ શાળાઓમાં પ્રચલિત છે. એમાં બાળકના કુળની, શાળાના નામની કે જાતિની પ્રતિષ્ઠા આપળ ધરવામાં આવે છે; 'અમુક કુળનો જન્મેલો અથવા અમુક શાળામાં ભણતો બાળક આવી ભૂલો તો કદી ન

જ કરે, એવી જાતની માન્યતા ઉત્પન્ન કરવામાં આવે છે; અર્થાત કોઇ ભૂલો થઇ જતાં તેમાં હલકાપણું છે એવી માન્યતા બાળકના મનમાં ઘર કરે એવી એ વિચારસરણી છે. બાળકને એ રસ્તે વાળીને પછી પોતાના ઇરાદાને અમુક બાબતો ન છાજે વગેરે બતાવી એને ભૂલોમાંથી પરાવૃત્ત કરાવાનો માર્ગ ગ્રહણ કરવામાં આવે છે. પણ આવું બાળક પણ ભૂલો તો ઘણી વાર કરી બેસે છે. અને એવે કાળે બાળક પોતે જાતે જ દુઃખી થાય છે, તેનું દિલ અસ્વસ્થ રહ્યા કરે છે. આ પણ શિક્ષાનો એક પ્રકાર જ છે; અને તે સૂક્ષ્મ છતાં માનસિક રીતે એટલો જ ભયંકર પરિણામ કરનારો છે.

અર્થાત શિક્ષાના પ્રકારોમાં, સોટીઓને ધબ્બાઓ જેવી શારીરિક શિક્ષાઓ તથા ગાળો દેવી, ગુસ્સે થવું, ઠપકો આપવો વગેરે સૂક્ષ્મ પ્રકારની શિક્ષાઓથી માંડીને મનમાં સતત ડંખ્યા કરે તેવી સૂક્ષ્મ પ્રકારની અનેક જાતની શિક્ષાઓનો સમાવેશ થઇ શકે છે. આ બધી શિક્ષાના પ્રકારો બાળકો ઉપર જુદી જુદી રીતે અજમાવાય છે અને તેનાં પરિણામો પણ જુદી જુદી જાતનાં આવે છે.

શિક્ષાના પ્રકારો, તેનાં પરિણામો અને ભૂલો સુધારવાને અંગે લેવાતો તેનો આશરો, એ વિષય ઊંડી વિચારણા માગી લે તેવો છે. એ સંબંધે હવે પછી વિચારશું. —તા.

બાળકોની બીક દૂર કેમ થાય.

બાળકોની સાથે એકરાગ થવાની આવડત શિક્ષકો તેમ જ માબાપો બંને માટે અતિ આવશ્યક છે. બાળક સાથે બાળક બની જતાં—તેમનામાં ભળી જતાં આવડે, તેમની ઇચ્છાઓ અને તેમની દોડાદોડી સાથે સમરસ થતાં આવડે, તો જ :શિક્ષકો અથવા વાલીઓ માટે બાળકોની વૃત્તિઓને યોગ્ય માર્ગે વાળવામાં સફળ બનવાની આશા રહે. પણ મોટેરાં—સમજુ માણસોને બાળકો સાથે સાચેસાચ બાળક બનતાં આવડે ખરું? દુનિયાના સારામાઠા અનુભવે ઘડાયેલ મોટા માણસની વૃત્તિઓમાંથી સ્વાભાવિક બાલિશતા લગભગ અદૃશ્ય થઈ જાય છે. બાળકની પેઠે કાગળ માની પાંચ પૈંડની નોટની હોડી બનાવી પાણીમાં નાખી તેને તરતી જોતાં બાળક જેટલો જ નિર્દોષ આનંદ મેળવનાર કવિ શેલે સરખો ભાગ્યે જ કોઈ નીકળે! કવિમાં બાળકની આવી નિર્દોષ વૃત્તિ જન્મભર ટકી રહે છે. છતાં સાધારણ માનવી પણ જૂનાં સ્મરણોની સહાય વડે ભુંસાતું જતું બાળપણ અને તે કાળની ભાવનાઓ તાજી કરી શકે છે. પહેલું રમકડું મળતા વખતે થયેલો અપરંપાર હર્ષ, મગાવા આવેલી કાકી કે માશી પાછી ચાલી જતાં થયેલું અસહ્ય દુઃખ, અથવા નવી મળેલી ચોપડી પર નાના ભાંડરડાએ શાહીનો ડાઘ પાડતાં આવેલો અસાધારણ ગુસ્સો, આ બધાને કાયમ સંભારી શકતા હોઇએ તો મોટી ઉંમરે પણ બાળકોમાં બાળક બની જતાં આવડી જાય છે. જો આપણને પોતાનું બાળપણ સાંભરતું ન હોય તો બાળકો સાથે દિલનો સંબંધ કેળવાતો નથી, તેમની આકાંક્ષાઓ વિષે જોઇતી સહાનુભૂતિ આપણામાં જાગૃત થતી નથી. પરિણામે બાળકોને થતી ગુસ્સાની, દુઃખની કે હર્ષની લાગણીઓ આપણા

મનથી માત્ર બાલિશ રમતો જ ભાસે છે. આવું બને એટલે બાળકો પણ આપણ મોટેરાંથી દૂર દૂર રહ્યા કરે છે, અને પરિણામે તેઓ આપણી પાસેથી કશું શીખી શકતાં નથી.

આપણે બાળકોની બીકનો વિચાર લઈએ.

મોટેરાંની (જાણકારની) દૃષ્ટિએ જોતાં બાળકોને લાગતી બીક ઘણી વાર સાવ નિરાધાર મૂર્ખાઈભરી જ હોય છે. આથી મોટેરાંઓને બાળકો પર ગુસ્સો ચડે છે, તેમને મારીને સીધાં કરવાનું પણ મન થઈ જાય છે. અને બાળકો પણ ઘણી વાર એવાં નજીવાં કારણે બીતાં હોય છે કે ન પૂછો વાત! અદ્યતન રહેણી કરણીમાં ઊછરતા અમારા નાના વસંતને મોટી મૂછો કે લાંબી દાઢી વાળા માણસો ભાગ્યે જ જોવાના સાંપડે છે. એટલે ઘરમાં દાદાને મળવા આવેલા કોઈ દાઢી–મૂછોધારી મહેમાન આવ્યો હોય ત્યારે તેને જોતાં વસંતને કેટલી ગભરામણ થાય છે તે જોવા જેવું હોય છે. ઘરનાં બધાં મોટેરાંને પણ તે ગભરાવી મૂકે છે. એ જ રીતે મરજાદી ડોશીમા અથવા કંકુનો મોટો જબરો ચાંદલો કે પીળ કરીને આવેલી કોઈ ગામડિયણને જોતાં જ વસંત માની સોડમાં લપાઈ જાય છે. તેનું આવું વર્તન સાવ અર્થહીન હોય છે, અને મોટેરાંને પણ આવી કફોડી સ્થિતિ થતાં વસંતના વર્તન વિષે મૂંઝવણ અને અણગમો થાય છે; સહુને થાય છે કે કોઈ રીતે તે સરખો રહે! ઘણી વાર તો તેના પર ગુસ્સો પણ ચડે છે. પણ ધીમે ધીમે જ્યારે અમારું બાળપણ સાંભરે છે, આવી રીતે અનેક વાર આપણે પણ બીતાં હતાં તે યાદ આવે છે, પઠાણ આસપાસ દેખાતાં છેક રસોડામાં છુપાઈ ગયાનું ચિત્ર તાજું થાય છે, એટલે તુરત વસંત પર ચડેલો ગુસ્સો ઊતરી જાય છે, અને તેને લાગતી બીકનો વિચાર વધારે સહાનુભૂતિપૂર્વક કરવાનું સૂઝે છે. પરિણામે એ બીક દૂર કેમ કરવી તેની વિચારણા તરફ લક્ષ્ય જાય છે.

મારા કથનનો અર્થ એવો તો નથી જ કે બાળકને લાડ લડાવીને તેની એ બીકને પોષવી, અને સ્થિર થવા દેવી. ઊલટું મારી તો એવી માન્યતા છે કે બીકણ બાળકને ભવિષ્યમાં વિના કારણે અનેક જાતની મુશ્કેલી અને યાતના સહન કરવાં પડે છે. મનમાં ઘર કરી રહેતી બીક હમેશાં બાળકની–માણસની ક્રિયાશક્તિને કુંઠિત કરે છે, તેને છેક અસહાય–નિર્બળ બનાવી મૂકે છે. અર્થાત બાળપણમાં જ ભીતિ દૂર થવી જોઈએ. પણ બીકનું ખરું કારણ બાળકને બાળકની રીતે ગળે ન ઊતરે ત્યાં સુધી માત્ર દમદાટીથી બાળકની બીક દૂર કરી શકાતી નથી. અને એ માટે બાળકોની બાળઇચ્છાઓ તથા ભાવનાઓ સાથે તદ્રૂપ થવું આવશ્યક હોય છે.

બાળકોમાં બીક શા કારણે ઉત્પન્ન થાય છે તે જોઈએ. નેલ્સન જેવો 'બીક એટલે શું તે હું જાણતો નથી.' એમ કહેનારો જવલ્લે જ જડશે. સામાન્ય રીતે બાળકને હરકોઈ જાતની બીક લાગે જ છે. બીક લાગે છે એટલે કે બાળકના મનમાં એવી લાગણી પેદા થાય છે કે બીક લાગતી વસ્તુ દ્વારા પોતાને ભારે ઇજા થઈ જશે.

માનસશાસ્ત્રીઓ બીક લાગવાનાં મુખ્ય ચાર કારણો ગણાવે છે: (૧) અચાનક થયેલ મોટો અવાજ, (૨) બીજા માણસે ભીતિથી પાડેલી ચીસ -સાંભળવી અગર તેની ભયભીત થયેલી મુદ્રા જોવી, (૩) પોતાની નીચેનો આધાર સીધ જવાની પરિસ્થિતિ ઉત્પન્ન થવી, (૪) કોઈ અજાણી બાબતનો સામનો કરવો પડવો. આમ બીક લાગવાનાં મુખ્ય ચાર કારણો ગણાવાય છે,

તોપણ અનુભવ બતાવે છે કે શરૂઆતનાં એકાદ બે વર્ષમાં જ બાળક અનેક બાબતોથી બીતું થાય છે. આમ કેમ બનતું હશે? વૉટ્સન નામના એક વૈજ્ઞાનિકે પ્રયોગો કરીને આ બાબતમાં ઘણી શોધ કરી છે. તેનો એક પ્રયોગ આવો હતો.

એલ્બર્ટ નામનો એક ૧૧ મહિનાનો બાળક હતો; સુરેખ, ભરાવદાર અને રમતિયાળ બાળક હતો. તેને કશાની બીક (ઉપર ગણાવી તે ચાર બાબતો વિના) લાગતી નહિ. ગમે તેને અડવું હોય તો એલ્બર્ટ સદા તૈયાર જ હોય. ઉંદર કે સસલાથી તે બીતો તો નહોતો જ, પણ ભોગ-જોગે હાથમાં આવી જાય તો તેને મસળવાનું ને ચૂંથવાનું કલ્પાંતે પણ ચૂકે નહિ તેવો હતો. પેલા વૈજ્ઞાનિકે વિચાર્યું, "ચાલો આ બાળકમાં જ પોતાના વહાલા સસલા અંગે જ બીક ઉત્પન્ન કરી શકાય છે. કે કેમ તે જોઈએ." પ્રયોગ માટે તેણે એવી યોજના કરી કે જ્યારે જ્યારે એલ્બર્ટ પોતાના પ્રિય સસલાને પંપાળવા હાથ લાંબો કરે તે જ ક્ષણે પાછળ (તે ન દેખે તેમ) એક કોશ સાથે બીજી કોશ અફાળીને જબરો અવાજ કરવો જેથી એલ્બર્ટને ધ્રાસ્કો લાગે. ગમે ત્યારે સસલાને અડે તોપણ એવો જ જબર અવાજ કરવામાં આવતો. થોડા દહાડામાં જ એલ્બર્ટને સસલાની એવી તો બીક પેઠી કે સસલાને તે દૂરથી જુએ ત્યાં જ ભયભીત બની જતો, રડવા લાગતો અને જે કોઈ ઓથ મળે તેની પાછળ લપાઈ જતો. આ પ્રયોગમાં જરા ક્રૂરતા રહેલી છે એ વાત સાચી; રમતિયાળ નીડર બાળકને આમ ડરતો કરી દેવો એમાં બેશક એક જાતની નિષ્ઠુરતા છે જ. પણ એનો હેતુ તો બાળકમાં ભીતિ શા કારણે ઉત્પન્ન થાય છે એ પ્રશ્નનો જવાબ મેળવવાનો હતો, એટલે ચલવી લેવાય. આ પ્રયોગથી બાળકમાં પેઠેલી બીક દૂર કેમ કરી શકાય એ અગત્યના મુદ્દાનો પણ ઉકેલ આવ્યો, એ પ્રયોગની સારી બાજુ છે. ભારે જબરા કર્કશ અવાજ સાથે સસલાના સ્પર્શનું જોડાણ આણ્યું તેથી ભીતિ ઉત્પન્ન કરી શકાઇ એ જો સત્ય છે, તો બીજી કોઇ દિલને પ્રસન્ન કરતી ઘટના સાથે ફરી સસલાના સ્પર્શને જોડી દેવામાં આવે તો એ જ ભીતિ દૂર પણ કરી શકાય. આ વિચારસરણી અનુસાર એલ્બર્ટ ઉપર બીજો પ્રયોગ અજમાવી જોવાનું ઠર્યું. એલ્બર્ટને અર્થાત ખાવાનો ભારે શોખ હતો. જ્યારે તે જમવા બેસતો ત્યારે દૂર ફકત એલ્બર્ટની નજરે પડે એવી રીતે સસલાને હાજર રાખવાનુ શરૂ કર્યું. એલ્બર્ટ ખાવાના પોતાના પ્રિય વ્યવસાયમાં ગૂંથાવાને કારણે એ સસલા વિષે જરા બેદરકાર થતો ગયો; સસલો ઘણે દૂર રહેતાં એ પણ બરું જ. પણ વૈજ્ઞાનિક, એલ્બર્ટના ધ્યાનમાં ન આવે એમ એની અને સસલાની વચ્ચેનું અંતર આસ્તે આસ્તે રોજ ઓછું કરતો જતો હતો. હમેશાં ખાવાને વખતે જ સસલો દેખાવાને પરિણામે સસલાની બીક એલ્બર્ટના મનમાંથી ઓસરતી ચાલી, અને થોડા દહાડામાં જ પાછો પહેલાંની પેઠે જ સસલા સાથે તે ગેલ કરતો થઇ ગયો. પછી તો એક હાથે સસલાને પંપાળવાનું અને બીજે હાથે જમવાનું એટલે સુધી એ દોસ્તી પહોંચી ગઈ.

આપણા રોજના વ્યવહારોમાં પણ વૈજ્ઞાનિકે આ પ્રયોગમાંથી તારવેલા સિદ્ધાંતનો અનુભવ થયા કરે છે. ઘણી વાર ભયનાં ઉપર ગણાવ્યાં ચાર કારણો સાથે જોડાવાને પરિણામે છેક નિરુપદ્રવી બાબતોથી પણ બાળક બીવા લાગે છે. દિવાળીમાં ચારે પાસ ફટાકડાઓના નાના તેમ જ પ્રચંડ અવાજો થયા કરે છે. દોઢ બે વર્ષનાં નાનાં

બાળકો એ કારણે અથવા કોઇ વાર દાઝવાની બીકથી પુષ્કળ બીએ છે. એક વરસની બેબી બેપોલેો બંદર તરફ શાંત વાતાવરણમાં રહેતી હતી; ત્યાં ફટાકડાના અવાજે તેણે સાંભળેલા નહિ. પણ ગિરગામમાં પોતાને મેાસાળ જતાં જ ચારે બાજુ તડફટાડી ચાલ્યા જ કરે. પરિણામે તેને મેાસાળની એવી બીક પેસી ગઈ કે એ દૂર કરતાં મહા મુશ્કેલી થઇ પડી.

મેાટા પ્રચંડ અવાજથી બીવું સાવ સ્વાભાવિક બિના છે, એ ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ. નાના બાળકને ઘણી શાંતિ આવશ્યક ગણાય છે તેનું કારણ આ જ છે. પણ ત્યારે નાના બાળકોને મેાટા અવાજેથી પરિચિત કયારે અને શી રીતે બનાવવાં એ પ્રશ્ન સહેજે ઉદ્ભવે છે. જીવનભર કોઈ શાંત ઓરડીમાં જ ભરાઇ રહેવું સાવ અશક્ય છે. મેાટી ઉંમરે પણ ભારે જબરા અવાજેની અસર ભરપ્રદ જ રહે છે, એ આપણે પણ જાણીએ છીએ. બૉંબમારામાં કશાથી વધારે નુકશાન થતું હોય તેા તે સ્ફેાટક દ્રવ્યેાના થતા કાન ફાડી નાખે તેવા પ્રચંડ અવાજે અને વિમાનેાના ઘરઘરાટથી જ થાય છે. બૉંબમારામાંથી બચેલા લેાકેા કહે છે કે પ્રત્યક્ષ બૉંબમારામાં એકાદ બેાંબ પડે ને મરી જઇએ તે સારું, પણ એ ભયાનક અવાજે અને છાતીમાં થઇ રહેલ ધડકાર સહન નથી થતા! અર્થાત અવાજની બીક છેક નિર્મૂળ કરવાનું માણસના હાથની વાત નથી. તેાપણ એનાથી લાગતી બીક ઓછી તેા કરી જ શકાય. અવાજની કુદરતી રીતે જ બીક લાગે છે. પણ અવાજની સાથે અજ્ઞાત વસ્તુની બીક જોડાતાં એનું પ્રમાણ ઘણું વધી જાય છે. શા કારણે અવાજ થાય છે તે, તથા તેનું શું પરિણામ આવવું શક્ય છે તે જાણતા હેાઇએ તેા અવાજને કારણે લાગતી બીક ઘણી ઓછી થઇ જાય છે. બાળકને પણ ભયનું આ કાર્યકારણ તે સમજી શકે એવી રીતે તેના ખ્યાલમાં આણ્યું હેાય, અગાઉથી અવાજ કેવેા થશે એનેા થેાડેાશેા ખ્યાલ આપ્યેા હેાય, અને એનું અચાનકપણું તથા અજાણપણું ઓછું કર્યું હેાય તેા અવાજથી લાગતી બીકની ઉગ્રતા કંઇક ઓછી ભાસે. દિવાળીમાં ચારે બાજુ ફટાકડાની તડફટાડી ચાલતી જ હેાય. એવે વખતે બાળકને શાંતિથી સમજાવીએ કે "જો, હવે આ ફટાકેા ફૂટે છે; ફટ કરતેા અવાજ થશે હેાં! ચાલેા, ખબરદાર!" અને એ રીતે એને મેાટેા અવાજ સાંભળવા અગાઉથી તૈયાર રાખ્યું હેાય તેા બાળકના મનમાં એની બીક નથી રહેતી. પણ આવી તૈયારીની જરૂર પેાતે સમજીને ઘરનાં વડીલેાએ શાંતચિત્તે બાળકને પાસે બેસાડી જરા સમજાવીને કરવી જોઇએ. એને બદલે જો માત્ર બીવા બદલ બાળકને વઢવામાં આવે તેા પરિણામ ઊંધું જ આવવાનું. છેક ૭–૮ મહિનાનું નાનું બાળક હેાય તેને આવી રીતે કશું ન જ સમજાવી શકાય. પણ એવે પ્રસંગે અવાજ થાય ત્યારે કોઇ-મેાટેરાંએ બાળક પાસે હાજર રહેવું, અને અવાજ થાય ત્યારે એને આનંદથી વધાવી લેવેા; બાળક જાગતું હેાય તેા "ચાલેા, ગમ્મત થાય છે તે જોવા જઇએ." એમ કહી ફટાકડા ફૂટતા હેાય ત્યાં બાળકને લઇ જવું; વગેરે સાવચેતી મેાટેરાંએ રાખવી જોઇએ. અને ત્યાં સુધી બાળક સમજણું થાય ત્યાં સુધી એને શાંતિભર્યું વાતાવરણ મળે એ જ ઇષ્ટ છે, જો કે મુંબઈ જેવા માણસેાથી ભરચક શહેરમાં સામાન્ય સ્થિતિના માણસ સારુ એમ બનવું અશક્ય છે.

(અપૂર્ણ) સુલભાબાઈ પાણંદીકર.

બાળકો સાથે મૈત્રી

બાળકો સાથે મિત્ર બની જતાં બધાંને આવડે છે એમ ન કહેવાય. સામાન્ય રીતે બાળકોને મોટેરાં પાસે જતાં બીકની લાગણી થાય છે. પહેલી વાર મળતાં બાળકોને પોતા તરફ આકર્ષી લેતાં બહુ થોડાંને ફાવે છે. બાળકોને આકર્ષવામાં કોઈ જાદુ રહેલું છે એમ તો ન જ કહેવાય. સામાન્ય રીતે મોટેરાંઓને પરસ્પર નજીક આણવા સારુ જે ગુણો આવશ્યક છે તે જ ગુણો બાળકની બાબતમાં પણ જરૂરના છે. વર્તનની સરલતા, મળતાવડાપણું, આનંદી સ્વભાવ અને સહુથી વધારે અગત્યનું બાળકો તરફની સાચા જિગરની સહાનુભૂતિ: આટલા ગુણો હોય તો જ બાળકો મોટેરાં નજીક જાય છે; નહિતર તેમનાથી દૂર ભાગ્યા કરે છે.

મોટેરાંઓ સંબંધે બાળકોના દિલમાં જે ભયની લાગણી રહ્યા કરે છે તેને સ્થાને જો વિશ્વાસ ઉત્પન્ન થાય તો જ બાળકો સાથે મૈત્રી થઇ શકે છે. બાળકોને લાગતી બીકનાં કારણો અનેક હોય છે. અંધારાને કારણે જેમ શારીરિક ભીતિ લાગે છે, એ જ પ્રમાણે એકલાપણાની, મશ્કરીની અને સ્વાભિમાનને આઘાત પહોંચે તેની પણ ભીતિ હોય છે. આ બીજી જાતની માનસિક બીકોને કારણે જ બાળકો મોટેરાંથી દૂર નાસે છે. અર્થાત્ આ બીક દૂર થતા પહેલાં બાળકોને મોટેરાં વિષે દિલમાં વિશ્વાસ પેદા થવો જોઇએ. આવો વિશ્વાસ થોડા વખતમાં કે એકાદબે દહાડામાં પેદા થઇ શકતો નથી. એમ પણ લાગે છે કે અન્ય પ્રાણીઓ પેઠે માનવબાળમાં પણ એ જાતનું જ્ઞાન જન્મતઃ હોવું જોઇએ, કેમકે ખરેખરો સાચો પ્રેમ કોના દિલમાં છે અને કઇ વ્યક્તિ માત્ર બતાવવા પૂરતું જ વહાલ કરે છે તે તેઓ પહેલે જ સપાટે જાણી જાય છે. એ જ કારણે કેટલાક લોકો સાથે બાળકો તુરત હળી જાય છે જ્યારે કેટલાકથી તેઓ કાયમ દૂર જ નાસતાં ફરે છે.

વળી બાળકો સાથે મૈત્રી બાંધવી હોય તો તેમની સાથે કેમ બોલવું તે બરાબર જાણવું જોઇએ છે. બાળકો સાથે કયા વિષય ઉપર, કેવી રીતે અને શી વાત કરવી એ જેઓ બરાબર જાણે છે, તેઓ જ બાળકો પાસે પહોંચી શકે છે. બાળકો સાથે ખુલ્લા દિલથી હસવું, બાળકો સાથે બાળક બની જવું, એ એનાં આવશ્યક અંગો છે. જેઓ બાળકો સાથે હસીખેલી શકતાં નથી તેમને બાળકો સાથે વાતો કરતાં પણ ફાવતું નથી. આપણે જો એમ માનતાં હોઇએ કે મોટેરાંઓ ઉચ્ચ વિચાર ધરાવતાં હોય છે અથવા તો તેમનાં જ્ઞાનના ક્ષેત્રો ઘણાં વિવિધ હોય છે, ને તેથી તેમને બાળકોની કક્ષાએ ઊતરતાં ફાવતું નથી, તો તે ભૂલ છે. બરાબર વિચાર કરતાં જણાશે કે બાળકોનાં વિચારોનાં ક્ષેત્રો જ અનેકવિધ હોય છે. જીવનમાં તેઓ નવેસરથી ઉત્સાહપૂર્વક પ્રવેશ કરતાં હોય છે, અને તેથી ઝીણી ઝીણી પણ અનેક જાતની જિજ્ઞાસાઓ અને અનેક જાતનાં આકર્ષણો તેમને થયા કરે છે. આથી જ બાળકો આવા ઘણા સવાલો પૂછે છેઃ "કપ તળે રકાબી રાખવાનું શું કારણ છે?" "માખી છત ઉપર ઊંધે માથે કેમ ચાલી શકે છે?" વગેરે.

મોટેરાંની ભૂલ એ હોય છે કે બાળકો સાથે વાત કરતી વેળા તેઓ પોતાની જાતને ઉચ્ચ કક્ષાનાં ગણીને જ વાત શરૂ કરે છે. આથી તેઓ વાત કરતી વખતે શિક્ષકના જેવું વલણ

રાખે છે, અને બાળકને કશુંક જ્ઞાન આપવાની ઇચ્છાથી જ વાત આદરે છે. બાળકોને મોટેરાંની આ રીત–વલણ જરા ય ગમતું નથી. બાળકો સાથેની વાતચીતમાં મોટેરાંને પણ ઘણું શીખવાનું મળે છે તે તેઓ ભૂલી જાય છે. ઊલટ જો આપણે બાળકોના દૃષ્ટિબિંદુથી હરેક પ્રશ્નનો વિચાર કરશું તો આપણને માલૂમ પડશે કે આપણે ઘણું નવું નવું એ પ્રશ્ન અંગે જાણી શકીએ તેમ છે. આમ કરવાથી જ બાળકો અને આપણ મોટેરાંઓ મિત્ર બની શકશું. બાળકોની ઘરઘરની કે નાસ્તાની રમતમાં આપણે જોડાઇએ અથવા તેમનાં તરંગી મનોરાજ્યોમાં સમરસ બની જઇએ તો બાળકો આપણી સાથે રંગમાં આવી જાય છે. એટલું બસ કે આપણે ભળીએ તે ઉપરછલ્લું નહિ પણ જાણે સ્વાભાવિક રીતે જ થતું હોય એમ ભળવું જોઇએ; બાળકોના ઉપહાસની વૃત્તિ તો તેમાં કદી પણ ન જ હોવી જોઇએ.

શરમાળ બાળક સાથે શરૂઆતમાં આપણે જ વધારે પડતું અથવા બધું જ બોલવાનું કામ કરવું પડે છે. પણ વાતનો વિષય ઘરગથ્થુ રાખ્યો હોય અને ભાષા સાદી ને સરળ વાપરી હોય, તો બાળક ધીરે ધીરે થોડું કે બોલવા માંડે છે. હરકોઇ બાળકને જો તમે હસાવી શકો તો તમે જીત્યા એમ સમજવું. બાળકોને પેટ પકડીને હસાવનાર વ્યક્તિ એકદમ તેમને વહાલી બની જાય છે, અને હસવાને કારણે બાળકો પણ તુરત વશ થઇ જાય છે.

બાળકોને હસાવવામાં બાસ વિનોદની આવશ્યકતા છે એવું કશું નથી. બાળકોને સરકસ માંહેનો વિદૂષક બહુ ગમે છે. બાળકો કશીક રમૂજ થતી દેખે એ અગત્યનું હોય છે. જરાક બાઘાઇ, ડબલાઇને પડી જવું, કોટ ઊંધો પહેરવો, વગેરે કરવાથી બાળકો હસી પડે છે. આ જ કારણે લૉરેલ–હાર્ડી બાળકોને બહુ ગમે છે. બાળકોની મજાક ઉડાવવી અને એ રીતે હસવાનો પ્રસંગ આણવો તથા બાળકોને ખુદ હસાવવાં, એમાં ઘણો તફાવત રહેલો છે. બાળકોની મશ્કરી કરી આપણે હસીએ તે તેમને રુચતું જ નથી; ઉપેક્ષાને કારણે ઊલટું તેમનું દિલ દુભાય છે. મોટેરાંઓ પોતાની જરા ગમ્મત થાય તો તેનો આનંદ માણી શકે છે; બાળકોનું તેવું નથી. અર્થાત બાળકોને હસાવવામાં સહુ સાથે જ ગમ્મત અનુભવે અને આનંદ માણે એમ થવું જોઇએ.

મોટાઇનો અહંભાવ રાખીને કે મોટાનું અતિઠાવકાપણું બતાવીને બાળકો સાથે કામ પાડવું બરાબર નથી. જેઓ પોતાની જાતને મોટેરાં–ઉચ્ચ માને છે અને બાળકોને નાનાં–ક્ષુદ્ર ગણે છે, તેમની સાથે વાતો કરવાનું પણ બાળકો પસંદ કરતાં નથી. બાળકોને એવી જ વ્યક્તિ પ્રિય થાય છે, જે તેમની સાથે તેમની કક્ષાએ રહીને જ હસેબોલે. ઉપદેશ આપવા નીકળનાર મોટેરાં પાસેથી બાળકો કઇ ક્ષણે પસાર થઇ જવું તેની જ રાહ જોતાં હોય છે; ને તક મળતાં નાસી જવામાં ક્ષણની પણ વાર લગાડતાં નથી.

બાળકો સાથે મૈત્રી કેળવવા ઇચ્છનારે ઉપરની બાબતો ધ્યાનમાં રાખી કામ લેવાથી ફતેહ મળશે એમાં શંકા નથી.

ભા. ઘો. કર્વે

સંઘ સાથે જોડાયેલાં નવાં બાલમંદિરો:–(૧) બાલમંદિર, નાર–તા. પેટલાદ.

માબાપોના પ્રશ્નો

મારું બાળક અન્ય બાળકો સાથે કેમ ભળે ?

એક કેળવાયેલ માતા પૂછે છેઃ–

"મારે એક જ દીકરી છે. તે ત્રણ વર્ષની થઈ છે, પણ બીજાં બાળકો સાથે હળતીભળતી નથી. મને એમ લાગે છે કે તેનામાં સામાજિક ભાવના ઓછા પ્રમાણમાં છે. અન્ય બાળકોનો સહવાસ મળે ને મિત્રો થાય માટે ધરાદાપૂર્વક હું આસપાસનાં બાળકોને મારે ત્યાં બોલાવું છું અને કંઈક ખાવાનું પણ આપું છું. પડોશીનાં બાળકો મારે ત્યાં લહેરથી આવે છે ને ઘણો વખત રમી આનંદ કરી પાછાં જાય છે. એ બાળકો રમતાં અને દોડાદોડી કરતાં હોય ત્યારે પણ મારી દીકરી તો મારી પાસે જ બેસી રહે છે; તે બધાં બાળકોની રમતો જુએ છે પણ તેમની વચ્ચે રમવા દોડી જતી નથી. બીજાં બાળકોમાં ભળવા માંડે એ હેતુથી મેં તેને એક બાલમંદિરમાં મોકલવા માંડી છે. પરંતુ ત્યાંનો અનુભવ પણ એવો જ છે; બીજાં બાળકો સાથે જોડાઈ જવાને બદલે તે ત્યાં શિક્ષક પાસે જ બેસી રહે છે. મને મારી દીકરીની એ ઊણપ લાગે છે. તે દૂર કરવાનો આપ કોઈ રસ્તો બતાવશો ? તમે એમ તો નથી માનતાં ને, કે બાળકના મૂળ સ્વભાવમાં કશો ફરક પડતો જ નથી ?"

જવાબ

મેં તમારી દીકરી જોઈ છે. મારી એવી માન્યતા છે કે તમે જે ભારે ચિંતા ઉઠાવી રહ્યાં છો તેટલી ચિંતા કરવા જેટલી તે એકલશરી નથી. મારે ત્યાં આવી ત્યારે બીજાં બાળકો સાથે તે પણ દોડાદોડીની રમત કરતી હતી. નાના બાબાને જોઈ તે આનંદ પામતી હતી, અને તેને રમાડવા પણ જતી હતી. બે દિવસ પહેલાં પેલી મંડળી વખતે પણ તે બીજાં બાળકોમાં રમવા જવા તૈયાર જ હતી. એકંદરે મારું એવું માનવું છે કે તમે ધારો છો તેટલે અંશે તમારી દીકરી અતિશય શરમાળ, અતિશય બીકણ અથવા છેક એકલશરી નથી.

પણ તમારે ત્યાં તે પડોશનાં બાળકોમાં શા માટે ભળતી નથી એનું કારણ અવલોકન કરીને શોધી કાઢવું જોઈએ. જે કારણે તે તમારે ત્યાં પડોશનાં બાળકો સાથે ભળતી નથી એ જ કારણે તે બાલમંદિરનાં બાળકો સાથે પણ ભળતી ન હોય એમ બનવા જોગ છે.

એમ પણ હોઈ શકે કે પડોશનાં બાળકો તમારી દીકરી કરતાં ઉંમરે ઘણાં મોટાં હોય. નાનાં બાળકો માટે એકાદબે વર્ષની ઉંમરનો ફેર પણ ઘણો મોટો બને છે. ચાર વરસનું બાળક જેટલું જોરભેર અથવા દૂર સુધી દોડી શકે છે અથવા રમી શકે છે, એટલું જોર ત્રણ વર્ષના બાળકમાં હોતું નથી, તેટલું તે દોડી શકતું નથી અથવા તેટલા જોસથી તે રમી શકતું નથી.

એમ પણ બનવાજોગ છે કે તમારા પડોશનાં બાળકોની રમતો વધારે મસ્તીભરી–બાંગરાઈવાળી હોય, અને એટલી ધક્કામુક્કી તમારી દીકરીથી સહન ન થતી હોય. આમ હોય તો તે પેલાં બાળકોને રમતાં એકી એકી જોયા કરે એ સ્વાભાવિક છે. કેટલાંક બાળકો ધક્કામુક્કી કે પડવું આખડવું વગેરે કંઈ રમતો રમી શકે છે, જ્યારે કેટલાંક બાળકો એવી સખત રમત સહન નથી કરી શકતાં.

ત્રીજું એમ પણ બનવાજોગ છે કે તમારી પડોશનાં બાળકોની ભાષા તમારી દીકરીને આવડતી જ ન હોય, અને પરિણામે તે બીજાં બાળકોમાં ભળી શકતી ન હોય–ભળવાની મરજી થતી ન હોય. જો કે ભાષા અંગે મારો અનુભવ

એમ કહે છે કે બાળકોને અંદરઅંદર રમવા સારુ ભાષાની આવશ્યકતા ઓછી રહે છે. મારા બાલ-મંદિરમાં ૨ા કે ૨ાા વર્ષની ઉંમરનાં બંગાળી અથવા મદ્રાસી બાળકો પણ ઝટ દઈને રમતાં થઇ જાય છે. દરેક બાળક પોતાની ભાષામાં બોલે છે, અને સામાને તેમાંનું કશું સમજાતું નથી તોપણ તેઓ આનંદથી સાથે રમી શકે છે. અને એમ કરતાં કરતાં થોડા દહાડામાં પોતાના ઉપયોગ પૂરતી નવી ભાષા પોતે જ દે છે. એમાં જુદી જુદી બધી ભાષાના શબ્દોનો બેશક ખીચડો જ થાય, પરંતુ બાળકોનું કામ રડે છે. એટલે કે સાધારણ રીતે બાળકોને અંદરઅંદર રમવા કે ભણવામાં ભાષાની અડચણ આવતી નથી. છતાં કેટલાંક બાળકો આવી મુશ્કેલી અનુભવે એવું બને ખરું.

આમાંથી, અથવા આવા જ બીજા કયા કારણે તમારી દીકરી બીજાં બાળકો સાથે ભળતી નથી તે તમે સહેજે શોધી શકશો. વળી તમારી દીકરીને હવે તો બોલતાં સારી રીતે આવડે છે. એટલે તેની સાથે વાતો કરી કરીને પણ તમે કાંઇક કારણ હોય તો જાણી શકશો.

એવું પણ બનવાજોગ છે કે તમે લખો છો તે જાતનું તમારી દીકરીનું સ્વાભાવિક વલણ પણ બહુ હળવા ભળવાનું ન હોય. કોઇ બાળક પ્રમાણમાં વધારે પડતું અંતર્મુખ (introvert) હોવાનો સંભવ છે. એવા બાળકના સ્વભાવમાં ધરમૂળથી ફેરફાર થઇ શકતો નથી. પણ જો બાળક વધારે પડતું અંતર્મુખ છે એમ લાગે તો તેને બહિર્મુખ થવામાં અવશ્ય મદદ કરવી જોઇએ. ખાસ કરીને આવાં બાળકોને પોતાની આંતર ભાવનાઓ વ્યક્ત કરવાનો હરકોઇ માર્ગ સુઝાડી દેવો જરૂરનો હોય છે. આવો માર્ગ ચિત્રકામ કે માટીકામ જેવાં કામોમાંથી મળી શકે છે. આવાં બાળકો બીજા સાથે ભળીને અગર મોંએથી બોલીને પોતાનું અંતર વ્યકત ન કરતાં હોય–અંતર સાફ ન કરી નાખતાં હોય તેમને માટે કોઇ કલા અગર તો ભવિષ્યમાં લેખન દ્વારા આત્માને વ્યકત કરવાનો માર્ગ મદદગાર થાય છે. ઉપરાંત શાળામાં જવું, ક્રીડાંગણોમાં રમતમાં જોડાવું, નાટકો અથવા નાનામોટા સંવાદોમાં ભાગ લેવો, બોર્ડિંગોમાં રહેવા મોકલવું, વગેરે રસ્તે તેઓ બીજાં બાળકો સાથે વધારે બોલતાં અને ભળતાં થાય એવું અવશ્ય કરવું જોઇએ. એટલું ધ્યાનમાં જરૂર રાખવું કે આ બધા માર્ગો લેવાય તે સ્વાભાવિક રીતે જ લેવાય છે એમ થવું જોઇએ. પોતાને માટે ખાસ ચિંતાને લઇ માબાપો આવા રસ્તાઓ યોજે છે એની જાણ બાળકને થવી ન જોઇએ, નહિતર આ બધામાં ભળવા અને જવા છતાં બાળક એ બધાથી અલિપ્ત રહે અને પોતાની જાતમાં જ મગ્ન બને એવું બની જાય છે.

વળી એ પણ તપાસી લેવું ઘટે છે કે બાળકની આ જાતની અંતર્મુખવૃત્તિ સ્વાભાવિક છે કે કોઇ બહારની પરિસ્થિતિને કારણે ઉત્પન્ન થયેલી છે.

તમારી દીકરીની બાબતમાં તેને પોતામાં આત્મવિશ્વાસ પેદા થાય તથા અન્ય કોઇ તેને ચીડવે, મારે કે તેના પર ગુસ્સે ન થાય એવા વાતાવરણમાં તેને રાખો. તેને શું ગમે છે અથવા શું નથી ગમતું એનો નિર્ણય એ જાતે જ કરે એવું યોજો, અને એ નિર્ણય અનુસાર દૃઢતાથી તે વર્તે એવીગોઠવણ રાખો. એ પણ તપાસી જોજો કે તમારું અથવા તો દીકરીના પિતાનું અતિ ભારે વ્યક્તિત્વ બાળકને કચરી તો નથી નાખતું? મારે તમને આગ્રહપૂર્વક છેલ્લી સલાહ એ આપવાની છે કે તમે તેના વિષે જે વધારે પડતી ચિંતા સેવો છો તે તો સાવ છોડી જ દો. એમ કરશો તો તમારી દીકરી અવશ્ય બીજાં બાળકો જેવી જ સમધારણ બાળકી થશે. —તા૦

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૪–૧૨–૪૩.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

બાળકની શરૂઆતની ક્રિયાઓ માત્ર હરકોઈ પ્રકારની હિલ-ચાલના સ્વરૂપની હોય છે. આ ક્રિયાઓ જ્યારે હેતુપૂર્વકની બને, જ્યારે એ ક્રિયાઓ પરિણામદાયી બને, ત્યારે તેમને સર્જન તરીકે ઓળખવામાં આવે છે. આવાં સર્જનો મારફત બાળકના મનનો આવિષ્કાર થતો જાય છે; અને તેને સંપૂર્ણ આનંદ મળે છે. એટલે જ બાળક પાસે ક્રિયાઓ કરાવવી તથા તેને યોગ્ય માર્ગદર્શન કરાવવું એને પણ શિક્ષણનું જ એક અંગ ગણવામાં આવે છે.

—ના. સ. પટવર્ધન

વર્ષ ૧૮ : : કાર્યાલય : : અંક ૧૧

૨૦૦૦ રાવપુરા : વડોદરા પોષ

શિક્ષા—વિચાર

શિક્ષાના બે પ્રકારો છે. વગર વિચારે, ગુસ્સામાં અથવા તો ટેવને કારણે થતી શિક્ષાનો એક પ્રકાર છે; લાંબા વિચાર પછી ગુનાને ધ્યાનમાં લઇને કરવામાં આવતી શિક્ષાનો બીજો પ્રકાર છે.

સામાન્ય રીતે બધાં ઘરોમાં જે જાતની શિક્ષાનો અમલ થાય છે તેનો સમાવેશ મોટે ભાગે પહેલા વર્ગમાં થઇ શકે છે. ઘણી વાર શાળાઓમાં થતી શિક્ષાઓ પણ આ જ કોટિમાં સમાઈ જાય છે. "શા માટે શિક્ષા કરી?" એમ પૂછશું તો બધા એક જ જાતનો જવાબ આપશે: "ગુસ્સો ચડ્યો એટલે મારી લીધું."

પણ ગુસ્સો શા માટે આવે છે?

એનાં અનેક કારણો હોઇ શકે. બાળકોએ અમુક રીતે જ વર્તવું—ચાલવું જોઇએ, વગેરે અંગે મોટેરાંઓની ચોક્કસ માન્યતાઓ બંધાઇ ગયેલી હોય છે. આ માન્યતાઓની પાછળ ઘણી વાર વડીલોની પોતાની વિચારણા રહેલી હોય છે; ઘણી વાર પોતાનો ગમોઅણગમો અથવા સ્વભાવ પણ કારણભૂત હોય છે; કેટલીએક માન્યતાઓ સમાજમાં રૂઢ થઇ ગઇ હોય છે, તો કેટલીએક પોતાના વડીલો મારફત વારસામાં મળેલી હોય છે. આવી અનેક માન્યતાઓ આપણા મનમાં વસતી હોય છે. એમાંથી કોઇ એકાદ માન્યતાથી ઊલટું વર્તન બાળકનું દેખાય કે તરત સવાલ થાય છે: "બાળક આમ કેમ કરે છે?" દાખલા તરીકે બાળક મોટેથી બૂમ પાડીને બોલ્યા કરે; અગર "આમ કર." એમ કહેતાં ઊલટું સામે જ સવાલ કરે કે "શા માટે? હું તેમ નહિ કરું." અથવા મોટેરાંની ઉપયોગની કોઇ ચીજોને તે નુકસાન પહોંચાડે અથવા મહેમાનોની હાજરીમાં આડુંઅવળું બોલે કે ન ગમતું કાંઇ કરે, એટલે તુરત મોટેરાંના હુકમો છૂટે છે: "એમ ન થાય!" અને જો બાળક માને નહિ તો તેને શિક્ષાનો લાભ પણ તુરત મળે છે!

વડીલોની તે તે વખતની માનસિક પરિસ્થિતિ પણ તેમને ગુસ્સો ચડવામાં કારણભૂત હોય છે. ગુસ્સો ચડે એવો કોઇ બનાવ અન્ય સ્થળે તે દહાડે અનુભવાયો હોય તોપણ એનું પ્રદર્શન બાળકો આગળ જ થાય છે. આવી જાતની શિક્ષાના ભોગ બાળકો ઘરમાં જ બને છે એવું નથી; શાળામાં માસ્તરોને હાથે પણ આ જ જાતના ગુસ્સાઓનાં પ્રદર્શન રોજ થાય છે. સમજુ બાળકો કે મોટા વિદ્યાર્થીઓ આવે વખતે મશ્કરી પણ કરી લે છે: "આજે માસ્તર કાંઇ ઘેર બહુ ગુસ્સે થયા લાગે છે!" અગર "હેડ માસ્તરે બરાબર ટાપલી પાડી હશે, એટલે એ ગુસ્સો આપણા પર અહીં ઉતારે છે!" સાસુ અથવા નણંદ પર આવેલો ગુસ્સો માતા બાળક પર કાઢવે છે તેમ ઑફિસમાં ચડેલો ગુસ્સો પણ બાપ ઘેર આવી બાળકો પર ઉતારે છે, એ રોજના અનુભવની વાત છે.

બાળકોને થતી શિક્ષાના ત્રીજા કારણરૂપે વડીલોની શારીરિક અસ્વસ્થતા પણ હોઇ શકે છે. કોઇ કોઇ વાર અનેક કારણે વડીલોના જ્ઞાનતંતુઓ એટલા નાજુક બની ગયા હોય છે કે બાળકો જરા સરખું તાણીને હસે, બોલે કે રમે તોપણ તેમનાથી સહી શકાતું નથી. આવા કિસ્સાઓમાં બાળકોની હઠ, તેમનું બેશિસ્તભર્યું વર્તન, દોડાદોડી કે મારામારી તો ક્યાંથી જ

સહ્ય થઇ શકે ? સુવાવડને અંતે સ્ત્રીઓની આવી માનસિક તંગ સ્થિતિ ઘણી વાર બને છે. ઘણી વાર શિક્ષકો પણ આવી તંગ માનસિક અવસ્થામાં હોય છે. અપરિણીત શિક્ષિકાઓ જ્યારે સ્વેચ્છાથી કે ઉમળકાથી નહિ પણ અન્ય કોઇ દબાણને લઇ બાળકો સાથે કામ કરતી હોય છે, ત્યારે આવા માનસિક તાણોના પ્રસંગો ઘણી વાર બને છે. આવે વખતે તેમનામાં વિનોદવૃત્તિનો છેક અભાવ હોય છે, અને તેથી બાળકોનું 'તોફાન' તેઓ સહી શકતી નથી. એથી ઊલટું નાનાં બાળકોને આ ઉંમરે ગમ્મત કરવાનું, હસવાનું અને જરા મજાક ઉડાવી લેવાનું બહુ જ ગમતું હોય છે.

વિચારપૂર્વક કરવામાં આવતી શિક્ષાનો હેતુ શિસ્તપાલન અને સારી ટેવો પાડવાનો હોય છે. શિક્ષણશાસ્ત્રમાં હમેશાં એવું પ્રતિપાદન પણ કરવામાં આવે છે કે ગુસ્સામાં આવી જઇ અવિચારીપણે કદી શિક્ષા ન કરવી; શિક્ષા કરતી વેળા મગજ શાંત જોઇએ, અને વિચારપૂર્વક બાળકોને સુધારવાના ઉદ્દેશથી જ શિક્ષાનો અમલ થવો જોઇએ. બીજી રીતે બોલીએ તો શાળાઓમાં કરવામાં આવતી શિક્ષાઓનો હેતુ ગુનેગારને પોતે કરેલા ગુના બદલ કશુંક દુઃખ અથવા ત્રાસ થવો જ જોઇએ એવો નથી, પણ તેને હાથે એવા ગુનાઓ–ભૂલોનું ફરી પુનરાવર્તન ન થાય એ હેતુ હોય છે. ટૂંકમાં શિક્ષાનો અમલ વેર લેવા સારુ નહિ પણ થયેલી ભૂલોને સુધારવા–ઉપચાર તરીકે કરવામાં આવે છે.

આ રીતે જોતાં જૂની પાપપુણ્યની વિચારસરણીને સ્થાન રહેતું નથી. અમુક કામ કરવાથી પાપ લાગે, તે બદલ ભગવાન દુઃખ આપે–શિક્ષા કરે, એવું દુઃખ આ જન્મે નહિ તો આવતે જન્મે પણ સહન કરવું પડે અથવા જમપુરીમાં યાતનાઓ સહન કરવી પડે, જમ બળબળતા અંગારા પર ચલાવે કે તપાવેલા લોહસ્થંભો સાથે બાથ ભિડાવે, વગેરે વિચારોને જરા ય અવકાશ રહેતો નથી.

બાળકો અનેક જાતની ભૂલો કરે છે. એ સઘળી ભૂલોનું વર્ગીકરણ કરીને એવી ભૂલોનું પુનરાવર્તન ન થાય તે સારુ યોગ્ય ઇલાજો લેવાવા જોઇએ. અર્થાત્ જે ઉપાયો કરવામાં આવે તેમને શિક્ષાના વિભાગમાં ગણવાની જરૂર જ નથી રહેતી. જેમ તાવ આવે ત્યારે તેનો માત્ર ઇલાજ કરવાની વૃત્તિ જ ડૉક્ટર કે વૈદના મનમાં હોય છે, તેવી વૃત્તિ શિક્ષા વખતે શિક્ષકે પણ ધારણ કરવી જોઇએ. " માંદો કેમ પડયો ? લેતો જા આ શિક્ષા ! લે, આ દવા પી જા ! " એમ કદી ડૉક્ટર કહેતો નથી. તેનું પ્રથમ પગલું આવેલ માંદગીને દૂર કરવાનું હોય છે. બેશક તે સારુ તેને સખત ઇલાજો લેવા પડે છે; દરદીને ભૂખે રાખવો પડે છે, કડવી દવાના ઘૂંટડા પાવા પડે છે, અથવા આવશ્યક હોય ત્યાં ગૂમડું કે પેટ ચીરવા જેવું શસ્ત્રક્રિયાનું કામ પણ કરવું પડે છે. અને એ વખતે હવે ફરી વાર આવી માંદગી ન આવે તે સારુ કઇ કઇ જાતની સાવચેતી રાખવી તેની પણ તે સૂચના આપે છે. જેમકે: " જો ભાઇ, હવે વરસાદમાં બહુ વાર લગી ન રમીશ, હોં ! " " હવે આઠ દિવસ પછી બહાર રમવા જવાની રજા મળશે; ત્યાં સુધી પથારીમાં જ પડયા રહેવાનું, હો ભાઇ ! " " જો હવે આ અઠવાડિયું ફક્ત છાશ અને દૂધ પર રહેવાનું છે; હમણાં લાડવા કે શીરો ન ખવાય. પછી રજા આપીશ. " આ બધી સૂચનાઓ ડૉક્ટર આપે છે ત્યારે તે દરદીને શિક્ષા કરવાના હેતુથી નથી હોતી. બેશક એમાં ઘણી બાબતો અણગમતી હોય છે; કેટલીકમાં શારીરિક અને માન-

સિક યાતનાઓ પણ રહેલી હોય છે. પણ એ સઘળાની પાછળ "તેં ભૂલ કરી છે તેની આ શિક્ષા કરું છું." એવી ભાવના નથી હોતી. શાળામાં પણ શિક્ષાઓ કરતી વેળા આવી જાતના ઇલાજને લેવાની વૃત્તિ કેળવી શકાય.

થોડાએક દાખલાઓથી આ બાબત વધારે સ્પષ્ટ કરીએ. બાલમંદિરમાં એક બાળક દાખલ થયું. પોતાને ગમતું ગમે તે એક સાધન તેણે લીધું અને જરા આમતેમ રમી ગમે ત્યાં મૂકી જતું રહ્યું. બીજે દહાડે બાળક આવે કે શિક્ષિકા કહેશે: "પ્રમોદભાઇ! સાધન રમવા લેવું હોય તે લેવું, પણ કામ પૂરું થતાં તે જ્યાંથી લીધું હોય ત્યાં બરાબર મૂકયા પછી જ બહાર જવાનું, હો!" બીજે દહાડે પણ બાળક ભૂલ કરે છે અને સાધન પાથરણા પણ ગમેતેમ રખડતું મૂકીને ચાલ્યું જાય છે. ત્રીજે દહાડે શિક્ષિકાબહેન કહે છે: "પ્રમોદભાઇ! બંગલાપેટી લેવાની નથી." બાળક પૂછે છે: "શા માટે નહિ?" "રમી રહ્યા પછી તમે તે તેની અસલ જગ્યાએ મૂકી આવતા નથી માટે." "હવેથી હું બરાબર મૂકીને જઇશ." "વારુ ત્યારે; હું તમને સંભારી આપીશ." પ્રમોદભાઇ રમત પૂરી થતાં ઊઠીને બહાર જવા લાગે છે. શિક્ષિકાબેન યાદ આપે છે: "બંગલાપેટી તેની જગ્યાએ મૂકી દો." બાળકને નિયમ યાદ આવે છે ને પોતે સાધન ઠેકાણાસર મૂકી દે છે. પણ ધારો કે પ્રમોદભાઇએ ત્રીજે દહાડે પણ સાધન ઉપાડીને વ્યવસ્થિત ઠેકાણે ન મૂકયું, તો તે પછીને દહાડે શિક્ષિકા પ્રમોદભાઇને સાધન લેવાની ના પાડે છે. પ્રમોદભાઇ તેથી બહુ નારાજ પણ થાય છે. છતાં શિક્ષિકાનાં વર્તન પાછળ શિક્ષાનો હેતુ નથી; માત્ર નિયમપાલન જ રહેલું છે. 'રમવા માટે જે સાધન લેવાનું તે પાછું તેની મૂળ જગ્યાએ મૂકી દેવું.' એ બાલમંદિરનો નિયમ છે. આવા નિયમો ન હોય તો બાળકોને વ્યવસ્થિત રીતે કામ કરવાની ટેવ પડે નહિ. એથી આવા નિયમોનું પાલન કડકપણે કરવું આવશ્યક બને છે. છતાં એને શિક્ષા ન જ કહેવાય.

બીજો દાખલો લઇએ. એ જ બાળક વર્ગમાં આવીને ગડબડાટ અને ઘોંઘાટ મચાવે છે, બીજાં બાળકોને ધક્કા મારે છે, અથવા બીજા બાળકના હાથમાંથી કોઇ સાધન ખેંચી લે છે. શિક્ષિકાબેન એ બાળકને બધાં બાળકોથી જુદું બેસાડે છે, કદાચ કોઇ ઊંચા કબાટ પર બેસાડે છે. બાળકને થાય છે: "આ શું થયું?" તે જોઇ રહે છે. બીજાં બાળકો તરફ જોતાં તે બધાંને જુદાં જુદાં સાધનો લઇ રમતાં દેખે છે. એ સાધનો પૈકી કોઇ સાધન તેને આકર્ષે છે; બાળક તે જોઇ રહે છે. આખરે તે કહે છે: "રંગની તખ્તીઓ લઇ રમવું છે." શિક્ષિકા બાળકને કબાટ પરથી નીચે ઉતારે છે, તેને આસન આણીને પાથરવાનું કહે છે, અને પછી રંગની તખ્તીઓ લઇ રમો એમ જણાવે છે, અગર બીજું બાળક તખ્તીઓથી રમતું હોય તો કહે છે: "આ નવીનભાઇ રમી રહે એટલે તમે એ સાધન લેજો. ત્યાં સુધી પડખે બેસીને જુઓ." બાળક નવીનભાઇ પાસે બેસીને તેને નિરાંતે જુએ છે. આ દાખલામાં પણ શિક્ષિકાને બાળકને કબાટ પર બેસાડયું તે શિક્ષામાં ન ગણાય, પણ માત્ર એક ઇલાજ જ લીધો ગણાય.

વર્ગમાં બધાં બાળકોને હમેશાં ઘેરથી લખી લાવવાના પાઠો આપવામાં આવતા; બાળકોમાંથી એક બાળકી હમેશાં તે લખવાનું ભૂલી જતી. શિક્ષિકાબહેને એક દહાડો તેને કહ્યું કે

જતા વખતે મને મળીને જજો. અને જ્યારે તે મળવા આવી ત્યારે બીજે દિવસે કરી લાવવાના પાઠ પાટીમાં નોંધી લેવરાવ્યા. ત્યાર પછી તેને પાઠો લખવાનું સાંભરતું. છતાં જો ભૂલી જવાતું તો શિક્ષિકાએને તે બાળકીની માતાને યાદ આપવાની ચિઠ્ઠી લખતાં અગર એવા બીજા ઉપાયો યોજતાં, અને પાઠ કરવાના ભૂલી જવાનું શું કારણ છે તે જાણવાનો પ્રયત્ન કરતાં. બાળકી રમવામાં પાઠ લખી લાવવાનું ભૂલી જાય, લખવાનું ગમે નહિ, લખવામાં કોઇ મુશ્કેલી હોય, ઘરનું વાતાવરણ અડચણ કરનારું હોય અગર તેને પાઠ લખવા બેસવાની છૂટી જગા ન મળતી હોય, અગર બાળકી રોજ મોડેથી ઊઠતી હોય, વગેરે અનેક કારણો પાઠ લખી ન લાવવા પાછળ હોઇ શકે છે. ઘણી વાર ઘેર કરવાના કે લખવાના પાઠો અંગે બાળકનાં માબાપો સાથે વાતચીત કરી લેવી પણ આવશ્યક હોય છે. અર્થાત્ બાળકે ઘેરથી પાઠ લખી ન આણ્યા તે કારણે તેને શાળામાં મોડે સુધી બેસાડી રાખવું કે શાળામાં જ તે તેની પાસેથી લખાવી લેવા, એવા ઉપાયોથી બાળકની ખરી અડચણ શી છે તે સમજાતી નથી, અને એથી એ એનો સાચો ઉપાય પણ નથી.

બાળકોના ગુનાઓ જાતજાતના હોય છે. જૂઠું બોલવું, ચોરી કરવી, અરસપરસ મારામારી કરવી, બીજાનાં કામો બગાડી નાખવાં, ઇરાદાપૂર્વક ભાંગફોડ કરવી, જાણીજોઈને બૂમબરાડા પાડવા અથવા વખતસર કામ ન કરવું, વગેરે અનેક પ્રકારો એમાં આવી જાય છે. આમાંના ગુનાઓ અજાણપણે બને છે, એટલે કે ટેવને અભાવે એવી જાતની ભૂલો બાળકો કરી બેસે છે; વળી કેટલાક ગુનાઓ આવેશમાં આવી જવાથી થતા હોય છે, જ્યારે કેટલાક ગુનાઓ બાળકના વિકૃત માનસના નિદર્શક હોય છે. વિકૃતિ હોય ત્યાં એને રોગ સમજીને એ રીતે એનો ઇલાજ લેવાવો જોઇએ. વિકૃતિઓમાં પણ ભેદ હોઇ શકે છે; કેટલીએક વિકૃતિઓ તાવ; ઉધરસ કે સળેખમ જેવી સામાન્ય માંદગી સાથે સરખાવી શકાય છે, જ્યારે કેટલીએક વિકૃતિઓ ન્યૂમોનિયા અને ટાઇફૉઇડ જેવી માંદગીના પ્રકારોમાં આવી શકે છે. કેટલીએક વિકૃતિઓ લાંબા સમયથી ઘર કરી ગઇ હોય છે. આવી વિકૃતિઓનાં પ્રદર્શનો વખતે ગુસ્સે થવું કે શારીરિક શિક્ષા કરવી એ સાચો ઇલાજ નથી. એનો સાચો ઉપાય વિકૃતિઓના માનસિક ઉપચારમાં જ રહેલો છે.

સાદી સામાન્ય ટેવો કે નિયમોના પાલના સારુ બાળકોના મનમાં જ એ પાળવા અંગે ચીવટ–આગ્રહ રહે એવું થવું જોઇએ; માત્ર સફતાઇથી અમુક નિયમો પળાવવાથી બાળકોને એનો કાયમી લાભ થતો નથી. આને સારુ બાળકો જેમ જેમ મોટાં થતાં જાય તેમ તેમ નિયમો ઘડવામાં તેમનો સહકાર લીધાથી એના પાલનમાં મુશ્કેલીઓ ઓછી આવે છે. અથવા કોઇ કારણે કશી અડચણો ઊભી થાય ત્યારે એનું પાલન ઓછી મુશ્કેલીભર્યું બને છે.

ટૂંકમાં સજા કરવાના ઇરાદે કરવામાં આવતી શિક્ષાઓ કદી સફળ થતી નથી. જે કરવું ઘટે છે તે તો માર્ગદર્શન અથવા ઉપચાર છે; અને એવા હેતુથી જે પગલાં ભરાય તેને શિક્ષા ન જ ગણી શકાય.

સ્વાભાવિક છે કે ગુસ્સો ચડે કે કશું અસહ્ય બને ત્યારે આપણે હાથે શિક્ષા થઇ જવાની. એ રીતે જોતાં શિક્ષા સમૂળગી અદૃશ્ય તો થશે જ નહિ. કારણકે મોટેરાં ગમે તેટલાં સમજુ હોવા છતાં આખરે તે મનુષ્યો છે અને તેમને

પોતાને મુશ્કેલીઓ હોય ત્યારે સ્વાભાવિક રીતે જ તેઓ મૂંઝાઇ જાય છે. આવું તો જગતમાં બન્યા કરવાનું. પણ એવા પ્રસંગો ઘર આગળ બને તો જ ક્ષમ્ય ગણાય. ઘરનાં વડીલો અને બાળકોના પરસ્પરના સંબંધો અતિ નિકટના હોય છે. કુટુંબમાં એકબીજાની અકોણાઇ સહન કરી લેવી પડે છે, અથવા પરસ્પરના હિત માટે એકબીજાની સુખસગવડો અથવા અગવડો વેઠી લેવી પડે છે; આ સઘળું અન્યોન્ય સ્વાભાવિક પ્રેમભાવને લીધે સહ્ય બને છે. બાળકની બાંગરાઇ માતા સહી લે છે; બાળકોની સગવડ માટે—તેમના સુખ સારુ માતા અગવડો વેઠી લે છે. એથી ઊલટું કોઇ વાર વિના કારણે માતા અથવા પિતા ચિડાય તો બાળકો પણ તે સમજી લે છે, સિવાય દુનિયા તરફથી પણ અનેક વિચિત્રતાઓ, ધક્કાધૂંબા અને કોઇ વખત અન્યાયો પણ સહી લેવા પડે છે,—એ સહન કરવા તૈયાર રહેવું પડે છે. અને બાળકોમાં એટલી સહનશક્તિ હોય છે જ. બાળકોનાં શરીરો જેમ ટાઢતડકો અથવા વરસાદ સહન કરવા ટેવાઇ જાય છે તેમ તેમનાં મન પણ કુટુંબનાં માણસોના સ્વભાવવૈચિત્ર્ય, અપમાન, તિરસ્કાર, મારામારી અને ધૂમધબરાડા સહી લેવા ટેવાઇ જાય છે. પરંતુ જ્યારે માર, ગુસ્સાના શબ્દો, ડરામણી વગેરે પ્રકારો હદ બને, જ્યારે બાળક પોતાની જાતને નિરાધાર થયેલું જાણે, જ્યારે તેને એમ લાગે કે પોતા તરફ વહાલ કરનારું કોઇ જ નથી અને પોતે કોઇને ગમતું પણ નથી, ત્યારે બાળક માનસિક રોગી અવસ્થાને પામે છે. બીકથી બાળક ગભરાઇ કે મૂંઝાઇ જાય એટલી હદે તેને માર ને શિક્ષાની બીક પેસે, અગર પોતે સાવ મૂરખ છે, પોતાને કદી કશું જ કરતાં આવડવાનું નથી એવી નિરાશાવૃત્તિ અથવા લઘુતાગ્રંથિ બાળકના મનમાં ઉભી થાય તો પરિણામે બાળકનું આખું જીવન બરબાદ જાય છે, ટૂંકમાં અવિચારીપણે થતી શિક્ષાઓ અલ્પ પ્રમાણમાં હોય તેમ જ અન્ય બાબતોમાં બાળકોના વિકાસ સારુ પૂરતો અવકાશ હોય તો એવી શિક્ષાથી બહુ નુકસાન થતું નથી.

ઘરના વાતાવરણમાં બાળક દબાઇ મૂંઝાઇ રહ્યું હોય અને તેને પરિણામે તેની માનસિક અવસ્થા રોગીની બની હોય ત્યાં શાળાનું કામ બાળકોને શિક્ષા કરવાનું નથી, પણ પોતાની જાતને ડૉક્ટરની કે હોસ્પિટલની સ્થિતિમાં મૂકીને યોગ્ય ઉપચાર કરવાનું તેનું કામ છે. સામાન્ય માનસિક રોગોમાં શાળાના સાદા ઉપાયોથી તુરત પરિણામ આવે છે. શિક્ષક તરફથી બાળકને સહાય, સહાનુભૂતિ, તેના કામની કદર, તેની આત્મપ્રતિષ્ઠા માટે યોગ્ય અવકાશ, વગેરે જો શાળામાં મળી જાય, બાળકને શાળા તરફથી જોઇએ તેવા પ્રકારના તંદુરસ્ત ઉઘોગો કરવાનું ક્ષેત્ર આપવામાં આવે, તો હોસ્પિટલમાં જેમ શારીરિક રોગી જલદી સાજો થાય છે, તેમ માનસિક રોગી અવસ્થાવાળાં બાળકો પણ શાળામાં રહ્યાં રહ્યાં માનસિક તંદુરસ્તી તુરત મેળવી લે છે. મૂળ બાબત બાળકના ગુનાઓ તરફ કઇ દૃષ્ટિથી જોવાય છે એ જ છે.

ઘણી વાર એવું પણ જોવામાં આવે છે કે એકાદ ટાપલી કે નાના તમાચાથી જે કામ તુરત સરે છે તે કલાકો સુધી સમજાવવાની મહેનતને અંતે પણ અપૂર્ણ જ રહે છે.

આવા કિસ્સાઓ ખરેખર બને છે એ મારે કબૂલ કરવું જ જોઇએ. સોંયેસાચ જરાય ગુસ્સો કર્યા વિના યોગ્ય રીતે એકાદ તમાચો માર્યો હોય તો કોઇ કોઇ વાર કોઇ કોઇ બાળકની બાબતમાં એ ઉપાય યોગ્ય નીવડયાના દાખલા

પણ બને છે. કોઇ વાર કેટલાંક બાળકોમાં ઓછી સમજણ હોય છે; કેટલાંક બાળકો સમજી શકે છે પણ સમજણ પ્રમાણેનું આચરણ કરવાની ઇચ્છાશક્તિ (will to do) એમનામાં હોતી નથી. કેટલાંક બાળકો વિતંડાવાદી પણ હોય છે, તો કેટલાંએક બાળકોને મોટેરાંઓ જેમ નાનાંને સમજાવે તેમ મોટેરાંઓને પણ ચર્ચા કરીને પોતે સમજાવશું એવી હોશિયારી બતાવવાનું ઘમંડ હોય છે. આવાં બાળકોના કિસ્સાઓમાં એક તમાચો વધારે કાર્યસાધક નીવડે છે. કેટલાએક એવા પ્રસંગો પણ હોય છે જ્યારે "વાદવિવાદ બંધ" (No agrument) ની નીતિ જ એ કાળ પૂરતી યોગ્ય ગણી શકાય છે. પરંતુ આવે પ્રસંગે પણ જે શિક્ષા કરાય તેનો પ્રકાર પ્રત્યક્ષ શારીરિક શિક્ષા જેવો હોવા છતાં એનો અમલ 'ઉપચાર' ગણીને જ થવો જોઇએ. દાખલા તરીકે બાળકોને શાળા બહાર ટુકડીમાં ફરવા લઇ જવાં હોય એ વખતે જો એવો નિયમ કરવામાં આવે કે "લાઇનમાંથી બહાર જનારને સોટી લાગશે." તો તેવો નિયમ અયોગ્ય છે એમ ન કહેવાય. કેટલાએક એવા પ્રસંગો હોય છે જ્યારે લશ્કરી નિયમન જેવા સખ્ત કાયદાઓનું પાલન આવશ્યક ગણાય, અને એવા નિયમો પળાવવામાં સાવધાની અને સંપૂર્ણ જાગૃતિ જાળવવી જરૂરી હોય.

એક એવી માન્યતા ધરાવનારો વર્ગ પણ છે જેઓ એમ માને છે કે, માર ખાવાથી બાળકો મજબૂત અને સહનશીલ બને છે. બાળકના મનને દુભાવવું નહિ એવું ધોરણ સ્વીકારવાથી બાળક વિના કારણે નાજુકાઇ કેળવે છે. જેમ શરીરને ખડતલ કરવા સારુ તેને શારીરિક મુશ્કેલીમાંથી પસાર થવું લાભદાયી છે, તે જ રીતે માનસિક દૃઢતા પ્રાપ્ત કરવા સારુ આવા કડક ઉપાયો યોજવા આવશ્યક છે. એક રીતે એમની એ માન્યતા યથાર્થ છે એમ જ કહેવું પડે. બાળકોને મારવાં નહિ, તેમના પર ગુસ્સે ન થવું, અથવા ગુના બદલ, તેમને સજાઓ ન કરવી, એનો અર્થ બાળકોનાં મન પારિજાતક કે હારશણગારનાં ફૂલો જેવાં અતિ કોમળ અથવા કાચ જેવાં નાજુક ગણવાં એવો છે જ નહિ. એનો મૂળ હેતુ એ છે કે બાળકોના ગુનાઓ, તેમનાથી થતા નિયમભંગો, ભૂલો, ખરાબ ટેવો અથવા અપરાધો તરફ વૈજ્ઞાનિકની દૃષ્ટિએ જોવું જોઇએ અને એ દૃષ્ટિએ એના ઇલાજો લેવાવા જોઇએ. એ રીતે વિચારીએ ત્યારે જોઇ શકાય છે કે બાળકોને કરવામાં આવતી શિક્ષાઓ મોટે ભાગે અયોગ્ય હોય છે, અને ખાસ કરીને શિક્ષા તરીકે શિક્ષા કરવાનું ધોરણ તો તદ્દન ગેરવ્યાજબી જ છે.

એક બીજી વાત પણ વિચારવા જેવી છે. શારીરિક શિક્ષા ન કરતાં બાળકોનું અપમાન કરવું, તેમને ઉતારી પાડવાં, તેમની મશ્કરી કરવી, વગેરે પ્રકારની શિક્ષાઓ શારીરિક સજાઓ કરતાં અતિ હીન પ્રકારની છે. માબાપ અથવા શિક્ષક તમાચો મારે અગર સોટી લગાવે તો તે વ્યાજબી છે એમ ઘણી વાર બાળકોને લાગે છે; બાળકો સમજે છે કે પોતાની અમુક ભૂલને લીધે આ શિક્ષા થઇ છે. પણ જો શિક્ષા કરવાને બદલે માબાપ પોતાના દોષો પડોશીઓ પાસે જાહેર કરવા લાગે અગર માસ્તર પોતાની ભૂલો પોતાના મિત્રો આગળ જણાવે તો તે દુઃખ બાળકને વધારે અસહ્ય અને માનસિક પરિતાપ આપનારું લાગે છે. અપમાન કરવાથી અથવા હલકાં પાડવાથી બાળકના વ્યક્તિત્વને જબ્બર ફટકો પડે છે; જાહેર અપમાનમાં તેમને પોતાની પ્રતિષ્ઠા પર આઘાત થતો લાગે છે.

આવી જાતની શિક્ષા કદી પણ બાળકોને ન જ કરવી જોઇએ.

બાળકો સાથે ન બોલવું, તેમનું નામ પણ ન લેવું, એવા પણ શિક્ષાના પ્રકારો હોય છે. બાળકનું અમુક વર્તન આપણને ન ગમ્યું તે તેમની નજરે આણવાનો એમાં આપણ મોટેરાંઓનો હેતુ હોય છે. આવે પ્રસંગે બાળકો આપણને ન ગમતી બાબતો કરવાનું ઘણી વાર છોડી દે છે, એટલે પરિણામ આપણે ઇચ્છ્યું હતું તે આવતું હોય એમ લાગે છે; પણ બાળકોની એ ક્રિયા પાછળ તેમની વૃત્તિ આપણને જ ફક્ત સંતોષ આપવાની રહે છે. એ કરતાં અમુક બાબતો ન કરવા યોગ્ય છે માટે ન થાય, અને અમુક વ્યાજબી હોવાથી તે એ રીતે જ થવી જોઇએ, એવી વૃત્તિથી બાળકો પોતાનાં આચરણ ગોઠવે તે વધારે ઇષ્ટ છે. કુટુંબના વાતાવરણમાં કોઇ વાર આવો વ્યક્તિપ્રેમને કારણે ઉપાયો યોજાય તો બહુ વાંધા જેવું ન લેખીએ; પરંતુ કોયમી ઉપાય તરીકે હરહમેશ વાપરવાના ધોરણ તરીકે આ રીતનું અવલંબન થવું ન જોઇએ.

ગુનાને મોટું સ્વરૂપ આપી તે સારુ શિક્ષા કરવામાં અગર ઉપદેશ દેવામાં કે અન્ય કોઇ ઉપાયો યોજવામાં બીક રહેલી છે. આવી બીક કદી ઉત્પન્ન ન થાય તેની ખાસ સાવચેતી રાખવી જોઇએ. બાળકોના મનમાં પોતે કોઇ ખરાબ કામ કર્યાની ભાવના (guilt sense) જાગૃત થતાં તેમની પોતાની જાત વિષે બહુ હલકો મત તેમના મનમાં બંધાય છે. એમાંથી ઘણી વાર બાળકમાં લઘુતાગ્રંથિ ઊભી થાય છે. નૈતિક ગુનાઓ જેવા કે હસ્તમૈથુન, ચોરી, જૂઠું બોલવું, વગેરેમાં પહેલાં તો શિક્ષકો અથવા ઘરનાં વડીલો જ ગભરાઇ ઊઠે છે, અને બાળકના એવા ગુનાઓને અતિ ભયંકર સ્વરૂપના જાહેર કરે છે. આવે પ્રસંગે બહુ સાવધાનીથી કામ લેવું જોઇએ. આવા ગુનાઓની બાબતમાં ખાસ કરીને માનસશાસ્ત્રની રીતે ઉપચારો કરવાનું વધારે શ્રેયસ્કર ગણવું જોઇએ.

ટૂંકમાં કહીએ તો બાળકોને હાથે જે ભૂલો કે ગુનાઓ થાય છે તે તેમના ધ્યાનમાં આવે, અને તેઓ તેમાંથી પરાવૃત્ત થાય તે માટે કોઇ પણ રીતની શારીરિક કે માનસિક શિક્ષાનો અવલંબ ન કરતાં બાળકોને યોગ્ય માર્ગદર્શન કરાવવાની અને તેમના ધોરણો શોધવાની રીત સ્વીકારવી જોઇએ. —તા૦

બાળકોની શારીરિક હીલચાલ

બાલશરીર અને બાલમન બંનેના વિકાસક્રમની મુખ્ય ચાવી એનું શરીર છે. બધી જાતની શારીરિક અને તેની સાથે જોડાયેલી માનસિક ક્રિયા–પ્રક્રિયાઓમાંથી એમનાં મનનો વિકાસ સધાયે જાય છે. જ્ઞાનસંપાદનની બધી જ મુખ્ય ક્રિયાઓમાં એક યા બીજી રીતે શરીરની એક યા બીજી જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય વપરાતી જ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો ક્રિયાત્મકતા એ જ બાળકના વિકાસની મુખ્ય અને પૂર્વ ભૂમિકા છે.

પણ આ શારીરિક ક્રિયાના કેટલાક પ્રકારો જોવામાં આવે છે. જુદી જુદી જાતનાં બાળકોમાં જુદી જુદી જાતની ક્રિયાત્મકતા અને તેને અંગેની જુદી જુદી પ્રવૃત્તિઓ દેખાય છે. એમાંની ઘણી ઇચ્છનીય અને કેટલીક અનિચ્છનીય એવી પણ હોય છે.

આ મુદ્દા અંગે પહેલી વાત એમ છે કે બાળકના વિકાસને અંગે જેટલી શારીરિક ક્રિયાઓની જરૂર છે તેટલી જ, બલકે તેનાથી વિશેષ પણ શાંતિ (ક્રિયાનો અભાવ) અને શરીરની સૌમ્ય સ્વસ્થતા જરૂરી છે.

આ બને વાતો–શાંતિ અને ક્રિયાત્મકતા દેખીતી રીતે વિરોધાભાસવાળી હોવા છતાં આ બંનેના સુમેળ વિના બાળકનો સમધારણ વિકાસ શકય નથી. અને એ બંને બાળકમાં સમધારણપણે શકય હોય તો જ બાળકનું શરીર અને મન બંને સાચા ઇષ્ટ વિકાસને રસ્તે છે એવું સમજી શકાય છે.

હવે આ શારીરિક પ્રવૃત્તિના પ્રકાર જોઇએ.

પહેલો અતિ ચંચળ પ્રકાર છે. ઘણાં બાળકો અતિશય ધમાલિયાં દેખાય છે. તેઓ એક ઘડી પણ સ્વસ્થ બેસતાં નથી; એમનાથી બેસી શકાતું જ નથી. તેઓ ખુરશી, ટેબલ, પલંગ, બધું હલાવ્યા જ કરે છે. સાથે સાથે એ પણ જોવામાં આવે છે કે તેમની બધી જ ક્રિયાઓમાં ઉતાવળ છે પણ સુઘડતા (grace) નથી. એમને હાથે વસ્તુઓ ભાંગે છે; ફૂટે છે, ઢળે છે, વેરાય છે; તેઓ ચાલતાં અથડાય છે; લોકોને ધક્કા મારીને જ જાણે કે તેમને ચાલવું ફાવે છે. એમનામાં પ્રવૃત્તિનો અભાવ દેખાતો નથી. તેમની શારીરિક સ્થિરતા તેઓ ઊંઘે છે ત્યારે જ જોવા મળે છે.

આ જ જાતનાં બાળકોમાં વળી એવું પણ જોવામાં આવ્યું છે કે એમની શારીરિક પ્રવૃત્તિઓ મુખ્યત્વે કરીને સાર્થ એટલે હેતુપુરઃસરની ન હોતાં નિરર્થક અને હેતુરહિત (aimless) હોય છે. વિશેષમાં એમ પણ જોવામાં આવે છે કે જીવનની જરૂરિયાતોમાં (પોતાની શરીર અંગેની પ્રાથમિક જરૂરિયાતોમાં કે જેમાં સામાન્ય રીતે સમધારણ બાળકોને બહુ જ નાની ઉંમરથી સ્વાવલંબી થવાની પ્રેરણા જ હોય છે તેમાં) તેઓ બીજા ઉપર અવલંબ રાખે છે. પોતાનાં કપડાં પહેરવાં, નહાવું, વગેરેમાં તેઓ નિરતિશય પરાવલંબી જોવામાં આવે છે,

એટલે કે જે શક્તિ એના સ્વાવલંબનના વિકાસને રસ્તે વળવી જોઇએ તે જ બધી નિરર્થક પ્રવૃત્તિઓમાં અને ખોટી દોડાદોડીમાં વળેલી આપણે જોઈ શકીએ છીએ.

વળી બરોબર અંગમહેનતનાં કામો–સાચેસાચ ચાલવું, દોડવું, વગેરે–માં પણ એમની શક્તિ અને બરું કહીએ તો એમની માનસિક વૃત્તિ બહુ જ ઓછી હોય છે. એટલે પરિણામે શરીરથી શક્તિશાળી હોવા છતાં પણ એમનાં મન એવાં stamina–ચેતના માગી લે તેવાં કામો કરવા જ ના પાડે છે,

વળી આ જ જાતનાં બાળકો મોટાંનાં લાડ માગી લે છે. મોટાંનાં શરીરો સાથે ઘસાવું, બોળા ખૂદવાં, મોટેરાંના પગથી ઘોડોઘોડો કરવો, ટ્રંકમાં મોટેરાં સાથે શારીરિક સંપર્ક સાધી એક જાતની ઉત્તેજના મેળવીને જ તેમાં તેઓ રાચે છે. આ જાતનાં બાળકોને આપણે પહેલો અથવા અતિચંચળ પ્રકાર કહીશું.

હવે બીજો પ્રકાર લઇએ. એમાં વધુ પડતાં નિષ્ક્રિય બાળકોનો પ્રકાર આવે. આ જાતનાં બાળકોની શારીરિક પ્રવૃત્તિ બહુ જ ઓછી હોય છે. તેઓ અતડાં, મૂંગાં અને શાંત દેખાય છે. એમનાથી બહુ દોડાદોડી થતી નથી; તેઓ બોલેલાં ઊઠતાં નથી; કહેલું સાંભળે છે અથવા સમજે છે કે નહિ, એમ પણ લાગે છે.

તેમને વિષે જો વધુ તપાસ કરીએ તો માલૂમ પડે છે કે એક વાર તેઓ સમધારણ ક્રિયાત્મકતા ધરાવતાં બાળકો હોય છે; પણ

એમના વિકાસને કોઇએક પગથિયે એમને એક એવો સખત ધક્કો લાગેલો હોય છે કે તેમની બધી જ ક્રિયાઓ મરી ગયેલી હોય છે. એમની આ નિષ્ક્રિયતા કદાચ બહારનાં લોકોને સારી અને ડહાપણવાળી લાગે; પણ ખરી રીતે તો એ મૃત્યુની શાંતિ જેવી શાંતિ છે. એવાં બાળકો તરંગી; એકલવાયાં અને ઘણાક દાખલાઓમાં જાતીયતામાં (sex—અંગૂરો ચૂસવો, જનનેન્દ્રિયનું ઉશ્કેરવું વગેરેમાં) એકલાં એકલાં રસ લઇ રહેલાં માલૂમ પડે છે. પણ મુખ્યત્વે કરીને તો તેઓનાં મન 'બંધ બારણાં' જેવાં જ રહે છે. એમની દેખાતી શાંતિમાં તેઓ તરંગિતામાં—લોકોથી દૂર રહીને પોતાની અંતર્સૃષ્ટિમાં રાચતાં હોય છે.

એકંદર રીતે જોતાં માનસશાસ્ત્રીઓએ પાડેલા એ વિભાગો (અંતર્મુખ અને બહિર્મુખ) ના બંનેના છેડાના નમૂનાઓ (Extreme types) ઉપર બતાવ્યાં તેવાં બાળકો છે.

ત્યારે સવાલ એ ઊભો થાય છે કે આ ક્રિયાત્મકતા અને શાંતિ બંનેમાં સમધારણતા કોને કહેવી, અને કયા પ્રકારનાં બાળકો ખરેખર વિકાસની સાચી દશામાં છે.

આમાં પહેલી વાત તો એ લાગે છે કે જેટલી શારીરિક ક્રિયાત્મકતાની જરૂર છે તેટલી જ તેને રોકવાની શક્તિ (Inhibition) ની જરૂર છે. જે બાળકો જાતે—પોતાની ઇચ્છાશક્તિથી ધારે તેટલો વખત સ્થિર બેસી શકે, કોઇ પણ એક કામ ઉપર લાંબો વખત સુધી એકધ્યાનપણે બેસી શકે, જેમની ક્રિયાઓમાં શક્તિ હોવા છતાં સુઘડતા અને સુરમ્યતા (Grace and Beauty) હોય જ, તેવો પ્રકાર ઇચ્છનીય લાગે છે. જે બાળકો યોગ્ય ઉંમરે જાતને લગતી ક્રિયાઓમાં સ્વાવલંબી થઇ ગયાં હોય, જેમની બીજાઓ પાસેથી અયોગ્ય શારીરિક કે માનસિક મદદ મેળવવાની વૃત્તિ ઓછી હોય, તેવાં બાળકોને સમધારણ કહી શકાય.

વળી શારીરિક ક્રિયાઓમાં પણ એની વિશિષ્ટતાઓ દેખી શકાય છે. સમધારણ બાળકોની બાબતમાં જોવામાં આવે છે કે તેમનું કોઇ પણ એક અંગ જ્યારે કામમાં હોય છે ત્યારે બીજાં બધાં જ અંગો સ્થિર થઇ જાય છે. કોઇ પણ કામ વખતે એમના શરીરની બીજી બધી જ અવસ્થા ધ્યાનસ્થ કે ઊંઘતા બાળક જેવી હોય છે.

શરીર શરીરને રસ્તે અને મન મનને રસ્તે વધે છે. મનના વ્યાપારોને શરીરની ક્રિયાઓનું અવલંબન છે, તેમ જ મનની સમજણ અને આજ્ઞાથી શરીરની દરેક ક્રિયા ચાલવી જોઇએ. આ બંને સંબંધો જેના જેટલા સાચા—જેનું શરીર બરાબર સાર્થક રીતે જ કામ કરે (શારીરિક કામમાં તેવી રીતે અને માનસિક કામમાં તેવી રીતે) તેમને જ સમધારણ કહી શકાય. જે બાળકોનું આવું નથી બની શકતું—જેનાં કારણો તો અનેક હોઇ શકે—તેમનામાં ઉપર દર્શાવ્યા તેવા પ્રકારો જોઇ શકાય આને સારુ દરેક વ્યક્તિગત શિક્ષક વ્યક્તિગત બાળકનો ઉપાય યોજી શકે.

એ ઉપાયો વિષે કોઇ વાર પછી વાત કરશું. અત્યારે તો આ બે પ્રકારો તરફ અંગુલિનિર્દેશ જ કર્યો છે. —ન૦

બાલ-અવલોકનો

(૧) અધૂરું રહ્યું

"એ મનુ ! ચાલ, જલદી. દાતણ કરી લે !"
મનુભાઇની બાએ બૂમ મારી.

"એ આવ્યો, બા !" મનુભાઇએ જવાબ આપ્યો.

બીજે પા કલાક પસાર થઇ ગયો. મનુભાઇનું દાતણ હજી પૂરું થયું ન હતું. "અરે મનુ ! જલદી ચાલ ને ? હજી તારું દાતણ પૂરું થયું નથી ? સવારના પહોરનો દાતણ કરવા બેઠો છે તે હજી પૂરું થયું નથી ! ચાલ, જલદી આવે છે કે નહિ ?" બાનો કડક અવાજ સંભળાયો.

"એ, જલદી આવ્યો, મા !" એમ કહીને મનુભાઇએ દાતણ ઘસવા માંડયું. પણ મનુભાઇનું દાતણ ઘસવાનું જલદી પૂરું થાય એમ મને લાગ્યું નહિ. મને થયું: "છે શું ? મનુભાઇનું દાતણ કરવાનું હજી કેમ પૂરું થયું નથી ?"

હું પાસે ગયો તો મનુભાઇ દાતણ ઘસતા ઘસતા એક જીવડાનું અવલોકન કરી રહ્યા હતા. જીવડું તદ્દન નવી જ જાતનું હતું. એની પાંખોનો રંગ તદ્દન લીલો હતો. મનુભાઇની સાથે હું પણ પેલા જીવડાનું અવલોકન કરવા લાગ્યો. પણ ત્યાં તો મનુભાઇની બાનો ધમકીભર્યો ઘુઘવાટો સંભળાયો: "અલ્યા મનુ ! જલદી આવે છે કે નહિ ? ક્યારની બૂમો પાડું છું તો ય સાંભળતો નથી ? નાસ્તો કરવો હોય તો તરત જ આવ, નહિ તો પછી નાસ્તો નહિ મળે !"

મનુભાઇએ ઝટપટ દાતણની ચીર કરી નાખી અને બેચાર કોગળા કરીને એ નાસ્તા માટે ચાલ્યા ગયા.

મનુભાઇનું વૈજ્ઞાનિક અવલોકન અધૂરું રહ્યું.

—શં.

(૨) 'ઉષા'ને ક્યાં રાખું ?

કુસુમબેન (ઉંમર ૭ વર્ષ) ને ઢીંગલીઓ બહુ ગમે છે. તેના જન્મદિવસે મામાએ તેને એક મજાની ઢીંગલી ભેટ આપી. ઢીંગલીનું શું કરું ને શું ન કરું" એમ કુસુમબેનને થતું હતું. પોતાની 'ઉષા'ને તે ઘડીભર પણ વેગળી મૂકતાં નહોતાં. આખરે એક ભારે મૂંઝવણ ઊભી થઇ. નિશાળે જવાનો વખત થયો. ઉષાને સાથે લઇ જાય તો શાળામાં મોટીબેન ગુસ્સે થાય; ને ઘેર રાખી જાય તો કુસુમબેન વિના તે રડયા જ કરવાની ! તે વખતે તેને કોણ સાચવે ? બીજાંઓને જમવાને જરા વાર હતી, તેથી કુસુમબેન એકલાં (બેશક, ઉષાને સાથે લઇને) રસોડામાં જમવા ગયાં. તેમની થાળી પીરસતાં પીરસતાં કાકીમાએ કુસુમબેનના દિલમાં ઘોળાઇ રહેલી વાત કાઢી. તેમણે પૂછ્યું: "ઉષાબેન ! તમે નિશાળે જશો પછી તમારી ઉષાનું શું થશે ?"

"એ જ વિચાર કરું છું, કાકીમા! મારા વિના એ એકલી કેમ રહેશે ?"

"એમાં મૂંઝાઓ છો શું કામ ? મને સોંપીને જજો ને ?"

"હા, એ વાત ખરી. પણ તમે તો અહીં કામમાં હો; અને બપોરે તો તમારે આજે માશીબાને ત્યાં જવું છે, તેનું શું ?"

"જતી વખતે હું રામાને સોંપી જઇશ."

"ના રે કાકીમા ! એ તો એને રમાડશે જ નહિ !"

"ત્યારે માજીને સોંપીને જાઓ તો ?"

"બરાબર સંભાર્યું. ને માજી પાસે તો ઘણી જાતના ભાગ પણ મળશે ! પણ ત્યાં ઓરડામાં જ એકલી રહેવાનું ઉષાને કેમ ફાવશે ?"

"તે વખતે બા પણ થોડી વાર રમાડશે."

"હા હા; ને બા તો સારાં સારાં લૂગડાં પણ તેને પહેરાવશે, નહિ?"

"ને બાપુજી આવશે ત્યારે વળી તે પણ રમાડશે."

"ના રે કાકીમા! બાપુજી પાસે તો ઉષાને અપાય? બાપુજી તો એને એવો તમાચો લગાવી દે!..."

કુટુંબનાં માણસો અંગે નાનાં બાળકો કેવા અભિપ્રાયો ધરાવે છે તે જાણવું ઘણી વાર રમૂજી અને વિચારપ્રેરક પણ હોય છે. એમના ઉદ્‌ગારોમાં આપણને તેમની દૃષ્ટિથી જોઇ શકવાનો લાભ મળે છે. રોજના જીવન અંગે મોટેરાં તથા નાનાં બાળકોનાં દૃષ્ટિબિંદુઓમાં કેટલું મહદ્ અંતર હોય છે એ પણ એથી જાણી શકાય છે. —સૌ. કમલિની દામલે.

(૩) ધોકાનો ભાઇ બન્યો!

મન્દાગેન સાવ નાનાં હતાં ત્યારે એમને પક્ષાઘાત થયો હતો. એમાં એમનો ડાબો હાથ અને ડાબો પગ ખેંચાઇ ગયો હતો. મન્દાગેનને નાનાં બાળકો રમાડવાનો ભારે શોખ; પણ એમના હાથપગ બરાબર નહિ એટલે એમને બાળક કોણ ધીરે? પછી મન્દાગેન બિચારાં કરે શું? એમણે તો લીધો એક કપડાં ધોવાનો ધોકો! એના ઉપર લૂગડાનો એક કડકો નાખે અને પછી, "ભાઇ,ભાઇ!" કરીને એને રમાડે. 'ભાઇ, ભાઇ'ની એમની આ ધોકા સાથેની—રમત ઘણા લાંબા વખત સુધી ચાલી. એ તો ભાઇને રમાડે, જમાડે ને પોતાના ખોડિયામાં નાખીને હીંચકા નાખે.

પણ પછી તો એમને ત્યાં સાચો ભાઇ આવ્યો, એટલે હવે ધોકાનો ભાઇ ભુલાઇ ગયો છે. હવે તો મન્દાગેન પોતાના ભાઇને હીંચકા નાખે છે અને સરસ મજાનાં ગીત ગાય છે. ધોકો હવે બાથરૂમમાં જ પડ્યો રહે છે; એને લૂગડું ઓઢાડીને મંદાગેન હવે 'ભાઇ ભાઇ'ની રમત રમતાં નથી.

—શં૦

જોડાયેલાં નવાં બાલમંદિરો

(૧) નાર બાલમંદિર, નાર

સંઘના નવા આજીવનસભ્યો

(ચ વર્ગના)

(૧) શ્રી ઇંદુપ્રસાદ દેવશંકર ભટ્ટ, અમદાવાદ

(૨) શ્રી નવનીતકળાગેન ઇં. ભટ્ટ, ,,

ઉદ્ધાર હાથ લંબાવો.

હરિજન શાળાઓને શિક્ષણપત્રિકા મફત આપવામાં આવે છે. એમાં મદદની જરૂર છે. વધુ મદદ હોય તે પ્રમાણમાં વધારે શાળાઓને પત્રિકા મફત પહોંચાડી શકાય. ધનિકો અને ઉદાર ભાઇ-બહેનો કૂલ નહિ તો કૂલની પાંખડી આ મદદકાર્યમાં મોકલી આપે તો આભાર થશે.

—તંત્રી.

વાચકો અવશ્ય વસાવે.

સ્મરણાંજલિ. ગુજરાતના અનેક વિદ્વાનો અને સ્વ૦ ગિજુભાઇના વિદ્યાર્થીઓએ લખેલાં સ્વર્ગસ્થનાં સંસ્મરણો. પાકું પૂઠું અને સ્વર્ગસ્થના અનેક ફોટાઓ સાથે કિંમત ૧–૮–૦ ટપાલખર્ચ ૦–૪–૦.

મોન્ટેસોરી શિક્ષણપ્રચારઆળા: લેખક સ્વ. ગિજુભાઇ અને શ્રી. તારાબેન મોડક. પાકું પૂઠું કિં. ૦–૧૦–૦: ટપાલખર્ચ ૦–૨–૦,

પુસ્તકો મંગાવવાનું સ્થળ:

મંત્રી: **નૂતન બાલશિક્ષણ સંઘ,**

૧૧૮, હિંદુ કૉલની, દાદર.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, એમણે આત્મારામ પ્રિંટીંગ પ્રેસ; ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૬–૧–૪૪.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)



આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક



જેઓ ભવિષ્ય વિષે ચિંતા કરતા નથી તેઓ આજને એટલે વર્તમાનને નચિંત રાખી શકે છે.

વળી જેઓ ભૂત વિષે ચિંતા કરતા નથી તેઓ પણ આજને એટલે વર્તમાનને નચિંત રાખી શકે છે.

આપણને ચિંતા ગમતી નથી. આપણને આજનો દિવસ સુધારવો ગમે છે. તો શા માટે ગઈ કાલ અને આવતી કાલની ચિંતા રાખવી ?

—સ્વ૦ ગિજુભાઈ

વર્ષ ૧૮ | : : કાર્યાલય : : | અંક ૧૨

૨૦૦૦ | રાવપુરા : વડોદરા | મહા

નૂતન બાલશિક્ષણ સંઘની

આગામી ચૂંટણી અને સંઘનું કાર્ય

વાંચકો આ અંકમાં જ નૂતન બાલશિક્ષણ સંઘનું નવું સુધારેલું બંધારણ વાંચી શકશે. કાગળની અસહ્ય મોંઘવારીનાં પરિણામ શિક્ષણ-પત્રિકાના વાચકોને પણ જણાઇ ચૂક્યાં છે. વળી સંઘના સભાસદોની સંખ્યા પણ મોટી છે. આ બધાને લઇ આ આખો અંક સંઘનું બંધારણ અને ચૂંટણીની વિગતોમાં જ અમારે રોકવો પડ્યો છે. વાચકો તે માટે અમને દરગુજર કરે.

સંઘનું એક કામચલાઉ બંધારણ ત્રણ વર્ષ અગાઉ કરવામાં આવ્યું હતું, અને તે અનુસાર છેલ્લાં ત્રણ વર્ષ સંઘે પોતાનું કામ ચલાવ્યું છે. આ ત્રણ વર્ષના અનુભવે બંધારણમાં જે ફેર-ફારો કરવાની જરૂરિયાત જણાઇ તે લક્ષમાં રાખી આ નવું બંધારણ તૈયાર કર્યું છે, બેશક સંઘના મૂળ ઉદ્દેશમાં કે તેના કાર્યમાં કશો ફેર-ફાર કર્યો નથી; જે ફેરફારો કરવામાં આવ્યા છે તે સંઘના કામકાજ અંગેના નિયમોમાં જ કર્યા છે.

અગત્યના ફેરફારો

બંધારણમાં કરેલા નવા ફેરફારો મુખ્યત્વે ત્રણ છે: (૧) વ્યવસ્થાપક મંડળની ચૂંટણી, (૨) ભાષાવાર કાર્યકર્તા મંડળની નિમણૂંક અને (૩) સ્વતંત્ર ટ્રસ્ટી (વિશ્વસ્ત) મંડળની નિમણૂંક.

વ્યવસ્થાપક મંડળ

જૂના બંધારણ અનુસાર વ્યવસ્થાપક મંડળ-માં પાંચ સભ્યો ચૂંટાઇ આવતા, અને અગિ-યાર સભ્યો કાર્યકર્તા મંડળમાં ચૂંટાઇ આવતાં. કાર્યકર્તા મંડળમાં ચૂંટાયેલા અગિયાર સભ્યો પૈકી બે સભ્યો તે મંડળ તરફથી વ્યવસ્થાપક મંડળમાં ચૂંટીને મોકલવાનો પ્રબંધ હતો, અને એ રીતે વ્યવસ્થાપક મંડળ એકંદર સાત સભ્યોનું બનતું હતું.

નવા બંધારણમાં વ્યવસ્થાપક મંડળને વિસ્તારવામાં આવ્યું છે. જૂના બંધારણ અનુસાર જુદી જુદી જાતના સભ્યોમાંથી કાર્યકર્તા મંડળ ચૂંટવામાં આવતું હતું; હવે આ ચૂંટણી સીધી વ્યવસ્થાપક મંડળના સભ્યો માટે કરવામાં આવશે. એટલે નવી યોજના અનુસાર વ્યવસ્થા-પક મંડળમાં આજીવનસભ્યોમાંથી બે, સહા-યક સભ્યોમાંથી બે, સક્રિય અને પ્રતિનિધિ સભ્યોમાંથી છ, અને સામાન્ય સભાસદોમાંથી એક, મળીને કુલ અગિયાર સભ્યો ચૂંટાઇ આવશે.

આ ઉપરાંત સંઘદ્વારા આજે ગુજરાતી, મરાઠી અને હિંદી એમ ત્રણ ભાષાઓમાં કામ ચાલી રહ્યું છે. એથી જરૂર જણાય ત્યારે એ દરેક ભાષા માટે એકેક મંત્રી નીમવાનો અધિકાર વ્યવસ્થાપકને આપવામાં આવ્યો છે. સિવાય વિશ્વસ્ત મંડળના બે સભ્યો પણ વ્યવસ્થાપક મંડળમાં બેસશે. આ રીતે વ્યવસ્થાપક મંડળના સભ્યોની વધારેમાં વધારે સંખ્યા સોળ સભ્યોની થશે.

આજે સંઘનું જે કામ ચાલી રહ્યું છે એ જોતાં ગુજરાતી અને મરાઠી ભાષા સારૂ એકેક મંત્રી નીમવાની આવશ્યકતા ઊભી જ છે; ઉપ-રાંત હિંદી ભાષામાં પણ પ્રચાર અર્થે એક ઇલાહિદા મંત્રી નીમવાની એટલી જ જરૂર છે,

વ્યવસ્થાપક મંડળ ઉપર સંઘના કામની બધી જવાબદારી રહેલી છે. તેમાં મુખ્યત્વે સંઘને અંગે જોઇતું દ્રવ્ય મેળવવું અને તેનો યોગ્ય વિનિયોગ કરવો એ ગણાય. ઉપરાંત

સંઘના કાર્યની દિશા આંકવી અને એને માટે યોજેલાં કાર્યો પાર પાડવાં એ પણ વ્યવસ્થાપક મંડળનું જ કામ છે. એટલે નવા બંધારણ અનુસાર વ્યવસ્થાપક મંડળમાં જે સભ્યો ચૂંટાઈ આવશે તેઓ જ સંઘના સાચા સંચાલકોને સ્થાને આવશે. સંઘને દોરવાની સર્વ જવાબદારી અર્થાત્ તેમની બનશે.

કાર્યકર્તા મંડળ

સંઘનું સંચાલન કરનાર, કાર્યની દિશા આંકી દેનાર અને તે સારુ દ્રવ્ય પુરું પાડનાર કરવાની આવડતવાળા કુંડીબંધ કાર્યકરોની મદદ સતત આવશ્યક હોય છે. આ તત્વ બંધારણમાં પ્રચારની દૃષ્ટિએ અને ઉત્સાહી કાર્યકર્તાઓનું પ્રત્યેક ભાષાવાર અકેક કાર્યકર્તા મંડળ નીમવાની યોજના ઉમેરી છે. બેશક આ મંડળ સ્વયંસેવકોનું બનશે અને તેમનું કાર્ય પ્રત્યક્ષ પ્રચારનું રહેશે. વ્યવસ્થાપક મંડળની ચૂંટણી તો ત્રણ ત્રણ વરસને અંતે કરવાનું રાખ્યું છે, પરંતુ કાર્યકર્તા મંડળ દરેક વર્ષે નવું નીમવાનું યોજ્યું છે. એમાં એ દૃષ્ટિ

નૂતન બાલશિક્ષણ સંઘની સાધારણ સભા

તા. ૧૨-૩-૧૯૪૪ રવિવાર

નૂતન બાલશિક્ષણ સંઘના સભ્યોની સાધારણ સભા (General Body) તા. ૧૨-૩-૪૪ રવિવારનાં રોજ **સાંજના** પાંચ વાગે (નવો ટાઇમ) મુંબઈમાં ચોપાટી, મેથ્યુરોડ પર આવેલા ભગિની સમાજ ટી. એન. માળવી બાલમંદિરમાં મળશે. તે વખતે નીચેનો કાર્યક્રમ રજૂ કરવામાં આવશે:—

કાર્યક્રમ

(૧) છેલ્લાં ત્રણ વર્ષના કામકાજનો અહેવાલ.
(૨) છેલ્લાં ત્રણ વર્ષનો અન્વેષકે તપાસેલો હિસાબ.
(૩) પ્રમુખશ્રીની પરવાનગીથી મંત્રીઓ રજૂ કરે તે.

તારાબેન મોડક
સરોજબેન વૈદ્ય
મંત્રીઓ, **નૂતન બાલશિક્ષણ સંઘ.**

મંડળ વ્યવસ્થાપક મંડળ હોવા છતાં પ્રત્યક્ષ રહેલી છે કે વર્ષની શરૂઆતમાં કોઈ ભાઈ યા બહેનને સંઘનું કાર્ય તે કરશે એવી આશાથી કાર્યકર્તા મંડળમાં નીમવામાં આવ્યાં હોય, પરંતુ વર્ષને અંતે એમ જણાય કે કામ કરવાની ઇચ્છાને અભાવે, ફુરસદને અભાવે અથવા એવા જ કોઈ અન્ય કારણે તે ભાઈ યા બહેનથી સંઘનું કાર્ય બરાબર થઈ શકયું નથી, તો નવે વર્ષે અન્ય ઉત્સાહી કાર્યકર્તાને નીમવાની અનુકૂળતા રહે. ઉત્સાહપૂર્વક કામ કરતા કાર્યકર્તાઓને

પણ બદલવા જ જોઇએ એવું કશું નથી. દર વર્ષે નવી નિમણૂંક થાય ત્યારે ઉત્સાહી કાર્યકર્તાઓ તો ફરી વાર લેવાશે જ. પરંતુ ઘણા મંડળોમાં બને છે કે જૂના સભ્યો ત્રણ કે પાંચ વર્ષ સુધી અકર્મણ્ય જેવા રહે છે અને મંડળની એટલી જગ્યાઓ વિના કારણ રોકી રાખે છે. એવું આ કાર્યકર્તા મંડળમાં ન થાય એટલા સારુ જ કાર્યકર્તા મંડળના સભ્યોની નિમણૂંક દરેક વર્ષે નવેસરથી કરવાનું વિચાર્યું છે.

કાર્યકર્તાઓની નિમણૂક

સામાન્ય મંત્રી (જનરલ સેક્રેટરી) અને ભાષાવાર મંત્રી મળીને જે નામો સૂચવશે તે મુજબ વ્યવસ્થાપક મંડળ કાર્યકર્તાઓની નિમણૂંક કરશે. આનો અર્થ એવો છે કે દરેક ભાષાવાર મંત્રીને પોતપોતાના પ્રદેશમાં કાર્ય કરવાનું હોવાથી તે પોતાને ફાવતું કાર્યકર્તા મંડળ યોજી શકે અને આખરી નિર્ણય અને નિમણૂંક વ્યવસ્થાપક મંડળની મંજૂરીથી થાય.

આ રીતે ભાષાવાર સ્વતંત્ર કાર્યકર્તા મંડળ ક્યારે નીમી શકાય એ પ્રશ્ન ઊભો રહેવાનો. એને સારૂ એવી શરત રાખી છે કે જે ભાષા-વિભાગમાં ઓછામાં ઓછા ૧૦ આજીવન સભ્યો, ૨૦ સહાયક સભ્યો, ૨૫ સક્રિય સભ્યો, ૩ પ્રતિનિધિ સભ્યો અને ૧૦૦ સામાન્ય સભ્યો થાય તે વિભાગ માટે સ્વતંત્ર કાર્યકર્તા મંડળ નીમી શકાય. આ શરતો મુજબ આજે ગુજરાતી વિભાગ ઉપરાંત મરાઠી ભાષાવિભાગ સારૂ સ્વતંત્ર કાર્યકર્તા મંડળ નીમી શકાશે. હિંદી ભાષા વિભાગમાં આ દૃષ્ટિએ હજુ ઘણો પ્રચાર થવાની જરૂર છે. એને માટે હિંદી ભાષા-મંત્રી નીમવાની મુખ્ય જરૂર રહે છે. આવા મંત્રીના પ્રચારકાર્યને પરિણામે થોડા જ વખતમાં હિંદી ભાષા સારૂ પણ સ્વતંત્ર કાર્યકર્તા મંડળ નીમવાનો અવસર આવી પહોંચશે એવું જણાય છે, કેમકે હિંદી ભાષાભાષી પ્રાંતોમાંથી નૂતન બાલ-શિક્ષણ અંગે આજે અનેક ભાઇ-બહેનો ઊંડો રસ ધરાવતાં થયાં છે.

વિશ્વસ્ત (ટ્રસ્ટી) મંડળ

સંઘની પાસે જુદા જુદા હેતુ અર્થેનાં થોડાં એક ફંડો એકઠાં થયેલાં છે. આ ફંડોની તેમ જ વ્યવસ્થાપક મંડળ સોંપે તે સઘળી મિલકતની યોગ્ય વ્યવસ્થા કરવા અર્થે તેમ જ એનો વપરાશ યોગ્ય રીતે થાય છે કે કેમ તેની દેખરેખ સારૂ સ્વતંત્ર કાયમી વિશ્વસ્ત મંડળ હોવું આવશ્યક જણાયાથી આ વખતે સંઘના બંધારણમાં એટલો ફેરફાર કરવામાં આવ્યો છે. સંઘ પાસે આજે સ્વ. ગિજુભાઇ સ્મારક ફંડ અને આજીવન સભ્યોનાં લવાજમોની રકમ એવાં બે ફંડો તો છે જ, ઉપરાંત ઈતર દાનો તેમ જ શિક્ષણ-પત્રિકાનું અને સંઘના સભાસદોનું વાર્ષિક લવાજમ પણ આવે જ છે. આ બધી રકમોનો વિનિયોગ એક હાથે થાય એ સારુ વિશ્વસ્ત મંડળની યોજના આવશ્યક હતી.

નવા બંધારણમાં આટલા ફેરફારો મુખ્ય છે. બંધારણ ઘડનારાઓની એવી માન્યતા છે કે આ નવું બંધારણ વધારે કાર્યપોષક અને કાર્યસાધક બનશે. એ તો સાચી જ વાત છે કે બંધારણ આખરે કાગળો ઉપરના નિર્જીવ અક્ષરો જ છે. ખરી વાત કાર્યકર્તાઓની જ છે. ગયાં ત્રણ વર્ષ દરમિયાન અનેક સેવાભાવી તેમ જ નૂતન બાલશિક્ષણ સંઘ વિષે મમત્વ ધરાવનારાં ભાઇબહેનોએ ઉત્સાહપૂર્વક અને ચીવટથી સંઘનું સેવાકાર્ય કર્યું છે. અમે ઇચ્છીએ છીએ કે હવે પછીનાં વર્ષોમાં પણ એટલા જ ઉત્સાહથી—બલકે સવિશેષ ઉત્સાહથી સંઘનું કાર્ય આગળ ધપે.

અનેક બાલશિક્ષણપ્રેમીઓ અને બાલ-શિક્ષણ કાર્યકર્તાઓને અમારી આગ્રહભરી–પ્રેમ-ભરી છતાં નમ્ર વિનંતિ છે કે જે જે ભાઇ-બહેનોને કાર્યકર્તા મંડળમાં જોડાવાની ઇચ્છા હોય તેઓ પોતાનાં પૂરેપૂરાં નામઠામ સાથે સંઘના મંત્રીને પત્ર લખી જણાવે.

સંઘનું કાર્ય

સંઘનું કાર્ય કાંઇ નવું નથી. વર્ષોથી સંઘ બાલકાર્ય અર્થે જ સતત પ્રયત્ન કરી રહેલ છે. નૂતન બાલશિક્ષણના સિદ્ધાંતોનો જનતામાં પ્રચાર કરવો એ એનું કાર્ય છે. એને માટે સંઘનું બળ વધવું જોઇએ. એટલે કે સંઘીઓની સંખ્યા હજુ ઘણી મોટી–હજારોની સંખ્યામાં વધવી જોઇએ. બાળકોનો હિત અર્થે આ સર્વ પાર પાડવાનું બળ આપણામાં આવે એમ આપણે ઇચ્છીએ.

તારાબેન મોડક
સરોજબેન ચોધ
મંત્રીઓ, નૂ. બા. શિ. સંઘ

નૂતન બાલશિક્ષણ સંઘ

(આદ્ય સંસ્થાપક સ્વ. ગિજુભાઈ બધેકા)

બંધારણ

નામ

આ સંઘનું નામ "નૂતન બાલશિક્ષણ સંઘ" રહેશે.

કાર્યાલય

આ સંઘનું કાર્યાલય મુંબઇમાં અથવા વખતોવખત સંઘ હવે પછી ઠરાવે તે સ્થળે રહેશે.

ઉદ્દેશ

આ સંઘનો ઉદ્દેશ હિંદુસ્તાનમાં બાળ-કેળવણીનો અભ્યાસ તથા પ્રત્યક્ષ પ્રયોગ વધા-રવાનો, એ પ્રદેશમાં નવી શોધખોળો કરવાનો, બાળકેળવણીવિષયક નવા સિદ્ધાંતોનો પ્રચાર કરવાનો તેમ જ હિંદની પરિસ્થિતિને અનુકૂળ થાય તેવી બાળ કેળવણીને લગતી નવી પદ્ધતિ અથવા પદ્ધતિઓને દાખલ કરવાનો રહેશે.

કાર્યપ્રદેશ

આ સંઘનો કાર્યપ્રદેશ નીચે પ્રમાણે રહેશે:–

ક જે જે વ્યક્તિઓએ બાળકેળવણીમાં પ્રત્યક્ષ કામ કર્યું હોય અથવા તેને અંગે વાંચ્યું વિચાર્યું હોય તેમની પાસે, પોતાના અનુભવ, અભ્યાસ અને વિચા-રણા ઉપર જેમનું મંડાણ હોય એવાં, મૌલિક પુસ્તકો લખવા ઉત્તેજન આપવું.

ખ આપણા દેશની ભાષાઓમાં બાળકેળ-વણીને લગતું સાહિત્ય બહુ નથી તેથી સંઘે અન્ય ભાષાઓમાંથી બાળકેળવણી વિષયક પ્રમાણભૂત ગ્રંથોનું ગુજરાતી, મરાઠી, હિંદી અથવા હિંદની અન્ય ભાષાઓમાં ભાષાંતર કરવાનું ઉત્તેજવું.

ગ નૂતન કેળવણીના સિદ્ધાંતો માબાપો પણ સમજી શકે એવી સરલ ભાષામાં નાની પુસ્તિકાઓ તૈયાર કરાવવી અને એ પુસ્તિકાઓને મફત અથવા તો નામની કિંમતે વેચવી.

ઘ માબાપો અને શિક્ષકોને માટે લોકભોગ્ય વ્યાખ્યાનો યોજવાં.

ઙ બાળકેળવણી વિષયક નૂતન સિદ્ધાંતો પરત્વે શિક્ષકો અને માબાપોને માર્ગદર્શક થાય, તેમ જ આ ક્ષેત્રમાં કામ કરી રહેલાંઓના અનુભવોની નોંધ રહે તે સારૂ કોઇક નિયતકાલિક ચલાવવું.

ચ નૂતન પદ્ધતિએ ચાલતી બાલશાળાઓ માટે તાલીમ પામેલા શિક્ષકો મળી શકે તે સારૂ નૂતન શિક્ષણપદ્ધતિઓની તાલીમ આપનારું અધ્યાપનમંદિર ચલાવવું, અથવા એવી જાતનાં અધ્યાપનમંદિરો ચલાવનારાઓને સહાય આપવી.

છ આજની પ્રાથમિક શાળાઓમાં કામ કરી રહેલા શિક્ષકો સારૂ અધ્યાપનમંદિર શરૂ કરવું, નૂતન કેળવણીની તેમને તાલીમ આપવી અને નૂતન કેળવણીના સિદ્ધાંતોની દૃષ્ટિએ તેઓ પોતાની શાળાઓમાં કેવી જાતના અગત્યના ફેરફારો દાખલ કરી શકે તે સંબંધે તેમાં ભારપૂર્વક સમજાવવું.

જ બાળકેળવણીના ક્ષેત્રમાં પરદેશોમાં તેમજ આપણા દેશમાં ઉક્ત પ્રકારની શાળાઓને ઉપયોગી થાય તેવાં નવાં પ્રગટ થયેલાં પુસ્તકો અથવા યોજાયેલાં કેળવણીવિષયક સાધનોને અંગે ભિન્નભિન્ન તરેહની અદ્યતન માહિતી પૂરી પાડે તેવું માહિતીકેન્દ્ર સ્થાપવું.

ઝ આપણા આ વિશાળ પણ ગરીબ દેશની જરૂરિયાતોને પહોંચી વળી શકે તેવાં સસ્તાં છતાં શાસ્ત્રશુદ્ધ સાધનો બને તે માટે ઉત્તેજન આપવું, તથા તેના પ્રચારને અનુકૂળતા કરી આપવી.

ઞ ઉક્ત ધોરણે ચાલતી શાળાઓના નિરીક્ષણ અને માર્ગદર્શન સારૂ નિરીક્ષકમંડળ નીમવું.

ટ કેળવણીની નૂતન પદ્ધતિઓના અભ્યાસ અર્થે યોગ્ય વ્યક્તિઓને તેમનો અભ્યાસ વધારવા સારૂ સહાય આપવી.

ઠ હિંદની તેમ જ પરદેશની ભાષાઓનું બાળકેળવણીવિષયક તથા બાલસાહિત્યવાળું ફરતું પુસ્તકાલય રાખવું.

ડ દશ વર્ષથી નીચેની વયનાં બાળકોના માનસિક વિકાસનો અભ્યાસ કરવા તેમ જ તેમના ઉપર પ્રયોગ કરવા સારૂ માનસશાસ્ત્રવિષયક સંશોધનમંદિર સ્થાપવું, અથવા આવી જાતના ચાલુ ખાતાને મદદ કરવી.

ઢ નૂતન બાલશિક્ષણના કાર્યને આગળ ધપાવવા તથા પ્રચાર કરવા અર્થે કેળવણીવિષયક સંમેલનો ગોઠવવાં.

ણ બાલશિક્ષણના કાર્યને નવી રીતિ અને પદ્ધતિ અનુસાર આગળ ધપાવવા બધાં જરૂરી પગલાં ભરવાં.

ત આ અથવા આવી જાતની બાળકેળવણીને આગળ ધપાવવાના જે જે મંડળોના હેતુઓ અને કાર્યો હોય તેમની સાથે સહકાર કરવો.

કાયદાકાનૂન

૧. સભાસદો

અ સંઘના સભ્યોના નીચે પ્રમાણે પાંચ વર્ગો રહેશે:—

(૧) આજીવન સભ્ય. સંઘનો ઉદ્દેશ અને કાર્ય જેમને માન્ય હોય તેવી ૧૮ વર્ષની ઉંમર ઉપરની કોઇ પણ વ્યક્તિ નીચે જણાવેલી રકમ આપીને અથવા વ્યવસ્થાપક મંડળ વખતોવખત ઠરાવે તે પ્રમાણે લવાજમ ભરીને સંઘના આજીવન સભ્ય થઇ શકશે.

(૬) અથવા વ્યવસ્થાપક મંડળ વખતોવખત ઠરાવે. તે રકમ ભરી સંઘ સાથે જોડાઇ શકશે. તે સંસ્થાએ પોતાના પ્રતિનિધિ તરીકે પસંદ કરેલી ૧૮ વર્ષ ઉપરની ઉંમરની કોઇ પણ વ્યક્તિ પ્રતિનિધિ સભ્ય ગણાશે.

(૩) સક્રિય સભ્ય. ૧૮ વર્ષની ઉંમર ઉપરની કોઇ પણ વ્યક્તિ કે જેને સંઘના ઉદ્દેશ અને કાર્ય માન્ય છે તથા સંઘની પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લે છે તે વાર્ષિક રૂપિયા ૩) અથવા વ્યવસ્થાપક મંડળ વખતોવખત ઠરાવે તે રકમ આપીને સંઘના સક્રિય સભ્ય થઇ શકશે.

(૪) સહાયક સભ્ય. ૧૮ વર્ષની ઉંમર ઉપરની કોઇ પણ વ્યક્તિ કે જેને સંઘના ઉદ્દેશ અને કાર્ય માન્ય છે તથા જે સંઘની પ્રવૃત્તિઓમાં રસ લે છે તે વાર્ષિક રૂપિયા ૧) અથવા વ્યવસ્થાપક મંડળ વખતોવખત ઠરાવે તે રકમ આપીને સંઘના સહાયક સભ્ય થઇ શકશે

(૫) સામાન્ય સભ્ય. ૧૮ વર્ષની ઉંમર ઉપરની કોઇપણ વ્યક્તિ કે જેને સંઘના ઉદ્દેશ અનેં કાર્ય માન્ય છે તે વાર્ષિક રૂપિયો ૧॥ અથવા વ્યવસ્થાપક મંડળ વખતોવખત ઠરાવે તે રકમ આપીને સંઘના સામાન્ય સભ્ય થઇ શકશે.

(આ) સંઘના સઘળા સભ્યો ગણી સાધારણ સભા (General Body) બનશે.

(ક) રૂપિયા ૧૦૦૦) કે તેથી વધુ રકમ એકી વખતે આપીને કોઇ પણ વ્યક્તિ સંઘના ક વર્ગના આજીવનસભ્ય થઇ શકશે.

(ખ) રૂપિયા ૫૦૦) કે તેથી વધુ રકમ એકી વખતે આપીને કોઇ પણ વ્યક્તિ સંઘના ખ વર્ગના આજીવનસભ્ય થઇ શકશે.

(ગ) રૂપિયા ૨૫૦) કે તેથી વધુ રકમ એકી વખતે આપીને કોઇ પણ વ્યક્તિ સંઘના ગ વર્ગના આજીવનસભ્ય થઇ શકશે.

(ઘ) રૂપિયા ૧૦૦) કે તેથી વધુ રકમ એકી વખતે આપીને કોઇ પણ વ્યક્તિ સંઘના ઘ વર્ગના આજીવનસભ્ય થઇ શકશે.

(ચ) રૂપિયા ૫૦) અથવા તેથી વધુ રકમ એકી સાથે આપીને કોઇ પણ વ્યક્તિ સંઘના ચ વર્ગના આજીવનસભ્ય થઇ શકશે.

(૨) પ્રતિનિધિ સભ્ય. જે સંસ્થાને સંઘનાં ઉદ્દેશ અને કાર્ય માન્ય છે અને જે નૂતન બાલશિક્ષણના સિદ્ધાંતો પ્રમાણે ચાલે છે તથા તેના સંચાલનમાં સંઘના માર્ગદર્શનની અપેક્ષા રાખે છે તેવી કોઇ પણ સંસ્થા વાર્ષિક રૂપિયા

સાધારણ સભાને નીચે પ્રમાણેના અધિકારો અને હકકો રહેશે:–

(૧) સાધારણ સભાની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી એક વખત ભરવામાં આવશે. તે વખતે સંઘના કામકાજનો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવશે. તેમ જ વાર્ષિક હિસાબ મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

(૨) સામાન્ય સભ્યો સિવાયના સઘળા પ્રકારના સભ્યો કે જેમનું લવાજમ ચૂંટણી પહેલાં ચાર માસ અગાઉ આવી ગયેલું છે તેઓ, તથા સામાન્ય સભ્યો કે જેમનાં નામ ચૂંટણી અગાઉ એક વર્ષથી સામાન્ય સભ્યોની યાદી ઉપર છે અને ચૂંટણી પહેલાં ચાર માસ અગાઉ જેમનું લવાજમ આવી ગયું છે તેવા સઘળા સભ્યો વ્યવસ્થાપક મંડળ ચૂંટી શકશે.

૨. વ્યવસ્થાપક મંડળ.

(અ) આ સંઘની બધી વ્યવસ્થા વ્યવસ્થાપક મંડળના નામે ઓળખાતા મંડળને આધીન રહેશે. તેની રચના નીચે પ્રમાણે થશે:– ચૂંટાયેલા બે આજીવન સભ્યો, બે સહાયક સભ્યો, સક્રિય તથા પ્રતિનિધિ સભ્યો મળી છ અને એક સામાન્ય સભ્ય કે જે ચૂંટણી અગાઉ સતત બે વર્ષથી સંઘના સામાન્ય સભ્ય હોય, તેમનું વ્યવસ્થાપક મંડળ બનશે. આ ઉપરાંત વ્યવસ્થાપક મંડળ દરેક ભાષા માટે એક એક મંત્રીનો પોતાનામાં સમાવેશ (co-opt) કરી શકશે.

(આ) વ્યવસ્થાપક મંડળના ચૂંટાયેલા સભ્યો પોતામાંથી પોતાના હોદ્દેદારો જેવા કે અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, સામાન્ય મંત્રી તથા સંયુકત મંત્રી ચૂંટી કાઢશે.

(ઇ) વ્યવસ્થાપક મંડળની મુદત છેલ્લી ચૂંટણીની તારીખથી ત્રણ વર્ષની રહેશે. આ મુદતને અંતે અરધા ભાગના સભ્યો કે જે લાંબા સમયથી વ્યવસ્થાપક મંડળના સભ્યો છે તેઓ અનુક્રમે નિવૃત્ત થશે, પરંતુ તેઓ ફરી ચૂંટાવાને લાયક ગણાશે. સરખી મુદતના નિવૃત્ત થનાર સભ્યો જે નિવૃત્ત થવાની બાબતમાં અંદર અંદર નિર્ણય ન કરી શકે તો તે બાબત ચિઠ્ઠી નાખી ઠરાવવામાં આવશે. નિવૃત્ત થનારા સભ્યોથી ખાલી પડેલી બેઠકો જે વર્ગના તેઓ સભ્યો હશે તે જ વર્ગના સભ્યોમાંથી ચૂંટણી કરી પૂરવામાં આવશે.

(ઈ) આ રીતે નવા ચૂંટાયલા સભ્યો અને જૂના નિવૃત્ત નહિ થયેલા સભ્યો મળી નવું વ્યવસ્થાપક મંડળ બનશે. અને જૂનું વ્યવથાપક મંડળ ત્યારથી કાર્યનિવૃત્ત થયેલું ગણાશે.

(ઉ) વ્યવસ્થાપક મંડળના સભ્યની જગ્યા નીચેનાં કારણોએ ખાલી થયેલી ગણવામાં આવશે :—

(૧) જે નિયમ નંબર ૧૩ માં દર્શાવ્યા પ્રમાણે તે સભ્ય વ્યવસ્થાપક મંડળના સભ્ય તરીકે

નૂતન બાલશિક્ષણ સંઘના વ્યવસ્થાપક મંડળની ચૂંટણી અંગે

ઉમેદવારી પત્ર

શ્રી. મંત્રી, નૂતન બાલશિક્ષણ સંઘ,

૧૧૭, હિંદુ કૉલની, પાંચમી ગલી, દાદર (મુંબઇ–૧૪)

આથી હું શ્રી.....

ઠેકાણું.....ગામ.....નૂતન બાલશિક્ષણ સંઘના * આજીવન * સહાયક * સક્રિય * પ્રતિનિધિ * સામાન્ય સભ્યોના વર્ગ તરફથી વ્યવસ્થાપક મંડળની બેઠક માટે મારી ઉમેદવારી નોંધાવું છું.

તારીખ..... .....; .....

ઉમેદવારની સહી

અથવા

શ્રી.....ઠેકાણું.....

ગામ.....નું સંઘના.....+ સભ્યોના વર્ગ તરફથી વ્યવસ્થાપક મંડળની બેઠક માટે નામ સૂચવું છું. તા.....

....

....

ટેકો આપનારની આખી સહી
સરનામું તથા ગામ સાથે

સૂચવનારની આખી સહી
સરનામું તથા ગામ સાથે

* અને × તથા અન્ય સઘળી સૂચનાઓ માટે પાછળ જુઓ.

ખાસ સૂચનાઓ

* ઉમેદવાર સભ્ય પોતે જે વર્ગ તરફથી ઉમેદવારી કરતા હોય તે વર્ગનું નામ રાખી બીજા ચારે વર્ગો બરાબર છેકી નાખવા.

\+ જે સભ્ય બીજાનું નામ સૂચવે તે જે વર્ગ તરફથી બીજાનું નામ સૂચવતા હોય તે વર્ગનું નામ બરાબર સ્પષ્ટ રીતે લખવું.

૧ વ્યવસ્થાપક મંડળની ચૂંટણીમાં ઉમેદવારી કરવા ઇચ્છતા સંઘના સભ્યોએ પાછળનું ફૉર્મ ભરી મોકલવું. ઉમેદવારનું નામ તથા સરનામું પૂરેપૂરું લખવું.

૨ પોતે ચૂંટણી માટે ઊભા રહેતા હોય અને બીજાનું નામ પણ સૂચવવું હોય તો બંને ફૉર્મ જુદાં જુદાં ભરી મોકલવાં. તે માટે બીજું ફૉર્મ સંઘના કાર્યાલયમાં દાદરને સરનામે લખવાથી મળી શકશે.

૩ બધાં જ ઉમેદવારી પત્રો તા. ૮–૩–૪૪ બુધવાર સાંજના ૬ વાગ્યા સુધીમાં મળી જાય એ રીતે મંત્રી, નૂતન બાલશિક્ષણ સંઘ, ૧૧૭ હિંદુ કૉલની, પાંચમી ગલી, દાદર (મુંબઇ–૧૪) એ સરનામે મોકલી આપવાં. મોડાં આવેલાં ઉમેદવારી પત્રો સ્વીકારવામાં નહિ આવે.

૪ ચૂંટણીની ઉમેદવારી માટે બીજાનું નામ સુચવનારે જેનું નામ સૂચવ્યું હોય તે સભ્ય ઉમેદવારી કરવા સંમત છે કે કેમ તે વિષે પહેલેથી તેમની મંજૂરી મેળવેલી હોવી જોઈએ. વળી તે સુચવાયેલા નામને ટેકો આપનારની સહી પણ **તદ્દન આવશ્યક જ છે.**

૫ પોતાની જાતની ઉમેદવારી માટે ટેકો આપનારની સહીની જરૂર નથી.

૬ સૂચવનાર, ટેકો આપનાર તથા ઉમેદવાર બધા જ સંઘના સભ્યો હોવા જોઈએ અને તેમનું લવાજમ ૧૦ મી ડિસેમ્બર ૧૯૪૩ સુધીમાં આવી ગયેલું હોવું જોઈ એ.

(૯) સંઘના ઉદ્દેશને પાર પાડવા માટે તથા કાર્ય આગળ ધપાવવા માટે જરૂરી પગલાં લેવાં.

૪ સામાન્ય મંત્રીની જવાબદારી અને તેમનું કાર્ય નીચે મુજબનું રહેશે:—

(૧) વ્યવસ્થાપક મંડળ અને સામાન્ય સભાની બેઠકો બોલાવવી.

(૨) વ્યવસ્થાપક મંડળે વખતોવખત પસાર કરેલા ઠરાવો અનુસાર સંઘના ઉત્પન્નમાંથી ખર્ચ કરવું અને માલમિલકતનો ઉપયોગ કરવો;

(૩) વ્યવસ્થાપક મંડળની સત્તા અને સૂચના પ્રમાણે સઘળી આવકજાવકનો સાચો અને વિગતવાર હિસાબ રાખવો;

(૪) વ્યવસ્થાપક મંડળ અને સામાન્ય સભાની બેઠકોની કાર્યનોંધ (minutes) રાખવી તથા સંઘનું દફ્તર (record) રાખવું;

(૫) વ્યવસ્થાપક મંડળ અને સામાન્ય સભાની કાર્યનોંધ ઉપર સહી કરવી;

(૬) સંઘના કામ માટે તેના વતી પત્રવ્યવહાર કરવો;

(૭) વ્યવસ્થાપક મંડળ વખતોવખત સૂચવે તે પ્રમાણે ચાલુ અથવા બીજા પ્રકારનાં ખાતાં બોલવાં;

(૮) આગામી વર્ષ માટે આવક તેમ જ જાવકનું અંદાજપત્રક ચાલુ હિસાબી વર્ષ (financial year) ના છેલ્લા મહિનામાં વ્યવસ્થાપકની મંજૂરી માટે તૈયાર કરવું;

(૯) વાર્ષિક સામાન્ય સભા સમક્ષ રજૂ કરવાનો અન્વેષકે તપાસેલો હિસાબ તથા કામકાજનો કાર્યો અહેવાલ

૫ વ્યવસ્થાપક મંડળનું કાર્ય નીચે મુજબનું રહેશે:—

(૧) સંઘના કામકાજની વ્યવસ્થા માટે કાયદાકાનૂનો ઘડવા;

(૨) વ્યવસ્થાપક મંડળની ચૂંટણી અને નિમણૂંકો માટે જરૂરી પેટા કાનૂનો કરવા અને તેમાં વખતોવખત ફેરફાર કરવા, વધારો કરવો કે સુધારો કરવો;

(૩) વાર્ષિક અંદાજપત્રક મંજૂર કરવું;

(૪) દાન અને મદદ મેળવવાં;

(૫) અધિકૃત અન્વેષક (Registered Auditor) ની નિમણૂંક કરવી, તપાસેલ હિસાબો તથા વાર્ષિક અહેવાલ સામાન્ય સભા-સમક્ષ રજૂ કરવા અને તે વિશ્વસ્ત મંડળને (Board of Trustees) પ્રસિદ્ધિ માટે સુપરત કરવા;

(૬) વ્યવસ્થાપક મંડળમાં અકસ્માત ખાલી પડેલી કોઇ પણ જગા પૂરવા માટે નિમણૂક કરવી;

(૭) કાર્યાલયના કાર્યકરોની નિમણૂક કરવી તથા તેમનો પગાર નક્કી કરવો;

(૮) શિક્ષણપત્રિકાનું લવાજમ નક્કી કરવું;

નીચે મુજબનું રહેશે:—

(૧) સંઘના કામકાજની વ્યવસ્થા માટે કાયદાકાનૂનો ઘડવા;

(૨) જો તે પોતાનું વાર્ષિક લવાજમ ભરવાનું બંધ કરે, અથવા

(૩) જો તે સમિતિને ખબર આપ્યા સિવાય સતત મંડળની ત્રણ બેઠકોમાં ગેરહાજર રહે, અથવા

(૪) જો તે સામાન્ય મંત્રીને લેખિત રાજીનામું આપે.

૩ વ્યવસ્થાપક મંડળનું કાર્ય નીચે મુજબનું રહેશે:—

(૧) સંઘના કામકાજની વ્યવસ્થા માટે કાયદાકાનૂનો ઘડવા;

(૨) વ્યવસ્થાપક મંડળની ચૂંટણી અને નિમણૂંકો માટે જરૂરી પેટા કાનૂનો કરવા અને તેમાં વખતોવખત ફેરફાર કરવા, વધારો કરવો કે સુધારો કરવો;

(૩) વાર્ષિક અંદાજપત્રક મંજૂર કરવું;

(૪) દાન અને મદદ મેળવવાં;

(૫) અધિકૃત અન્વેષક (Registered Auditor) ની નિમણૂંક કરવી, તપાસેલ હિસાબો તથા વાર્ષિક અહેવાલ સામાન્ય સભા-સમક્ષ રજૂ કરવા અને તે વિશ્વસ્ત મંડળને (Board of Trustees) પ્રસિદ્ધિ માટે સુપરત કરવા;

(૬) વ્યવસ્થાપક મંડળમાં અકસ્માત ખાલી પડેલી કોઇ પણ જગા પૂરવા માટે નિમણૂક કરવી;

(૭) કાર્યાલયના કાર્યકરોની નિમણૂક કરવી તથા તેમનો પગાર નક્કી કરવો;

(૮) શિક્ષણપત્રિકાનું લવાજમ નક્કી કરવું;

પ્રત્યેક કાર્યકર્તા મંડળની મુદત એક વર્ષની રહેશે. દરેક વિભાગીય મંત્રી પોતપોતાના કાર્યકર્તા મંડળના પણ મંત્રી ગણાશે.

(આ) એક બીજા સાથે વિચારવિનિમય કરવા માટે અને અનુભવોની આપલે કરવા માટે સર્વ ભાષા વિભાગીય કાર્યકર્તા મંડળોની ઓછામાં ઓછી એક વાર અને શક્ય હોય તો વર્ષમાં બે વાર સંયુક્ત સભા ભરવામાં આવશે.

(ઇ) કાર્યકર્તા મંડળ એ સામાન્ય મંત્રી અને તે તે ભાષાવિભાગના વિભાગીય મંત્રી દ્વારા વ્યવસ્થાપક મંડળને જવાબદાર રહેશે.

(ઉ) કાર્યકર્તા મંડળનાં કામો:—

(૧) વાર્ષિક કામની યોજના કરવી, તથા તે અંગેનું અંદાજપત્રક તૈયાર કરી વ્યવસ્થાપક મંડળની મંજૂરી મેળવવી.

(૨) સંઘની વ્યવસ્થા અથવા નીતિ સંબંધેનાં સૂચનો તે તે ભાષાના વિભાગીય મંત્રી મારફત વ્યવસ્થાપક મંડળ સમક્ષ વિચારણા માટે રજૂ કરવાં.

૮ સંઘનાં મુખપત્રમાં પ્રકાશિત કરેલી જાહેર સૂચના એ પૂરતી જાહેરાત (notice) ગણાશે.

૯ સંઘનું વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીનું ગણાશે.

૧૦ (અ) સંઘની મૂડી તથા માલમિલકત અને બીજી બધી આવક વ્યવસ્થાપક મંડળે નીમેલા વિશ્વસ્ત મંડળ (Board of Trustees) ને તેની વ્યવસ્થા કરવાની સર્વ સત્તા વ્યવસ્થાપક મંડળની સંમતિ માટે રજૂ કરવો;

(૧૦) કાર્યાલયના કાર્યકરોનું કામ નક્કી કરવું તથા તેમની રજા મંજૂર કરવી;

(૧૧) સંઘના હિતમાં જરૂરી કાયદેસર પગલાં લેવાં;

(૧૨) વ્યવસ્થાપક મંડળે જરૂરિયાત પ્રમાણે નીમેલા ભાષાવિભાગના મંત્રી કે મંત્રીઓના કામકાજમાં સુસંગતતા જાળવવી;

(૧૩) સામાન્ય રીતે પોતાની ફરજ બજાવવા માટે જરૂરી બાબતો અને વ્યવસ્થાપક મંડળે સૂચવેલાં કામો કરવાં.

૫ સામાન્ય મંત્રીએ વખતોવખત જે કામો અને જે અધિકાર સોંપ્યા હશે તે કામો અને તે અધિકાર મદદનીશ મંત્રીએ બજાવવાનાં રહેશે.

૬ વ્યવસ્થાપક મંડળને જ્યારે જરૂર જણાય ત્યારે પ્રત્યેક ભાષાવિભાગ માટે તેના વિભાગીય મંત્રીની સલાહથી એક કાર્યકર્તા મંડળ નીમશે.

૭ (અ) વ્યવસ્થાપક મંડળ, વિભાગીય મંત્રીની સલાહ લઈને યોગ્ય લાગે તેટલા સભ્યોનું કાર્યકર્તા મંડળ નીમશે. કાર્યકર્તા મંડળની રચના માટે ઓછામાં ઓછા દરેક વિભાગમાં નીચે પ્રમાણેના સભ્યો યાદી ઉપર હોવા જોઈશે.

૧૦	આજીવન સભ્યો
૨૦	સહાયક સભ્યો
૩	પ્રતિનિધિ સભ્યો
૨૫	સક્રિય સભ્યો
૧૦૦	સામાન્ય સભ્યો
૧૫૮	કુલ

સાથે તેમ જ તેના ખત–દસ્તાવેજને ઇત્યાદિ વિશ્વસ્ત મંડળ પોતે મંજૂર રાખે તે બેંકમાં રાખવાની સત્તા સાથે સ્વાધીન કરવામાં આવશે. વિશ્વસ્ત મંડળના સઘળા સભ્યો સંઘના સભ્યો હોવા જોઇએ; પણ જે વ્યવસ્થાપક મંડળ સંઘના સભ્ય ન હોય તેવી કોઇ વ્યક્તિને નીમવા ઇચ્છે તો તેવી એક જ વ્યક્તિને વિશ્વસ્ત મંડળના સભ્ય તરીકે નીમી શકશે.

(આ) આ વિશ્વસ્ત મંડળના સભ્યોની સંખ્યા પાંચ કરતાં ઓછી નહિ અને સાત કરતાં વધારે નહિ એવી રહેશે.

(ઇ) વિશ્વસ્તમંડળ પોતાના બોદ્ધેદારો –અધ્યક્ષ તેમ જ કોષાધ્યક્ષ પોતાનામાંથી ચૂંટી લેશે. કોષાધ્યક્ષ વિશ્વસ્ત મંડળના નિમંત્રક (cōn-vener) તરીકે કામ કરશે.

(ઉ) વ્યવસ્થાપક મંડળની ખાસ તે જ કામ માટે બોલાવેલી બેઠકમાં હાજર રહેલા સભ્યો પૈકી ૩ સભ્યોની બહુમતિથી અન્યથા ઠરાવવામાં આવે નહિ ત્યાં સુધી વિશ્વસ્ત મંડળ અધિકાર પર રહેશે. પરિણામે જો વ્યવસ્થાપક મંડળને જૂના વિશ્વસ્ત મંડળને બદલે આખું નવું વિશ્વસ્ત મંડળ નીમવું પડે, તો જૂના વિશ્વસ્ત મંડળે તેમને સ્વાધીન કરેલી, તાબામાં રહેલી કે અધિકાર હેઠળ રહેલી સઘળી માલમિલકત નવા વિશ્વસ્ત મંડળને સ્વાધીન કરવી જોઇશે. તે જ પ્રમાણે પોતાના કારભારનો તથા વ્યવસ્થાનો અહેવાલ તેઓએ નવા વિશ્વસ્ત મંડળને સ્વાધીન કરવાનો રહેશે. આ પ્રમાણે માલ-મિલકત સ્વાધીન કર્યા પછી તેમજ હિસાબ મંજૂર થયા પછી જૂનું વિશ્વસ્ત મંડળ માલમિલકતની વ્યવસ્થા અને કારભારની જવાબ-દારીમાંથી મુક્ત થયેલું ગણાશે. અકસ્માત વિશ્વસ્ત મંડળના સભ્યો પૈકી કોઇ જગા ખાલી પડે અને એ રીતે વિશ્વસ્ત મંડળના સભ્યોની સંખ્યા પાંચ કરતાં ઓછી થાય તો તેટલી ખાલી જગ્યા બાકી રહેલા વિશ્વસ્ત મંડળના સભ્યો પૂરી શકશે.

૧૧. વ્યવસ્થાપક મંડળ સર્વ લવાજમ, દાન કે ફી તેમ જ તેમને હવાલે કરેલ માલમિલકતનું ઉત્પન્ન અને કોઇપણ પ્રકારે મળેલ, તાબામાં રહેલ અથવા અધિકાર નીચે થયેલ આવક તેમ જ ખર્ચના સાચો તેમ જ વ્યવસ્થિત હિસાબ રાખશે. વ્યવસ્થાપક મંડળના હિસાબના સર્વ ચોપડા વિશ્વસ્ત મંડળ કોઇપણ વખતે તપાસવા માગી શકશે. આ હેતુસર વ્યવસ્થાપક મંડળ હિસાબના સર્વ યોગ્ય ચોપડાઓ રાખશે.

૧૨. વિશ્વસ્ત મંડળ તેના તાબામાં સોંપાયેલ અથવા તેને બીજી કોઇ રીતે મળેલ રકમો અથવા તે પર થયેલ ઉત્પન્નનો તેમ જ તેના તાબામાં રહેલ કે તેના અધિકાર હેઠળ રહેલ માલમિલકતનો હિસાબ રાખશે કે રખાવશે. તે જ પ્રમાણે તેને હવાલે કરેલ માલમિલકતના વહીવટમાં તથા વિશ્વસ્ત મંડળની ફરજો અદા કરતાં થયેલ ખર્ચના સાચો

અને વ્યવસ્થિત હિસાબ તે માટે ખાસ રાખેલ ચોપડામાં રાખશે. વિશ્વસ્ત મંડળ પ્રત્યેક હિસાબી વર્ષને આખરે તેના કારભાર તથા વ્યવસ્તાનો અધિકૃત અન્વેષક પાસે તપાસેલો હિસાબ, વ્યવસ્થાપક મંડળે તેને આપેલા હિસાબ સાથે પ્રગટ કરશે.

૧૩. સંઘનો કોઇપણ સભ્ય જે વ્યવસ્થાપક મંડળનો કે કાર્યકર્તા મંડળનો સભ્ય હશે અથવા બીજી કોઇ વ્યકિત કે જે સંઘના સભ્ય હોય કે ન હોય પંણ વિશ્વસ્ત મંડળના સભ્ય હોય અને તે જો કાળજીપૂર્વકની તપાસને અંતે નીતિનિયમોનું ઉલ્લંઘન થયું ગણાય એવા કાર્યમાં સામેલ હોવાનું સાબિત થાય, અથવા તેવા કાર્યને માટે દોષિત ઠરે, અથવા નાદાર બને, અથવા અસ્થિર મગજનો ઠરે, તો તે સભ્યને વ્યવસ્થાપક મંડળ, કાર્યકર્તા મંડળ કે વિશ્વસ્ત મંડળના સભ્ય તરીકે નાલાયક ઠરાવવામાં આવશે. તેમ જ તે પ્રમાણે વ્યવસ્થાપક મંડળ તેને નાલાયક તરીકે જાહેર કરશે.આવી રીતે જાહેર કર્યા પછી તે સભ્ય કે ઇસમને ઉપર જણાવ્યા પ્રમાણે સભ્યપદ પરથી દૂર કરવામાં આવશે.

૧૪. સંઘની સાધારણ સભાની કાર્યસાધક સંખ્યા ૩૦ ની ગણાશે. વ્યવસ્થાપક મંડળની સભાની કાર્યસાધક સંખ્યા ૫ અને વિશ્વસ્ત મંડળની કાર્યસાધક સંખ્યા ૩ ની રહેશે.

૧૫. વ્યવસ્થાપક મંડળના, કાર્યકર્તા મંડળના અથવા વિશ્વસ્ત મંડળના કોઇપણ સભ્યને સભ્ય તરીકે સદ્‌ભાવપૂર્વક પોતાનું કર્તવ્ય બજાવતા તેના કોઇપણ સહકાર્યકર્તાની છેતરપિંડી, ગેરવર્તણૂંક, દુરુપયોગ કે ફરજ પ્રત્યેની બેપરવાઇ માટે વ્યક્તિશઃ જવાબદાર ગણવામાં આવશે નહિ. પરંતુ દરેક ઇસમ તેના પોતાના વર્તન માટે જવાબદાર રહેશે.

૧૬. વ્યવસ્થાપક મંડળ, કાર્યકર્તા મંડળ કે વિશ્વસ્ત મંડળના કોઇપણ સભ્યે વ્યક્તિશઃ કરેલ કોઇપણ કાર્ય, જો તેવા કાર્યને યોગ્ય અધિકારીએ સંઘના નિયમોને અનુસરીને સંમતિ આપી નહિ હોય તો તે કોઇપણ પ્રકારે સંઘને બંધનકારક ગણાશે નહિ.

નવા વ્યવસ્થાપક મંડળની ચૂંટણી

સંઘને બંધારણનું વ્યવસ્થિત સ્વરૂપ મળ્યા પછીની વ્યવસ્થાપક મંડળની આ પહેલી જ ચૂંટણી છે. ત્રણ વર્ષ સુધી આપણે સૌએ સાથે મળી કામ કર્યું. કામ કરતાં કરતાં કેટલાક સભ્યોને અનુભવથી લાગ્યું કે બંધારણના નિયમોમાં કેટલોક ફેરફાર કરવો જોઇએ. એટલે સંઘના સભ્યો પાસે બંધારણના નિયમોમાં સુધારોવધારો સૂચવવાની માગણી 'પત્રિકા' મારફત કરવામાં આવી. મૂળભૂત કેટલાક ફેરફારોને પ્રથમથી જ પત્રિકામાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. ત્યાર પછી સુધારા વધારાનાં આવેલાં સૂચનો ઉપર વિચાર કરી વ્યવસ્થાપક મંડળે આ સાથે છપાયા છે તે મુજબ બંધારણના નિયમો મંજૂર કર્યા છે. નવી ચૂંટણી નવા નિયમો પ્રમાણે થશે. નવા નિયમો વિષેની વિશેષ સમજુત આગળના લેખમાં આવેલી જ છે. અહીં આપણે ચૂંટણી પૂરતો વિચાર કરીશું.

નવા નિયમો પ્રમાણે વ્યવસ્થાપક મંડળ નીચે પ્રમાણે અગિયાર સભ્યોનું ચૂંટી કાઢવાનું છે:—

૨ આજીવન સભ્યોમાંથી
૨ સહાયક સભ્યોમાંથી
૬ સક્રિય અને પ્રતિનિધિ સભ્યોમાંથી
૧ સામાન્ય સભ્યોમાંથી

૧૧

નવા સુધારેલા નિયમો મુજબ સામાન્ય સભ્યોને વ્યવસ્થાપક મંડળમાં પોતા તરફથી એક પ્રતિનિધિ મોકલવાનો અને સમગ્ર ચૂંટણીમાં મત આપવાનો અધિકાર મળેલ છે તે નવા નિયમોનો મહત્ત્વનો સુધારો છે.

કોણ ઉમેદવારી કરી શકશે.

(૧) સામાન્ય સભ્યો સિવાયના બધા જ સભ્યો, જેમનું લવાજમ ૧૦ મી ડિસેમ્બર ૧૯૪૩ સુધીમાં આવી ગયેલું છે.

(૨) સામાન્ય સભ્યો કે જેઓ છેલ્લાં બે વર્ષથી સતત સંઘના સભ્યો ચાલુ છે અને જેમનું લવાજમ ૧૦ મી ડિસેમ્બર ૧૯૪૩ સુધીમાં આવી ગયેલું છે.

મત કોણ આપી શકશે.

(૧) સંઘના સામાન્ય સભ્યો સિવાયના સઘળા પ્રકારના સભ્યો કે જેમનું લવાજમ ૧૦ મી ડિસેમ્બર ૧૯૪૩ સુધીમાં આવી ગયેલું છે.

(૨) સામાન્ય સભ્યો કે જેઓ છેલ્લા એક વર્ષથી સંઘના સભાસદ છે અને જેમનું લવાજમ ૧૦ મી ડિસેમ્બર ૧૯૪૩ પહેલાં આવી ગયેલું છે.

મતદારોને.

સંઘના નવા નિયમો આ સાથે છપાયા છે તે આપ સૌએ વાંચ્યા હશે જ. તે પરથી અને તેની સમજૂત આપતો બીજો જુદો લેખ છપાયો છે તે પરથી આપ સૌને ખ્યાલ આવી જ ગયો હશે કે સંઘના સંચાલન માટે કેવી વ્યવસ્થા રાખેલી છે. વ્યવસ્થાપક મંડળની ચૂંટણી, કાર્યકર્તા મંડળોની નિમણૂંક, વિભાગીય મંત્રીઓ, સામાન્ય મંત્રી વગેરે જુદાં જુદાં અંગોની રચના એક જ તંત્રને વ્યવસ્થિત અને પ્રગતિ સાધતું ચલાવવાના હેતુથી ઊભાં કરેલાં છે. એ બધા જ યંત્રના નાના મોટા ભાગો હોઇ બધાના સહકારથી જ આખું યંત્ર ચાલી શકવાનું છે.

નવા સુધારેલા નિયમોથી સામાન્ય સભ્યોને વ્યવસ્થાપક મંડળમાં ચૂંટાઇ આવવાનો અને સમગ્ર ચૂંટણીમાં મત આપવાનો અધિકાર મળ્યો છે, એ આ સુધારાનું મહત્ત્વનું અંગ છે. સૌ મતદાર ભાઇબહેનો નવા નિયમોનો બરાબર અભ્યાસ કરે અને સંઘના કામને આગળ ધપાવે એવા સભ્યોને પસંદ કરી ચૂંટી કાઢવા માટે પોતાનો મતાધિકાર વાપરે એવી આગ્રહભરી વિનંતી છે.

મતાધિકારનો ઉપયોગ કરવો એક મહત્ત્વની ફરજ છે. નાગરિક જીવનનો 'એ ઊંચામાં ઊંચો અધિકાર છે. કોઇ પણ તંત્રના સુકાનીઓ મતદ્વારા જ હોય છે. એટલે અમે આશા રાખીએ છીએ કે સૌ મતદાર ભાઇબહેન પોતાના મતની કિંમત અને જવાબદારી સમજી પોતાનો મત અવશ્ય આપશે અને એમ કરી સંઘના ધ્યેયને અને કાર્યને આગળ ધપાવે એવા સભ્યોને પોતાનો મત આપી મતદાનની પવિત્ર ફરજ બજાવશે.

નૂતન શિક્ષણના સિદ્ધાંતોમાં માનનારા અને તેનો પ્રચાર કરનારા આપણે ચૂંટણીની સામાન્ય બદીઓથી દૂર જ રહીશું એવી ઉમેદ છે.

—મંત્રીઓ.

લવાજમ મોકલી આપો

આ અંક સાથે વર્ષ પૂરું થાય છે, નવા વર્ષનું લવાજમ બધા ગ્રાહકો ૩૧ મી માર્ચ સુધીમાં મોકલી આપે એવી વિનંતી છે. ત્યાર પછી એપ્રિલમાં પ્રતિનિધિ સભ્યોને રૂા. ૬-૪-૦ નું સહાયક સભ્યોને રૂ. ૫-૪-૦ નું, સક્રિય સભ્યોને રૂા. ૩-૪-૦ નું, અને બાકી બધા સામાન્ય સભ્યોને રૂ. ૧-૧૨-૦ નું વી. પી. રવાના થશે તે તેઓ સ્વીકારી લેશે એવી આશા છે.

બંધ થવા ઇચ્છતા ગ્રાહકો તે મુજબના બબર અગાઉથી આપીને નાહકનું ટપાલખર્ચ બચાવે એવી વિનંતિ છે.

લવાજમ મોકલવાનું સરનામું,

વ્યવસ્થાપક, શિક્ષણ-પત્રિકા
જ્ઞાનમંદિર, મહાજન ગલી, રાવપુરા.
વડોદરા.

મતદારોને

નૂતન બાલશિક્ષણસંઘના સઘળા પ્રકારના સભ્યોને વ્યવસ્થાપક મંડળની ચૂંટણી માટે ઉમેદવારનાં નામ સાથેનાં પત્રકો હવે પછીના માર્ચ મહિનાના અંક સાથે મળશે. સઘળા મતદારોએ પોતપોતાનાં મતપત્રકો તેમાં જણાવેલી સૂચના પ્રમાણે ભરીને તા. ૧૦-૪-૪૪ ના રોજ સાંજના ૬ વાગતા સુધીમાં દાદર કાર્યાલયમાં મળી જાય એ રીતે મોકલી આપવાનાં છે. મત આપવા અંગેની બાકી સૂચનાઓ મતપત્રકની પાછળ આપવામાં આવશે. સંઘના બધા સભાસદ ભાઈબહેનો પોતપોતાના મતો એ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચીને આપે એવી આશા અને વિનંતિ છે.

—મંત્રીઓ
નૂતન બાલશિક્ષણસંઘ

આવતા અંકમાં મતપત્રકો મળશે;
રાહ જુઓ.

ચમારડું જોંધી લેશો

ચૂંટણી માટે ઉમેદવારીપત્રક પહોંચાડવાની છેલ્લી તારીખ ૮-૩-૧૯૪૪ છે.

મતપત્રકો આવતા અંકમાં આવશે. એ અંક પણ આવતા માસ આખરે મળશે. એ મતપત્રકો ભરી મોકલવાની છેલ્લી તારીખ ૧૦-૪-૧૯૪૪ ની છે.

સહાયસભ્યોનું લવાજમ નવા વર્ષથી રૂા. ૩) ને બદલે રૂા. ૫) થયું છે તે મુજબ લવાજમ મોકલવાનું યાદ રાખશો.

આવતી પત્રિકા પણ અવશ્ય જોશો.

હરિજન શાળાઓને મદદ

અનેક હરિજન શાળાઓને સંઘ દર વર્ષે મફત શિક્ષણ પત્રિકા મોકલે છે. એને માટે ઉદાર ભાઈબહેનોની મદદની જરૂર છે.

નીચેના ભાઈ તરફથી મળેલી મદદ માટે સંઘ તેમનો આભાર માને છે.

રૂપિયા રેવાશંકર લક્ષ્મીચંદ મોદી પાદરા.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, બાકરવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૨-૨-૪૪.

23118

23118

